સરકારી શિક્ષક બનવાનું સપનું થશે હવે સાકાર...
નવી બેચ શરૂ...
TET - TAT
સંપૂર્ણ તૈયારી
ADMISSION OPEN
એકલવ્ય એકેડમી
93133 29074

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ–૫ | પાના : ૨૦ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૭–૫–૨૦૨૫ – શનિવાર | રાજકોટ (સીટી)

ટેસ્ટફુલ...ગરમ તથા કાચી
દરરોજ પેટીસ
રાજકોટ ના પ્રખ્યાત
રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક
કોટેચા ચોક
જયુબેલી બાગ
નાના મવા રોડ
એરપોર્ટ રોડ

વર્ષ : ૩૯ અંક : ૨૨૬ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT





TITLE SPONSOR
TATA
ASSOCIATE PARTNERS
MY11CIRCLE AngelOne RuPay
OFFICIAL UMPIRE PARTNER
WONDER CEMENT
OFFICIAL STRATEGIC TIMEOUT PARTNER
CEAT
OFFICIAL BROADCASTER
STAR SPORTS
OFFICIAL DIGITAL STREAMING PARTNER
JioHotstar

# દોહા ડાયમંડ લીગ ૨૦૨૫: નીરજ ચોપરા ૯૦.૨૩ મીટર થ્રો સાથે બીજા સ્થાને, જુલિયન વેબરે ૯૧.૦૬ મીટરના પ્રયાસ સાથે ટાઇટલ જીત્યું

## નીરજ ચોપરાએ ત્રીજા રાઉન્ડમાં ૯૦.૨૩ મીટરના અવિશ્વસનીય થ્રો સાથે પોતાની કારકિર્દીમાં પહેલીવાર ૯૦ મીટરને પાર કર્યું




ન્યુ દિલ્હી :

શુક્રવાર, ૧૬ મેના રોજ દોહા ડાયમંડ લીગમાં પુરુષોની ભાલા ફેંક સ્પર્ધા જીતવામાં નિષ્ફળ જવાથી ભારતના ડબલ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાને ખૂબ જ દુ:ખ થયું. ચોપરા ત્રીજા રાઉન્ડમાં ૯૦.૨૩ મીટરનો થ્રો કરીને અંતિમ રાઉન્ડ સુધી ઇવેન્ટમાં આગળ હતા, જે તેમના કારકિર્દીમાં પ્રથમ વખત ૯૦ મીટરનો આંકડો પાર કર્યો છે.

જોકે, જુલિયન વેબરે ચોપરા પાસેથી ટાઇટલ છીનવી લેવા માટે પોતાના છેલ્લા પ્રયાસમાં ૯૧.૦૬ મીટર ફેંક્યો. આ પણ પહેલી વાર હતું જ્યારે જર્મન ખેલાડીએ ૯૦ મીટરનો આંકડો પાર કર્યો. ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે આ ઇવેન્ટમાં ત્રીજા સ્થાને રહી. આ ઇવેન્ટમાં અન્ય ભારતીય, કિશોર જેના ૭૮.૬૦ મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે આઠમા સ્થાને રહ્યા.

ચોપરાએ સ્પર્ધાની શરૂઆતમાં જ ૮૮.૪૪ મીટરનો જોરદાર પ્રથમ પ્રયાસનો થ્રો ફેંકીને પોતાની આગવી ઓળખ બનાવી, જે તે સમયે વિશ્વનો સૌથી મોટો રેકોર્ડ હતો. આનાથી તે ગ્રેનાડાના એન્ડરસન પીટર્સ (૮૫.૬૪ મીટર) અને ત્રિનિદાદ અને ટોબેગોના કેશોર્ન વોલકોટ (૮૪.૬૫ મીટર) કરતા આગળ નીકળી ગયો, બંનેએ સીઝનનો શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યો હતો.

બીજા પ્રયાસમાં ફાઉલ થવા છતાં, ચોપરા લીડમાં રહ્યા. પછી, ત્રીજા રાઉન્ડમાં એક સીમાચિહ્નરૂપ ક્ષણમાં, તેમણે ૯૦.૨૩ મીટરનો અસાધારણ થ્રો કર્યો, અને તેમની કારકિર્દીમાં પહેલીવાર ૯૦ મીટરનો અવરોધ તોડ્યો.

ચોથા રાઉન્ડમાં તેના બાકીના પ્રયાસો ૮૦.૫૬ મીટર હતા, જ્યારે તેનો છેલ્લો પ્રયાસ ૮૮.૨૦ મીટરનો હતો. આ ઇવેન્ટ દરમિયાન નીરજ ચોપરા ભાલા ફેંકમાં ૯૦ મીટરનો આંકડો પાર કરનાર ૨૫મો એકંદર ખેલાડી અને ઇતિહાસનો ત્રીજો એશિયન ખેલાડી બન્યો. ઓલિમ્પિક ચેમ્પિયન પાકિસ્તાનનો અરશદ નદીમ (૯૨.૯૭ મીટર) અને ચાઇનીઝ તાઇપેઈનો ચાઓ-ત્સુન ચેંગ (૯૧.૩૬ મીટર) આ પ્રતિષ્ઠિત આંકડો પાર કરનાર બે અન્ય એશિયન છે.

## સુવિચાર

**ફૂક મારવાથી દીવો ઓલવાઇ જાય છે**
**પરંતુ અગરબતી નહિ...!**
**જે મહેકે છે એને કોઇ ઓલવી શકતું નથી**
**જે બળે છે એ ખુદ ઓલવાઇ જાય છે..!!**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૬, તા.૧૮/૫/૨૫, રવિવાર

સૂર્યોદય : ૬-૦૭, સૂર્યાસ્ત : ૭-૧૯, જૈન નવકારશી : ૬-૫૫
રાશિ : મકર (ખ.જ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મકર

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** દિવસ દરમ્યાન સતત કાર્યમાં રહેવાના છો, મિત્રોથી લાભ, વિજાતીય મિત્રતા ગાઢ બને, યાત્રા પ્રવાસ થાય.
**વૃષભ :** કાર્યબોજ રહેવાનો, ઉત્સાહ જળવાઈ રહે, હકારાત્મક અભિગમ અપનાવવો, શેરસટ્ટામાં લાભ રહેવાનો.
**મિથુન :** નવા કરારોમાં સફળતા રહે, મહત્વની મીટીંગનું આયોજન થાય, નવી ભાગીદારી યોજનામાં સફળતા રહે.
**કર્ક :** રાજકીય લાભ મળે, આવકનું પ્રમાણ જળવાઈ રહે, વિદેશથી સારા સમાચાર આવે, માનસિક તનાવ રહે.
**સિંહ :** ભાઈ બહેનો સાથે સુમેળ વધવાનો, કર્જમાં રાહત, નોકરીમાં કોઈ નવી ઓફર આવે, મોસાળથી લાભ.
**કન્યા :** સામાજિક સ્તરે છવાયેલા રહેશો, વ્યવસાયમાં નવી ભાગીદારી યોજનામાં સફળતા, કર્જ માં રાહત થાય.
**તુલા :** દિવસ દરમ્યાન મહત્વના કાર્યોમાં સફળતા મળે, અંગત કાર્યોમાં તમારે પોતે જ ધ્યાન દેવું, ઉશ્કેરાટથી દુર રહેજો.
**વૃશ્ચિક :** હળવાશથી રહેવાની સલાહ છે, ગૃહજીવનમાં સુમેળ રાખવો, નોકરીમાં દિવસ દરમ્યાન ચીવટપૂર્વક કાર્ય કરજો.
**ધન :** નિરાશાથી દુર રહેજો, રોજિંદા કાર્યને વળગી રહો, પ્રવાસનું આયોજન સફળ થાય, જાહેર સંસ્થામાં સારો હોદો મેળવશો.
**મકર :** વાદ વિવાદમાં સમયનો વ્યય ન કરતા, વિદેશથી ન ધારેલો લાભ મળવાનો, નોકરી વ્યવસાયમાં અનુકુળતા રહે.
**કુંભ :** ભાઈ બહેનો સાથે ગેરસમજો હશે તો તે દુર થવાની લાલચથી દુર રહેજો, બેન્કના કાર્યોમાં સફળતા મળે.
**મીન :** ઉધારી ધંધાથી દુર રહેજો, શેર સટામાં ટુંકાગાળાના કાર્યથી દુર રહેજો, જીવનસાથીનો સહકાર સારો રહેવાનો.

## સત્યતા અને સભ્યતા- પરમાત્મ વાણી-૧

**મૂલ્યોની મહેક** ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

★ સત્યતાની નિશાની છે સભ્યતા. જો આપ સત્ય છો, સત્યતાની શક્તિ આપમાં છે તો સભ્યતા કદી ન છોડો. સત્યનાને સભ્યતાપૂર્વક સિધ્ધ કરવી જોઈએ નહી કે અસભ્યાથી, કારણ કે નહી તો તે સત્ય સિધ્ધ નહી થાય. અસભ્યતાની નિશાની છે- જીદ. સભ્યતાની નિશાની છે- નિર્માણચિત્ત, શાંતિ, નમ્રતા. આમ સત્યતાને સિધ્ધ કરનાર તો સ્વયં સદા નિર્માન બનીને સર્વ સાથે સભ્યતાપૂર્વક વ્યવહાર કરશે.

★ જોશમાં આવીને જો કોઈ સત્યને સિધ્ધ કરે છે તો જરૂર તેમાં કોઈને કોઈ અસત્યતા છૂપાયેલ હશે. કેટલાકની તો ભાષા જ એ બની ગઈ હોય છે કે હું તો બિલકુલ સાચું જ બોલું છું ને! ૧૦૦ ટકા સચ! પરંતુ શું સત્યને સિધ્ધ કરવાની જરૂર છે ખરી? સત્યનો સૂર્ય છૂપાયેલ નથી રહેતો. કોઈ કેટલી પણ દિવાલો આગળ ઉભી કરે પરંતુ સત્યતાનો પ્રકાશ કદી છૂપાયેલ નથી રહેતો. સભ્યતાપૂર્વક બોલ, સભ્યતાપૂર્વક ચલન હોય, તેમાં જ સફળતા રહેલી છે.

★ જયારે કોઈ અસત્ય વાત જુઓ, સાંભળો છો તો તેને ફેલાવો નહી. કોઈ કહે છે એ તો પાપ કર્મ કહેવાય અને પાપ કર્મ જોયુ નથી જાતુ. પરંતુ વાયુમંડળમાં એ અસત્ય વાતને ફેલાવવી એ પણ પાપ જ કહેવાય ને! પરિવારની, સંગઠનની વાતોને બહાર ફેલાવવી એ તેમની બેઈજ્જતી જ કહેવાય ને! આથી કાને સાંભળ્યુ અને દિલમાં છૂપાવ્યુ. ફેલાવવું નહી. જો કોઈ વ્યર્થ, ખોટી વાતોને ફેલાવીએ છીએ તો એવા નાના-નાના પાપોને કારણે જીવનમાં ખુશી, આનંદનો અનુભવ થતો નથી. આથી આવા કર્મોની ગહન ગતિને સમજીને યથાર્થ રૂપથી સત્યતાની શક્તિને ધારણ કરો.

★ ઈશ્વર સત્ય છે અને આપણે એ સત્ય પિતાની આત્મારૂપે સંતાનો છીએ. પિતાને વિશ્વ સમક્ષ પ્રત્યક્ષ કેવી રીતે કરાશે? હું આત્મા એ સત્ય પિતાની સંતાન છું તેવો આત્મભાવ સ્વયંમાં જાગૃત ક્યારે થશે? ૧. સ્વયંની મનની શ્રેષ્ઠ સ્થિતિની સત્યતા ૨. સેવાભાવ દ્વારા સત્યતા રહેલી હશે ત્યારે.

★ આથી જ બતાવ્યુ કે સત્યતાનો આધાર છે સ્વચ્છતા અને નિર્ભયતા. તે બન્ને જીવનમાં લાવવા જોઈએ. કોઈપણ પ્રકારની અસ્વચ્છતા એટલે કે જરાપણ સચ્ચાઈ-સફાઈની કમી છે તો સત્ય કર્તવ્ય સિધ્ધ નહી થઈ શકે.

(ક્રમશ:)

રોહિત અને કોહલીની 'ટેસ્ટ નિવૃત્તિ' એક મોટો ફટકો !!

# ૨૦૧૮થી ઈંગ્લેન્ડમાં માત્ર બે જ ખેલાડીઓ ૪૦+ની સરેરાશથી સ્કોર કરી શક્યા છે !

## ૨૦ જૂનથી શરૂ થનારી ભારત-ઈંગ્લેન્ડની ટેસ્ટ સીરીઝમાં ભારતને કોહલી-રોહિત વિના મુશ્કેલી વધી શકશે : પુજારાની પણ ગેરહાજરી



નવી દિલ્હી :

ભારતને પાંચ મેચની ટેસ્ટ શ્રેણી માટે આવતાં મહિને ઈંગ્લેન્ડનો પ્રવાસ ખેડવાનો છે. ૨૦ જૂનથી શરૂ થનારી આ સીરિઝમાં ભારતીય ટીમના નવા ટેસ્ટ ચેમ્પિયનશિપ ચક્રની શરૂઆત થઈ રહી છે. આ સીરીઝ પહેલા ટીમ ઇન્ડિયાને છેલ્લા ૧૦ દિવસની અંદર બે મોટા ઝટકાનો સામનો કરવો પડ્યો હતો. નિયમિત કેપ્ટન રોહિત શર્માએ ૭ મેના રોજ ટેસ્ટમાંથી અને દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ ૧૨ મેના રોજ ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી હતી. ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા ટીમ ઈન્ડિયા માટે આ મોટો ઝટકો હતો. આ પ્રવાસ માટે કોહલીની પસંદગી થવાની હતી, પણ તે પહેલા તેણે બીસીસીઆઇ અને ભારતીય ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. રોહિત અને કોહલી બંનેએ ઈંગ્લેન્ડમાં ઘણા બધા રન ફટકાર્યા છે અને આવી સ્થિતિમાં તેમની નિવૃત્તિ ભારત માટે ઘાતક સાબિત થઈ શકે છે. વર્ષ ૨૦૧૮થી લઈને અત્યાર સુધી માત્ર બે જ ભારતીયો ઈંગ્લેન્ડ પ્રવાસમાં ટેસ્ટમાં ૪૦થી વધુની સરેરાશથી સ્કોર કરી શક્યા છે. આ બંને બેટ્સમેન રોહિત અને કોહલી છે

**કોહલી અને રોહિત સૌથી સફળ**

વર્ષ ૨૦૧૮થી લઈને અત્યાર સુધી કોહલીએ ઈંગ્લેન્ડમાં ટેસ્ટમાં ભારતીય બેટ્સમેનોમાં સૌથી વધુ રન ફટકાર્યા છે. આ દરમિયાન તેણે ૨૩ ઈનિંગ્સમાં ૪૧.૮૨ની એવરેજથી ૯૬૨ રન બનાવ્યા છે. જેમાં બે સદી અને પાંચ અડધી સદીનો સમાવેશ થાય છે. તે જ સમયે, હિટમેને આ સમયગાળા દરમિયાન ઈંગ્લેન્ડમાં ૧૨ ઈનિંગ્સ રમી હતી અને ૪૪.૫૪ ની સરેરાશથી ૪૯૦ રન બનાવ્યા હતા. તેમાં એક સદી અને બે અડધી સદીનો સમાવેશ થાય છે. તે વર્ષ ૨૦૧૮ બાદ ઈંગ્લેન્ડની ભૂમિ પર ટેસ્ટમાં સૌથી વધુ રન ફટકારવામાં છઠ્ઠા ક્રમે આવી ગયો છે. હિટમેન કરતાં વધુ અને વિરાટ કરતાં ઓછા રન બનાવનારા પાંચ બેટ્સમેનોમાં ચેતેશ્વર પૂજારા, કેએલ રાહુલ, અજિંક્ય રહાણે અને રિષભ પંતનો સમાવેશ થાય છે.

**આ યાદીમાં સામેલ અન્ય બેટ્સમેનો છ**

પુજારાએ વર્ષ ૨૦૧૮થી લઈને અત્યાર સુધી ઈંગ્લેન્ડમાં ૨૨ ઈનિંગમાં ૩૨.૪૦ની સરેરાશથી ૬૪૮ રન ફટકાર્યા છે. જેમાં એક સદી અને ચાર અડધી સદીનો સમાવેશ થાય છે. તે જ સમયે, રાહુલે ૧૮ ઇનિંગ્સમાં ૩૪.૧૧ ની સરેરાશથી ૬૧૪ રન બનાવ્યા હતા. તેને બે સદી અને એક અડધી સદી ફટકારી હતી. રહાણેએ ૨૧ ઇનિંગ્સમાં ૨૬.૯૦ની એવરેજથી ૫૬૫ રન નોંધાવ્યા હતા. તેમાં ચાર અડધી સદી સામેલ છે. તે જ સમયે, પંતે ૧૭ ઇનિંગ્સમાં ૩૨.૭૦ ની સરેરાશથી ૫૫૬ રન બનાવ્યા હતા. જેમાં બે સદી અને બે અડધી સદીનો સમાવેશ થાય છે. હિટમેન પછી રવિન્દ્ર જાડેજા સાતમા સ્થાને છે. જાડેજાએ ૧૫ ઇનિંગ્સમાં ૩૩.૨૧ની એવરેજથી ૪૬૫ રન બનાવ્યાં હતાં. તેમાં એક સદી અને બે અડધી સદીનો સમાવેશ થાય છે.

**રોહિત-કોહલીની ખોટ સાલશે**

આવી સ્થિતિમાં ઈંગ્લેન્ડ જેવી મહત્વની સિરિઝ અગાઉ રોહિત અને કોહલીની નિવૃત્તિ ટીમ ઈન્ડિયા માટે મોટો આંચકો છે. આ વર્ષે ભારતની યુવા ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસે જતી જોવા મળશે. આ પ્રવાસ માટે શુબમન ગિલને કેપ્ટન બનાવવામાં આવી શકે છે. સાથે જ રિષભ પંતને વાઇસ કેપ્ટન બનાવવામાં આવી શકે છે. જોકે ટેસ્ટમાં રોહિત અને કોહલીના સ્થાને કોણ સ્થાન લેશે તે સમય જ બતાવશે. તે બંને આ પ્રવાસમાં નહિ હોય તે નક્કી છે.

# IPL ના રી-સ્ટાર્ટનો પ્રથમ મેચ આજે બેંગ્લોર-કોલકતા વચ્ચે રમાશે: વિરાટ કોહલી પર નજર

## કોલકતા માટે જીત જરૂરી: બેંગ્લોર વિજય મેળવે તો પ્લેઓફમાં

IPl ૨૦૨૫ની ૫૮મી મેચ આજે રોયલ ચેલેન્જર્સ બેન્ગલુરુ (RCB) અને કોલકાતા નાઇટ રાઇડર્સ (KKR) વચ્ચે રમાશે. ૧૮મી સીઝનની શરૂઆત ઈડન ગાર્ડન્સમાં આ બન્ને ટીમની ટક્કરથી જ થઈ હતી જેમાં બેન્ગલોરે સાત વિકેટે જીત મેળવી હતી. ભારત-પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ બાદ બન્ને ટીમ વચ્ચેની મેચથી એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વર્તમાન સીઝન રી-સ્ટાર્ટ થશે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં બન્ને ટીમ વચ્ચે ૧૨ મેચ રમાઈ છે જેમાંથી કલકત્તાએ આઠ અને બેન્ગલોરે માત્ર ચાર મેચ જીતી છે.



૨૦૧૬થી રમાયેલી છ મેચમાં કલકત્તાએ હોમ ટીમ બેંગ્લોરને માત આપી છે. છેલ્લે બેન્ગલોરે મે ૨૦૧૫માં કલકત્તાને આ મેદાન પર માત આપી હતી.

બન્ને ટીમ શાનદાર ફોર્મમાં છે. બેન્ગલોર (૧૬ પોઇન્ટ) છેલ્લી ચારેય મેચ જીત્યું છે, જયારે ડિફેનિંગ ચેમ્પિયન કલકત્તા (૧૧ પોઈન્ટ ) સતત બે મેચ જીત્યું છે. સીઝનના અણધાર્યા વિરામ વચ્ચે ટેસ્ટ-રિટાયરમેન્ટ લઈને સૌને ચોંકાવનાર બેન્ગલોર ટીમના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી પર આજે સૌની નજર રહેશે. સોબલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચાઓ પર નજર કરીએ તો રમતના પરંપરાગત ફોર્મેટને સૌથી વધુ મહત્વ આપનારા આ બેટ્સમેનનું સન્માન કરવા માટે ફેન્સ સફેદ જર્સી પહેરવાનું આયોજન કરી રહ્યા છે.

**હેડ ટુ હેડ રેકોર્ડ**

| | |
|---|---|
| કુલ મેચ | ૩૫ |
| KKRની જીત | ૨૦ |
| RCBની જીત | ૧૫ |




# ફાઈનલ કોલકતામાં જ રમાડજો: ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં પોસ્ટર

ભારત-પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને કારણે IPL 2025ની બાકીની ૧૭ મેચ માટે નવું શેડયુલ બનાવવું પડયું હતું. જેમાંથી ફાઈનલ સહિતની પ્લેઓસની ચાર મેચના વેન્યુ હજી નક્કી નથી થયા.

ગઈ કાલે કલકત્તાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ બહાર એકઠા થયેલા ક્રિકેટ-ફેન્સે પોસ્ટર્સ અને સૂત્રોચ્ચાર કરીને ફાઇનલ મેચને ઈડન ગાર્ડન્સથી દૂર ન કરવાની માગણી કરી હતી. જૂના શેડયુલ અનુસાર ૧૮મી સીઝનની ઓપનિંગ અને ફાઈનલ મેચ ઈડન ગાર્ડન્સમાં જ રમાવાની હતી.



# અગસ્ત્ય પંડ્યાએ પપ્પા હાર્દિક સાથે પડાવી સેલ્ફી

મુંબઈ ઇન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડયાએ સોશ્યલ મીડિયા પર દીકરા અગસ્ત્ય સાથેના ક્યુટ ફોટો શેર કર્યા હતા. એક ફોટોમાં અગસ્ત્ય પપ્પાના મુંબઈ ઇન્ડિયન્સના લોગોવાળી હેલ્મેટ અને બેટ સાથે જોવા મળ્યો હતો, જ્યારે બીજા ફોટોમાં તે મોબાઈલ હાથમાં લઈને પપ્પા સાથે સેલ્ફી લઈ રહ્યો હતો.

## આજનું ચિંતન

### જયેષ્ઠ મહિનામાં ભગવાન રામ પ્રથમ વખત હનુમાનજીને મળ્યાં હતાં

સૂર્ય જ્યારે વૃષભ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે જયેષ્ઠ મહિનાની શરૂઆત થાય છે. જયેષ્ઠા એટલે મોટું અને આ મહિનામાં દિવસો લાંબા છે. જયેષ્ઠ માસનો સ્વામી મંગળ છે, જે અગ્નિ-કારક છે, તેથી આ મહિનામાં ભારે ગરમી પડે છે. આ કારણે આ મહિનામાં પાણીનું વિશેષ મહત્વ હોય છે. પછી તે પાણીની બચતના રૂપમાં હોય કે જળદાનના રૂપમાં હોય. આ મહિનામાં પાણી સાથે જોડાયેલા બે ખાસ તહેવારો છે - ગંગા દશેરા અને નિર્જલા એકાદશી. આ તહેવારોમાં પાણી, પંખો, છત્રી, બુટ-ચંપલ વગેરેથી ભરેલા ઘડાનું દાન કરવું વિશેષ ગુણકારી માનવામાં આવે છે.



તેવી જ રીતે જયેષ્ઠ માસમાં આવતાં મંગળવારને પણ 'મોટો' મંગળ કહેવામાં આવે છે. આની પાછળ બે પૌરાણિક કથાઓ છે. એક કથા અનુસાર જ્યેષ્ઠ મહિનામાં મંગળવારે ભગવાન રામની મુલાકાત પહેલીવાર હનુમાનજી સાથે થઈ હતી જ્યારે તેઓ વનમાં સીતાની શોધ કરી રહ્યાં હતાં. આ કારણે આ મહિનાના તમામ મંગળવારને 'મોટા' મંગળ તરીકે ઓળખવામાં આવે છે. બીજી કથા મુજબ મહાભારતમાં જ્યેષ્ઠ મહિનામાં મંગળવારે હનુમાનજીએ વૃદ્ધ વાનરનું રૂપ ધારણ કરી ભીમની શક્તિના અભિમાનનો નાશ કર્યો હતો. પાછળથી તેને 'બુધવા' મંગળ પણ કહેવામાં આવતું હતું. આ દિવસે હનુમાનજીના જૂના સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે પવનપુત્રની પુજાથી તમામ પ્રકારના અવરોધો દૂર થાય છે. આ તહેવાર ખાસ કરીને ઉત્તર ભારતમાં અને ખાસ કરીને ઉત્તરપ્રદેશના પૂર્વાંચલ અને મધ્યપ્રદેશોમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

એક અન્ય કથા મુજબ એક વખત લખનઉના નવાબ વાજિદ અલી શાહના પુત્રની તબિયત ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. ડોક્ટરોને બતાવીને અને તમામ પ્રકારના ઉપાયો કર્યા બાદ પણ વાજિદ અલીના પુત્રની બીમારી મટી ન હતી, ત્યારે કોઈએ તેમને કહ્યું હતું કે અલીગંજ સ્થિત હનુમાન મંદિરમાં પ્રાર્થના કરવાથી તેમના પુત્રનો રોગ મટી જશે. વાજિદ અલી શાહે ત્યાં જઈને પોતાના પુત્ર માટે પ્રાર્થના કરી, જેનાથી તેમનો પુત્ર સાજો થઈ ગયો. આ પછી, નવાબ અને તેમની બેગમે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, જે જયેષ્ઠ મહિનામાં પૂર્ણ થયો. ત્યારથી જ મોટા મંગળના દિવસે લખનઉમાં ભંડારા અને ગોળનો પ્રસાદ વહેંચવાની પરંપરા શરૂ થઈ હતી.

'નૌતપા' પણ જયેષ્ઠ મહિનામાં જ આવે છે. આ નવ દિવસનો સમયગાળો સામાન્ય રીતે મેના અંતથી જૂનના પ્રારંભની વચ્ચે આવે છે, જ્યારે સૂર્ય રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે છે. જેનાં કારણે પૃથ્વી પર આકરી ગરમી પડે છે. આ સમયગાળા દરમિયાન, સૂર્ય પૃથ્વીની સૌથી નજીક હોય છે. એવું માનવામાં આવે છે કે નૌતપામાં પૃથ્વી જેટલી ગરમ હોય, ચોમાસામાં વરસાદ એટલો જ સારો રહે છે. સૂર્ય મૃગાશીરા નક્ષત્રમાં પ્રવેશ કરે છે ત્યારે નૌતપા સમાપ્ત થાય છે.

ભગવાન વિષ્ણુની પૂજાની સાથે જ આ મહિનામાં માતા ગંગા, સૂર્યદેવ, વરૂણ દેવ અને હનુમાનજીની પૂજાનું પણ વિશેષ મહત્વ છે. જયેષ્ઠા મહિનામાં તરસ્યા માણસને પાણી પીધાં વગર ક્યારેય મોકલવો ન જોઈએ. એક માન્યતા મુજબ પરિવારનાં મોટા દીકરા કે દીકરીના લગ્ન આ મહિનામાં ન કરવા જોઈએ. આ ઉપરાંત નારદ જયંતી, વટસાવિત્રી પૂજા, શનિ જયંતી, ધુમાવટી જયંતી, મહેશ નવમી, ગંગા દશેરા, ગાયત્રી જયંતી, નિર્જળા એકાદશી અને કબીરદાસ જયંતી જેવાં મુખ્ય તહેવારોનો જયેષ્ઠા મહિનામાં સમાવેશ થાય છે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઇક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




**આડી ચાવી**
૧. સલમાન-સંજય લીલા ભણશાલીની ફિલ્મ (૧૦)
૮. જૈનોના ચોવીસમા તીર્થંકર (૪)
૧૨. મુંબઇ-પુના વચ્ચેનું સ્થળ (૪)
૧૩. શર્મ-જોડણી છુટી પાડો (૩)
૧૪. ઉપરનો-ઉંચેનો પ્રદેશ (૫)
૧૭. રૂમ શેર કરતો સાથી - અંગ્રેજી (૪)
૨૦. બે વતા બે (૨)
૨૧. ઘેટા પરથી મળે (૨)
૨૩. ભગવાન, ઇશ્વર (૫)
૨૪. આકરો ગુસ્સો, 'જાલિમ' તાપ (૪)
૨૫. ઇન્સાન (૩)
૨૭. સાંજ (૨)
૨૮. મમ્મીના દેરાણીના પતિ (૨)
૩૦. જનતા, પબ્લીક (૩)
૩૪. સૈન્ય (૩)
૩૫. એક આજીવન સજા (૫)
૩૬. સમય સમયે (૬)
૩૯. મંત્રોનો પાઠ (૪)
૪૦. મોંમાની એક ગ્રંથિ (૨)
૪૧. ડર ઉંધુ લખો (૨)
૪૨. દામ-ઉંધુ લખો (૨)
૪૫. પગની ધુળ (૫)
૪૮. મનની ઇચ્છા (૫)
૫૧. એ ઓઢાડી સન્માન થાય (૨)
૫૨. અપમાનિત કરતી ચેષ્ટા (૪)
૫૩. મહાનગરપાલિકાનું સંક્ષિપ્ત (૩)
૫૪. ધીરજવાન જેવો શબ્દ (૫)
૫૬. રાસ સેવાનું ગ્રુપ (૫)
૫૭. બ્રીજ (૨)
૫૮. લોખંડનો ઉપર નીચે થતો દરવાજો (૩)
૫૯. મહેનત પછી લાગે (૨)
૬૦. સબ્જી (૨)
૬૧. મોરબીનું ઐતિહાસિક સ્થળ (૫)
૬૪. મુંડન (૨)
૬૫. આહવાન (૪)
૬૬. કચ્છનું એક ગામ (૩)

**ઉભી ચાવી**
૨. અમિતાભની એક ફિલ્મ (૩)
૩. વાણિયાઓનું ધર્મસ્થળ (૪)
૪. દક્ષિણ આફ્રિકાનું શહેર (૫)
૫. પુત્ર અંગ્રેજી (૨)
૬. હવા ઉજાસ માટે ઘર પાછળની જગ્યા (૩)
૭. ઝખમ પર કરવામાં આવે (૫)
૯. નિરાંતનો ઉદગાર (૨)
૧૦. જલાબાપાની જગા (૪)
૧૧. એક હાર્ડડ્રિન્ક (૨)
૧૫. ભિંજાવું (૪)
૧૬. વાતોડિયું (૩)
૧૮. એક કોમ્યુનિટી (૨)
૧૯. ટમાટર (૩)
૨૨. જૈનોનો મહામંત્ર (૬)
૨૫. એક સરકારી હોદ્દો (૬)
૨૬. જય શ્રી ... (૨)
૨૯. ઉનાળો (૩)
૩૦. અમિતાભ બચ્ચનની એક ફિલ્મ (૩)
૩૧. બાદલ (૩)
૩૨. ઝાડુ (૪)
૩૩. કિંમત (૨)
૩૫. તમારા ... એકદમ સ્પષ્ટ છે (૩)
૩૭. સુકુ ઘાસ (૨)
૩૮. વાનગી ...ઢોકળા (૩)
૪૩. જુસ્સો (૨)
૪૪. જુસ્સાવાળા મરાઠી એકટર (૬)
૪૫. રાજેશ ખન્નાની એક ફિલ્મ (૫)
૪૬. જલસો થાય તેવી ... (૪)
૪૭. તેરા ... મિલ ગયા (૩)
૫૦. ...વચન અને કર્મ (૨)
૫૧. સુબહ ઔર ? (૨)
૫૪. શણગારવું (૪)
૫૫. એક કઠોળ (૨)
૫૮. ચહેરો ઉર્દુ (૩)
૬૧. ...દાનગી ... શિયા (૨)
૬૨. હૃદય (૨)
૬૩. હોલી ડે, છુટ્ટી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇ | ટા | લી | | ક | મ | ન | સી | બ | |
| ન | | લો | ખં | ડ | | ટ | ના | ટ | ન |
| | | ત | ડ | કો | | | જો | ર | |
| શ | બ | રી | | | ટ | પ | રી | | મો |
| કક | | | | કો | પ | ર | | બો | ર |
| ર | જ | | પા | મ | ર | | વ્હે | | |
| | ત | લ | પ | | વે | ચા | ણ | વે | રો |
| મા | ન | વ | | શ | ર | મ | | | ત |
| લિ | | | | હે | | ડી | પ | વે | લ |
| ક | દ | | કો | ર | સ | | ગ | ગ | |

### ચોમાસા પૂર્વે પલ્ટાતું હવામાનઃઅનેક રાજયોમાં ઝંઝાવાત-વરસાદની આગાહી; કેટલાંકમાં હીટવેવનું એલર્ટ

# મુંબઈમાં ભારે વરસાદઃ તોફાની પવન સાથે અનેક ભાગો જળબંબાકાર

## દાદર, બાંદ્રા, પરેલ, કોલાબા, મરીનલાઈન્સ, ભાયખલ્લા જેવા ભાગોમાં પાણી ભરાતા ટ્રાફિકજામ



મુંબઈ તા.૧૭

ભરઉનાળાનાં દિવસોમાં આજે ફરી એક વખત મૂંબઈ સહિત દેશના કેટલાંક ભાગોમાં હવામાન પલટો સર્જાયો હતો અને તોફાની પવન સાથે ભારે વરસાદ થયો હતો. હવામાન વિભાગે આવતા દિવસોમાં અનેક રાજયોમાં ઝંઝાવાત ફુંકાવાનું એલર્ટ જાહેર કર્યું હતું. જયારે રાજસ્થાન, ઉતર પ્રદેશ, માટે હિટવેવનું એલર્ટ જારી કર્યું છે.

દેશના આર્થિક પાટનગર મુંબઈમાં આજે સવારે અચાનક હવામાન પલ્ટો થવા સાથે ભારે વરસાદ ત્રાટકયો હતો. જેને પગલે ઠેકઠેકાણે પાણી ભરાવા સાથે ટ્રાફીક જામનાં દ્રશ્યો સર્જાયા હતા. કોલાબા, મરીન લાઈન્સ, ભાયખલ્લા, પરેલ, લાલબાગ, દાદર તથા બાંદ્રા જેવા પરા વિસ્તારોમાં ધમધોકાર વરસાદ થયો હતો. અંધેરી તથા બોરીવલીમાં પણ હળવો વરસાદ હતો.આકાશમાં કાળા ડીબાંગ વાદળો સાથે અષાઢી માહોલ છવાયો હતો.

ભારે વરસાદ અને અનેક સ્થળોએ જળબંબાકાર છતાં ટ્રેનસેવામાં કોઈ અવરોધ આવ્યો ન હતો.મુંબઈ વેધશાળાએ આજે આખો દિવસ છુટાછવાયો હળવો વરસાદ થતો રહેવાની આગાહી કરી છે.

## મહારાષ્ટ્ર, કોંકણ, ગોવા, મધ્યપ્રદેશ, કાશ્મીર, હિમાચલ જેવા રાજયોમાં વરસાદનું એલર્ટઃ રાજસ્થાન-ઉતરપ્રદેશમાં કાળઝાળ ગરમીની ચેતવણી

દરમ્યાન રાષ્ટ્રીય હવામાન વિભાગે દેશના અનેક રાજયોમાં પ્રિમોન્સુન વરસાદ તથા ઝંઝાવાતનું એલર્ટ આપ્યું છે. પૂર્વોતર રાજયોનાં અરૂણાચલપ્રદેશ, આસામ, મેઘાલય, ત્રિપુરા, દક્ષિણ ભારતનાં કેરળ, તામીલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, લક્ષદ્રિપ, પશ્ચિમ ભારતના કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠાવાડ, ઉપરાંત મધ્યપ્રદેશ, વિદર્ભ, બિહાર, છતીસગઢ, તથા કાશ્મીર હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, પંજાબ હરીયાણા, તથા દિલ્હીમાં ઝંઝાવાતી વરસાદની આગાહી કરી છે. તા.૨૨ મે સુધીની આ આગાહીમાં કેટલાંક ભાગોમાં ૭૦ કીમી સુધીની ઝડપે પવન ફુંકાવાની પણ ચેતવણી જારી કરી છે. જયાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની પણ શકયતા છે.

અનેક રાજયોમાં વરસાદનું ચેતવણી વચ્ચે અમુક રાજયોમાં કાળઝાળ ગરમીની પણ ચેતવણી આપવામાં આવી છે. ઉતરપ્રદેશ, રાજસ્થાનમાં હીટવેવ રહેશે. જયારો ઓડીશા, પશ્ચિમ બંગાળ તથા તટીય આંધ્રપ્રદેશમાં ભેજવાળી આકરી ગરમી પડવાની શકયતા છે.

## ઓડિસામાં કમોસમી વરસાદનો કહેરઃ વીજળી પડતા ૯ લોકોના મોતઃ અનેક ઘાયલ



ભુવનેશ્વર : ઓડિશામાં તેજ વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો. આ સાથે અનેક જગ્યાએથી વીજળી પડી હતી. વિવિધ જગ્યાએથી વીજળી પડવાની ઘટનામાં ૬ મહિલા સહિત ઓછામાં ઓછા ૯ લોકોના મોત નિપજ્યા હતા અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

મળતી માહિતી અનુસાર, કોરાપુટ જિલ્લામાં ત્રણ લોકોના વીજળી પડવાના કારણે મોત નિપજ્યા હતા. જાજપુર અને ગંજામ જિલ્લામાં બે-બે અને ઢેંકાનાલ તેમજ ગજપતિ જિલ્લામાં ૧-૧ વ્યક્તિના મોત નિપજ્યા હતા.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, કોરાપુટ જિલ્લાના લક્ષ્મીપુર પોલીસ સ્ટેશનના વિસ્તારના પરીડીગુડા ગામમાં વીજળી પડવાના કારણે ત્રણ મહિલાના મોત નિપજ્યા છે અને એક વડીલ ગંભીર રૂપે ઈજાગ્રસ્ત થયા હતા. ત્રણેય એક જ પરિવારના સભ્ય હતાં, જે ભારે વરસાદના કારણે ખેતરમાં કામ કરતા સમયે એક ઝૂંપડીમાં આશરો લઈ રહ્યા હતાં. ઝૂંપડી પર વીજળી પડવાથી ત્રણેય મહિલાના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતાં. જાજપુર જિલ્લાના ધર્મશાલા વિસ્તારમાં વિજળી પડવાથી બે યુવકોના મોત નિપજ્યા હતા.

## ડ્રાયફ્રુટના ભાવ ઘટશે! અટવાયેલા ૧૬૦ અફઘાની ટ્રકને બોર્ડર પાર કરવા લીલીઝંડી



નવી દિલ્હી તા.૧૭

અફઘાનીસ્તાનનાં તાલીબાન શાસનને વિધીવત માન્યતા આપવામાં આવી ન હોવા છતાં અફઘાનનાં ડ્રાયફ્રુટ ભરેલા ૧૬૦ ટ્રકોને અટારી સીમાએથી ખાસ એન્ટ્રી મંજુર કરવામાં આવી છે. ભારત-અફઘાનના વિદેશમંત્રી વચ્ચે ગઈકાલે પ્રથમ વખત વાતચીત થઈ હતી અને તે પછી અફઘાની ટ્રકને લીલીઝંડી મળ્યાનું સુચક છે.

ભારત સાથેનાં તનાવને કારણે પાકિસ્તાને કેટલાંક વખતથી અફઘાની ટ્રકોને અટારી બોર્ડરેથી ભારતમાં જતા અટકાવી રાખ્યા હતા. પહેલગામ હુમલા બાદ ૨૩ એપ્રિલથી ભારતે અટારી-વાઘા બોર્ડર બંધ કરી હતી. ભુતકાળમાં પણ ભારતે બોર્ડર બંધ કરી હોય ત્યારે પાકિસ્તાને ભારત-અફઘાન વચ્ચે વ્યાપાર ચાલવા દીધો હતો. પાકિસ્તાન વખતોવખત પરિવહન વિઘ્નો સર્જતું હોવા છતાં ભારત સમગ્ર દક્ષિણ એશીયામાં અફઘાન પ્રોડકટનું સૌથી મોટુ માર્કેટ છે અને વાર્ષિક એક અબજ ડોલરનો વેપાર ધરાવે છે.

પાકિસ્તાને છેલ્લે ૨૦૨૧ માં ભારતને જમીન સીમાએથી માલ મોકલવાની છૂટ આપી હતી. ત્યારે ભારતે દુષ્કાળગ્રસ્ત દેશને ૫૦,૦૦૦ ટન ઘઉંની મદદ કરી હતી. છેલ્લા ચાર વર્ષમાં ભારતે અફઘાનને ઘઉ ઉપરાંત ૩૦૦ ટન દવા તથા ૨૮ ટન ભૂકંપ રાહત સામગ્રી પણ મોકલાવી છે.૨૦૦૦ વિદ્યાર્થીને સ્કોલરશીપ પણ આપી છે. હવે આ સહાયને બદલો મળ્યો હોય તેમ ડ્રાયફ્રુટ ભરેલા ૧૬૦ ટ્રકોને મંજુરી મળ્યાના સંકેત છે. ભારત-પાક તનાવથી અફઘાની આયાત અટકતા છેલ્લા દિવસોમાં ભારતમાં ડ્રાયફ્રુટના ભાવ ૨૦ ટકા વધી ગયાનું ઉલ્લેખનીય છે. નવી સપ્લાયનાં સંજોગોમાં ભાવ ઘટી શકશે.

## સોલાર-વિંડ સહિતની રીન્યુએબલ ઉર્જાની સ્થાપિત ક્ષમતામાં ગુજરાત પ્રથમ

### રાજયની કુલ ક્ષમતા ૩૫૧૬૩.૦૬ મેગાવોટઃ હવે લોકો ઉર્જા કંપનીઓને 'વિજળી' પુરી પાડે છે

નવી દિલ્હી: તમોને એ કહીએ તો આશ્ચર્ય થશે પણ હવે રાજયના લોકો વિજ કંપનીઓને 'વિજળી' વેચી રહ્યા છે અને પોતાનું વિજ બિલ પણ ઝીરો કરી રહ્યા છે આ વાસ્તવિકતા છે અને તેનુ કારણ રાજયમાં સતત વધતા જતા રીન્યુએબલ પાવર-બિન પરંપરાગત ઉર્જાના ઉપયોગનો છે. જેમાં સોલાર પાવર નંબર વન છે. હાલમાંજ એક અહેવાલ મુજબ ગુજરાતમાં કુલ હવે ૩૫૧૬૩.૦૬ મેગાવોટ વિજળી એ આ રીતે બિનપરંપરાગત રીતે મેળવાઈ છે અને તે આ પ્રકારની ઉર્જાની સ્થાપીત ક્ષમતામાં નંબર વન બની ગયુ છે. આ સ્થાન તેણે રાજસ્થાન પાસેથી છીનવી લીધુ છે. કેન્દ્રના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જીના રિપોર્ટ મુજબ રાજસ્થાનમાં ૩૪૬૧૧.૦૯ મેગાવોટ આ પ્રકારે રીન્યુએબલ એનર્જી છે પણ તે સામે ગુજરાતમાં ૩૫૦૦૦ મેગાવોટથી વધુની ક્ષમતા છે. ત્રીજા ક્રમે તામિલનાડુ અને તે બાદ કર્ણાટક અને મહારાષ્ટ્ર આવે છે.



ગુજરાતમાં નાના હાઈડ્રો પાવરની ક્ષમતા ૧૦૬.૬૪ મેગાવોટ છે અને પવન ઉર્જા વિન્ડ પાવરમાં ૧૩૫૧૪.૬૮ મેગાવોટ-બાયોમાસમાંથી જે બીઆઈઓ પાવર તરીકે ઓળખાય છે. તેના દ્વારા ૧૨૯.૮૫ મેગાવોટ- સોલાર પાવરનો હવે ઘર ઘર સુધી પહોંચી ગયા છે તેની ક્ષમતા સૌથી વધુ ૧૯૪૨૧.૮ મેગાવોટ અને મોટા હાઈડ્રો પાવર ૧૯૯૦ મેગાવોટની છે. ગુજરાત હવે તેનાથી પણ એક ડગલુ આગળ વધીને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ મારફત બેટર એનર્જી સ્ટોરેજ યુનિટ ઉભા કરી રહ્યું છે. જેમાં રિન્યુએબલ ઉર્જાને સ્ટોરેજ પણ કરી શકાશે અને જેમ જેમ તેની માંગ હોય તેમ વર્ષમાં ગમે ત્યારે સપ્લાય કરી શકાશે. ઔદ્યોગીક વિકાસ માટે ઉર્જા સલામતી એ સૌથી મહત્વનું છે. રાજયમાં વિજકાપ હવે ભૂતકાળ બની ગયું છે. લોડશેડીંગ શબ્દ જ હવે કયાંય સંભળાવશે નહી. ગુજરાતે જે રીતે હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે સોલાર-વિંડ સહિતના પ્રોજેકટને મહત્વ આપી દેશના બીજા રાજય કરતા વહેલી શરૂઆત કરાવી તે આજે ગુજરાતને નંબર વન બનાવી રહ્યા છે.

## આઈપીએલની એલએસજી ટીમના માલિકનું તિરૂપતિ બાલાજી મંદિરમાં કરોડોના સોનાના આભુષણોનું દાન



કોલકાતાના એક ભક્તે પોતાના ભગવાનને કરોડોના સોનાના દાગીના દાનમાં આપ્યા છે. મંદિર પરિસરમાં આ દાનવીર વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. આ દાનવીર બીજું કોઈ નહીં પણ IPL 2025 માં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) ના માલિક સંજીવ ગોએન્કા છે. આ સિઝનમાં LSG ટીમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું. ટીમ ૧૧ મેચમાંથી માત્ર ૫ મેચ જીતી શકી હતી, જ્યારે ૬ મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. સંજીવ ગોયેન્કાએ શુક્રવારે ભગવાન વેંકટેશ્વર મંદિરમાં ૩.૬૩ કરોડ રૂપિયાના સોનાના દાગીનાનું દાન કર્યું હતું. તેમણે ૩.૬૩ કરોડ રૂપિયાના ૫.૨ કિલો હીરા અને રત્ન ઝવેરાતનું દાન કર્યું છે. તેમણે પોતાના એક્સ હેન્ડલ પર મંદિરની મુલાકાતના ફોટા પણ શેર કર્યા છે.

ઉલ્લેખનીય છે કે ભગવાન વેંકટેશ્વર મંદિર આંધ્રપ્રદેશના તિરુમાલામાં આવેલું છે અને તેને તિરુપતિ બાલાજી મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ભગવાન વિષ્ણુના અવતાર વેંકટેશ્વરને સમર્પિત છે અને ભારતના મુખ્ય તીર્થસ્થળોમાંનુ એક છે. આ મંદિર આંધ્રપ્રદેશના ચિત્તૂર જિલ્લામાં તિરુમાલા પર્વતો પર આવેલું છે.




માહિતી/૩૫૩/૨૦૨૫-૨૬



# રાજકોટ આવતો રૂ.૧.૦૪ કરોડનો વિદેશી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## ગોવાથી ૮૭૪૮ દારૂની બોટલ ભરીને રાજસ્થાની ટ્રક ચાલક રાજકોટ પહોંચે તે પહેલાં જ નવસારી પાસે દબોચાયોઃ રૂ.૧.૩૦ કરોડનો મુદ્દામાલ કબ્જે , નવસારી એલસીબી ટીમને મળી સફળતા



રાજકોટ.તા.૧૭

દારૂની હેરાફેરી બેરોકટોક થાય છે તે ફલિત થતું રહ્યું છે ત્યારે રાજકોટ આવતો રૂ. ૧.૦૪ કરોડનો વિદેશી દારૂ ભરેલો ટ્રક નવસારીથી પકડયો છે. નવસારી એલસીબી ટીમે બાતમીના આધારે ગોઠવેલી વોચ દરમિયાન શંકાસ્પદ ટ્રકને અટકાવી તપાસ કરતા પૂઠાના બોક્સમાં છુપાવેલો ૭૨૯ પેટી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂની ૮૭૪૮ બોટલ, ટ્રક, રોકડ, મોબાઈલ મળી કુલ રૂ. ૧.૩૦ કરોડનો મુદ્દામાલ કબ્જે ચાલકની ધરપકડ કરી છે. દારૂ મંગાવનાર અને મોકલનાર સહીતના શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

દરોડાની વિગત મુજબ, નવસારી પોલીસને બાતમી મળી હતી કે, એક કન્ટેનર ટ્રકમાં ગોવાથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી નેશનલ હાઈવે નં.૪૮ ઉપર વલસાડથી ચીખલી વાયા નવસારી થઈ સુરત તરફ જનાર છે. જે બાતમીના આધારે નવસારીની હદમાં નેશનલ હાઈવે નંબર ૪૮ મુંબઈ થી અમદાવાદ જતા રોડ ઉપર વોચ ગોઠવી કન્ટેનર ટ્રકને ઝડપી પાડયો હતો.

પોલીસે તેમાં તપાસ કરતા ૭૨૯ પૂઠાના બોક્સમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૮૭૪૮ બોટલ જેની કિંમત ૧,૦૪,૯૭,૬૦૦ મળી આવી હતી. જેથી પોલીસે દારૂનો જથ્થો, કન્ટેનર, એક મોબાઈલ તેમજ આરોપીની અંગઝડતીમાંથી મળી આવેલા રોકડા રૂપિયા ૧૯૦૦ સહીત કુલ ૧,૩૦,૪૦, ૫૦૦ રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો. આ ઘટનામાં પોલીસે રાજસ્થાનના વતની ડુંગરસિહ પ્રતાપસિંહ ચૌહાણ (ઉ.૪૬) નામના ટ્રક ચાલક ઝડપી પાડ્યો છે. જ્યારે આ ઘટનામાં સુરેન્દ્ર હજારીસિંગ રાજપૂત અને સતુભાઈ ઉર્ફે બાપુ ઉર્ફે બુઢ્ઢોને વોન્ટેડ જાહેર કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય બાબત છે કે, પોલીસે ચાલકની પૂછપરછ કરતા દારૂનો જથ્થો રાજકોટ લઈને આવવાનો હતો તેવું જણાવ્યું હતું.

# પતિએ ઠપકો આપતા પત્નીએ આપઘાત કરી લીધો

## નેપાળી પરિણિતા હજુ ૬ માસ પૂર્વે જ પતિ સાથે રહેવા આવી હતી

રાજકોટ, તા.૧૭

શહેરના યુનિવર્સીટી રોડ પર આવેલ આઈકોન બેઝમેન્ટ એપાર્ટમેન્ટમાં રહેતી નેપાળી પરિણિતા દીપાચંદ્રા હરિબહાદુર શાહી (ઉં.વ.૩૦)એ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મૃતક હજુ છ માસ પહેલા જ પતિ સાથે રહેવા આવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોએ આપેલી વિગત અનુસાર, દીપાચંદ્રા હરિબહાદુર શાહી યુનિ.રોડ, ગંગોત્રી પાર્ક મેઈન રોડ, આઈકોન બેઝમેન્ટ એપાર્ટમેન્ટમાં પાર્કિંગની રૂમમાં રહેતી હતી. તેણે ગઈકાલે બપોરે ૩.૨૬ વાગ્યાં આસપાસ ઘરે ગળેફાંસો ખાઈ લીધો હતો. પતિને જાણ થતા ૧૦૮ માં ફોન કર્યો હતો. ૧૦૮ના ઈએમટીએ સ્થળ પર જ તેને મૃત જાહેર કરી હતી. યુનિ.પોલીસના એએસઆઈ એમ.પી.ચરમટા સહિતના સ્ટાફ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી તપાસ હાથ ધરી હતી. જેમાં પતિની પુછપરછમાં જાણવા મળેલ કે, પતિને શંકા હતી કે, તેની પત્નીને અન્ય કોઈ સાથે સંબંધ છે. ફોનમાં વાત ન કરવા ઠપકો આપતા તેણીને માઠું લાગી આવતા પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. બે સંતાનોએ માતાનું છત્ર ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી.

# આજીડેમના ગાર્ડનમાં ઝેરી દવા ગટગટાવી વોકહાર્ટ હોસ્પિટલના એકાઉન્ટન્ટ ભાવિન પ્રજાપતિનો આપઘાત

## બે દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો, ભાવિન મવડીની માટેલ સોસાયટીમાં રહેતો હતોઃ મૃતક પાસેથી તેનો મોબાઇલ ન મળી આવતા અનેક તર્કવિતર્ક, આત્મહત્યાનું કારણ અકબંધ

રાજકોટ, તા.૧૭

આજીડેમના ગાર્ડનમાં ઝેરી દવા ગટગટાવી વોકહાર્ટ હોસ્પિટલના એકાઉન્ટન્ટ ભાવિન પ્રજાપતિએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી.

બનાવ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ ભાવિન કિશોરભાઈ ગોહેલ (પ્રજાપતિ) (ઉં. વ. ૩૪, રહે માટેલ સોસાયટી, મવડી પ્લોટ, ૪૦ ફૂટ રોડ)એ ગઈકાલે બપોરે ૧૨ વાગ્યે આજીડેમના ગાર્ડનમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તેને બેભાન હાલતમાં ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ભાવિનના કિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી હતી જેમાં તેના પિતરાઈ ભાઈઓના મોબાઈલ નંબર લખ્યા હતા. ચિઠ્ઠીમાં તેણે એવો પણ સંકેત આપ્યો હતો કે મારા અંતિમ પગલાં બાદ આ લોકોને ફોન કરીને જાણ કરવી. પોલીસે ભાવિનના સગા સંબંધીને ફોન કર્યો હતો. જેથી પરિવારજનો અને પિતરાઈ ભાઈઓ સહિતના લોકો રાજકોટ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

ભાવિન પાસેથી તેનો મોબાઇલ મળી આવ્યો નહોતો. એ સિવાય તેમના પરિવારજનો અને નજીકના મિત્રો પણ ઝેરી દવા પી લેવાના કારણથી તદ્દન અજાણ હતા. ભાવિને કયા કારણોસર દવા પીધી તે જાણવા માટે તેનું નિવેદન નોંધવા પ્રયાસ થયો હતો, પરંતુ તે બેભાન જ હોવાથી નિવેદન નોંધી શકાયું નહોતું. આ દરમિયાન ઈમરજન્સી વિભાગમાં સાંજે ૪ વાગ્યા આસપાસ ભાવિને સારવારમાં જ દમ તોડી દીધો હતો. તેમના પરિચિતો પાસેથી મળેલી વિગત મુજબ, ભાવિન શહેરના કાલાવડ રોડ પર આવેલ વોકહાર્ટ હોસ્પિટલમાં બિલિંગ વિભાગમાં એકાઉન્ટન્ટનું કામ કરતો હતો. તેને સંતાનમાં બે દીકરીઓ છે. તે પોતે બે ભાઈમાં મોટો હતો. બનાવતી પરિવારમાં શોક છવાયો હતો. તો બીજી તરફ પોલીસે આપઘાતનું કારણ જાણવા માટે તપાસનો ધમધમાટ શરૂ રાખ્યો છે.

# બોગસ મુખત્યારનામાના આધારે થયેલ ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ રદ કરવા હુકમ

## રાજકોટના બોડકા ગામે આવેલી જમીન અંગે સિવિલ કોર્ટમાં દાવો થયો હતો, અપીલ સમય બાદ જમીન પણ સોંપી દેવા આદેશ

રાજકોટ, તા.૧૭

રાજકોટના બોડકા ગામે આવેલી જમીન અંગે સિવિલ કોર્ટમાં દાવો થયો હતો. જેમાં બોગસ મુખત્યારનામાના આધારે થયેલ ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ રદ કરવા હુકમ થયો છે તેમજ અપીલ સમય બાદ જમીન પણ સોંપી દેવા આદેશ થયો છે.

આ કેસની વિગત અનુસાર, બોડકા ગામે આવેલ ખેતીની જમીન વાદી કારીબેનના પિતા દેવજીભાઈના નામે આવેલ હતી. જે ખેતીની જમીન પ્રતિવાદીઓએ બોગસ અને બનાવટી મુખત્યારનામું થર્ડ પાર્ટીના નામે બનાવી પોતાના નામે વેચાણ દસ્તાવેજો સને-૧૯૯૪ માં કરાવી લીધેલ હતા. જે બાબતે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી પડાવવા બાબતે પ્રતિવાદીઓ દ્વારા અરજી કરતા વાદીને આ બાબતની જાણ થયેલ હતી. જેથી વાદીએ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રીઓ પાડવા સામે અને પોતાના દિકરી તરીકેના હકકો બાબતે તથા મુખત્યારનામા બાબતે વાંધા તકરાર ઉપસ્થિત કરેલ હતા. જે વાંધા તકરાર રેવન્યુ ઓથોરીટી ધ્વારા માન્ય રાખવામાં આવેલ નહીં અને પ્રતિવાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં આ ખેતીની જમીન દાખલ કરવામાં આવેલ હતી. વાદીએ સિવીલ કોર્ટમાં દાવો દાખલ કરી એવી માંગણી કરેલ હતી કે, વેચાણ દસ્તાવેજ રદ કરી વાદીને તે ખેતીની જમીનનો કબ્જો અપાવવા તથા તેની ઉપરની ઉપજ અપાવવા સને-૧૯૯૫ માં દાવો દાખલ કરેલ હતો. વાદી કારીબેનનું અવસાન થયેલ હતું. વારસદારો સમયમર્યાદા ચુકી જતા દાવો એબેટ કરેલ હતો. આ હુકમ સામે કારીબેનના વારસદારોએ હાઈકોર્ટ સમક્ષ અરજી કરતા તે ડાયરેકશન સાથે ફેસલ કરેલ હતી. વારસદારોએ સિવિલ કોર્ટ સમક્ષ વારસો જોડવાની અરજી કરેલ. વારસદારોને જોડવા અને મુળ દાવો રીસ્ટોર કરવા મંજુર મળતા આ કેસમાં વાદીના એડવોકેટ જી. આર. ઠાકરે કરેલ ઉલટતપાસ, લંબાણ પુર્વકની દલીલો તથા રજુ કરેલ ચુકાદાઓને ધ્યાને લઈ સિવિલ કોર્ટે વાદીનો દાવો અંશતઃ મંજુર રાખી, એવો મહત્વનો ચુકાદો આપેલ છે કે, જે મુખત્યારનામું થયેલ છે તે બોગસ, ઉભું કરેલું છે અને તેવા મુખત્યારનામાના આધારે કરવામાં આવેલ વેંચાણ દસ્તાવેજ રદ થવાને પાત્ર છે. વાદીને પ્રતિવાદીના કબ્જામાં રહેલ જમીન અપીલ સમય પુરો થયા બાદ સોંપી આપવી તેવો મહત્વનો ચુકાદો આપેલ છે. આ દાવામાં વાદી તરફે રાજકોટના સિનીયર એડવોકેટ જી. આર. ઠાકર, ગાર્ગીબેન જી. ઠાકર, મિલનભાઈ દુધાત્રા, કૃપાલ ઠાકર, જીંકલ પટેલ, એ. જી. ઠાકર રોકાયેલા હતા.

# જંગવડ ગામે સાપ કરડી જતા રાજકોટના વિપુલ વિકાણીનું સારવારમાં મોત

## લાલપરીમાં રહેતો વિપુલ યાર્ડમાં મજુરી કરે છે ગઈકાલે કામ ન હોવાથી ભાઈ સાથે કારખાનાનો ભંગાર ભરવા ગયો હતો જયાં બનાવ બન્યો



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ,તા.૧૭

જસદણ તાલુકાના આટકોટ પાસે આવેલા જંગવડ ગામે સાપ કરડી જતા રાજકોટના યુવાનનું સારવારમાં મોત નિપજયું હતું.આ અંગે પોલીસ સૂત્રો અને પરિવારજનો તરફથી મળેલી વિગત અનુસાર, વિપુલ અરજાગભાઈ વિકાણી (ઉ.વ.૩૭) રહે.લાલપરી ગ્રીનલેન્ડ ચોકડી રાજકોટ) ગઈકાલે તા.૧૬/૫ના રોજ સવારે ૧૦ વાગ્યે જંગવડ ગામમાં આવેલ રઘુનંદન કપાસીયા ખોળના કારખાને હતો.ત્યારે કાળોતરો સાપ કરડી જતા તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અત્રે ઈમરજન્સી વિભાગમાં સારવાર દરમિયાન સાંજે ૪.૩૦ વાગ્યા આસપાસ તેનું મોત નિપજયું હતું.આટકોટ પોલીસે રાજકોટ સિવિલમાં આવી મૃતદેહ પીએમ માટે ખસેડાયો હતો. મૃતકના પરિવારજનોએ જણાવ્યું કે વિપુલ ૩ ભાઈ, એક બહેનમાં વચેટ હતો.તેને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે વિપુલ જુના માર્કેટીંગ યાર્ડમાં વાહનમાં માલ ભરવાનું કામ કરતો હતો. ગઈકાલે સવારે મજુરી કામ ન હોય તેનો ભાઈ ભંગારનું કામ કરતો હોય, વિપુલને ફોન કરી જણાવેલ કે,જંગવડ પાસે કારખાનામાં ભંગાર ભરવા જવાનો છે વિપુલે કહ્યું કે હુ પણ આવું છું. બંને ભાઈ છકડો લઈ ભંગાર ભરવા કારખાને પહોંચ્યા જવાં ભંગાર ભરતી વખતે કાળોત્તરો નાગ ભંગારમાં બેઠો હોય, વિપુલે ભંગાર હટાવતા જ સાપ કરડી ગયો હતો.બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# ઘર પાસેથી અપશબ્દો બોલવાની ના પાડતા દંપતી પર પાઈપ, દાતરડાથી હુમલો

## શીતલપાર્ક ચોકડી રૈયાધારનો બનાવ, યુનિવર્સીટી પોલીસે મહેશ કુવાનડિયા અને તેની પત્ની કાજલ સામે ગુનો નોંધ્યો

રાજકોટ, તા.૧૬

શીતલપાર્ક ચોકડી રૈયાધારમાં ઘર પાસેથી અપશબ્દો બોલવાની ના પાડતા દંપતી પર પાઇપ, દાતરડાથી હુમલો થયો હતો.



ફરિયાદી મુકેશ જગદીશભાઈ સોલંકી (ઉ.વ.૩૭, રહે. શીતલપાર્ક ચોકડી બાપાસીતારામ ગૌ શાળા રૈયાધાર)એ જણાવ્યું કે, મારા પત્નીનું નામ ગીતાબેન (ઉંમર વર્ષ ૪૦) છે. મારે સંતાનમાં તથા ત્રણ દીકરી, બે દીકરા છે. હું તથા મારા પત્ની નાના મૌવા સર્કલની સામે આવેલ શ્રી રામ મસાલા માર્કેટમાં ખોડલધામ મરચા પીઠમાં મજુરી તથા વેપાર કરીએ છીએ. ગઈકાલે સાંજના સાડા છ વાગ્યાના અરસામાં હું તથા મારા પત્ની વરસાદ પડતા મરચા પીઠમાં ગરાગી ન હોય, જેથી અમો ઘરે આવી ગયા હતા દરમિયાન રાત્રીના સાડા નવેક વાગ્યા આસપાસ અમારા પડોશમાં રહેતો મહેશ કરમશી કુવાનડિયા શેરીમાં મારા ઘરની સામે બેફામ અપશબ્દો બોલતો હતો. તેને ગાળો બોલવાની ના પાડતા બોલાચાલી થઈ હતી. પછી મહેશ પાઇપ લઈ આવ્યો અને તેની પત્ની દાતરડું લઈ આવી અને મને તથા મારી પત્નીને માર માર્યો હતો. પાઇપ અને દાતરડાનાં ઘા માર્યા હતા. મને અને મારી પત્નીને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. કાજલ અને મહેશ હુમલો કરી પોતાનું ઘર ખુલ્લું મુકી નાસી ગયેલ હતા. યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા તજવીજ કરી હતી.

# શાપરમાં સીડી પરથી પડી ગયા બાદ સારવારમાં શ્રમિકનું મોત

રાજકોટ, તા.૧૭

શાપર જીઆઇડીસીમાં મિલન ઇન્ડસ્ટ્રીયલ નામના કારખાનામાં સીડી પરથી પડી ગયેલા શ્રમિકનું સારવારમાં મોત નીપજ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ, મિલન ઇન્ડસ્ટ્રીયલ કારખાનામાં રહેતા ટુનટુન સિપાહીરામ ચમાર (ઉં. વ. ૩૫) ગઈકાલે સવારે ૯ વાગ્યે પોતે કારખાનામાં હતો ત્યારે કામ કરતી વખતે સીડી પરથી પટકાતા તેને ઈજા થઈ હતી. ટુનટુનને તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં આજે સવારે ૯ વાગ્યે તેનું સારવારમાં મોત નીપજ્યું હતું. તેમના સહ કર્મચારીઓએ જણાવ્યું કે, ટુનટુન મૂળ બિહારનો વતની હતો. તેને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. પરિવારજનો વતનમાં રહે છે. અહીં કારખાનામાં લાંબા સમયથી નોકરી કરતો હતો. જોકે હાલમાં તે પોતાના વતન ગયો હતો અને જ્યાંથી હજુ બે દિવસ પહેલા જ પરત શાપર આવ્યો હતો. પોતે પરત આવી કારખાનામાં કામ શરૂ કર્યાના કલાકોમાં જ આ બનાવ બન્યો હતો.

# એટ્રોસીટી એક્ટ તથા જાનથી મારી નાખવાની ધમકીના ગુનામાં આરોપી દિવ્યરાજસિંહ ઝાલાના જામીન મંજુર

રાજકોટ, તા.૧૭

ફરિયાદી કુશલ હમીરભાઈ વેરયા તા.૨૫/૧૨/૨૦૨૪ના રોજ તેના સગાના ઘરે તેના પરિવાર સાથે ગયા હતા ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવેલ કે, હું દિવ્યરાજસિંહ ઝાલા બોલુ છું. તે દારૂના કેસમાં કેમ મારું નામ આપેલ છે? હવે તું ઘરેથી બહાર નીકળતો નહીં. રાજકોટમાં દેખાઈશ તો જાનથી મારી નાખીશ. તારે મારી ઉપર એટ્રોસિટીની ફરિયાદ કરવી હોઈ તો કરી દેજે. તેમ કહી જ્ઞાતિપ્રત્યે અપમાનજનક શબ્દો કહ્યા હતા.

બીજા દિવસે દિવ્યરાજનો ભાઈ શક્તિસિંહ બોલું છું તેમ કહી કોઈનો ફોન આવેલ. તેણે પણ તેના છરીના ઘા મારી દઈશ તેમ કહી જ્ઞાતિ પ્રત્યેઅપમાનજનક શબ્દો કહેલ હતા. આ અંગે યુનિવર્સીટી પોલીસ મથકે ગુનો નોંધાતા આરોપીઓની અટકાયત થયેલ. જે પછી દીવ્યરજિસંહ ઝાલાએ જામીન અરજી કરેલી.



ચિત્રાંક વ્યાસ એડવોકેટ

જેમાં આરોપીના વકીલ વકીલ ચિત્રાંક વ્યાસ દ્વારા ફરિયાદ લાંબા સમય બાદ પાછળથી ખોટી રીતે ઉભી કરાઈ છે. ફરિયાદ મોડી કરવાનું કારણ જણાવ્યું નથી. દલીલો અને ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટ આરોપી દિવ્યરાજસિંહ ઝાલાને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી ધારાશાસ્ત્રી અશ્વિનભાઈ ગોસાઈ, ચિત્રાંક એસ વ્યાસ, નેહા પી.રાવલ, રવિ મૂલીયા, કશ્યપ ઠાકર, બીનાબેન પટેલ, ભાવિન રૂઘાની, હાજીભાઇ કાંટેલિયા, સાગર પ્રજાપતિ, સચિન ગોસ્વામી, તેમજ આસિસ્ટન્ટ તરીકે રાજુભાઈ ગોસ્વામી, યસ ભીંડોરા, રીનાબેન સરના, વૈશાલી ચાવડા, પ્રાંત શુકલા, ધનરાજસિંહ જાડેજા રોકાયેલ હતા.

### રાજકોટના પારડી ગામનો બનાવ

# કારખાનેદાર જે રૂમમાં સૂતાં હતાં તેને લોક કરી તસ્કરોએ મકાનમાં હાથફેરો કર્યો, ૨ લાખની રોકડ સહિતના મુદ્દામાલની ચોરી

## બારી તોડી મકાનમાં ઘુસી કબાટનો લોક તોડી ચોરી કરી નાસી છૂટ્યા, શાપર પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ આદરી

રાજકોટ, તા.૧૭

રાજકોટના પારડી ગામમાં રહેતાં કારખાનેદારના રૂમમાં ત્રાટકેલા તસ્કરોએ કારખાનેદાર જે રૂમમાં સૂતાં હતાં તેને લોક કરી મકાનમાં હાથફેરો કર્યો હતો અને ૨ લાખની રોકડ સહિતના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટતાં શાપર પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે રાજકોટના પારડી ગામે શ્રીજી વાટીકા સોસાયટીમાં રહેતાં જીગ્નેશભાઈ ગણેશભાઈ ભુવા, (ઉ.વ. ૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પારડી નજીક શીતળા મંદીર પાસે જે.બી. મશીન ટુલ્સ નામે કારખાનું ચલાવી વેપાર કરે છે.

ગઈ કાલ તા. ૧૫ ના રાત્રીના બારેક વાગ્યાની આસપાસ તેઓ ઘરના બધા સભ્યો પોતાના રૂમમાં સુઇ ગયેલ અને માતા વિજ્યાબેન તથા પિતા દરરોજ સવારે સાડા ચાર વાગ્યે શાપર આનંદી આશ્રમે સેવા પુજા માટે જતા હોય છે, જે ગઈકાલે પણ સવારે આનંદી આશ્રમે ઓસરીના દરવાજામાં તાડું મારીને ગયેલ હતાં. ફરીયાદીના પત્ની સવારે પાંચેક વાગ્યે જાગેલ અને તેઓને જગાડીને કહેલ કે, આપણો રૂમ બહારથી કોઈએ બંધ કરી દીધેલ છે. જેથી તેઓએ સામે રહેતા કાકા જામતભાઈ ભુવાને ફોન કરી આ બાબતે વાત કરતાં તેમણે બહાર નીકળી જોયેલ અને કહેલ તમારી ઓસરીની બારી તુટેલી છે જેથી ચોરી થયાની શંકા જતા જેથી ઓસરીની ચાવી પિતા પાસે હતી. કાકાનો દિકરો આશીષ માતા પિતાને તેડી આવેલ અને ઓસરીનું તાડુ ખોલી બાદમાં તેઓના રૂમના દરવાજા ખોલતા બહાર આવેલ હતાં. બાદમાં ઘરમાં જોતા ઓસરીની બારી તુટેલી અને મારા માતા પિતાનો રૂમ ખુલ્લો હતો. જેમા જોતા પતરાનો કબાટનો લોક તથા અંદરની તીજોરીની લોક તૂટેલો હતો. તીજોરીમાં રાખેલ રોકડ રૂ. ૨ લાખ અને જુના વારસાગત ચાંદીના રાણી સીક્કા જોવામાં આવેલ નહી, જેથી કોઈ અજાણ્યા શખ્સો ઘરની ઓસરીની બારી તોડી રૂમના કબાટનું લોકર તોડી તેમા રાખેલ રોકડ રૂ.૨ લાખ અને તથા જુના ચાંદીના સીકા ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી હતી.






## અવસાન નોંધ

**રાજકોટઃ** રાજકોટ વાણંદ દિનેશભાઈ વ્રજલાલ ભટ્ટીના ધર્મપત્ની શારદાબેન દિનેશભાઈ ભટ્ટીનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. તે ચંદ્રેશભાઈ તથા કેતનભાઈ, નિલેશભાઈના માતુશ્રી, દર્શીતા કિષ્ના ભાર્ગવ જયના દાદીમા થાય. બેસણું તા.૧૯ને સોમવારે ૪થી ૬ સ્વામીનારાયણ મંદિર ડી-માર્ટ વાળી શેરી, વૃંદાવન પાર્ક ૫૦ ફુટ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** સરોજબેન પ્રમોદભાઈ વ્યાસ (ઉ.૭૮) તે યશપાલભાઈ પ્રમોદભાઈ વ્યાસના માતાનું તા.૧૫ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૭ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ અમારા નિવાસ નંદનવન પંડયા શેરી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** વૈધ અશોકભાઈ શામજીભાઈ તળાવીયા (ઉ.૭૮) તે કૃપાલભાઈ અશોકભાઈ તળાવીયા, યોગેશભાઈ અશોકભાઈ તળાવીયાના પિતાશ્રીનું તા.૧૬ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૭ને શનિવારના રોજ સવારે ૭થી ૧૨ કલાકે યોગીકૃપા પરિમલ સોસાયટી નેસડી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**જામખંભાળીયાઃ** સ્વ. હેમતલાલ મુળજીભાઈ જટણીયા (ઉ.૮૭) તે પ્રકાશભાઈ, અશોકભાઈ, સ્વ. પરેશભાઈ અને નીલાબેન શરદકુમાર મજીઠીયા (પોરબંદર)ના પિતાશ્રી, શરદકુમારના સસરા તથા સંદીપ, ભૂમીક, જયદીપ, પ્રતીક, પાયલ રાજેશકુમાર ઠકરાર (જામખંભાળીયા) અને મનાલી મીતેષભાઈ પંચમતીયા (જામખંભાળીયા)ના દાદા તેમજ ડો. પારસ મજીઠીયા અને ડો. પરાગ મજીઠીયા (પોરબંદર)ના નાના તા.૧૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૧૭ના રોજ સાંજે ૫થી ૫-૩૦ પાબારી હોલ, તળાવની પાળ પાસે, જામનગર રાખેલ છે.

**રાજકોટઃ** મોટા ખીજડીયા હાલ રાજકોટ સ્વ. ભાનુમતીબેન છોટાલાલ ખંભાયતા (ઉ.૮૨) તા.૧૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. છોટાલાલ મનજીભાઈ ખંભાયતાના પત્નિ, ઘનશ્યામભાઈ, નાગજીભાઈ, રમાબેન દામજીભાઈ ધ્રાંગધરીયાના ભાભી તથા હંસાબેન ભરતભાઈ વડગામા, મીનાબેન પ્રભાતભાઈ છનીયારા, મધુબેન દિનેશભાઈ વિરમગામા, દિનાબેન કિશોરભાઈ ભાડેશીયા, સુરભીબેન ભૂપેન્દ્રભાઈ દુદકીયા, પુજાબેન ધર્મેશભાઈ પંચાસરા, નીશાબેન રાજેશભાઈ વડગામા, નયનાબેન તથા ભરતભાઈના માતુશ્રી, તેમજ રીટાબેનના સાસુ, યશ્વી તથા ધવલના દાદી તથા સ્વ. મોરારજીભાઈ, સ્વ. હિરજીભાઈ, સ્વ. ચતુરભાઈ, નાગજીભાઈ, સ્વ. ગોરધનભાઈ ખારેચા (થોરીયાળી વાળા)ના બહેન થાય. સદગતનું બેસણું તા.૧૯ને સોમવારના રોજ સાંજે ૪-૩૦થી ૬ કલાકે શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ૭/૧૦, ભકિતનગર સ્ટે.પ્લોટ રાજકોટ ખાતે રાખેલ છે. પીયરપક્ષનું બેસણુ સાથે રાખેલ છે. ભરતભાઈ-૮૨૦૦૩૩૮૪૦૭.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી ગુર્જર ક્ષત્રિય કડીયા સ્વ.પ્રાણલાલ હરીલાલ ટાંકના પુત્ર વિનોદભાઈ પ્રાણલાલ ટાંક (ઉ.૭૦) તે કિશોરભાઈ, તરૂણભાઈ, ધર્મેશભાઈ, નિતાબેનના ભાઈ તેમજ કૌશલભાઈના પિતાશ્રી તથા વિશાલ, જયદીપ, સાંતલ, મિતુલના ભાઈજી, ચંદુભાઈ, પ્રભુદાસભાઈ અને રમાણીકભાઈ તથા જગદીશભાઈના બનેવીનું અવસાન તા.૧૬ને ગુરૂવારના રોજ થયેલ છે. તેમનું બેસણું તા.૧૯ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ મીલન હોલ, ન્યુ નહેરૂનગર ૮૦ ફુટ રોડ, આહીર ચોક પાસે રાખેલ છે.






# રાજકોટ શહેર ભાજપ કાર્યાલયના સહ કાર્યાલય મંત્રી શૈલેષ દવેના પિતાશ્રીનું અવસાન



**રાજકોટઃ** મુળ વિસાવદર હાલ રાજકોટ નિવાસી રાજગોર બ્રાહ્મણ નરસિંહભાઈ શિવરામભાઈ દવે (ભરાડ) (ઉ.૮૨) તે સુશીલાબેનના પતિ, કનુભાઈ દવે, રમેશભાઈ દવે, ચંપાબેન શીલુ (વિસાવદર) અને લાભુબેન સાંકળીયા (બેલા)ના ભાઈ તેમજ હરેશભાઈ દવે (દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ- ઢોલરા) શૈલેષભાઈ દવે (સહ કાર્યાલય મંત્રી રાજકોટ શહેર ભાજપ આર.ડી. ગારડી કોલેજ હરીપર, એડવોકેટ અને નોટરી), મનીષભાઈ દવે તથા ગીતાબેન અશોકકુમાર ધાંધીયા (રાજકોટ)ના પિતાશ્રીનું તા.૧૬ને શુક્રવારના રોજ અવસાન થયું છે.

# સમ્રાટ પબ્લિસિટી-એન્ટરપ્રાઈઝવાળા મનીષભાઈ ચાંગેલાના પિતાશ્રીનું દુઃખદ અવસાન



રાજકોટઃ બાબુલાલ ટપુભાઈ ચાંગેલા(ઉંમર વર્ષ ૮૪)તે રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનીષ બાબુલાલ ચાંગેલાના પિતાશ્રી તેમજ ચિંતન અને પાર્થના દાદાનું તા.૧૭ શનિવાર ના રોજ રાજકોટ ખાતે અવસાન થયું છે. જેમની સ્મશાનયાત્રા આજે બપોરે ૧:૦૦ વાગે સિલ્વર લાઈન એપાર્ટમેન્ટ રવિ પાર્ક સોસાયટી શેરી નં ૧ શિવમ આઈસક્રીમવાળી શેરી. પ્રેમ મંદિર પાસે કાલાવડ રોડ રાજકોટ થી મોટા મૌવા સ્મશાને જવા નીકળી હતી. જેમાં બહોળી સંખ્યામાં જોડાયા હતા.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# મહાકુંભમાં હાજરી ન આપવી એ રાજદ્રોહ છેઃ નિવેદન આપનાર ધીરેન્દ્ર શાસ્ત્રીને કોર્ટની નોટિસ



**શાહડોલ:** પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ દરમિયાન, કુંભમાં ન આવવું એ રાજદ્રોહ માનવામાં આવશે તેવું નિવેદન આપનાર કથાકાર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીને મધ્યપ્રદેશની શહડોલ ફર્સ્ટ ક્લાસ કોર્ટે નોટિસ ફટકારી છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ શહડોલ સીતા શરણ યાદવે શાસ્ત્રીને ૨૦ મેના રોજ સવારે ૧૧ વાગ્યે કોર્ટમાં હાજર રહેવા અને પોતાનો પક્ષ રજૂ કરવા જણાવ્યું છે.

જારી કરાયેલી નોટિસ અનુસાર, મહાકુંભ ૨૦૨૫ ના સંદર્ભમાં, શાસ્ત્રીએ પ્રયાગરાજમાં જાહેરમાં કહ્યું હતું કે દરેક વ્યક્તિએ મહાકુંભમાં આવવું જોઈએ, જે નહીં આવે તેને પસ્તાવો થશે અને તેને દેશદ્રોહી કહેવામાં આવશે. અરજદારે જણાવ્યું છે કે આ નિવેદન માત્ર ભારતીય બંધારણની મૂળભૂત ભાવના, ખાસ કરીને ધર્મનિરપેક્ષતા અને વ્યકિતગત સ્વતંત્રતાની વિરુદ્ધ નથી, પરંતુ ભારતીય ફોજદારી સંહિતાની વિવિધ કલમો હેઠળ સજાપાત્ર ગુનો પણ છે. એડવોકેટ તિવારીએ તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે સેનામાં સેવા આપતા સૈનિકો, હોસ્પિટલમા સેવા આપતા ડોક્ટરો, કાયદો અને વ્યવસ્થામાં રોકાયેલા પોલીસકર્મીઓ, ન્યાયતંત્રના સભ્યો, પત્રકારો અથવા કોઈપણ નાગરિક જે પોતાની ફરજોને કારણે મહાકુંભમાં હાજરી આપી શકતા નથી, તેમને દેશદ્રોહી કહી શકાય? આ નિવેદન ખૂબ જ સંવેદનશીલ તો છે જ, પણ સામાજિક નફરત પણ ફેલાવે છે.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૫માં એડી. સીનીયર સીવીલ જજ **શ્રી એ. આર. સોનીસાહેબ**ની કોર્ટમાં **દિ.પ.અ.નં.૧૨૦૦/૨૦૨૫** થી અરજદાર **શ્રી નિતિનભાઈ નટુભાઈ શીશાંગીયા**એ ગુજરનાર નટુભાઈ ઉર્ફે નટવરલાલ વજીભાઈ શીશાંગીયાના નામે આવેલ સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરના **રેવન્યુ સર્વે નં.૩૩૧-૩૩૨-૩૩૩** પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન કે જે હસનવાડી તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટો પૈકી પ્લોટ નં.૧૨૧ પૈકીની જમીન ચો.વા.આ.૧૦૨-૦૦ પૈકીની જમીન ચો.મી.આ.૨૫-૪૯ ઉપર આવેલ મકાન અમારા પિતાશ્રીએ દસ્તાવેજ અનુ.નં.૧૯૩૫, તા.૧૬-૪-૧૯૭૯ ના રોજ ખરીદ કરેલ. ત્યારબાદ ઉપરોકત મકાનની જમીન ચો.મી.આ.૨૫-૪૯ પૈકી ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાન જેનો કારપેટ એરીયા ચો.મી.આ.૯-૪૮ ઓનરશીપના ધોરણે અમારા પિતાશ્રીએ અન્ય આસામીને વેંચાણ કરી આપેલ. ત્યારબાદ ગ્રાઉન્ડ ફ્લોરની બાકી રહેતી જમીન ચો.મી.આ.૧૬-૦૧ ઉપર આવેલ મકાન તથા તે મકાન તથા દુકાનવાળી સંપૂર્ણ મિલ્કતના ફર્સ્ટ ફ્લોર ઉપર આવેલ મકાન જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.૨૫-૪૯ તથા તેના આકાશથી પાતાળ સુધીના તમામ હકકો સહીતની મિલ્કત અમારા પિતાશ્રીની માલીકીની આવેલ. (જેના ટી.પી. સ્કીમ નં.૫, એફ.પી. નં.૧૫૨, સીટી સર્વે વોર્ડ નં. ૮/૨).

ઉપરોકત દર્શાવેલ મિલ્કતનું હેરશીપ સર્ટી./વારસા સર્ટી. મેળવવા અરજદારે તેમના **વકીલ શ્રી હેમાંશુ પી. શીશાંગીયા** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જો કોઈ વ્યકિતને વાંધો કે તકરાર હોય તેમને મુદત તા.૨/૭/૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૧૬/૫/૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (પી.એન.જાડેજા) આસી. | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

## જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૧૯૬/૨૦૨૫

શ્રી રસીકભાઇ રામજીભાઇ સુવાગીયા
રહે. સી.૭૦૧, આદિત્ય પેલેસ, ઉત્રાણ કાપોદ્રા બ્રિજ, ઉત્રાણ, સુરત જિ. સુરત ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, આંબરડી તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રી રેખાબેન રસીકભાઇ સુવાગીયાનો જન્મ તા. ૦૧-૦૬-૧૯૮૯ના રોજ જસદણ તાલુકાના આંબરડી ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

---

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૪માં એડી. સીનીયર સીવીલ જજ **શ્રી એમ. એ. પીપરાણીસાહેબ**ની કોર્ટમાં **દિ.પ.અ.નં.૧૧૯૯/૨૦૨૫** થી અરજદાર **શ્રી વિલાસબેન રાજેશભાઈ શીશાંગીયા**એ ગુજરનાર **હંસાબેન ભીખુભાઈ શીશાંગીયા**ના નામે આવેલ સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરના **રેવન્યુ સર્વે નં.૨૯૯, ૩૦૨ તથા ૩૦૩** પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૮-૨ પૈકીની જમીન ચો.વા.આ.૮૩- [illegible]

... ૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ જાતે અગર વકીલશ્રી મારફતે હાજર રહેવું. ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૧૫/૦૫/૨૫ના રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (વી.એમ.પાલીયા) સીની. કલાર્ક | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર, પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પાંચમા એડી. સીનીયર સીવીલ જજ **ડી.આર.જુવાલા સાહેબની કોર્ટમાં** દિ.પ.અ.નં. ૩૭૭/૨૦૨૫ના કામના અરજદાર [illegible]

... સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેશો.

આજ તા. ૧૬/૦૫/૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

[illegible]

... મુદત તા.૨૦/૬/૨૦૨૫ ના રોજ સવાર ૧૦.૩૦ વાગે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેનો સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા. ૧૬-૫-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (આર.વાય.ભટ્ટી) | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

[illegible]

... સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (એન.ડી. મારૂ) સીની. કલાર્ક | કોર્ટનો સિકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, રાજકોટ.

## સીવીલ કોર્ટ નોટીસ

[illegible]

... નોંધ લેવી.

આજ તા. ૧૬-૦૫-૨૦૨૫ના રોજ મારી સહી કોર્ટ સિકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (હરકિશન એમ. રામાણી) આસીસ્ટન્ટ | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

[illegible]

... મુદત તા. ૨૭/૦૬/૨૦૨૫ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહી તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૬મી માહે મે સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એ.એલ.જોગડા) આસીસ્ટન્ટ | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, રાજકોટ

## જાહેર નોટીસ

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ માધાપર ના જુના ગામતળની જમીન ચો.મી.૧૨૧-૨૩ ઉપરના ઉભા ઈમલા સહીતના મકાન વાળી મિલ્કત **શ્રી નારણભાઈ મોહનભાઈ ખાત્રાણી** ની સ્વતંત્ર માલીકી હકક તથા કબજા-ભોગવટાની આવેલ છે. જે તેઓએ રજી. વેચાણ દસ્તાવેજ **અનું. નં. ૭૫૧૨, તા.૧૪/૦૭/૨૦૦૮** ના રોજથી **શ્રી મોહનભાઈ માવજીભાઈ ખાત્રાણી પાસેથી ખરીદ કરેલ અને આ મકાન**નો સ્વતંત્ર માલીકી હકક તથા કબજા-ભોગવટો ધરાવે છે.

ઉપરોકત મકાન કત **શ્રી નારણભાઈ મોહનભાઈ ખાત્રાણી** પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.સદરહુ મકાન અંગે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ,દરદાવો, ગીરો, બોજો, અગ્ર હકક, ચાર્જ કે વારસાઈ હકક કોઈપણ પ્રકારનું લેણું કે લેણાં અંગેની તકરાર અથવા બીજા કોઈપણ પ્રકારનાં હકક કે વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ - ૭ (સાત)** માં નીચે જણાવેલ સરનામા ઉપર લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઈના વાંધા તકરાર નહીં આવે તો તમામ જતાં **(WAIVE)** કર્યા છે, તેમ માની અમારા અસીલ સદરહુ મિલ્કત ખરીદ કરવાં માટે ચોખ્ખો અવેજ ચુકવી જરૂરી વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરશે, અને ત્યાર બાદ ઉઠાવવામાં આવેલ કોઈપણ પ્રકારના વાંધા-તકરાર શુધ્ધ બુધ્ધિનાં ખરીદનાર તરીકે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા. ૧૭/૦૩/૨૦૨૫ — અમારી સુચનાથી શ્રી નારણભાઈ મોહનભાઈ ખાત્રાણી

**વિજય ચંદ્રકાંત વ્યાસ, એડવોકેટ**
તે ખરીદનારની સુચનાથી

**વિજય ચંદ્રકાંત વ્યાસ-એડવોકેટ,**
૩૦૨/૩૦૩, ટ્રેડ સેન્ટર, સરદારનગર મેઈન રોડ, રાજકોટ ફોન નં.૦૨૮૧-૨૪૬૭૨૧૩

## જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટ શહેરમાં ભાવનગર રોડ વિસ્તારમાં આવેલ **સીટી સર્વે વોર્ડ નં.૧૩ ના સીટી સર્વે નં.૨૯૩** મા આવેલ **જમીન ચો.મી. આ.૪૬-૪૩ (ચો.વા. આ. ૫૫-૫૩)** ઉપરના જુના બાંધકામ વાળું હાલ જે સ્થિતિ માં છે તે સ્થિતિમાં ઉભા ઈમલા સહિતના રહેણાંક મકાન છે.સદરહું મકાન **શ્રી જુબેદાબેન ઈકબાલશાહ શાહમદારએ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૧૬૨૫,તા. ૦૪/૦૨/૨૦૦૮** ના રોજ જોગ **શ્રી ચનાભાઈ બાવાભાઈ પટેલ** વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું મિલ્કત શ્રી જુબેદાબેન ઈકબાલશાહ શાહમદારની માલીકીની કબ્જા ભોગવટાની આવેલ છે. સદરહું મિલ્કત પર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો કે અન્ય કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ, કરજ, દેણુ નથી. આ સદરહું મિલ્કતો મારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, દરદાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, ટાઈટલ, અગ્રહકક કે કબજા બાબતે વાંધો તકરાર હોય તો **દિવસ-૭** માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે હકક હીસ્સો નથી અથવા જતો (Waive) કરેલ છે તેમ માની મારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી સરદહુ મિલ્કત ખરીદ કરશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ
તા. ૧૭/૦૫/૨૦૨૫

અમારી સુચના મુજબ શ્રી જુબેદાબેન ઈકબાલશાહ શાહમદાર

**સંદિપ એમ. ખેમાણી એડવોકેટ**
સરનામું : ૯૧૪, સ્ટાર પ્લાઝા, ફૂલછાબ ચોક, રાજકોટ-૩૬૦૦૦૧ મો. ૯૮૨૪૭ ૫૬૪૮૬

---

**કોટડા સાંગાણી તાલુકાના ગામ રાજગઢ ના રે.સ.નં. ૧૬૪ તથા ૧૬૫ ખેડવાણ જમીન અંગે.**

## જાહેર નોટીસ

કોટડા સાંગાણી તાલુકાના ગામ રાજગઢ ના રે.સ.નં.૧૬૪ ની જુની શરતની **'કસવાળ'** તરીકે ઓળખાતી ખેડવાણ જમીન **હે. આરે.ચો.મી. ૦-૪૬-૯૯ તથા રે.સ.નં.૧૬૫** ની જુની શરતની **"કસવાળુ"** તરીકે ઓળખાતી ખેડવાણ જમીન **હે. આરે.ચો.મી. ૦-૪૬-૮૫** જે ગામ નમુના નં. ૮-અ ના **ખાતા નં. ૬૯૦** થી શ્રી રજપુત અમરસંગ કરશન ની સ્વતંત્ર માલીકી, કબ્જા, ભોગવટાની આવેલ છે.ઉપરોકત જમીન તેઓ પાસેથી અમારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

ઉપરોકત વિગત વાળી ખેડવાણ જમીનના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે કોઈપણ વ્યકિત, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા વગેરે જેઓ ના સદર જમીન સામે કે ઉપર કોઈ પણ પ્રકારે હકક, હીત, હિસ્સો, દાવો, લાગભાગ, વારસાઈ હકક કે ભરણ પોષણ, ઈઝમેન્ટરી હકક, ભાડુતી હકક, સાટાખતના હકક, કબજા / સમજુતી કરાર, મુખત્યારનામા, વિકાસના હકક, લીસ પેન્ડન્સ, લીયન, એટેચમેન્ટ, લોન, કરજ, ગીરો, બોજો, જામીનગીરી વિગેરે હોય કે આ ખેડવાણ જમીનની ચતુરસીમા, હદ મર્યાદા, હલાણ રસ્તો, ગાડા મારગ, માલીકી હકક સબંધે કોઈ કશો વાંધો તકરાર હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮ (આઠમા)** તેના દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ સાથે લેખીતમાં નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો કે તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી ઉપરોકત મિલકતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક દાવા અમારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**સ્થળ : રાજકોટ.** તારીખ : ૧૭/૦૫/૨૦૨૫. (અમારા અસીલની સુચના મુજબ)

**અનિકેત યુ. વોરા એડવોકેટ** મો. ૭૦૪૬૪ ૪૦૩૮૧
**જયદિપ એસ. વાસાણી એડવોકેટ** મો. ૮૯૮૦૨ ૬૪૫૬૫
ઓફિસ નં.૧૧, ફર્સ્ટ ફલોર, વિરાજ પ્રાઈમ, રોલેક્ષ રોડ,વિરાણી રેસી.સામે, સરદાર ચોક નજીક, કોઠારીયા ગામ, રાજકોટ.

---

**જામનગર જીલ્લાનાં કાલાવડ તાલુકાના મોજે નાની ભલસાણ ગામની ખેતીની જમીન અંગે**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોજે નાની ભલસાણ ગામના ખાતા નં.૭૧૪, રેવન્યુ સરવે નંબર ૩૭૩ (જેના જુના રે.સ.નં.૧૨૦/પૈકી૧/પૈકી ૨) (જુ.શ.) જરાયત હે.૧-૨૯-૫૦ ખેતર નામે 'રૂપાથરની ખેતીની જમીન પ્રવિણભાઈ રવજીભાઈ દોંગા વિગેરે રે: રાજકોટ વાળાની સંયુકત માલિકી અને કબ્જા ભોગવટાની આવેલ છે.તથા નાની ભલસાણ ગામના ખાતા નં.૭૦૧, રેવન્યુ સરવે નંબર ૩૭૨ (જેના જુના રે.સ.નં.૧૨૦/પૈકી ૧/પૈકી ૧) (જુ.શ)કુલ જરાયત હે.૧-૯૯-૩૧ ખેતર નામે 'રૂપાથરની ખેતીની જમીન પ્રવિણભાઈ રવજીભાઈ દોંગા રે.: રાજકોટ વાળાની સ્વતંત્ર માલિકી અને કબ્જા ભોગવટાની આવેલ છે.સદરહુ બન્ને ખેતીની જમીન મારા અસીલ મહાવીરસિંહ ઘનશ્યામસિંહ જાડેજા રે.શીશાંગ, તા:કાલાવડ, જી: જામનગર ખરીદવા માંગે છે.તો કોઈપણને સદરહું ખેતીની જમીન અંગે હકક, હિત,દર-દાવો,બોજો-લીયન, હિત સબંધ કે ઈઝમેન્ટના હકકો હોય તો નોટીસ પ્રસિધ્ધથી દિવસ-૦૮ (આઠ)માં અમારી ઓફીસે લેખિતમાં વાંધા આપવા મુદત વિત્યે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધા, તકરાર નથી અથવા હોય તો જતો યાને (WAIVE) કરેલ છે.તેમ માની અમારા અસીલ વેંચાણનો પુરો અવેજ ચુકવી વ્યવહાર પૂર્ણ કરી વેચાણ ત્યારબાદ કોઈના હકક-દાવા અમારા શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિં જેની આથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મું.કાલાવડ તા.૧૬/૦૫/૨૦૨૫
ઓફીસ સરનામું:

**વિશાલ આર.માધાણી એડવોકેટ**
તે અમોના અસીલની સુચનાથી

**કૌશિક એન. હીરપરા**
કનૈયા કોમ્પ્લેકસ, પ્રથમ ફલોર, બસ સ્ટેન્ડ પાસે, કાલાવડ (શીતલા). જીઃ જામનગર
મો.નં.૮૭૫૮૮ ૪૮૧૧૧, ૯૯૨૪૧ ૧૨૮૦૬

---

**Rajkot Municipal Corporation**
**e-Tender Notice**

Rajkot Municipal Corporation, Engineering Department, Shri Ambedkar Bhavan, Dhebarbhai Road, Rajkot - 360001 invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

| Sr | Name of work |
|---|---|
| 1 | PROVIDING, LAYING AND TESTING PIPELINE FOR STORM WATER B/H AVPTI COLLEGE TO ASTRON NALA IN WARD NO-07 (RETENDER) (ECV Rs. 12,47,194/-) |

The last date for downloading and submission of online e-Tenders at www.tender.nprocure.com is 02/06/2025. For more details please visit http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx.

(Sd/-) Addl. City Engineer

---

## જાહેર નોટીસ

આથી સમક્ષ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના કલાવડી જુની ગામના ખાતા નં. ૪૦૧ ના સર્વે નં. ૧૯૨ પૈકી ૧/પૈકી ૨ ની જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે. ૧-૦૭-૨૪ જેના ચો.મી. ૧૦૭૨૪ ની આવેલ છે. જે ખેતર નામે 'વડીયુ' તરીકે ઓળખાય છે. તે ખેડવાણ જમીન કાનજીભાઈ લખમણભાઈ ખોળા ની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત ખેડવાણ જમીન મારા અસીલ સદરહું જમીનના માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે. સદરહું જમીનની માલીકી, કબજા-ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, વારસાઈ, બક્ષીસ, ગીરો, દરદાવો, ભરણ પોષણનો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી, જો આ સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહું જમીન સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહું ખેડવાણ જમીન ખરીદ કરવામાં આવશે અને સદરહું ખેડવાણ જમીનનો પાકકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ જો કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

વાંકાનેર.
તા.૧૫-૦૫-૨૦૨૫
અસીલની સુચનાથી

**સુનીલ એમ. મહેતા**
એડવોકેટ એન્ડ નોટરી
માર્કેટ ચોક, વાંકાનેર, મો. ૯૬૩૮૨ ૨૬૮૮૨

## જાહેર નોટીસ

આથી સમક્ષ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના વસુંધરા ગામના ખાતા નં. ૧૦૮ ના સર્વે નં. ૮૯ પૈકી ૭ ની જુની શરતની (બીનખેતી પ્રીમીયમને પાત્ર) જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે. ૨-૦૨-૩૪ જેના ચો.મી. ૨૦૨૩૪ ની આવેલ છે. જે ખેતર નામે 'માળ' તરીકે ઓળખાય છે. તે ખેડવાણ જમીન રમાબેન અરજણભાઈ ઝાપડા ની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત ખેડવાણ જમીન મારા અસીલ સદરહું જમીનના માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે. સદરહું જમીનની માલીકી, કબજા-ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, વારસાઈ, બક્ષીસ, ગીરો, દરદાવો, ભરણ પોષણનો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી, જો આ સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહું જમીન સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહું ખેડવાણ જમીન ખરીદ કરવામાં આવશે અને સદરહું ખેડવાણ જમીનનો પાકકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ જો કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

વાંકાનેર.
તા.૧૫-૦૫-૨૦૨૫
અસીલની સુચનાથી

**સુનીલ એમ. મહેતા**
એડવોકેટ એન્ડ નોટરી
માર્કેટ ચોક, વાંકાનેર, મો. ૯૬૩૮૨ ૨૬૮૮૨

---

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૪માં એડી. સીનીયર સીવીલ જજ **શ્રી એમ. એમ. શેખ સાહેબની** કોર્ટમાં [illegible]

... આજ તા. ૧૫/૦૫/૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (વી.એમ.પાલીયા) સીની. કલાર્ક | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર, પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૧માં એડી. સીની. સિવિલ જજ **શ્રી જે.જે.સંઘવી સાહેબની** કોર્ટમાં [illegible]

... આજ તા. ૧૬-૫-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (આર.વાય.ભટ્ટી) | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે નીચેની પરિશિષ્ટ-૧ મુજબની મિલ્કત મારા અસીલ ચૂકતે અવેજ આપી શશીકાન્તભાઈ લાલજીભાઈ ટાંક વિગેરે પાસેથી ખરીદ કરવા માંગે છે. ઉપરોક્ત વિગતેની મિલ્કતની માલિકી હકક બાબતે કે ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, લેણું, કરજ, બોજો કે ભરણપોષણ કે કોઈપણ જાતનો અધિકાર કે વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહુ મુદત દરમ્યાન કોઈપણનાં વાંધા, તકરાર નહી આવે તો કોઈપણને કોઈપણ પ્રકારનાં વાંધા કે તકરાર નથી અને હોય તો સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ સદરહુ મિલ્કતનો ચુકતે અવેજ ચુકવીને ધારાસર વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યક્તિના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં.

**પરિશિષ્ટ-૧**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ આણંદપર (નવાગામ)માં મકાન બાંધવા માટે લેખ નં.૬૭-૧૯૭૪, તા.૧૪/૧૦/૧૯૧૮થી ફાળવેલ જુના ગામતળમાં આવેલ પ્લોટની જમીન ચો.વા.આ.૧૨૫-૦૦ બરાબર ચો.મી.આ. ૧૦૪-૫૨.

સ્થળ:- રાજકોટ, તા.૧૭/૦૫/૨૦૨૫

**વિજય તોગડીયા એન્ડ કલ્પેશ પટેલ એડવોકેટ એન્ડ નોટરી**
(૧-સરદારનગર સોસા. ચોક, ઓમનગર સર્કલ પાસે, ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ. મો.નં.૯૦૩૩૩ ૨૩૨૧૦)

---

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
**રાજકોટ**

રિ-ટેન્ડર નોટીસ (ત્રીજો પ્રયત્ન) જાહેરાત ક્ર.-૦૫/૨૦૨૫-૨૬

રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Construction Work of Parking Shed in Various Places at Saurashtra University Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૨૨,૭૦,૮૪૩.૦૯ | |
| કામની સમયમર્યાદા | 03 મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૨૨,૭૦૮/- | |
| ટેન્ડર ફી | રૂ.૧,૦૬૨/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ | ૧૬:૦૦ |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ | ૧૮:૦૦ |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧૧/૦૬/૨૦૨૫ | ૧૮:૦૦ |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોકત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોકત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી/રાજ/૨૬૧-૨૫-૨૬ — કુલસચિવ

---

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, કાલાવડ**
**તાલુકા સેવા સદન, કાલાવડ-ધોરાજી રોડ-કાલાવડ.**
email:- mam-kalavad@gujarat.gov.in

પ.અરજી નં.૬૪/etapal no144288/૦૫/૨૦૨૫ — તા.૧૩/૦૫/૨૦૨૫

શ્રી રમાબેન બચુભાઈ મોવલીયા વા.ઓ. મગનભાઈ ચોવટિયા (રજી.એડી)
રહે.દોમડા ભાયુના તા.પડધરી, જી.રાજકોટ ...અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી.)
જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, જુવાનપર તા.કાલાવડ, જી.જામનગર ...સામાવાળા

**::-નોટીસ::-**

આથી જાહેર જનતા, આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ, ઈત્યાદી શૈક્ષણિક તેમજ સામાજીક સંસ્થા સહિત તમામને આ નોટીસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી પરચુરણ અરજી નં.૬૪ જન્મ/મરણ નોંધણીની કલમ-૧૩(૩) લાવી અરજદાર શ્રી રમાબેન બચુભાઈ મોવલીયા વા.ઓ. મગનભાઈ ચોવટિયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૩ના રોજ જુવાનપર ગામ, તા.કાલાવડ, જી.જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને જન્મનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સંબંધીત કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર રહેલ હોય, તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યક્તિએ જાતે અથવા તેમના પ્રતિનિધિ, મુખત્યાર કે વકિલ મારફતે સદરહુ નકકી કરેલ મુદત તારીખ:- ૨૪/૦૬/૨૦૨૫ના રોજ બપોરે ૧૧.૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું. મુદત હરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવે છે.

એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, કાલાવડ

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૯ માં એડીશનલ સીવીલ જજ શ્રી આર.એફ.ત્રિવેદી સાહેબની કોર્ટમાં **દિ. પ. અ.નં.૧૧૬૭/૨૦૨૫** ના કામમાં ગુજરનાર મણીબેન પરસોતમભાઈ જોષી તથા ગુજરનાર પ્રેમશંકરભાઈ પરસોતમભાઈ જોષી ના વારસદારો દરજ્જે અરજદારો (૧) ચંદ્રકાંતભાઈ [illegible]

... આજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (સહી: અવાચ્ય) આસીસ્ટન્ટ | કોર્ટનો સિકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, રાજકોટ.

---

## ધારી નગરપાલીકા-ધારી. જિ. અમરેલી.

**:: જાહેરાત ::** જા.નં./૫૮/૨૦૨૫-૨૬

સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન, ગુજરાતના કાર્યાલય આદેશ ક્રમાંક - SBM/efile/302/2023/0252/Admin/92 અંતર્ગત નગરપાલિકામાં ૧૧ માસના કરાર આધારીત-નિમણૂંક સીટી મેનેજર - SWM-1 અને સીટી મેનેજર - IT-1 ની નીચેની વિગતે લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ માંગવામાં આવે છે.

| ક્રમ | હોદ્દાનું નામ | લાયકાત | અનુભવ | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | સીટી મેનેજર-IT-1 | B.E./B.Tech-IT, M.E./M.Tech-IT/B.C.A./B.Sc.IT | ૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદ) | રૂા.૩૦,૦૦૦/- (માસિક) |
| ૨ | સીટી મેનેજર-SWM-1 | B.E./B.Tech-Environment B.E./B.Tech-Civil, M.E./M.Tech Environment, M.E./M.Tech-Civil | ૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદ) | રૂા.૩૦,૦૦૦/- (માસિક) |

**શરતો :-** (૧) કર્મચારીની ભરતી ૧૧ માસના તદન હંગામી ધોરણે નિમંણુક કરવામાં આવશે. (૨) કર્મચારીના પગાર વેતન માટેનું ફંડ – નગરપાલિકાએ સ્વચ્છ ભારત મિશનની કેપેસીટી બિલ્ડીગની ગ્રાન્ટમાંથી કરવાપાત્ર હોય, ગ્રાન્ટ ઉપલબ્ધ થયે પગાર ચુકવણા કરવાપાત્ર થાય તેમ હોય આ બાબતે કોઈ વિવાદ કરવાપાંત્ર રહેશે નહિ. (૩) કર્મચારીના પગાર સિવાય તમામ આનુષંગીક ખર્ચ નગરપાલિકાએ કરવાપાત્ર રહેશે. (૪) કરારના ધોરણે ફરજ બજાવતા કર્મચારી એક માસની નોટીસ આપી અથવા એક માસના ફિક્સ વેતનની રકમ કચેરીને જમા કરાવી કરારનો અંત લાવી શકાશે. (૫) સ્વચ્છ ભારત મિશન તથા મિશનના ઘટકોની માર્ગદર્શિકાઓ અને માત્ર મિશનના કાર્યક્ષેત્રમા આવતી તમામ પ્રકારની કામગીરીને પ્રથમ અગ્રતા આપી બાદમા કચેરીની અન્ય કામગીરી ચીફ ઓફિસરશ્રીની સુચના મુજબ કરવાની રહેશે. (૬) કરારના સમય દરમ્યાન બજાવેલ સેવા / નોકરી અન્વયે પેન્શન / ફેમીલી પેન્શન, બોનસ, એલ.ટી.સી. રજાનુ રોકડમાં રૂપાંતર કોઈપણ પ્રકારની પેશગી, પ્રવર્તા કે તેવા અન્ય કોઇ નાણાકીય કે વહીવટી લાભો મળવાપાત્ર રહેશે નહિ. (૭) સરકારશ્રી દ્વારા નિયત કરેલ વેરા / ટેક્ષ નિયમોનુસાર કર્મચારીને મળતા ફિક્સ વેતનમાંથી કપાતકરવામા આવશે. (૮) કરાર આધારિત / આઉટસોર્સ કર્મચારીશ્રીને સરકારશ્રીના પ્રવતમાન નિયમો મુજબ નિયત કરેલા લાભો મળવાપાત્ર રહેશે. (૯) નિમણુંક પામેલા કર્મચારીએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનુ રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મથક છોડી શકાશે નહી. (૧૦) નિયત માસિક વેતન પર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર રહેશે નહિ. કરાર આધારિત અને આઉટસોર્સ કર્મચારીશ્રીને સરકારશ્રીએ નક્કી કરેલ નિયમો જ લાગુ પડશે. (૧૧) તબીબી સારવારનો ખર્ચ મજરે મળવાપાત્ર થશે નહિ અને ઉપરી કચેરીના અધિકારીશ્રી / કર્મચારીશ્રી દ્વારા સુચના મુજબ જો રજાના દિવસે હાજર રહેવા જણાવેલ હોય તો ફરજીયાત નિયમોનું પાલન કરવાનુ રહેશે અન્યથા ઉપરી કચેરી દ્વારા પગલા લેવામાં આવશે. (૧૨) બોલીઓ અને શરતો કર્મચારીએ સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્રક કરારનામુ નોટરી દ્વારા રૂ.૧૦૦/- (અંકે રૂ. સો પુરા) ના સ્ટેમ્પ પેપર પર કરીને રજુ કરવાનું રહેશે. ઉપરોકત શરતો પુર્ણ કરતા ઉમેદવારોએ પોતાની અરજી તથા શૈક્ષણિક લાયકાત તથા અનુભવ તથા વય અંગેના તમામ આધાર પુરાવાની ખરી નકલ સાથે આ જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી દિવસ-૩૦ (ત્રીસ) ની મુદતમાં ચીફઓફીસરશ્રી ધારી નગરપાલીકા કચેરી ધારી, મુ.ધારી, ૩૬૫૬૪૦ના સરનામે રજી.એડી.પોસ્ટ અથવા સ્પીડપોસ્ટથી પહોંચતી કરવાની રહેશે મુદત હરોળબાદ રજુ થયેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(વી. એસ. ચાવડા)
ચીફ ઓફિસર
નગરપાલિકા – ધારી

નામાનિ/અમર/૮૩/૨૦૨૫

---

**સાંજ સમાચાર**
ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં
ગુરૂવાર-શનિવારનાંઅંકમાં પ્રસિધ્ધ
[illegible]

# મહિલાઓ, વૃદ્ધાઓને ટાર્ગેટ કરી ચીલ ઝડપી કરતા સગીર સહિત ૩ પકડાયા : ૪ ગુનાનો ભેદ ઉકેલાયો

**ભગવતીપરાનો મુખ્ય આરોપી સદામ ઉર્ફે મચ્છો કુરેશી, પાંજરાપોળ પાસે રહેતા આરોપી વિક્રમ માનસુરીયા અને ૧૫ વર્ષીય સગીરને વાપરવાના રૂપિયા આપી ગુનામાં સામેલ કરતો**

**સોરઠીયાવાડી સર્કલ નાગરિક બેંક પાસે, નવાગામ આણંદપર, ગાંધીગ્રામ અને માલવીયાનગર પોલીસ વિસ્તારમાં ગુનાને અંજામ આપેલો**





(તસ્વીર : પંકજ શીશાંગીયા)





રાજકોટ, તા.૧૭

રાજકોટમાં મહિલાઓ, વૃદ્ધાઓને ટાર્ગેટ કરી ચીલ ઝડપી કરતા સગીર સહિત ૩ આરોપી પકડાયા હતા. જેમાં ૪ ગુનાનો ભેદ ઉકેલાયો છે. ભગવતીપરાનો મુખ્ય આરોપી સદામ ઉર્ફે મચ્છો યાસીન કુરેશી (ઉ.વ.૨૬ ધંધો રીક્ષા ડ્રાઇવીંગ રહે. ભગવતીપરા મેઇન રોડ જયપ્રકાશનગર સૈફી પાર્ક પેટ્રોલપંપની સામે રાજકોટ), આરોપી વિક્રમ લાલજી માનસુરીયા (ઉ.વ.પર ધંધો મજુરીકામ રહે. પાંજરાપોળ શ્રીરાધેશ્યામ ડેરી ફાર્મ ડેરીની સામેની શેરી રાજકોટ) અને કાયદાના સંઘર્ષમાં આવેલ ૧૫ વર્ષીય કિશોરને વાપરવાના રૂપિયા આપી ગુનામાં સામેલ કરતો.

સોરઠીયાવાડી સર્કલ નાગરિક બેંક પાસે, નવાગામ આણંદપર, ગાંધીગ્રામ અને માલવીયાનગર પોલીસ વિસ્તારમાં નોંધાલે ગુના અંગે પત્રકાર પરિષદ સંબોધતા એસીપી રાધિકા ભારાઈએ જણાવ્યું કે, શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા અઢી મહિનામાં થયેલ ચીલઝડપના કુલ-૪ ગુન્હાઓનો ભેદ ઉકેલી બે ઇસમોને કુલ રૂ.૪,૬૧,૦૦૦ ના મુદામાલ સાથે એલ.સી.બી. ઝોન-૨ની ટીમે ઝડપી લીધેલ છે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ જગદીશ બાંગરવાએ આ ગુન્હાઓનો ભેદ ઉકેલી મુદામાલ કબ્જે કરવા સુચના કરેલ હતી. જેથી ગઇ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે બજરંગવાડી શીતલપાર્ક ટોઇંગ સ્ટેશનની પાછળ ભોમેશ્વર સોસાયટી ખાતે એકટીવા લઇને જતા ફરીયાદીબેનના ગળામાં ડબલ સવારી બાઈકમાં આવેલ બે ઇસમોએ ફરીયાદીના ગળામાં જોટ મારતા સોનાના ચેઈનના કટકાની ચીલઝડપ કરેલી ગઇ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ સવારના પોણા નવેક વાગ્યાના અરસામાં કાલાવાડ રોડ મહિલા અન્ડરબ્રીજની ઉપર લોહાણા સમાજ વાડી અને ભવાની ગોલા પાસે એકટીવામાં પાછળ બેસેલ ફરીયાદીબેનના ગળામાં જોટ મારી એક અજાણ્યા બાઈક ચાલકે સોનાના ચેઈનની ચીલઝડપ કરેલ. આ તરફ ઇ.પો.સબ ઇન્સ. જે.વી. ગોહિલ તથા એલ.સી.બી. ઝોન-૨ કર્મચારીઓ બનાવ સ્થળ વિસ્તારના સી.સી.ટી.વી. ફુટેજ તથા કમાન્ડ એન્ડ કન્ટ્રોલના કેમેરાના ફુટેજ તથા ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સના માધ્યમથી ચીલઝડપના બન્ને ગુન્હાઓ ડીટેકટ કરવા માટે પ્રયત્નશીલ હોય આ દરમ્યાન સંયુકત ખાનગીરાહે હકિકત મળેલ કે, શીતલપાર્ક મેઇન રોડ એરપોર્ટ દિવાલ પાસે બે ઇસમો નંબર પ્લેટ વગરના બાઈક સાથે ઉભેલ હોય તેની પાસે ચોરીના દાગીનાઓ છે અને વેચવાની પેરવી કરી રહ્યા છે. જેથી મળેલ હકિકત આધારે આરોપીઓને મુદામાલ સાથે ઝડપી પાડી છેલ્લા અઢી મહિનામાં થયેલ ચીલઝડપના કુલ-૪ ગુન્હાઓનો ભેદ ઉકેલી ડીટેક્ટ કરેલ. આ કામગીરી એલસીબી ઝોન ૨ની ટીમ દ્વારા કરવામાં આવેલી હતી.

# હર્ષદ મહાજન સામે સાસુએ ફરિયાદ નોંધાવી દીકરીને અગાઉનો કેસ પાછો ખેંચી લેવા ધમકી

## ફોન પર હર્ષદ, માનવ અને માનવની માતાએ અપશબ્દો કહ્યાનો આરોપ

રાજકોટ, તા.૧૭

હર્ષદ મહાજન સામે સાસુએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના દીકરીને અગાઉનો કેસ પાછો ખેંચી લેવા હર્ષદ સહિતનાએ ધમકી આપી હતી અને ફોન પર હર્ષદ, માનવ અને માનવની માતાએ અપશબ્દો કહ્યાનો આરોપ છે.

સરોજબેન મનહરલાલ કોટક (ઉ.વ.૬૭, રહે. ૧૫૦ ફુટ રીંગ રોડ અયોધ્યા ચોક ગોકુલ મથુરાની પાછળ અલકનંદા એપાર્ટમેંટ)એ પોતાના જમાઈ હર્ષદ, માનવ અને માનવની માતા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, મારા ઘરમાં હું મારી દીકરી હીરલ, ભાણેજ જેનીશભાઈ, મારી દીકરી મેઘા છેલ્લા પંદર દીવસથી મારી સાથે રહે છે. ગઈકાલે રાત્રીના આશરે પોણા અગીયારેક વાગ્યાના અરસમા હુ તથા મારી દીકરી મેઘા, હીરલબેન અમે ત્રણેય અયોધ્યાચૌક ગોકુલ મથુરા પાસે આવેલ ભારત ટાયરના પાર્કીંગમા બેસેલા હતા. ત્યારે મારી દીકરી મેઘાના ફોનમાં તેના પતિ હર્ષદનો ફોન આવેલ. મારી દીકરી તથા જમાઈ હર્ષદ વચ્ચે ફેમીલી મેટર ચાલતી હોય, જેથી મારી દીકરી મારા ઘરે છેલ્લા પંદરેક દીવસથી રોકાયેલ છે, જેથી મેઘાએ ફોનમાં વાતચીત કરીને મને જણાવેલ કે, હર્ષદનો ફોન હતો. તે કહેતો હતો કે, તમે મારા વિરુદ્ધ ફરીયાદ કરેલ હોય, જે ફરીયાદ પાછી ખેંચી લેજો. બોલાચાલી ઝગડો કરવા લાગેલો. ફરીયાદ પાછી નહીં ખેંચો તો તારા ઘરના સભ્યોને પણ હું જાનથી મારી નાખીશ. વધુમાં સરોજબેને કહ્યું કે, દીકરી મેઘા સાથે તેના દીકરા જેનીશનો સાળો માનવ તથા માનવની માતા જેનુ નામ અમોને આવડતુ નથી તેને પણ ફોનમા વાતચીત કરેલી અને મેઘાને ગાળો આપેલી હતી, બાદમા તેને ફોન કાપી નાખેલ હતો, પછી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા માટે આવેલ હતા.

# નવાગામ-આણંદપરમાંથી ૨.૫૩ લાખના દારૂ-બીયર સાથે એક ઝબ્બે

## દારૂ છુપાવવા મકાનનાં વંડામાં ચોરખાનુ બનાવ્યુ હતુંઃ સપ્લાયરનું નામ ખુલ્યુ

રાજકોટ તા.૧૭

રાજકોટ શહેર પોલીસ દ્વારા નવાગામ આણંદપરમાં દરોડો પાડીને મકાનના વંડા તથા કારમાં છુપાવેલો અઢી લાખથી વધુની કિંમતનો દારૂ બીયરનો જથ્થો કબ્જે કર્યો હતો અને એક શખ્સની ધરપકડ કરી હતી. દારૂના સપ્લાયનું પણ નામ ખુલતા તેની ધરપકડ કરવાનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. રાજકોટ શહેર પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે નવાગામ આણંદપરમાં દેવનગર ઢોરાના મફતીયાપરામાં દારૂ છુપાવાયો હોવાની બાતમી મળી હતી. મકાનમાંથી કાંઈ મળ્યુ ન હતું ત્યારે બાજુના વંડામાં તપાસ કરતા ચોરખાનું હોવાનું માલુમ પડયુ હતું. તેમાંથી દારૂની ૨૦૪ બોટલ તથા બિયરના ૧૩૫ ટીન મળી આવ્યા હતા તેની કિંમત ૨.૫૩ લાખ થવા જાય છે. આ સિવાય એક લાખની કિંમતની કાર પણ કબ્જે કરવામાં આવી હતી. પોલીસે દારૂના જથ્થા સાથે સુરેશ દોલુભાઈ થીકમાં ઉ.વ.૩૮ ની ધરપકડ કરી હતી. પોલીસ પુછપરછમાં દારૂ-બીયરનો જથ્થો ચોટીલાના નાની મોલડી ગામનાં રાજદીપ ઉર્ફે લાલો કાઠી પાસેથી ખરીદ કર્યો હોવાનું કબુલતા તેની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરાયા છે.પોલીસે કુલ ૩,૫૮,૮૦૦ ની કિંમતનો મુદામાલ કબ્જે કરાયો હતો.

# સહકાર રોડ પર રઘુવંશી ફરસાણના રાજુભાઈ જોબનપુત્રા અને તેના પત્ની પર પિતા-પુત્રનો હુમલો

**દુકાન સામે રહેતો જ પોતાના પાલતુ શ્વાનને પોટી અને પેશાબ કરાવવા માટે ફરસાણની દુકાનો પાસે લઈ જતો હોય તેને દૂર લઈ જવાનું કહેતા માથાકૂટ થઈ હતી**

**પુત્ર ખુલ્લી તલવાર લઈને ઘરની બહાર આવ્યો, જ્યારે પિતાએ રાજુભાઈ અને તેના પત્ની રૂપલબેનને ઢીંકાપાટુનો માર માર્યો : ભક્તિનગર પોલીસે ફરિયાદ લેવા તજવીજ કરી**

રાજકોટ, તા.૧૭

અમદાવાદમાં પાલતુ શ્વાને ૪ વર્ષની બાળકીને ફાડી ખાધી હતી. જે પછી, શ્વાન પાડતા લોકો માટે અમદાવાદમાં કડક ગાઈડ લાઈન આવી. જોકે રાજકોટમાં મનપા પાલતુ શ્વાનના જોખમને લઈ ગંભીર છે કે નહીં? તે મોટો પ્રશ્ન છે. ત્યારે સહકાર મેઈન રોડ પર રઘુવંશી ફરસાણ ક્ષફળય દુકાન ધરાવી વેપાર કરતા રાજુભાઈ જોબનપુત્રા અને તેના પત્ની પારૂલબેન જોબનપુત્રા (રહે. સ્વામિનારાયણ ચોક) પર પિતા-પુત્રએ હુમલો કર્યો હતો.

પુત્ર ખુલ્લી તલવાર લઈને ઘરની બહાર આવ્યો, જ્યારે પિતાએ રાજુભાઈ અને તેના પત્ની રૂપલબેનને ઢીંકા પાટોનો માર માર્યો હતો. ભક્તિનગર પોલીસે ફરિયાદ લેવા તજવીજ કરી હતી.

રાજુભાઈ ત્રણ મહિના પહેલા જ સહકાર મહેલ રોડ ઉપર નારાયણ નગરમાં દુકાન ભાડે રાખી છે અને રઘુવંશી ફરસાણ નામે વેપાર ધંધો કરી રહ્યા છે ગઈકાલે રાત્રે તેની દુકાનની સામે નારાયણનગરમાં જ રહેતા એક યુવાન પોતાનું પાલતુ કૂતરું લઈને ફરવા નીકળ્યા હતા આ કૂતરું ફરસાણની દુકાન આગળ જ પોટી અને પેશાબ કરતું હોય રાજુભાઈ યુવાનને કહ્યું હતું કે અહીં ગંદકી થાય છે જેથી કુતરાને અહીં મોટીવેશાબ કરાવવા નહીં. એટલું કહેતા યુવાનો ઉપગ્રહ થઈ ગયો હતો અને પોતાના ઘરમાં ચાલ્યો ગયો હતો જે પછી પુત્રના પિતા નશાની હાલતમાં બહાર આવ્યા હતા . જ્યારે પુત્રના હાથમાં ખુલ્લી તલવાર હતી ધમકી અને અપશબ્દ કહી વેપારીને દબાવવામાં આવ્યા હતા . તેની સાથે છપાછપી કરી મારવામાં આવ્યો હતો રાજુભાઈના પત્ની રૂપલબેન વચ્ચે પડતા આરોપી પિતાએ હાથમાં પહેરવાનું કાળું રૂપલબેન ને માથામાં મારી લીધું હતું.

રાજુભાઈએ કહ્યું કે તેમના શાળા અભયભાઈ ખખર એડવોકેટ હોય તેઓએ તેને જાણ કરી હતી. બીજા ગ્રસ્ત રૂપલબેન એક એડવોકેટના બહેનની હોવાની જાણ થતા ભક્તિનગર પોલીસનો સ્ટાફ દોડતો થઈ ગયો હતો. તુરંત ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી.

## મુંજકા – યુનિવર્સીટી પોલીસની ઘટના

# ફરિયાદ કરવા ગયો, એને જ પોલીસે ઝૂડી નાખ્યો

**સિવિલ ડ્રેસમાં રહેલ પોલીસમેને પકડ્યો અને પીએસઆઈએ પ્લાસ્ટિકના પાઈપથી માર માર્યો : રૈયાધારના વિજયભાઈ સોલંકીનો આક્ષેપ**



**હોર્ન મારવા બાબતે માથાકૂટ થઈ હતી, સામાવાળા પોલીસ પરિવારમાંથી હોવાના કારણે ફોજદારે લાગવગ ચલાવી ફરિયાદીને બેફામ ફટકાર્યા હોવાનો આરોપ**

રાજકોટ, તા.૧૭

જો કોઈ અન્યાય થાય તો લોકોને પોલીસ ન્યાય અપાવશે એવી આશા હોય છે. અને એટલે જ પીડિત માણસ ભોગ બને ત્યારે સીધો પોલીસ મથકનો રસ્તો પકડે છે. જોકે, રાજકોટમાં વિરોધાભાસ સાથે પોલીસ કામગીરી સામે શંકા ઉપજાવતો કિસ્સો બન્યો છે. યુનિવર્સીટી પોલીસ ફરી વિવાદમાં આવી છે.

ઘટના અંગે દિનેશભાઈ કરશનભાઈ મકવાણા (ઉંમર વર્ષ ૫૦, રહે. રાણીમા રૂડીમા મંદિર પાસે, રૈયા ધાર) ગઈ કાલે રાત્રે ૯:૦૦ વાગે પોલીસ સ્ટેશનમાં હતા ત્યારે પીએસઆઇ સાથેના અજાણ્યા પોલીસ મેને પ્લાસ્ટિકના પાઇપથી માર માર્યો હોવાના આક્ષેપ સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફ સમક્ષ દિનેશભાઈએ ઉપરોક્ત આક્ષેપો કર્યા હતા. દિનેશભાઈએ આક્ષેપ કરતા જણાવ્યું કે, તેઓ વેલ્ડીંગ કામ કરે છે

રૈયાધારમાં રહે છે. પરમ દિવસે એટલે કે ગુરુવારે સાંજે તેઓ પોતાના બાઈક પર પત્નીને લઈને ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે રામાપીર ચોકડીથી આગળ જતા પાછળથી એક બાઈક આવતી હતી. જેમાં એક યુવાન અને તેના માતા સવાર હતા. યુવાન વારે ઘડીએ હોર્ન વગાડતો હતો. જેથી ચાલુ બાઇક પર જ દિનેશભાઈ યુવાનને વધુ હોર્ન ન વગાડવા માટે કહ્યું હતું. યુવાને ઉશ્કેરાઈને ઉદ્ધતાઈપૂર્વક વર્તન કર્યું હતું. દિનેશભાઈએ કહ્યું કે તેની ઉંમર ૫૦ વર્ષ છે તેની સાથે સભ્યતાથી વાત કરવી જોઈએ જોકે આટલું સાંભળતા જ યુવાન વધુ ઉગ્ર બની ગયો હતો અને તેને ઝપાઝપી અને મારકૂટ ચાલુ કરી હતી કે કાઠલો પકડી લીધો હતો અને દિનેશભાઈ મોબાઇલમાં શૂટિંગ ઉતારતા હોય તો તેનો મોબાઇલ પણ ઝુટવી લીધો હતો. આક્ષેપો છે કે સામેવાળા યુવાન પોલીસ પરિવાર માંથી આવતા હોય પોલીસે આરોપીનું અપહરણ લઈ અને માર માર્યો હતો. એટલું જ નહીં ભાવિનભાઈ ને સારવારમાં પણ જવા દેવાયા નહોતા. કલમ ૧૫૧ મુજબ કેસ કર્યો હતો અને મામલતદાર ઓફિસે જામીન થયા બાદ દિનેશભાઈ ને મુક્ત કરાતા મામલતદાર ઓફિસેથી જ દિનેશભાઈ એ ૧૦૮ ને બોલાવી પોતે સારવારમાં દાખલ થયા હતા.

ËA[Íê@ -Ð@`@a

# નેપાળ બોર્ડરે ૨૪ શકમંદ દેખાયાઃ એલર્ટ

**પાકિસ્તાન સાથેના તનાવ વચ્ચે કાશ્મીર બોર્ડર પર કિલેબંધી છે ત્યારે ત્રાસવાદીઓ નેપાળ સીમાએથી ઘુસવાની ફિરાકમાં હોવાની બાતમીને પગલે હાઈ એલર્ટ જાહેર કરાયુ છે. બાંગ્લાદેશ તથા પાકિસ્તાન સાથે કનેકશન ધરાવતા ૨૪ શકમંદો નેપાળ બોર્ડર પર દેખાયાની ગુપ્તચર બાતમીથી સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. બિહાર બોર્ડર પર સતર્કતા વધારી દેવામાં આવી છે અને સર્ચ ઓપરેશન પણ હાથ ધરાયુ છે.**

## રાજકોટમાં સંગઠન મહામંત્રીએ શહેર પ્રમુખને ટીમની પસંદગીમાં આગળ વધવા લીલી ઝંડી આપી દીધી

# હવે ભાજપ મહાનગર-જિલ્લા પ્રદેશ સંગઠન અને મંત્રી મંડળમાં ફેરફારની ગાડી નવા ગિયરમાં પડશે

## એક બાદ એક સ્તરે ફેરફાર ૧૫ દિવસમાં થઈ જવાના સંકેત : બાદમાં પ્રદેશ પ્રમુખ અને અંતે મંત્રી મંડળમાં ફેરફાર

રાજકોટ, તા. ૧૭

ગુજરાતમાં લાંબા સમયથી તોળાઇ રહેલા મંત્રીમંડળના વિસ્તરણમાં હવે એક નવું ફેકટર ઉમેરાયું છે અને તેમાં આજે રાજયના મંત્રી બચુભાઇ ખાબડના પુત્રની મનરેગા કૌભાંડમાં ધરપકડ થતા જ હવે આગામી દિવસોમાં મંત્રી મંડળમાં ફેરફાર સમયે તેમનું રાજીનામુ નિશ્ચિત બન્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ ભાજપ મોવડી મંડળ પણ હવે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને મંત્રી મંડળમાં નવરચનાની લીલી ઝંડી આપશે અને તેના કારણે ફરી એક વખત ગાંધીનગરમાં ચર્ચા વધી ગઇ છે. સુત્રોના જણાવ્યા મુજબ ગઇકાલે પ્રદેશ મહામંત્રી રત્નાકર રાજકોટમાં હતા અને તેઓએ સંગઠન અંગેની ચર્ચા પૂરી કરી છે અને શહેર પ્રમુખને પણ તેમની ટીમ વિસ્તારવા માટે જણાવી દીધુ છે ટુંક સમયમા આ અંગે નિર્ણય લેવાશે. સુત્રોના જણાવ્યા મુજબ એક વખત સંગઠનની કામગીરી પૂરી કર્યા બાદ મંત્રીમંડળનું વિસ્તરણ હાથ ધરાશે રાજયમાં ડિસેમ્બરની આસપાસ સ્થાનિક ચૂંટણીઓ આવી રહી છે અને તેના કારણે સરકાર દ્વારા આગામી દિવસોમાં હવે સરકાર અને સંગઠન બંનેને નવી ધાર આપવાની તૈયારી છે. પ્રદેશ પ્રમુખની પસંદગી પણ ટુંક સમયમાં થશે. રાષ્ટ્રીય સ્તરે ભાજપના પ્રમુખની પસંદગીની ગાડી પણ અટકી પડી છે અને તેથી જ હવે તેને નવા ગીયરમાં નાખવા માટે મંજૂરી છે સુત્રોના જણાવ્યા મુજબ આગામી એક પખવાડીયામાં ભાજપને તમામ મહાનગર અને જિલ્લામાં નવા મહામંત્રી, ઉપપ્રમુખ સહિતનું માળખુ મળી જશે અને ત્યારબાદ તુર્ત જ પ્રદેશ પ્રમુખ અને તેની સાથે મુખ્યમંત્રીને પણ મંત્રીમંડળમાં ફેરફાર કરવાની લીલી ઝંડી મળી જશે.

# મિત્ર સાથે મિત્રનું બાઈક અથડાયુંઃ એકનું મોત, એકને ઈજા

**ગઈકાલે મોડી રાત્રે રામવન ગેટ પાસે બનેલો બનાવ**

રાજકોટ, તા.૧૭

શહેરના આજીડેમ પાસે આવેલ રામવન ગેટ નજીક ગઈકાલે મોડી રાત્રે ૧૧:૩૦ વાગ્યાં આસપાસ બે બાઈક સામસામા અથડાયા હતા. જેમાં બે યુવાનોને ઈજા થઈ હતી. જેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડતા એકનું મોત નીપજ્યું હતું જ્યારે બીજાનો હાથ ભાંગી ગયો હતો.

બનાવ અંગે પરિવારજનો અને પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ વિજય ધીરુભાઈ સોલંકી (ઉમર વર્ષ ૨૦, રહે રામવન પાસે, આજીડેમ નજીક રાજકોટ) ગઈકાલે રાત્રે ૧૧:૩૦ વાગ્યે ઘરેથી પાન ફાકી ખાવા માટે બહાર નીકળો હતો. અને પોતાનું બાઈક લઈને જતો હતો ત્યારે અચાનક ગોળાઈ પાસે રામવનના ગેટ નજીક સામેથી આવતું બાઈક અથડાઈ ગયું હતું અને વિજયને ગંભીર ઈજા થઈ હતી તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અત્રે મોડી રાત્રે તેનું મોત નીપજ્યું હતું. સામેપક્ષે જે અન્ય બાઈક ચાલક હતો તેનું નામ સુનિલ મુન્નાભાઈ ધરજીયા (ઉંમર વર્ષ ૧૮, રહે. રામવન પાસે) તેને પણ હાથમાં ફ્રેક્ચર જેવી ઈચ્છા થતા તત્કાલ સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. વિજયના પરિવારજનોને જણાવ્યા મુજબ તે બે ભાઈમાં મોટો અને અપરણિત હતો. તેના સગપણની વાતચીત ચાલુ હતી. તેના પિતા હાલ હયાત નથી. વિજય કારખાનામાં વાયરમેનનું કામ કરતો હતો. યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

# વાદળીયા વાતાવરણમાં બપોરે આકરો તાપઃ ૩૮.૪ ડિગ્રી

## હવામાં ભેજના વધારા સાથે ઉકળાટ-બફારો યથાવત

રાજકોટ,તા.૧૭

ઉનાળા ઋતુમાં કમૌસમી વરસાદ બાદ વાદળછાયા વાતાવરણમાં અસહ્ય ઉકળાટ સાથે બફારો થતા શહેરીજનો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

આજે વહેલી સવારે સૂર્યોદય બાદ સુરજદેવ આકરા થતા બપોરે આકરો તાપની જનજીવન પર અસર જેવા મળી હતી સવારે ન્યુત્તમ તાપમાન ૨૯.૮ ડિગ્રી સાથે હવામાં ભેજનુ પ્રમાણ ૭૫ ટકા અને પવનની ગતિ સરેરાશ ૧૦ કિ.મી.નોધાઈ હતી.બપોર મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી હવામાં ભેજનું પ્રમાણ ૪૦ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૧૫ કિ.મી નોંધાઈ હતી.આજે વહેલી સવારથી આકરા બફારા બાદ બપોરે આકરા તાપમાં લોકો પરસેવે રેબઝેબ થયા હતા. ધૂપ છાંવ ભર્યા માહોલમાં ગરમી બફારાની જનજીવન ત્રસ્ત થયુ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ અમુક સ્થળે હળવો ભારે વરસાદ વરસે તેવી શકયતા છે.

# મુડીઝે અમેરિકાનું રેટીંગ ટ્રીપલ-એમાંથી ઘટાડી એએ-૧ કર્યુ : ટ્રમ્પ વિફર્યા

## રેટીંગ એજન્સી દ્વારા અમેરિકાના વધતા જતા દેવા સહિતની સ્થિતિ પરથી રેટીંગ ઘટાડો કરતા વ્હાઈટ હાઉસે કહ્યું આ રાજકારણ છે : ભુતકાળમાં પણ એજન્સીઓ ખોટી પડી હોવાનો દાવો

વોશિંગ્ટન, તા. ૧૭

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દુનિયાભરમાં ટેરીફ મુદ્દે સર્જેલી વાવાઝોડા જેવી સ્થિતિ શાંત થઇ રહી છે તે વચ્ચે આંતરરાષ્ટ્રીય રેટીંગ એજન્સી મુડીઝ અમેરિકાનું રેટીંગ ટ્રીપલ-એમાંથી ડાઉન ગ્રેડ કરીને એએ-૧ કરતા જ આંતરરાષ્ટ્રીય નાણાકીય બજારોમાં જબરો ખળભળાટ મચી ગયો છે અને આ ડાઉન ગ્રેડ એ રોકાણકારો માટે એક ચેતવણી છે અને અમેરિકામાં વ્યાજદર વધી શકે છે. આ ઉપરાંત ટેરીફના કારણે અમેરિકામાં જે મોંઘવારી સર્જાય છે તેમાં પણ વધારો થઇ શકે છે.



અન્ય એજન્સીઓ ફિન્ચ અને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સની સાથે રહીને મુડીઝે આ રેટીંગ ઘટાડયું છે. ૧૯૧૭ પછી પ્રથમ વખત મુડીઝે અમેરિકાનું રેટીંગ ઘટાડયું હોય તેવી ત્રીજી ઘટના છે. અગાઉ ૨૦૧૧ અને ૨૦૨૩માં મુડીઝ અને અન્ય એજન્સીઓએ પણ અમેરિકી રેટીંગ ઘટાડયું હતું. મુડીઝે પોતાના સત્તાવાર નિવેદનમાં આ રેટીંગ ઘટાડવા માટે જણાવતા કહ્યું કે સરકારી દેવું સતત એક દસકાથી વધી રહ્યું છે અને વ્યાજની ચૂકવણી પણ અત્યંત ઉંચા સ્તરે છે. જેના કારણે આ રેટીંગ ઘટાડવું જરૂરી બની ગયું હતું જોકે તેને અમેરિકી ઈકોનોમીને હજુ સ્ટેબલ આઉટલુક આપ્યું છે. પરંતુ તે પણ શીફટ થઇ શકે છે. બીજી તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ રેટીંગ ઘટાડાને એક રાજકીય નિર્ણય તરીકે ગણાવ્યો હતો. વ્હાઇટ હાઉસે મુડીઝના નિર્ણય પર પ્રત્યાઘાત આપતા કહ્યું કે કોઇપણ આ પ્રકારની એજન્સીને ગંભીરતાથી લઇ શકતું નથી તે અનેક વખત ખોટી પુરવાર થઇ છે અને ફરી એક વખત તે આ સાબિત કરશે.

# કેજરીવાલને નવો આંચકોઃ દિલ્હી ‘આપ’ના ૧૩ કોર્પોરેટરોએ પક્ષ છોડયોઃ નવી પાર્ટી બનાવી

## ધારાસભા હારી– મેયરની ચુંટણીમાં વોક ઓવર બાદ ‘આપ’ માટે તેનું મથક દિલ્હી હવે તૂટવા લાગ્યુ

નવી દિલ્હી:

દિલ્હી વિધાનસભા ચુંટણીમાં પરાજય બાદ હવે આમ આદમી પાર્ટીને બીજો એક આંચકો લાગ્યો છે અને દિલ્હીમાં આમ આદમી પાર્ટીના ૧૩ કોર્પોરેટરોએ પક્ષમાંથી રાજીનામા આપીને નવા પક્ષની રચના કરવાની જાહેરાત કરી છે. પાટનગરના ઈન્દ્રપ્રસ્થ વગરના આ તમામ કોર્પોરેટરોએ લોકોના કામ થતા નથી તેવું જણાવીને આમ આદમી પાર્ટીમાંથી રાજીનામા આપ્યા છે તથા સીનીયર કોર્પોરેટર હેમચંદ્ર ગોયલના નેતૃત્વમાં દિલ્હી મહાપાલિકામાં નવું ત્રીજુ જૂથ બનાવવાની જાહેરાત કરી છે. દિલ્હીમાં કોર્પોરેશન પછીની બહુમતી



હોવા છતાં પક્ષમાં ભંગાણ પડાવવા ભલે તા.૨૫ એપ્રિલના રોજ દિલ્હી સંસદની ચુંટણીમાં ભાજપને વોક ઓવર આપી દીધો હતો. ભાજપના ૧૦ જ સભ્યો હતા પણ નિયમ મુજબ દિલ્હીમાં ધારાસભ્યો, સાંસદો અને રાજયસભાના સભ્યો પણ કોર્પોરેશનમાં મતદાન કરી શકે છે. દિલ્હીમાં ધારાસભા ચૂંટણી બાદ ભાજપ પાસે ૭ લોકસભા સભ્ય, ૩ રાજયસભા સભ્ય અને ૧૪ ધારાસભ્યો ઉપરાંત ૧૦ નોમીનેટ સભ્યો એમ બહુમતી મેળવી હતી. હવે આપમાંથી ૧૩ કોર્પોરેટરોએ પક્ષ છોડયો છે.

### ઈન્ડીયન એરફોર્સનો હુમલો કેટલો સટીક- ઘાતક તથા અણધાર્યો હતો તે પાક વડાપ્રધાને કબુલ્યુ

# ભારતના હુમલાની જાણ મને જનરલ મુનીરે ઉંઘમાંથી ઉઠાડી કરી હતીઃ શરીફ

**રાત્રીના ૨.૩૦ વાગ્યે હુમલાની જાણ થયાનો સ્વીકારઃ પી.એમ. આવાસથી થોડા જ કિલોમીટર દુર રાવલપીંડીના નુરખાન એરબેઝ પર હુમલો પાક વડાપ્રધાનની ઉંઘ ઉડાડી શકયો નહી**

**છતાં ટંગડી ઉંચીઃ પાક દળોએ જવાબ આપ્યોઃ દેશના અનેક એરબેઝને નુકસાન થયાનુ પણ સ્વીકારઃ અને કાશ્મીર રાગ યથાવત**



ઈસ્લામાબાદ તા.૧૭

ઓપરેશન સિંદુરના તા.૯-૧૦ રાત્રીના ભારતના લશ્કરી ખોફનો સામનો કરીને હતપ્રત થઈ ગયેલા પાકિસ્તાનને હવે આસપાસની દુસ્વપ્ન જેવી વાસ્તવિકતા બહાર આવી છે અને ભારતનો હુમલો ફકત સટીક અને ઘાતક હતો. એટલું જ નહી પાક માટે અણધાર્યો હતો તે પણ નિશ્ચિત થઈ ગયુ છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ ખુદે કબુલ કર્યુ કે રાવલપીંડી જે પાકના પાટનગર ઈસ્લામાબાદનું જોડીયા શહેર જ છે તેના નુરખાન એરબેઝ સહિતના સ્થળો પર ભારતે હુમલો કર્યો છે અને રાત્રીના ૨.૩૦ કલાકે ઉંઘમાંથી ઉઠાડીને સૈન્ય વડા જનરલ અસીમ મુનીરે આપ્યો હતો. શરીરે ઈસ્લામાબાદમાં પાક. મોન્યુમેટ આયોજીત એક ખાસ કાર્યક્રમ યૌમ-એ-તરાફફટમાં સંબોધન સમયે પણ કબુલાત આપી હતી. પાક વડાપ્રધાને કહ્યું કે તા.૯-૧૦ની રાત્રીના અને ૨.૩૦ વાગ્યે સેનાના વડા જનરલ અસીમ મુનીરનો ફોન આવ્યો હતો અને બતાવ્યું કે ભારતીય દળોએ બેલેસ્ટીક મિસાઈલથી રાવલપીંડીના નુરખાન અને અન્ય એરબેઝ પર હુમલા કર્યા છે અને આપણે આપણી વાયુસેનાએ દેશને બચાવવા સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે અને આપણા હવાઈ દળના લડાયક વિમાનો અને આધુનિક ગેઝેટનો ઉપયોગ કરી ભારતને જવાબ આપી રહ્યા છે. આમ ભારતના હુમલાથી ખુદ પાક વડાપ્રધાન પણ ફફડી ઉઠયા હતા તે ખુદે સ્વીકારી લીધું છે. ભારતે રાવલપીંડીના નુરખાન ઉપરાંત ચકવાલના મુરીદ અને મુશાફ- સરગોધાર ઉપરાંત જેકબાબાદના શાહબાઝ ઉપરાંત ભેલારી એરબેઝ પર હુમલા કર્યા હતા. પાક વડાપ્રધાનનો એવો દાવો હતો કે ભારતના હુમલાથી તેના એરફોર્સ બેઝને કોઈ મોટુ નુકસાન થયુ નથી પણ હવે તેઓ ખુદ આ સ્વીકારવા લાગ્યા છે. જો કે શરીફ હજુ ટંગડી ઉંચી જ રાખે છે અને તેઓએ ફરી ભારત સાથે વાતચીત અને તે પણ કાશ્મર મુદે વાતચીતની તૈયારી દર્શાવી તેઓએ આતંકવાદ સામે લડવામાં પણ ભારતે સાથ આપવાની ખાતરી આપી હતી. વાડાને આ હુમલામાં મોટી ખુવારી પણ સહન કરવી પડી છે તે નિશ્ચિત છે. પાક સેનાએ આ હુમલામાં માર્યા ગયેલા પાક સૈનિકોને આ સમયે ૩૧ તોપની સલામી આપી હતી અને પાકના રાજયોમાં પણ ૨૧ તોપની સલામી અપાઈ હતી. શરીફે આ તકે પાકને સાથ આપનાર દેશોનો પણ આભાર માન્યો હતો.

## રાજનાથના વિધાન બાદ પાક. સચેત

પાકિસ્તાનના પરમાણુ હથિયારો જોખમી હાથમાં છે અને વિશ્વએ તેના પર નિયંત્રણ લઈ લેવુ જોઈએ. તેમાં સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંઘે જમ્મુ-કાશ્મીરમાં સરહદી ક્ષેત્રોની મુલાકાત સમયે કરેલા વિધાનોથી પાક ફફડી ગયુ છે. પાકના વિદેશ મંત્રાલયના પ્રવકતાએ દાવો કર્યો કે ભારત વાસ્તવિકતાને ખોટી રીતે રજુ કરે છે. પાકના અણુશસ્ત્રો અંગે તે ભ્રામક માહિતી આપી રહ્યું છે. પાકિસ્તાન એક જવાબદાર દેશ છે અને તે યુદ્ધવિરામ માટે પણ પ્રતિબદ્ધ છે.

### શરીફ ઉંઘતા હતા-મોદી જાગતા હતા

# ભારતની દરેક ચાલમાં પાક. છેતરાતુ રહ્યું

**ભારતે મોકડ્રીલની જાહેરાત કરી તે સૌથી મોટુ છટકુઃ ચીનના રાષ્ટ્રપતિ જીનપીંગ રશિયા હતા તે ચિંતા પણ ન કરી**



નવી દિલ્હીઃ ભારતે પહેલગામ હુમલાનો બદલો લેવાશે અને તે કયારે- કઈ રીતે અને કયાં કરવો તે ભારતીય સૈન્યને નિશ્ચિત કરવા સેનાને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને ખુલ્લી છુટ આપી અને પાક ખરેખર ઉંઘતુ ઝડપાયુ હતું. ભારત યુદ્ધની પુર્વ તૈયારી જેમ દેશભરમાં બ્લેકઆઉટ- સિવિલ ડિફેન્સનો કાર્યક્રમ જાહેર કર્યો તેથી પાકની સેના પણ મુર્ખ સાબીત થઈ હતી અને તે આ કવાયત બાદ ભારત હુમલો કરશે તેવું ખુદે નિશ્ચિત કર્યુ પણ આ ભારતીય સેનાની જબરી ચાલ હતી. આ હુમલા પુર્વે એવું પણ મનાતુ હતુ કે રશિયામાં વિકટરી ડે પરેડ તા.૮ના હતી જેમાં ચીનના રાષ્ટ્રપતિ જીનપીંગ હાજર હતા અને તેથી ભારત તેમાં ચીન પરત જાય તેની રાહ જોશે પણ તે ચિંતા કરાઈ નહી. વડાપ્રધાને તેમના અન્ય કાર્યક્રમો યથાવત રાખ્યા. એક દિવસ અગાઉ મુંબઈ ગયા. આમ દરેક ચાલમાં પાક છેતરાતુ રહ્યુ હતુ અને જયારે તા.૯-૧૦ની રાત્રીના હુમલો થયો તો પાક વડાપ્રધાન ઉંઘતા હતા તે ખુદે કબુલ્યુ અને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પી.એમ. આવાસમાં રાત્રીના જાગતા હતા. તેઓએ આ હુમલાનું 'લાઈવ' મોનેટરીંગ કર્યુ. પાક પર આક્રમણ કરવા ગયેલા ભારતીય લડાયક વિમાનો સલામત પરત આવી ગયા છે તે પણ તેમને માહિતી અપાઈ અને પાકના હુમલાના વળતો જવાબ આપવા ભારતીય સેના પુરી રીતે પોઝીશનમાં છે તે પણ તેઓને વિશ્વાસ હતો.

# EU સમિટમાં ઈટાલીના પીએમ મેલોનીનું સ્વાગત કરવા માટે અલ્બેનિયાના પીએમ રામાએ ઘૂંટણિયે પડીને 'નમસ્તે' કર્યું



તિરાનેઃ અલ્બેનિયાના વડા પ્રધાન એડી રામાએ શુક્રવારે ભારે વરસાદ વચ્ચે યુરોપના નેતાઓનું સ્વાગત કરતી વખતે પોતાની દક્ષતા દર્શાવી. ચોથી ટર્મ માટે નવા ચૂંટાયેલા, રામાના અભિયાનનું ધ્યાન ૨૦૩૦ સુધીમાં EU માં જોડાવાની અલ્બેનિયાની મહત્વાકાંક્ષા પર કેન્દ્રિત હતું, અને તેમણે ઇટાલીના જ્યોર્જિયા મેલોની અને ફ્રાન્સના ઇમેન્યુઅલ મેક્રોન સહિત ૪૦ થી વધુ નેતાઓનું સ્વાગત કરીને ઉજવણી કરી. છ ફૂટ હાઇટ ધરાવતા, રામા એક પ્રભાવશાળી વ્યક્તિ હતા, જેમણે EPC લોગો દ્વારા ચિહ્નિત લાલ કાર્પેટ પર વાદળી છત્રી ફેરવીને ઉપસ્થિતોને ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

એક રમતિયાળ ક્ષણમાં, તેમણે ઇટાલિયન વડાપ્રધાન મેલોનીનું સ્વાગત કરવા માટે ઘૂંટણિયે પડીને હાથ જોડીને નમસ્તે કહ્યું તો આનંદથી યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીર ઝેલેન્સકીને સ્થળ પર લઈ ગયા. તેમની મૈત્રીપૂર્ણ મજાકમાં બ્રિટિશ પ્રતિનિધિમંડળ પર રમૂજી ટિપ્પણી પણ શામેલ હતી. ૨૦૨૨ માં યુક્રેન પર રશિયાના આક્રમણના પ્રતિભાવમાં મેક્રોન દ્વારા યુરોપિયન પોલિટિકલ કોમ્યુનિટી (EPC) ની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં સ્થળાંતર અને ચાલુ યુદ્ધ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે EU દેશો અને ૨૦ વધારાના દેશોને ભેગા કરવામાં આવ્યા હતા.

ગંભીર ચર્ચાઓ પહેલાં, રામાએ અલ્બેનિયા સૌથી નાના દેશોમાંનો એક હોવા છતાં, આટલી મહત્વપૂર્ણ સમિટનું આયોજન કરવા બદલ ગર્વ વ્યક્ત કર્યો, યુરોપ પ્રત્યે પ્રેમ દર્શાવવા અને પોતાના દેશમાં આ સમિટ યોજવાના સન્માન પર ભાર મૂકવા માટે પોતાના કદનો ઉપયોગ કર્યો. તિરાનામાં યુરોપિયન પોલિટિકલ કોમ્યુનિટી સમિટ દરમિયાન, નેતાઓનું હળવાશથી સ્વાગત કરવામાં આવ્યું જેમાં હાસ્ય અને સ્મિતનો સમાવેશ થતો હતો, જે યુરોપિયન રાજદ્વારીમાં દુર્લભ ઘટના છે.

### હાઈકોર્ટે એનટીએ, કેન્દ્ર સરકાર, મધ્યપ્રદેશ પીજીવીસીએલને નોટીસ ફટકારી

# માત્ર એક છાત્રાની અરજી પર નીટ-યુજીના પરિણામ પર મધ્યપ્રદેશ હાઈકોર્ટની રોક

**પરીક્ષાના દિવસે ખરાબ હવામાનથી વીજળી ગુલ થતાં પેપર સારા ન લખાતા છાત્રાએ હાઈકોર્ટમાં ધા નાખીઃ રોકથી ૨૧ લાખ ઉમેદવારોને થશે અસર**



ઈન્દોર તા.૧૭

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્ડોર બેન્ચે તબીબી ક્ષેત્રનાં સ્નાતક કોર્સમાં પ્રવેશ માટે ચાર મેએ આયોજીત રાષ્ટ્રીય પાત્રતા સહ-પ્રવેશ પરીક્ષા (નીટ-યુજી)નાં પરિમાણ જાહેર કરવા પર વચગાળાની રોક લગાવી દીધી છે. અદાલતે ઈન્દોરની એક છાત્રાની અરજી પર ગુરૂવારે આ આદેશ કર્યો હતો.

આ છાત્રાએ તેની અરજીમાં જણાવ્યું હતું કે નીટ-યુજી પરીક્ષા દરમ્યાન શહેરમાં ખરાબ હવામાનનાં કારણે વીજળી, ગુલ થવાથી પ્રવેશ પરીક્ષામાં તેના પર્ફોમન્સને ખરાબ અસર પડી હતી અને તેને પરીક્ષામાં બીજી વાર બેસવાનો મોકો આપવામાં આવે.

હાઈકોર્ટનાં ન્યાયાધીશ સુબોધ અભ્યંકરે છાત્રાને રાહત આપીને પોતાના આદેશમાં અરજીની આગામી સુનાવણી સુધી-નીટ-યુજીના પરીણામ ન જાહેર કરવા કહ્યું છે. અરજીની આગામી સુનાવણી સંભવીત તારીખ ૩૦ જુને છે.

અદાલતનો આ આદેશ નીટ-યુજીમાં બેઠેલા દેશભરનાં લગભગ ૨૧ લાખ ઉમેદવારોને અસર કરી શકે છે.

હાઈકોર્ટે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (એનટીએ) કેન્દ્ર સરકાર અને મધ્યપ્રદેશ પશ્ચિમ ક્ષેત્ર વિદ્યુત વિતરણ કંપનીને પણ નોટીસ ઈસ્યુ કરી ચાર સપ્તાહમાં જવાબ પણ માગ્યો છે.

અરજદારનાં વકીલે જણાવ્યું હતું કે ઈન્દોરમાં નીટ-યુજીનાં અનેક પરીક્ષા કેન્દ્રોમાં જનરેટર કે વીજળીની વૈકલ્પિક વ્યવસ્થા નહોતી કરાઈ જયારે હવામાન વિભાગે ચાર મેના શહેરમાં વાવાઝોડાની ચેતવણી અગાઉથી આપી હતી.

**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836



### રાજયના કોઈ મંત્રીના પુત્રોની સરકારી કૌભાંડમાં ધરપકડ થયાની સંભવતઃ પ્રથમ ઘટના

# મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંતની ધરપકડઃ કિરણ ફરાર

## દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા હેઠળ એક કાંકરી પણ નાખ્યા વગર રોડ બનાવી દીધો હોવાના બિલો મુકીને રૂા.૭૧ કરોડનું કૌભાંડઃ તત્કાલીન ટીડીઓ પણ પોલીસ કસ્ટડીમાં

રાજકોટ તા.૧૭

દાહોદમાં સર્જાયેલા મનરેગા કૌભાંડમાં આખરે સરકારે એક મોટા એકશનમાં કેબીનેટ મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંત ખાબડ અને તત્કાલીન ટીડીઓ દર્શન પટેલની ધરપકડ કરી છે. દાહોદના દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં અગાઉ ડીઆરડી નિયામક દ્વારા ૩૫ જેટલી એજન્સીઓ સામે રૂા.૭૧ કરોડના કૌભાંડની ફરિયાદ નોંધવામાં આવી હતી જેમાં મંત્રી બચુ ખાબડના બે પુત્ર બળવંત ખાબડ અને કિરણ ખાબડની સંડોવણી બહાર આવી હતી અને આજે સવારે પોલીસે એક અચાનક પગલામાં બળવંત ખાબડ અને તે સમયના ટીડીઓ દર્શન પટેલની ધરપકડ કરી છે જયારે કિરણ ખાબડ નાસી છુટતા તેની શોધખોળ શરુ કરવામાં આવી છે.

રાજયમાં કોઈ મંત્રી સતા પર હોય તે સમયે જ તેના પુત્રની નાણાકીય કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હોય તેવી આ સંભવત પ્રથમ ઘટના છે. છેલ્લા કેટલાક દિવસથી આ કૌભાંડની માહિતીઓ બહાર આવવા લાગી હતી. ૨૦૨૧ થી ૨૦૨૫ વચ્ચે ૩૫ જેટલી એજન્સીઓ મારફત દેવગઢ બારીયા અને ધાનપુરમાં મનરેગાના કામમાં બોગસ મજુરો અને બોગસ કામ બતાવીને સરકારના રૂા.૭૧ કરોડ ખોટી રીતે મેળવી લેવાયા હતા અને તેમાં મંત્રીના બે પુત્રોની એજન્સી પણ સામેલ હતી. અનેક સ્થળોએ મનરેગા હેઠળના કામમાં રોડ પર કાંકરી પણ નાંખ્યા વગર રોડ બની ગયા હોવાનું દર્શાવીને જંગી બિલ પાસ કરાવી લેવાયા હતા. જેમાં રાજ કન્સ્ટ્રકશન અને રાજ ટ્રેડર્સ એ બંને ખાબડના પુત્રોની માલિકીની એજન્સી છે અને તેમના સાથે અન્ય એજન્સીઓને પણ સામેલ કરીને કમીશન મેળવ્યું હતું. અગાઉ ખાબડ બંધુઓએ આગોતરા માંગ્યા હતા પરંતુ તે મળ્યા ન હતા અને તેથી પોલીસે તે બંનેની ધરપકડ કરવાની તૈયારી કરી હતી.



બળવંત ખાબડ



કિરણ ખાબડ




પોલીસ દ્વારા ધરપકડ કરાયેલ બચુ ખાબડ અને હાલ ફરાર તેના ભાઈ કિરણ ખાબડની ફાઈલ તસ્વીર. તેઓની કંપની રાજ ટ્રેડર્સ અને રાજ એજન્સી જે બિલ્ડીંગ મટીરીયલનો બીઝનેસ કરે છે. તેઓએ મનરેગાના કોન્ટ્રાકટ મેળવીને કૌભાંડ સર્જયુ હતું.

### મોદીના દાહોદના આગમન પુર્વે ધરપકડની ફરજ પડી!

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સપ્તાહમાં દાહોદની મુલાકાતે આવી રહ્યા છે તે પુર્વે જ મંત્રી પુત્રોની ધરપકડ કરવાની સરકારને ફરજ પડી હોવાનું બહાર આવ્યું છે. શ્રી મોદી અહી અનેકવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે જેની તૈયારીઓ શરુ થઈ ગઈ છે અને તે પુર્વે જ રાજય સરકાર પર ખાબડ બંધુઓની ધરપકડનું દબાણ આવ્યુ હતું જે રીતે છેલ્લા કેટલાક સમયથી અખબારોમાં પણ આ કૌભાંડ ચગી રહ્યું છે તે પણ સરકાર માટે મુસીબત બન્યું હતું. વડાપ્રધાન તા.૨૭ના રોજ ગુજરાતના પ્રવાસે છે અને સ્માર્ટસીટી અંતર્ગત દાહોદના નવીન રેલ્વે વર્કશોપ સહિતના કાર્યક્રમો યોજાવાના છે અને તે પુર્વે આ ધરપકડ સૂચક છે.

### આગોતરા જામીન અરજી પાછી ખેંચી તે સૌથી મોટુ રહસ્ય

મનરેગા કૌભાંડમાં ખાબડ બંધુઓએ તેમની ધરપકડની શકયતા જોતા આગોતરા જામીન અરજી કરી હતી અને ૧૩ તારીખે તેની સુનાવણી હતી પરંતુ તે પહેલા જ બંનેએ આગોતરા જામીન અરજી પાછી ખેંચી અને પોલીસને માટે ધરપકડનો માર્ગ સરળ કરી દીધો તે પણ જબરી ચર્ચા શરુ થઈ છે. આ કૌભાંડમાં લાંબા સમયથી જે રીતે સરકાર દ્વારા તપાસ થઈ રહી હતી તેમાં મંત્રી બચુ ખાબડે પોતાનું મૌન રાખ્યુ હતું અને હવે ધરપકડે તેમના માટે નવી રાજકીય મુશ્કેલી સર્જી છે.

### હવે બચુ ખાબડ રાજીનામુ આપશે! સરકારની પ્રતિષ્ઠાનો સવાલ



રાજકોટ તા.૧૭

દેવગઢ બારીયાના ધારાસભ્ય અને ગુજરાતમાં લાંબા સમયથી કેબીનેટમાં રહેલા બચુભાઈ ખાબડની રાજકીય ઈનિંગ્ઝનો હવે અંત આવે તેવા સંકેત છે. લાંબા સમયથી ગુજરાતમાં મંત્રીમંડળનું વિસ્તરણની ચર્ચા ચાલુ જ છે અને તે સમયે પણ બચુભાઈ ખાબડને પડતા મુકાશે તેવી શકયતાઓ દર્શાવાઈ રહી હતી. તેઓ ૨૦૦૨, ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨ એમ ચાર વખત વિધાનસભામાં ચુંટાયા છે અને સીનીયર મંત્રી તરીકેની તેની કામગીરી રહી છે. સરકારમાં નોરીપીટ થીયરી છતાં પણ તેઓ પોતાનું સ્થાન ટકાવવામાં સફળ રહ્યા છે. કોળી સમાજમાં વર્ચસ્વ ધરાવતા શ્રી બચુભાઈ ખાબડના પુત્રોએ તેમના માટે જે મુશ્કેલી સર્જી તેમાં તેઓ લાંબા સમયથી મૌન રહ્યા હતા અને હવે તેઓ રાજીનામુ આપે છે કે રાજીનામુ આપવા તેમને ફરજ પડાય છે તેના પર સૌની નજર છે.

### આ કૌભાંડમાં અગાઉ પાંચ લોકોની ધરપકડ થઈ છે

મંત્રી બચુ ખાબડના પુત્રોની એજન્સીઓએ સરકારી કર્મચારીઓને પણ સામેલ કરીને આ મનરેગા કૌભાંડ સર્જયુ હતું જેમાં દાહોદમાં સર્જાયેલા મનરેગા કૌભાંડમાં અગાઉ પાંચ લોકોની ધરપકડ થઈ હતી જેમાં મનીષ પટેલ (ટેકનીકલ આસી.), જયવીર નાગોરી (એકાઉન્ટ મનરેગા), મહીપાલસિંહ ચૌહાણ (એકા.મનરેગા), ફુલસિંહ બારીયા (ગ્રામસેવક) અને મંગલસિંહ પટેલીયા (ગ્રામસેવક)નો સમાવેશ થાય છે અને તેમાં હજુ વધુ ધરપકડની શકયતાઓ નકારાતી નથી.

## લખનૌમાં હાલતુ-ચાલતું તાડ! એશિયાનો સૌથી લાંબો શખ્સ



લખનૌનાં કલેકટર ઓફિસ પરિસરમાં એક હાલતા ચાલતા તાડ જેવા શખ્સને જોઈને કર્મચારીઓ-લોકોની આંખો દંગ રહી ગઈ હતી. આ શખ્સ એફએસડીએ કાર્યાલયે પહોંચ્યો તો રોકાઈ જ ગયો. કારણ કે દરવાજો નાનો હોઈ તેને અંદર પ્રવેશવુ મુશ્કેલ બન્યુ હતું. ખરેખર તો એશિયાનાં સૌથી લાંબા શખ્સ તરીકે જાણીતા ડી.પી.સિંહ સરસવનું તેલ તૈયાર કરવા ક્રશર લગાવવા માટે ફૂડ લાયસન્સ મેળવવા આવ્યો હતો તેણે કહ્યું હતું કે લંબાઈના કારણે તેને કામ મળવામાં મુશ્કેલી પડવાથી પોતાનો ધંધો શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

## યુએઈ-ઈરાનના માર્ગે પાકિસ્તાનથી નિકાસ ભારતમાં ઘુસે નહી તે નિશ્ચિત કરાશે

### પાક.નો આ બન્ને દેશ સાથે મોટો વ્યાપાર છે

નવી દિલ્હીઃ ભારતે ઓપરેશન સિંદુર હેઠળ પાકિસ્તાન સામે અનેક મોરચે ભીસ વધારી છે. તેમાં પાકિસ્તાનથી જતી તમામ આયાત પુરી રીતે પ્રતિબંધીત કરી છે. પરંતુ ગલ્ફના દેશોના માર્ગ પાકિસ્તાની ચાલ ભારતમાં ઘુસી જાય નહી તે પણ નિશ્ચિત કર્યુ છે. ભારત અને યુ.એ.ઈ. વચ્ચે જે વ્યાપાર સમજુતી છે. તેનો ગેરલાભ લઈને પાક ઉત્પાદનો સંયુકત આરબ અમીરાતના દેશો મારફત ભારતમાં ઘુસાડવા પ્રયાસ કરી શકે છે પણ ભારતના કસ્ટમ વિભાગે હવે યુએઈ અને ઈરાન સહિતના દેશોમાંથી ભારતમાં થતી આયાત પર ખાસ વોચ ગોઠવી છે. ખાસ કરીને યુએઈ તથા અન્ય જે ટ્રાન્સીસ્ટ પોઈન્ટ છે ત્યાં ભારત મોકલવાના ગુડસ પર વધારાની વ્યવસ્થા ગોઠવી છે તથા દરેક ઉત્પાદન જ 'ઓરીજનાલીટી'નો આદેશ આપ્યો છે. પાક અને યુએઈ વચ્ચે મોટો વ્યાપાર છે અને જુલાઈ ૨૦૨૪ થી ફેબ્રુઆરી ૨૦૨૫ વચ્ચે તે ૨૮% વધીને ૧.૨ બીલીયન ડોલર થયો છે.




## નિકાસકારોને ભરવા પડતા ૧૬૦% કોમ્પનસેશન સેસની વિસંગતતા બાબતે નિર્ણય લેવા ગુજરાત હાઈકોર્ટનો જીએસટી કાઉન્સિલને આદેશ

અમદાવાદ,તા.૧૭

સોપારીના નિકાસકારોને ભરવા પડતા ૧૬૦% કોમ્પનસેશન સેસ બાબતે ઊભી થયેલી કાયદાકીય કાર્યવાહીને લગતા એક કેસમાં એક કાયદાકીય મુદ્દો ઉપસ્થિત કરતાં કેસમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ ભાર્ગવ ડી.કારીઆ અને જસ્ટિસ ડી.એન.રે ની ખંડપીઠે આ સમગ્ર મામલો જીએસટી કાઉન્સીલના નિર્ણયાર્થે તેને મોકલી આપ્યો હતો, જેથી જીએસટી કાઉન્સીલે હવે આ મહત્ત્વનો મુદ્દા પર કાયદાકીય જોગવાઇઓને ધ્યાનમાં લઇ નિર્ણય કરવાનો રહેશે.

હાઇકોર્ટે જણાવ્યું હતું કે, અદાલત આશા રાખે છે કે, જીએસટી કાઉન્સીલ જીએસટી અને આઇજીએસટી સમકક્ષ વળતર ઉપકર ચૂકવવામાંથી મુકિત આપવાની ભલામણના મુદ્દા પર વહેલી તકે નિર્ણય કરશે કે, જેથી આવી વિસંગતતાઓનો ઉકેલ લાવી શકાય.

કેસની વિગતો અનુસાર સુરત ઝોનલ યુનિટના ડીજીજીઆઇના અધિકારીઓએ ગત તા.૧૨-૬-૨૦૨૧ના રોજ વેપારી નિકાસકારો દ્વારા ઉત્પાદન કરવામાં આવતાં તમાકુના પુરવઠા પર વળતર ઉપકર ચૂકવવામાં નહી આવતાં અરજદારો વિરૃધ્ધ તપાસ હાથ ધરી હતી. કાર્યવાહીના અંતે તેઓને કરોડો રૂપિયાનો કર ભરવા માટે નોટિસ ફટકારી હતી. જે કાર્યવાહીને સુરત સહિતના બે અરજદારોએ ગુજરાત હાઇકોર્ટમાં પડકારી હતી અને મર્ચન્ટ એક્સપોર્ટર(વેપારી નિકાસકારો)ને પૂરા પાડવામાં આવતાં માલ પર કોમ્પનસેશન સેસ વસૂલી શકાય કે નહી તેને લઇ કાયદાકીય મુદ્દો ઉઠાવાયો હતો.



પક્ષકારોને સાંભળ્યા બાદ હાઇકોર્ટે જીએસટી કાઉન્સીલ દ્વારા નિકાસ માટે વેપારી નિકાસકારોને સપ્લાય કરવામાં આવતાં ઉત્પાદનો પર વળતર ઉપકર ચૂકવવામાંથી મુકિત આપવાની ભલામણના મુદ્દા પર નિર્ણય ના લેવાય ત્યાં સુધી સંબંધિત આદેશોનું સંચાલન અને અમલીકરણ સ્થગિત રાખવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

ગુજરાત હાઇકોર્ટે જીએસટી કાઉન્સીલને વેપારી નિકાસકારો દ્વારા બ્રાન્ડેડ તમાકુ ઉત્પાદનોની નિકાસ પર વળતર ઉપકર અંગે નિર્ણય લેવા નિર્દેશ કર્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે, કોમ્પનસેશન સેસ એકટ હેઠળ કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા કોઇ જાહેરનામું કે સૂચનાજારી કરવામાં આવ્યા નથી અને તેથી અરજદાર વેપારી નિકાસકારોને નિકાસ માટે સપ્લાય કરવામાં આવતા માલ પર સામાન્ય દરે વળતર ઉપકર ચૂકવવાપાત્ર ઠરે છે.

વધુમાં હાઇકોર્ટે જણાવ્યું કે, જયાં સુધી જીએસટી કાઉન્સીલ દ્વારા કાયદાનુસાર, વળતર ઉપકર વસૂલવામાંથી મુકિતની ભલામણ માટે આ સમગ્ર મામલે નિર્ણય ના થાય ત્યાં સુધી, જો અરજદારો સંબંધિત મુકિત સૂચનાઓ હેઠળ નિર્ધારિત શરતો પરિપૂર્ણ કરે છે તો પ્રતિવાદી ઓથોરીટી કારણદર્શક નોટિસ જારી કરીને અથવા વેપારી નિકાસકારને નિકાસ માટે પૂરાડ પાડવામાં આવતાં માલ પર સામાન્ય દરે વળતર ઉપકર વસૂલવા અંગે કોઇ નિર્ણય હુકમ પસાર કરીને આગળની કાર્યવાહી શરૃ કરી શકશે નહી અને જો જીએસટી કાઉન્સીલ ભલામણ કરે તો, વળતર ઉપકર જમા કરાવવા માટે પ્રતિવાદીઓ અધિકારીઓ સમક્ષ અરજદારે બાંહેધરી આપવી પડશે.

## ગુજરાતમાં કોરોનાકાળ બાદ ફરી મ્યુકરમાઈકોસિસે દેખા દીધીઃ બે કેસ

### બન્ને દર્દી ગાંધીનગરનાઃ આરોગ્યતંત્ર એલર્ટ



અમદાવાદ તા.૧૭

હોંગકોંગ-સિંગાપોર જેવા દેશોમાં ફરી કોરોનાના કેસો વધ્યા છે ત્યારે ગુજરાતમાં કોરોનાકાળ બાદ પ્રથમવાર મ્યુકર માઈકોસીસના બે કેસ નોંધાતા આરોગ્યતંત્ર એલર્ટ થયુ છે. બન્ને કેસ ગાંધીનગર જીલ્લામાં નોંધાયા છે.

કોરોનાકાળ દરમ્યાન ડાયાબીટીસ, સ્ટીરોઇડ, રેમડેસીવીરના ઇન્જેકશન તથા ઓક્સિજન લેવાને કારણે દર્દીઓને ફૂગની બિમારી લાગતી હતી. ફૂગ મગજમાં જવાને કારણે દર્દીના મોત થવાના કિસ્સા પણ કોરોના બાદ સામે આવ્યા હતા જેને લઇને પણ ફફડાટ ફેલાયો હતો ત્યારે છેલ્લા ફક્ત ૧૫ જ દિવસમાં ગાંધીનગર સિવિલમાં આ મ્યુકર માઇકોસીસના બે કેસ પ્રકાશમાં આવ્યા છે જેના પગલે સિવિલનું મેડિસીન, ઇએનટી તથા ઓપ્થેલમો ડિપાર્ટમેન્ટ એલર્ટ થઇ ગયું છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, વાણસ ગામના ૫૫ વર્ષિય આધેડને સાઇનેસથી આ ફૂગ આગળ વધી હતી અને આંતરિક રીતે આ ફૂગ આગળ વધતા આંખ સુધી પહોંચતા ત્યાં બે જ દિવસમાં સોજો આવી ગયો હતો. જેની ઉંડાણપુર્વક નિદાન કરતા તેમને બ્લેક ફંગસ હોવાને પગલે સિવિલના આઇસીસીયુમાં દાખલ કરીને સઘન અને ખુબ જ ખર્ચાળ સારવાર આપવામાં આવી રહી છે. આવી જ રીતે કડીમાં રહેતા ૬૦ વર્ષિય પુરુષને પણ નાક અને આખની ભાગે સોજા ચઢી ગયા હતા અને અસહ્ય દુ:ખાવો થતો હતો એટલુ જ નહીં, આ ફૂગ ચિંતાજનક રીતે આગળ વધી રહી હતી જેથી ઓપ્થેલ્મો વિભાગના ડો. જીગીશ દેસાઇ અને એમની ટીમે આ દર્દીને તાત્કાલિક સારવાર શરૂ કરી હતી અને આ દર્દીની ડાબી આંખ પણ કાઢી નાંખી હતી જેથી ફૂગને મગજ સુધી જતી અટકાવી હતી.

## ધાર્મિક મહત્વ ધરાવતા 'ગયા' શહેરનું નામ હવે 'ગયાજી' કરાયું

પટણાઃ બિહારમાં થયેલી પ્રધાનમંડળની બેઠકમાં બૌદ્ધ ધર્મ માટે પૌરાણિક મહત્ત્વ ધરાવતા ગયા શહેરનું નામ બદલીને 'ગયાજી' કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. શહેરના પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને ગયા શહેરનું સન્માનજનક નામકરણ 'ગયાજી' કરવામાં આવ્યું છે. પ્રધાનમંડળની બેઠક પછી કેબિનેટના એડિશનલ ચીફ સેક્રેટરી ડો. એસ. સિદ્ધાર્થે કહ્યું હતું કે બોધગયામાં સતત પર્યટકોની સંખ્યા વધી રહી છે ત્યારે ગયાજી નામકરણ સાથે અહીં એક બૌદ્ધ ધ્યાન અને અનુભવ કેન્દ્રનું નિર્માણ પણ કરાવવામાં આવશે. સરકારને લાગે છે કે એનાથી ધાર્મિક પર્યટન વધશે અને રાજ્યકોષ પર એની અસર પડશે તેમ જ રોજગારીની તકો પણ વધશે. આ માટે ૧૬૫.૪૪ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.



## ભગવાન રૂદ્રનાથની ડોલીમાં 'બમબમ ભોલે'ના નાદઃ આવતીકાલે કપાટ ખુલશે

નવી દિલ્હીઃ પંચ કેદારમાં ચોથા કેદાર ભગવાન રુદ્રનાથની પાલખી ગોપેશ્વરના ગોપીનાથ મંદિરથી રૂદ્રનાથ માટે સવારે રવાના થઈ હતી. ગોપેશ્વરમાં આ ડોલી શિયાળામાં રહે છે. આ પ્રસંગે સેંકડો ભાવિકો મંદિરના પરિસરમાં ઉપસ્થિત રહ્યા હતા અને પરિસરનું વાતાવરણ 'બમ બમ ભોલે', 'હર હર મહાદેવ' અને 'જય બાબા રૂદ્રનાથ'ના નારાઓથી ગુંજી ઊઠ્યું હતું. ચોથા કેદાર રુદ્રનાથની ઉત્સવપ્રિય પાલખી પરંપરાગત સંગીત વાદ્યો સાથે પ્રસ્થાન થઈ હતી અને સ્થાનિક લોકોએ ભગવાન રૂદ્રનાથની પાલખીને વિદાય આપી હતી. ભગવાન રૂદ્રનાથ તેમના ઉનાળાના નિવાસસ્થાન કૈલાશ માટે રવાના થયા હતા. હિમાલયના મખમલી ઘાસનાં મેદાનોમાં સ્થિત, પંચ કેદારમાંના એક ભગવાન રૂદ્રનાથના દરવાજા રવિવારે બ્રહ્મમુહૂર્તમાં ખોલવામાં આવશે. સવારે સાત વાગ્યાથી ભાવિકો ભગવાન રૂદ્રનાથનાં દર્શન કરી શકશે.

## કાચબો ૫૧ દિવસમાં દરિયામાં એક હજાર કિ.મી.સુધી તરી શકયો !!



ઓડિશા,તા.૧૭

ઓડિશાના એક કાચબાએ કમાલ કર્યો છે. હિરગાથા બીચ પરથી ટ્રેકિંગ ડિવાઇસ સાથે છોડવામાં આવેલો આ કાચબો ૫ દિવસમાં લગભગ ૧,૦૦૦ કિ.મી. તરીને આંધ્રપ્રદેશના દરિયાકાંઠે પહોંચ્યો હતો. આ યાત્રામાં તે શ્રીલંકા, તમિલનાડુ અને પુડુચેરીના સમુદ્રમાંથી પણ પસાર થયો હતો. ૪ વર્ષ પહેલા ઓડિશામાં ટ્રેકિંગ ડિવાઇસમાંથી ટેગ કરવામાં આવેલા એક કાચબાએ મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાનાં એક બીચ પર ઇંડા મૂકવા માટે ૩,૫૦૦ કિ.મી.નો પ્રવાસ કર્યો હતો.

નિષ્ણાતો આને એક મોટી સિદ્ધિ માને છે, કારણ કે તે કાચબાના જીવન, પ્રવાસ અને આંખોને સમજવામાં મદદ કરશે. વન વિભાગ દર વર્ષે ૩૦૦૦ જેટલા કાચબા પર નજર રાખે છે, પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે એક લાખ કાચબાને ટેગ કરવાની જરૂર છે. તો જ તેમનાં જીવન જીવવાની રીતને યોગ્ય રીતે સમજી શકાશે. ગંજમ જિલ્લામાં રૂશીકુલ્યા નદીના મુખ પર અને પુરીમાં દેવી નદીના મુખ પર પણ કાચબા સામૂહિક રીતે માળો બાંધવા આવે છે.

### ગાઝા પર ઈઝરાયેલની વધુ એક એરસ્ટ્રાઈક

## ઈઝરાયેલના આતંકીઓ સામેના અભિયાનમાં નાગરિકોનો પણ ખાત્મો : ૧૦૮ના મોત

### હવાઈ હુમલામાં ૨૭ મહિલાઓ-૩૧ બાળકોના મૃત્યુ



ગાઝા,તા.૧૭

શુક્રવારે જ્યારે અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાનો પશ્ચિમ એશિયા પ્રવાસ પૂર્ણ કર્યો ત્યારે ગાઝા પર ઇઝરાયલી હુમલામાં ૧૦૮ લોકો માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા હતા. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે શુક્રવારના હવાઈ હુમલામાં ૨૭ મહિલાઓ અને ૩૧ બાળકો માર્યા ગયા હતા અને સેંકડો અન્ય ઘાયલ થયા હતા. ટ્રમ્પનો ગલ્ફ દેશોનો પ્રવાસ શુક્રવારે સમાપ્ત થયો. જોકે, ટ્રમ્પ આ પ્રસંગે ઇઝરાયલની મુલાકાતે ગયા ન હતા. લોકોને આશા હતી કે ટ્રમ્પની મુલાકાત યુદ્ધવિરામ અથવા માનવતાવાદી સહાયનો માર્ગ ખોલી શકે છે. ઇઝરાયલ દ્વારા ગાઝા પર લગાવવામાં આવેલી નાકાબંધી હવે ત્રીજા મહિનામાં છે. પોતાની મુલાકાતના છેલ્લા દિવસે અબુ ધાબીમાં એક બિઝનેસ ફોરમમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે તેઓ ગાઝા સહિત અનેક વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે અમે ગાઝાની પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ.

ઇઝરાયલે શુક્રવારે કહ્યું હતું કે તે ગાઝામાં આતંકવાદીઓ સામે પોતાનું અભિયાન ચાલુ રાખી રહ્યું છે અને ગત દિવસોમાં ૧૫૦ લક્ષ્યો પર હુમલો કર્યો છે.

## રાજકોટથી લાલકુઆં વચ્ચે સ્પેશ્યલ ટ્રેન દોડાવવામાં આવશે



મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે એ રાજકોટ થી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ ૧૪ ટ્રીપ્સ : ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૪.૦૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૧૯ મે, ૨૦૨૫ થી ૩૦ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૩.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૧૮ મે, ૨૦૨૫ થી ૨૯ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઇજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકંડ એસી, થર્ડ એસી અને સ્લીપર કલાસ ના કોચ હશે. ટ્રેન નંબર ૦૫૦૪૬ નું બુકિંગ ૧૭ મે, ૨૦૨૫ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## ચીનનો નવો ઘાતક પ્લાનઃ કિલ સ્વીચ જે દુશ્મનોના પાવર ગ્રીડને ક્ષણમાં કિલ કરે છે

### અમેરિકાના સોલાર ફાર્મમાં કેટલીક એવી વસ્તુઓ મળી આવી/ જેણે ગુપ્તચર એજન્સીઓની ઉંઘ હરામ કરી નાખી



નવીદિલ્હી,તા.૧૭

શું ચીન હવે સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને પણ હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે? અમેરિકાના સોલાર ફાર્મમાં મળી આવેલા ચીની 'કિલ સ્વિચ' ડિવાઇસે ગુપ્તચર એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે. શું ચીન હવે સૂર્યપ્રકાશને પોતાની મુઠ્ઠીમાં કેદ કરવા માંગે છે? અમેરિકાના સોલાર ફાર્મમાં ચીની કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલા ભાગોમાં કેટલીક એવી વસ્તુઓ મળી આવી છે જેણે આખી દુનિયાને હચમચાવી દીધી છે. આ 'કિલ સ્વીચ' છે, એક બટન જેને દબાવવાથી, ચીન અમેરિકા, બ્રિટન અને યુરોપના પાવર ગ્રીડને એક ક્ષણમાં નષ્ટ કરી શકે છે. જ્યારે એન્જિનિયરોને પાવર ઇન્વર્ટરની અંદર નાના કોમ્યુનિકેશન ડિવાઇસ મળ્યા ત્યારે ગુપ્તચર એજન્સીઓ સ્તબ્ધ થઈ ગઈ. આ ઇન્વર્ટર સૌર ઉર્જા પ્રણાલીઓનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે જે તેમને પાવર ગ્રીડ સાથે જોડે છે. સામાન્ય રીતે આ ઇન્વર્ટરને અપડેટ્સ અને સમારકામ માટે દૂરથી એક્સેસ કરી શકાય છે. પરંતુ સુરક્ષા માટે, ફાયરવોલ ઇન્સ્ટોલ કરવામાં આવે છે જેથી ચીન સાથે સીધો સંપર્ક ન થાય.

## ઑપરેશન સિંદૂર પછી સંરક્ષણ બજેટમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થઈ




નવીદિલ્હી,તા.૧૭

પહલગામ હુમલા પછી ભારતે કરેલા ઑપરેશન સિંદૂર બાદ ભારત હવે એના ૨૦૨૫-૨૬ના સંરક્ષણ બજેટમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો કરી શકે એમ છે અને એના પગલે સંરક્ષણબજેટ પાછળ કુલ ખર્ચ ૭લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ શકે છે. વધારાનું ભંડોળ આધુનિક શસ્ત્રોની ખરીદી, રિસર્ચ અને ડેવલપમેન્ટ તથા સ્વદેશી ડિફેન્સ ટેક્નોલોજીને ટેકો આપવા માટે વાપરવામાં આવશે.

આ મુદ્દે સૂત્રોએ જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર પછી પૂરક બજેટ દ્વારા ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની વધારાની જોગવાઈનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. એને સંસદના શિયાળુ સત્રમાં મંજૂરી મળી શકે છે.આ વર્ષે સંરક્ષણ માટે કેન્દ્રીય બજેટમાં રેકોર્ડ ૬.૮૧ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જે પાછલા નાણાકીય વર્ષ કરતાં ૯.૫૩ ટકા વધારે હતા.

ભારતીય જનતા પાર્ટી પ્રણિત નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ સરકાર સત્તામાં આવી ત્યારથી છેલ્લાં ૧૦ વર્ષમાં સંરક્ષણ બજેટમાં લગભગ ત્રણગણો વધારો જોવા મળ્યો છે. ૨૦૧૪-૧૫માં સંરક્ષણબજેટ ૨.૨૯ લાખ કરોડ રૂપિયા હતું. આ વર્ષે ૬.૮૧ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે કુલ બજેટના ૧૩.૪૫ ટકા છે.

# મુંબઈ એરપોર્ટથી ISISના બે આતંકી ઝબ્બે

## બે વર્ષથી વોન્ટેડ અને માથા પર ત્રણ લાખનું ઈનામ જાહેર થયુ હતુઃ ઈન્ડોનેશિયામાંથી પરત ફરતા જ પકડી લેવાયાઃ મોટા નેટવર્કનો પર્દાફાશ થવાની શંકા




મુંબઈ તા.૧૭

પહેલગામના ત્રાસવાદી હુમલા તથા ભારત-પાકિસ્તાન વચ્ચે તનાવની સ્થિતિમાં દેશભરમાં એલર્ટ છે ત્યારે આજે મુંબઈ એરપોર્ટથી આઈએસઆઈએસના બે ત્રાસવાદી પકડાતા ખળભળાટ સર્જાયો છે. બન્નેની ઉલટ તપાસ શરુ કરવામાં આવી છે અને કેટલાક ચોંકાવનારા ભેદ ખુલવાની શંકા વ્યક્ત થઈ રહી છે.

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા આઈએસઆઈએસમાં સ્લીપર સેલ રહેલા બે શખ્સોની મુંબઈ એરપોર્ટથી ધરપકડ કરવામાં આવી હતી. ભારતમાંથી આઈએસઆઈએસનો સફાયો કરવાના અભિયાન વચ્ચે બંને પકડાતા મહત્વની સફળતા ગણવામાં આવી રહી છે. પકડાયેલા બંને શખ્સોની ઓળખ અબ્દુલ્લા ફીયાઝ શેખ અને તલહાખાન તરીકે થઈ છે. તેઓ ઈન્ડોનેશિયાના જાકાર્તામાં છુપાયેલા હતા અને ભારત પરત ફરતા જ એરપોર્ટથી પકડી લેવામાં આવ્યા હતા.

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ જાહેર કરેલા સતાવાર નિવેદન પ્રમાણે મહારાષ્ટ્રના પુનામાં બોમ્બ બનાવવા અને તેના પરિક્ષણ કરવાના ૨૦૨૩ના કેસમાં બંને શખ્સો વોન્ટેડ હતા. આઈએસઆઈએસના નેટવર્કમાં સ્લીપર સેલ તરીકે કાર્યરત હતા અને ભારતમાં ત્રાસવાદી હુમલો કરવાના ષડયંત્રમાં સંડોવાયેલા હતા. બે વર્ષથી તેઓ નાસી ગયા હતા અને ભારત સરકાર દ્વારા તેમને ભાગેડુ જાહેર કરવામાં આવ્યા હતા. મુંબઈ ખાસ અદાલત દ્વારા બંને વિરુદ્ધ બીન જામીનપાત્ર વોરંટ પણ ઈશ્યુ કરવામાં આવ્યુ હતું અને ત્રણ લાખનું ઈનામ પણ ઘોષિત કરાયુ હતું.

તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, ૨૦૨૨ માં પુણેમાંથી કાર્યરત ISIS મોડ્યુલનો પર્દાફાશ થયા પછી, આ બંનેએ ભાગી જવાની યોજના બનાવી હતી. આ કાર્યવાહીને કારણે અનેક ધરપકડો થઈ હતી, જેમાં દોષિત આતંકવાદી સાકીબ નાચનના પુત્ર શામિલ નાચનની ધરપકડ પણ સામેલ હતી, જેને અમીર-એ-હિંદ (ભારતમાં ઈજઈજનો વડા) તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે બંને આરોપીઓ તેમના પરિવારો સાથે ભાગી ગયા હતા. તલ્હા ખાનની પત્ની અને બાળકી ૨ મે, ૨૦૨૨ ના રોજ ઓમાન ગયા હતા, ત્યારબાદ ખાન પોતે ૧૨ ઓગસ્ટના રોજ ઓમાન ગયા હતા. તેવી જ રીતે, ફયાઝ શેખની પત્ની અને બે બાળકો ૧૨ જૂનના રોજ ઓમાન ગયા હતા, જ્યારે શેખ ૧૫ જુલાઈના રોજ ગયા હતા. તેમના પરિવારો સાથેની તેમની સંકલિત ફ્લાઈટે તપાસને જટિલ બનાવી હતી અને વિદેશી એજન્સીઓ સાથે સતત રાજદ્વારી અને ગુપ્તચર સહયોગની જરૂર હતી.

## બે વર્ષ પૂર્વે પુનામાં બોમ્બ બનાવાનો વર્કશોપ યોજીને પરીક્ષણ કર્યુ હતું : નેટવર્કમાં યુવાનોની ભરતીમાં પણ સામેલ હતા

NIA અનુસાર, અબ્દુલ ફયાઝ શેખ અને તલ્હા લિયાકત ખાન, ISIS પુણે સ્લીપર મોડ્યુલના આઠ અન્ય સભ્યો સાથે, જેઓ પહેલેથી જ ધરપકડ હેઠળ છે અને ન્યાયિક કસ્ટડીમાં છે, તેમણે ભારતની શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાના હેતુથી આતંકવાદી કૃત્યો કરવાનું કાવતરૂ ઘડ્યું હતું. એજન્સીએ જણાવ્યું હતું કે આ જૂથ હિંસા અને આતંક દ્વારા દેશમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવાના ISISના કટ્ટરપંથી ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે ભારત સરકાર સામે યુદ્ધ છેડવાનો ઈરાદો ધરાવે છે.

NIA ચાર્જશીટ મુજબ, ISIS પુણે આતંકવાદી મોડ્યુલની તપાસમાં આરોપી ફયાઝ શેખની માલિકીની દુકાનમાં ઈમ્પ્રુવાઈઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) ના ઉત્પાદન, નિર્માણ અને પરીક્ષણ માટે એક ગુપ્ત વર્કશોપનો પર્દાફાશ થયો હતો. પુણેના કોંધવા વિસ્તારમાં ડાયપર સ્ટોર ચલાવવા બદલ 'ડાયપરવાલા' તરીકે જાણીતા શેખે એપ્રિલ ૨૦૨૨ માં ગુપ્ત સત્રનું આયોજન કર્યું હતું. ધરપકડ કરાયેલા આરોપી ઝુલ્ફીકાર અલી બરોડાવાલા, મોહમ્મદ ઈમરાન ખાન, મોહમ્મદ યુનુસ સાકી, સિમાબ નસિરુદ્દીન કાઝી અને અબ્દુલ કાદિર પઠાણ સહિત પુણે ISIS આતંકવાદી મોડ્યુલના તમામ સભ્યોએ વર્કશોપમાં ભાગ લીધો હોવાનું કહેવાય છે.

ધરપકડ કરાયેલા આરોપી શામિલ નાચન અને આકીફ નાચન IED ઉત્પાદન અને તાલીમ કવાયતમાં ભાગ લેવા માટે વિસ્ફોટક રસાયણો અને પ્રોસેસ્ડ પાવડર લઈને પુણે ગયા હતા. આ બંને તેમની મુલાકાત દરમિયાન વિસ્ફોટક સામગ્રી સાથે શેખના ઘરે રાત રોકાયા હતા.

અન્ય એક શંકાસ્પદ ફરાર આરોપી, તલ્હા લિયાકત ખાન, પણ પુણેનો રહેવાસી છે અને ફયાઝ શેખ (ડાયપરવાલા) સાથે સંકળાયેલો છે. તે પણ ISIS મહારાષ્ટ્ર આતંકવાદી મોડ્યુલમાં ભાગ લેનાર હોવાનું માનવામાં આવે છે અને IED વર્કશોપનું આયોજન કરવામાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### રતલામના ISIS મોડ્યુલમાં સક્રિય હતા

NIAના સૂત્રોએ જણાવ્યું હતું કે શેખ અને ખાન બંને કટ્ટરપંથી હતા અને ધરપકડ કરાયેલા માસ્ટરમાઈન્ડ ઈમરાન ખાનના નેતૃત્વ હેઠળ રતલામ સ્થિત ISIS મોડ્યુલ 'અલ સુફા'ના નિર્દેશો હેઠળ કામ કરતા હતા. તેના નિર્દેશ પર કાર્ય કરીને, આ બંનેએ પુણેમાં એક ગુપ્ત IED વર્કશોપનું આયોજન કરવામાં અને ISISના અન્ય કાર્યકરોને સામેલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આરોપીઓ ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા (ISIS) ની હિંસક અને ઉગ્રવાદી વિચારધારાનો પ્રચાર કરવામાં સક્રિયપણે સામેલ હતા અને આતંકવાદી હિંસાના પ્રારંભિક કૃત્યોમાં રોકાયેલા હતા, જેમાં સંગઠનમાં વ્યક્તિઓની ભરતીનો પણ સમાવેશ થતો હતો. તેઓએ ISIS ના સ્વ-ઘોષિત ખલીફા (નેતા) પ્રત્યે વફાદારી પણ લીધી હતી.

તા.૨૩-૨૪ આંદામાન-નિકોબાર સમુદ્રમાં દેશની મિસાઈલ શ્રેણીનું પરિક્ષણ

# હવે સમુદ્રમાંથી પણ ઉઠશે 'બ્રહ્મોસ'નું તોફાન



**ભૂમી અને હવાઈદળ બાદ નૌકાદળને પણ બ્રહ્મોસથી સજજ કરવા તૈયારી**

નવી દિલ્હીઃ પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરના સૈન્ય આક્રમણમાં ભારતે તેના ઘરઆંગણે નિર્મિત બ્રહ્મોસ મિસાઈલથી પાક.ના નુરખાન એરબેઝ સહિતના છ હવાઈ મથકનો ભુકકો બોલાવી દીધો. તેમાં ભૂમી પરથી અને હવામાંથી હવામાં પ્રહાર કરી શકતા બ્રહ્મોસ મિસાઈલનું શક્તિ પ્રદર્શન થઈ ગયુ છે અને હવે બ્રહ્મોસથી દરિયાઈ એડીશન પણ તૈયાર છે. જેમાં તા.૨૩-૨૪ મે ના રોજ આંદામાન-નિકોબારના સમુદ્રમાં ભારત બ્રહ્મોસનું પરિક્ષણ કરશે અને તેથી આ ક્ષેત્રમાં સાવધાની રાખવા ભારતે નોટમ ટુ-ચેરમેન- સી.એરીયા જાહેર કર્યુ છે. આ એક એવી સૂચના છે કે નોટીસ હેઠળ આવરી લેવાયેલા ક્ષેત્રથી વિમાન-જહાજોને દુર રહેવા માટે જણાવાય છે. ભારત હવે બ્રહ્મોસમાં દરિયાવાળી હવામાં અને જમીન પર કઈ રીતે પ્રહાર કરી શકાય તેનુ પરિક્ષણ કરશે. આમ હવાઈદળ અને ભૂમિદળને પણ બ્રહ્મોસ મિસાઈલથી સજજ કરાશે. બ્રહ્મોસ મિસાઈલની દુનિયાભરમાં માંગ છે. હાલમાંજ લખનૌમાં બ્રહ્મોસનું ટેસ્ટીંગ સેન્ટર શરૂ થયુ છે. ભારતમાં કુલ સાત સેન્ટરમાં બ્રહ્મોસનું ઉત્પાદન અને ટેસ્ટીંગ થાય છે. પછી ફિલ્ડ ટેસ્ટીંગ થાય છે. ભારતીય નૌકાદળના જહાજોમાંથી બ્રહ્મોસનો પ્રહાર કરી શકશે. પાક પાસે બ્રહ્મોસ મિસાઈલના જવાબ નથી અને તેના એરબેઝની તબાહીમાં પણ આ મિસાઈલનો પ્રહાર નિર્ણાયક રહેશે.

# યુએઈમાં ટ્રમ્પને તેલનું ટીપુ ભેટમાં મળ્યુઃ પ્રમુખ આશ્ચર્યમાં

## વિશ્વની સૌથી પ્રિમિયમ કવોલિટીનું મુરબાન ઓઈલની નાની શીશી ભેટમાં અપાઈ



વોશિંગ્ટનઃ ચાર દિવસથી ગલ્ફના દેશોની મુલાકાત પુરી કર્યા બાદ પરત વોશિંગ્ટન પહોંચેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેઓને જે 'ભેટ' સંયુક્ત આરબ અમીરાત તરફથી મળી તેનાથી નાખુશ છે. યુએઈએ તેના તેલક્ષેત્રનું સૌથી કિંમત જેને ગોલ્ડ સ્ટાન્ડર્ડ તરીકે ગણાવી શકાય તેવા મુરબાન- ઓઈલની એક શીશી અપાઈ હતી.

પણ ટ્રમ્પે કહ્યું કે મને તેલનુ એક ટીપું અપાયું છે. આ ક્રુડ ઓઈલ એ પૃથ્વી પરના ક્રુડતેલમાં સૌથી પ્રિમીયમ કવોલિટીનું છે. ટ્રમ્પે કહ્યું કે મને આ ભેટથી કોઈ રોમાંચ થયો નથી પણ તેઓએ જોક કરતા કહ્યું કે એકેય ટીપુ ન મળે તેના કરતા એક ટીપું મળ્યું તે પણ સારી બાબત છે. જો કે ટ્રમ્પે કહ્યું કે કોઈ ચિંતા નથી. ત્યાંથી ઘણા નાણા અમેરિકામાં આવશે. આ મૂરબાન ઓઈલમાં સલ્ફરનું પ્રમાણ અત્યંત ઓછુ હોય છે જેથી તે રીફાઈન કરવામાં સરળ છે. તેમાં જેટ ઓઈલ, ઉચ્ચ કક્ષાનો ગેસ અને હાઈબ્રીડ ડિઝલ બને છે. આ પ્રકારનું ૧.૬ બિલિયન ક્રુડ રોજ યુએઈ નિકાસ કરે છે.

# અસદુદીન ઔવેસ પણ પ્રતિનિધિમંડળમાં સામેલ



કેન્દ્રની મોદી સરકારના કડક ટીકાકાર રહેલા હૈદરાબાદના સાંસદ અને એઆઈએમઆઈએમના વડા અસદુદીન ઔવેસીને પણ સરકારે વિદેશ જનારા પ્રતિનિધિમંડળમાં સામેલ થવા આમંત્રણ આપ્યુ છે. આમ હવે આંતરરાષ્ટ્રીય મંચ પર ઓવેસી સરકારનો બચાવ કરશે.

મોદી સરકારનો માસ્ટર સ્ટોકઃ વિદેશ સાથે ઘરઆંગણે પણ સંદેશ

# શશિ થરૂરના નેતૃત્વમાં કનીમોઝી- સુપ્રીયા સુલે સહિત સાત સાંસદોનું ડેલીગેશન વિદેશ જશે



## આંતરરાષ્ટ્રીય સ્તરે પાકને ખુદ્દુ પાડવા યોજના, વિપક્ષી સાંસદોની પસંદગીથી પણ પોલીટીકસ ચર્ચાને વેગ

નવી દિલ્હીઃ ભારતે 'ઓપરેશન સિંદુર'નો જે ખોફ પાક.માં છે તેને યથાવત રાખવા હવે દેશના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને વિશ્વના અનેક દેશોમાં મોકલી પાકને ત્રાસવાદ મુદ્દે ખુલ્લુ પાડવા જે તૈયારી કરી છે. તેમાં કોંગ્રેસના સાંસદ અને વિદેશનીતિના નિષ્ણાંત ગણાતા શ્રી શશી થરૂર ઉપરાંત વિપક્ષની છાવણીમાંથી ડીએમકેના કનીમોઝી કરુણાનીધી એનસીપીમાંથી શરદ પવારના સાંસદ પુત્રી સુપ્રિયા શુલે અને બે સાથી પક્ષો જનતાદળ યુના સંજયકુમાર ઝા અને શિવકુમાર શિંદે જૂથના વડા મહત્વના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના સાંસદ પુત્ર શ્રીકાંત એકનાથ શિંદેને પસંદ કરીને ઘરઆંગણે પણ જબરો રાજકીય સંદેશ આપી દીધો છે.

શ્રી થરૂર અને ભાજપને ઈલુ-ઈલુ સતત વધી રહ્યું છે. ખાસ કરીને ઓપરેશન સિંદુરમાં શ્રી થરૂરે વડાપ્રધાન શ્રી મોદી પર પ્રશંસાના પુષ્પો વેરવામાં કોઈ કમી રાખી નથી અને તેઓ પર કોંગ્રેસ મોવડીમંડળ નારાજ છે તેની પણ ચિંતા કરી નથી અને સ્પષ્ટ કહ્યું છે કે જેમાં રાષ્ટ્રવાદનો મુદ્દો આવે તો તે સરકારની સાથે જ રહેશે. આમ તેઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પસંદ કરીને ભવિષ્યમાં તેઓ માટે ભાજપના દરવાજા ખુલ્લા હોવાનો સંકેત આપી દીધો છે. આ ઉપરાંત તામિલનાડુમાં ભાજપ અને ડીએમકેની સીધી ટકકર છે અને તેમાં ભાજપે કરુણાનીધીના પુત્રી અને સાંસદ કનીમોઝીને પસંદ કર્યા છે. આમ કનીમોઝીને પણ નેશનલ ડયુટીમાં જોડી દીધા છે અને તેઓ વિદેશમાં મોદી સરકારની નીતિઓનું સમર્થન કરશે. આ જ રીતે સુપ્રીયા સુલેને એનસીપીમાંથી પસંદ કર્યા છે. જે શરદ પવારના પુત્રી છે અને કેટલાક વખતથી હવે એનસીપીના બે જૂથો શરદપવાર, અજીત પવાર એક થઈ રહ્યા છે તેવા સંકેત છે અને તેમાં સુપ્રીયા સુલેને કેન્દ્રીય મંત્રીપદ પણ મળી શકે છે તેવી ચર્ચાએ આમ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે અને તેમાં ભાજપ માટે મુંબઈ સહિતની મહાપાલિકા મહત્વની છે. તે પુર્વે રાજયમાં એકનાથ શિંદે શિવસેના અને એનસીપી બન્નેને સાધવા પ્રયાસ કર્યા છે. કોંગ્રેસ એમ કહી શકે તેમ નથી કે શશી થરૂરની પસંદગી ખોટી છે. શ્રી થરૂર વિદેશનીતિના સૌથી વધુ નિષ્ણાંત કોંગ્રેસી છે. ભાજપમાંથી જો વરિષ્ઠ નેતાઓએ પુર્વ કાનૂનમંત્રી શ્રી રવિશંકર પ્રસાદ જેઓ લાંબા સમયથી પક્ષની ડયુટીમાં છે તેમને અને બિહારના જ જનતાદળ (યુ)ના શ્રી સંજયકુમાર ઝાને પસંદ કર્યા છે. બન્ને બિહારના છે અને હવે આગામી સપ્ટેમ્બરમાં બિહારની ચુંટણીઓ આવી રહી છે.

તા.૨૩થી ૧૦ દિવસ માટે તેઓ વિદેશમાં રહેશે. હવે આ તમામ સાતના નેતૃત્વ હેઠળ કુલ ૪૦ સાંસદો ઉપરાંત પુર્વ ડિપ્લોમેટ અને વિદેશ નિતીના જાણકાર હશે. અનેક સાંસદોને આ અંગે કોલ મળવા લાગ્યા છે. જેમાં અસુદીન ઔવેસીને પણ સરકાર વિદેશ મોકલશે. તેઓ અમેરિકા, બ્રિટન, યુએઈ, જાપાન, દક્ષિણ આફ્રિકા સહિતના દેશમાં જશે.

# શિકારી ખુદ શિકાર થઈ ગયો! પાક.ના ૬૦૦ જેટલા ડ્રોન ભારતે તોડી પાડયા

## ડમી એરક્રાફટથી પાકિસ્તાનને મૂર્ખ બનાવાયું, બાદમાં બ્રહ્મોસે એરબેઝનો વિનાશ કરી નાખ્યો



નવીદિલ્હી તા.૧૭

જયારે ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો, ત્યારે ગભરાયેલા પાકિસ્તાને ભારતીય લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયગાળા દરમિયાન, પાકિસ્તાન દ્વારા ડ્રોન દ્વારા મોટી સંખ્યામાં હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનને લાગતું હતું કે તુર્કીમાં બનેલા આ ડ્રોન ભારતનો નાશ કરશે. પરંતુ ભારતની વાયુ સંરક્ષણ પ્રણાલી દ્વારા તેમની ગેરસમજ દૂર થઈ ગઈ. ભારતની મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા પાકિસ્તાનના દરેક ડ્રોનને તોડી પાડવામાં આવ્યું. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય વાયુસેના અને સેનાના સંયુક્ત પ્રયાસોથી ૬૦૦ થી વધુ પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય સેનાએ પાકિસ્તાનના હુમલાઓને રોકવા માટે ૧૦૦૦ થી વધુ ગન સિસ્ટમ્સ અને લગભગ ૭૫૦ ટૂંકા અને મધ્યમ અંતરની મિસાઈલોનો ઉપયોગ કર્યો હતો. પાકિસ્તાન તરફથી હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી હતી. એક સંયુક્ત હવાઈ સંરક્ષણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી જ્યાં ભારતીય વાયુસેના અને સેનાએ સંયુક્ત રીતે આ કામગીરી હાથ ધરી હતી.

**ડમી એરક્રાફ્ટ દ્વારા પાકિસ્તાનને મૂર્ખ બનાવવામાં આવ્યું હતું**

સેનાએ વિમાન તરીકે ડ્રોન જેવા દેખાતા ડમી પ્લેન તૈયાર કર્યા. આ ડમી વિમાને પાકિસ્તાનને છેતર્યું. ડમી વિમાન જોઈને પાકિસ્તાનને લાગ્યું કે ભારતીય વિમાનો તેના ક્ષેત્રમાં ઘૂસી ગયા છે. પાકિસ્તાને પોતાનું હવાઈ સંરક્ષણ સક્રિય કર્યું. આ સાથે ભારતને તેનું સ્થાન ખબર પડી. પછી બાકીનું કામ બ્રહ્મોસ મિસાઈલ દ્વારા કરવામાં આવ્યું. પાકિસ્તાન ભારતની આ ચાલાકી સમજી શક્યું નહીં અને પોતાની નજર સામે પોતાના એરબેઝનો નાશ થતો જોતો રહ્યો.

# 'સિતારે જમી પર'ના સોશ્યલ મિડિયા પર બહિષ્કારના ટ્રેન્ડથી આમિરનું ડેમેજ કન્ટ્રોલ

## આમિરે પોતાના પ્રોડકશન હાઉસનો ડીપી બદલીને તિરંગાનો લોગો મુકયોઃ ઓપરેશન સિંદુરના નાયકોને રહી રહીને વધાવ્યા



મુંબઈ તા.૧૭

હાલમાં આમિરખાન તેની આગામી ફિલ્મ 'સિતારે જમી પર'ને લઈને ચર્ચામાં છે. સોશ્યલ મિડિયામાં તેની ફિલ્મનાં બહિષ્કારની માંગ કરાઈ છે. સોશ્યલ મિડિયામાં ફિલ્મનાં બહિષ્કારની માંગ કરી રહ્યા છે.યુઝર્સનું કહેવુ છે કે આમિરખાને ભારત-પાકિસ્તાનનાં તનાવ પર કંઈ નથી કહ્યું.

આ પરિસ્થિતિમાં આમિરે એક પગલુ ભર્યું છે અને લોકોનું પોતાની તરફ ધ્યાન ખેંચ્યુ છે. ખરેખર તો આમિરખાન પ્રોડકશને સોશ્યલ મિડિયા પર પોતાની ઈમેજ બદલી છે.પહેલા પ્રોડકશન હાઉસની ડીપી અધિકૃત લોગોની હતી હવે તેને બદલી તિરંગાની કરાઈ છે. આમીરખાનના આ પગલાને યુઝર્સ ડેમેજ કન્ટ્રોલ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે 'સિતારે જમી પર'નું ટ્રેલર જાહેર થયુ છે. ત્યારથી યુઝર્સ

જોકે બીજી બાજુ આમિરખાનનાં પ્રોડકશન હાઉસે સોશ્યલ મિડિયા પર લખ્યું છે-ઓપરેશન સિંદુરના નાયકોને સલામ, આપણા દેશની સુરક્ષા માટે તેમનાં સાહસ, બહાદુરી અને પ્રતિબદ્ધતા માટે આપણા સશસ્ત્ર દળોનો આભાર આપણા માનનીય વડાપ્રધાનને અને તેમનાં નેતૃત્વ અને દ્રઢ સંકલ્પ માટે ધન્યવાદ જયહિન્દ.

જોકે યુઝર્સે આ પોસ્ટને પબ્લિક સ્ટંટ કહી હતી.

'મુબારક હો તુમકો યે શાદી તુમ્હારી' ગીત ડીજે પર સાંભળતા

# દુલ્હન લગ્ન મંડપમાં ભાવુક થઈ રડી પડીઃ વિદાય વખતે નહિં, પ્રેમી સાથે લગ્ન થવાની ખુશીમાં



## લગ્ન પ્રસંગમાં હાજર સૌ કોઈની આંખો ભીની થઈઃ સોશ્યલ મિડિયામાં પ્રસંગનો વિડીયો વાયરલ

નવી દિલ્હી તા.૧૭

ઘણા લોકો માટે પ્રેમને લગ્નમાં બદલવો એક સપના જેવું હોય છે.જયારે આ પ્રેમ લગ્નમાં પરિણમે છે તો લાગણીઓ વહેવા લાગે છે તો લાગણીઓ વહેવા લાગે છે. હાલમાં જ સોશ્યલ મિડિયા પર એક વીડીયો વાયરલ થયો છે. જેમા આવી સુંદર અને ભાવુક પળો જોવા મળે છે. વીડીયોમાં દુલ્હન પોતાના દુલ્હાનો હાથ પકડીને સ્ટેજ પર ઉભી છે અને ફોટોગ્રાફર બન્નેની તસ્વીર લઈ રહ્યો છે.

દરમ્યાન ડીજે પર 'મૈને પ્યાર કિયા હે' ફિલ્મનું સુપરહીટ ગીત મુબાક્ક-મુબારક વાગવા લાગે છે. જેવી ગીતમાં આ લાઈન 'તુમ્હારે લીયે હૈ બહારો કા મૌસમ, ન આયે કભી ભી જિંદગી મેં કોઈ ગમ' આવે છે ત્યારે દુલ્હન ખુદને રોકી શકતી નથી અને તેની આંખોમાં આસુ ઉભરાઈ આવે છે.આ આંસુ ખુશીના છે.પ્રેમનાં લગ્નમાં પરિણમવાના

પુરો માહોલ ભાવુક બની જાય છે. ફોટોગ્રાફર દુલ્હનને શાંત પાડવાની કોશીશ કરી છે.પણ દુલ્હનની આંખોમાંથી આંસુ વહેતા અટકતા નથી. લગ્ન સમારોહમાં હાજર બધા લોકોની આંખો ભીની થઈ જાય છે.

સોશ્યલ મિડિયામાં આ વીડીયો વાયરલ થતાં યુઝર્સ તરફથી જોરદાર પ્રતિક્રિયા મળી રહી છે. ૫૦ લાખથી વધુ લોકોએ આ વીડીયો જોયો છે.૧ લાખથી વધુ લાઈક મળી છે. એક યુઝરે લખ્યુ- જેમને પોતાનો પ્રેમ મળી જાય છે. તે ખરેખર નસીબદાર છે.

# પાકિસ્તાનને સમર્થન આપવું તુર્કીને ભારે પડયું

## અજમેરમાં તુર્કીના સફરજનની ખરીદી પર વેપારીઓની રોક, કાશ્મીરથી ખરીદવા લાગ્યા



અજમેર(રાજસ્થાન),તા.૧૭

ભારત-પાકિસ્તાન તણાવ ઓછો થયો છે પરંતુ તેની અસર હજુ પણ જોઈ શકાય છે. રાજસ્થાનના અજમેરમાં, તુર્કીથી આવતા સફરજન અને કીવી પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. રાજસ્થાનના અજમેરમાં રહેતા સફરજનના વેપારી અર્જુન કહે છે, 'ભારત-પાકિસ્તાન તણાવ પછી, ત્યાંથી આવતા સફરજન અને કીવી પર સંપૂર્ણ પ્રતિબંધ છે.'

અર્જુન કહે છે, 'તુર્કીથી આવતા અન્ય કોઈપણ ફળો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે.' ટર્કિશ સફરજનને બદલે, લોકો કાશ્મીરી સફરજન ખરીદી રહ્યા છે. આ સમય દરમિયાન, તુર્કીએ પાકિસ્તાનને ટેકો આપ્યો છે, આરસપહાણ અને ફળના વેપારીઓએ તુર્કીએ સાથેના તેમના વ્યવસાય બંધ કરી દીધા છે.

ભારત-પાકિસ્તાન તણાવ દરમિયાન તુર્કીએ પાકિસ્તાનને ટેકો આપ્યો હતો. આ સમર્થન અનેક સ્વરૂપોમાં જોવા મળ્યું, જેમ કે તુર્કીના રાષ્ટ્ર પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગનની પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ સાથે ફોન પર વાતચીત, પાકિસ્તાનને ડ્રોન અને શસ્ત્રોનો પુરવઠો અને કાશ્મીર મુદ્દા પર પાકિસ્તાનના વલણને સમર્થન. તુર્કીએ 'ઓપરેશન સિંદૂર'ની નિંદા કરી અને જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની આંતરરાષ્ટ્રીય તપાસની માંગને સમર્થન આપ્યું હતું.

તુર્કી અને પાકિસ્તાન વચ્ચે ઊંડા ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સંબંધો છે. બંને દેશો મુસ્લિમ બહુમતી ધરાવતા છે અને તુર્કી પાકિસ્તાનને ઈસ્લામિક વિશ્વમાં એક મહત્વપૂર્ણ લશ્કરી અને પરમાણુ શક્તિ તરીકે જુએ છે. તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન ઈસ્લામિક વિશ્વમાં નેતૃત્વ સ્થાપિત કરવા અને ભૂતપૂર્વ ઓટ્ટોમન સામ્રાજ્યના વારસાનો લાભ લેવાની મહત્વાકાંક્ષા ધરાવે છે. પાકિસ્તાન, એક પરમાણુ શકિત તરીકે, આ વ્યૂહરચનામાં મુખ્ય ભાગીદાર છે.

# મૈ હું નાઃ એકલા રહેતા વૃદ્ધોનો સહારો બનશે નવો રોબોટ 'ઈ-બાર': નવિન શોધ



ન્યૂયોર્ક,તા.૧૭

ઝડપી જીવનશૈલીને કારણે પરિવારોમાં વૃદ્ધોની સંભાળ એક મોટી સમસ્યા બની રહે છે. જેને ધ્યાનમાં રાખીને અમેરિકાનાં વૈજ્ઞાનિકોએ સ્માર્ટ રોબોટ તૈયાર કર્યો છે. તે વૃદ્ધોને પથારીમાંથી બહાર નીકળવામાં અને ચાલવામાં મદદ કરી શકે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે એકલા રહેતાં વૃદ્ધો માટે આ ગેમ ચેન્જર બની શકે છે. આ રોબોટમા મૂડ ડિટેકશન, વાતચીત અને એકલતાને ઘટાડતા ફંકશન્સ ઉમેરવાનું કામ પણ ચાલી રહ્યું છે. મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (એમઆઇટી)ના વૈજ્ઞાનિકોએ આ રોબોટનું નામ 'ઇ-બાર' (એલ્ડર બોડી આસિસ્ટન્સ રોબોટ) રાખ્યું છે. એડવાન્સ સેન્સર, કેમેરા અને ફોલ-પ્રિવેન્શન ટેકનોલોજી તેને થોડીક સેકન્ડમાં એક્ટિવ કરી દે છે. જ્યારે બાથરૂમમાં લપસી જતાં અથવા સીડી ઉતરતા સંતુલન બગડે છે ત્યારે તે તરત જ બચાવવા આવી જાય છે. આ માત્ર શારીરિક મદદની વાત નથી. ચાલવા, સ્ટ્રેચિંગથી માંડીને વોઇસ કમાન્ડ લેવા જેવી એક્સરસાઇઝ કરવાથી લઇને રોબોટ વૃદ્ધોની સાથે ઊભો રહેશે.

**ભાવનાત્મક જરૂરિયાતોને પણ સમજશે :-**

એમઆઇટીના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ઇ-બાર કદાચ વૃદ્ધોને તેમનાં બાળકોની જેમ ઇમોશનલ કેર નહીં આપે, પરંતુ તે એકલતામાં ઘણી બાબતોમાં તેમની મદદ કરી શકે છે. વૈજ્ઞાનિકો એ દિશામાં પણ કામ કરી રહ્યાં છે કે રોબોટ્સ વૃદ્ધોની ભાવનાત્મક જરૂરિયાતોને સમજી શકે.

**સામાજિક નવીનીકરણ તરફ પ્રયાણ**

ભારતમાં પણ આ રોબોટ એક સોશિયલ ઇનોવેશન સાબિત થઇ શકે છે. ભારતમાં ૬૦ વર્ષથી વધુ વયની વસ્તી સતત વધી રહી છે. ૨૦૨૧માં આ આંકડો ૧૩.૮ કરોડ હતો. ૨૦૩૦ સુધીમાં તે ૧૯૦ મિલિયનને પાર થવાનો અંદાજ છે. ભારતીય શહેરો અને ગામડાંઓમાં, ઘણાં વૃદ્ધ લોકો એકલા રહે છે કારણ કે તેમનાં બાળકો અભ્યાસ અથવા નોકરી માટે બીજા શહેર અથવા દેશમાં ગયાં છે.

વાલીઓ ચેતજો : સમૂહ લગ્નના નામે આયોજકો ભાગી જાય છે, તો નકલી વસ્તુઓ પણ પધરાવે છે

# સમૂહ લગ્ન આયોજન : સેવા નહીં, ધતિંગ કરી પૈસા બનાવવાનું સાધન

**કુવાડવા પાસે થયેલ સમૂહ લગ્નમાં દાગીના નકલી આપ્યા, તો કરિયાવરમાં ૧૨૧ આઈટમ બ્રોશરમાં છપાઈ હતી ત્યારે અપાઈ ફક્ત ૫૦ જેટલી, અને તેમાંથી પણ અનેક આઈટમ ખરાબ નીકળી**

**શિવાજી સેનાના વિક્રમ સોરાણી, પિન્ટુ પટેલ (બોમ્બે સુપર સીડસ) દ્વારા વર પક્ષ તરફથી રૂા.૨૧૦૦૦ લેવામાં આવ્યા અને જાન વિદાય વખતે પરાણે કન્યા પક્ષ તરફથી રૂા.૨૧૦૦ લેવાયા : આ ઉપરાંત વ્યવસ્થા પણ નબળી, પીવાનું પાણી રૂા.૨૦ ની બોટલ રૂા.૪૦ માં વહેંચાતી હતી**

**ગત ૧૧ તારીખે પોલીસને લેખિતમાં ફરિયાદ આપનાર પરિવારમાં હજુ સુધી કોઈ એકશન નથી લેવાયા, પોલીસ શા માટે ચીટરોને છાવરે છે ? કોનું દબાણ છે ? ભાજપ સાથે સાંઠગાંઠની ચર્ચા**

**સૌરાષ્ટ્રનો સૌથી મોટો ૫૫૫ દીકરીઓનો સમૂહ લગ્નોત્સવનો દાવો પણ વર - કન્યા ૩૫૦ જેટલા હોવાની ચર્ચા : દાન ઉપરાંત વર કન્યા પાસેથી પૈસા લઈ, મોટા રાજકારણીઓને બોલાવીને વ્યક્તિગત મહત્વકાંક્ષા પૂરી કરાતી હોવાનો નિર્દેશ**

રાજકોટ: આજના યુગમાં અનેક પ્રકારની છેતરપીંડી થતી જોવા મળે છે. હવે ઈન્ટરનેટ યુગમાં ડીજીટલ ચીટીંગ પણ થતી હોય છે પરંતુ રંગીલા રાજકોટમાં એવો અજીબોગરીબ છેતરપીંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જે સાંભળીને પ્રથમ દ્રષ્ટીએ વિશ્વાસ જ નહીં કરી શકો. હાલ લગ્નસરાની મોસમ પુરજોશમાં ચાલી રહી છે. અનેકવિધ સમાજ અને સંસ્થાઓ સમૂહ લગ્નના આયોજન કરતી હોય છે.

**૨૨ ફેબ્રુઆરીના આયોજકો ફરાર થયા :**

રાજકોટ માધાપર ચોકડી નજીક આવેલી ADB હોટલ સામે આવેલા ગ્રાઉન્ડમાં ઋષિવંશી સમાજનાં નામે ૨૮ સર્વજ્ઞાતિય દીકરીઓનાં સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે બધા પરિવારો પાસેથી રૂા.૧૫ હજારથી ૪૦,૦૦૦ ઉઘરાવી લેવામાં આવ્યા હતા. જોકે આજે લગ્નના દિવસે સવારથી પરિવારો આવ્યા તો કોઈપણ આયોજકો હાજર હતા નહીં. જેથી છેતરપિંડી થયાનું લાગતા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો દોડી ગયો હતો.

રાજકોટમાં સર્વજ્ઞાતીય સમૂહ લગ્નના આયોજકો ફરાર થઇ જતા પોલીસ ટીમો દોડી આવી હતી અને વરઘોડીયા પરિવારોની વ્યથા સમજી પોલીસે માનવીય અભિગમ દાખવ્યો હતો ૨૮ યુગલો લગ્નગ્રંથીથી જોડાનાર હતા પરંતુ અનેક પરિવારો ચાલ્યા ગયા હતા. ત્યારે હાજર રહેલ ૭ નવદંપતીના લગ્ન પોલીસ અને સંસ્થાઓએ કરાવ્યા હતા. પોલીસે લગ્નની વ્યવસ્થા સાંભળી લીધી હતી અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા જમણવારનો ખર્ચ કરવામાં આવ્યો હતો

**કુવાડવા સમૂહ લગ્નોત્સવ :**

ગત ૨૭ એપ્રિલના રોજ શિવાજી સેના ફાઉન્ડેશન આયોજિત ૫૫૫ દીકરીઓના સમૂહ લગ્નોત્સવમાં ફરિયાદ સામે આવી હતી. ૧૧મે ના રોજ પોલીસમાં અરજી સંદર્ભે સોનલબેન નામના મહિલાએ જણાવ્યું કે પિતાશ્રીની આર્થિક સ્થિતિ નબળી હોવાથી શિવાજી સેના આયોજિત સર્વજ્ઞાતિ દીકરીઓનો ૨૬મો જાજરમાન સમૂહ લગ્નમાં પિતાશ્રીએ ફોર્મ ભરેલું હતું. અરજીમાં લખેલ છે કે પિતાશ્રીએ ફોર્મ ભર્યું ત્યારે આયોજકો જેમકે વિક્રમભાઈ સોરાણી, પિન્ટુ પટેલ, અક્ષયભાઈ ધાડવી એ જણાવેલ કે દીકરીઓને કરિયાવરમાં સોનાનું તેમજ ચાંદીનું દાન આપવામાં આવશે. આ ઉપરાંત વર પક્ષ તરફથી રૂા.૨૧૦૦૦ લેવામાં આવેલ. પછી લગ્ન બાદ જણાયું કે સોનાનો દાણો બગસરાનો ખોટો દાણો હતો, વીટી આપી તે પણ નકલી હતી, પગના કોયડા આપેલ તે પણ નકલી હતા, ચાંદીની વીટી ધાતુની છે, આ તમામ વસ્તુ સોનીને દેખાડવા ગયેલ ત્યારે ખબર પડી કે ધાતુની છે અથવા નકલી છે. દીકરી પાસેથી રૂા.૨૧૦૦ પણ લેવામાં આવેલ હતા. ત્યારબાદ સોનલબેને અનેક આયોજકો સામે છેતરપિંડી અંગે કેસ દાખલ કરવા લેખિતમાં અરજી આપી હતી.

આ ઉપરાંત વધુ એક દંપતીનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે અમો ખૂબ હેરાન થયા હતા. વ્યવસ્થાના નામે મીંડુ હતું. નિખિલભાઈ જેના લગ્ન થયા તેઓએ કહ્યું કે પાણી પણ વિનામૂલ્ય ન્હોતું અપાતું અને ૨૦ ની બોટલ ૪૦ માં વહેંચાઈ રહી હતી. કરિયાવરમાં ૧૨૧ વસ્તુઓ આપવાની વાત હતી પરંતુ ૫૦ જેટલી વસ્તુઓ આપી અને તેમાંથી પણ અનેક ખરાબ નીકળી.

**શ્રેષ્ઠ આયોજક :**

જોકે તમામ સમૂહ લગ્નોત્સવ એવા નથી હોતા. સુરતમાં મહેશભાઈ સવાણી સમૂહ લગ્નોત્સવની એક મિશાલ માનવામાં આવે છે અને ખરેખર તમામ ખર્ચ પોતે ભોગવે છે અને સાથે જાજરમાન લગ્નોત્સવનું આયોજન કરાતું હોય છે. તેઓ ૩૦૦૦ દીકરીઓ થી વધુના પિતા છે અને તમામ દીકરી જમાઈ સાથે તેઓ સતત સંપર્કમાં પણ રહેતા હોય છે. આ જ રીતે સૌરાષ્ટ્રમાં એવું નામ છે ધારાસભ્ય જયેશ રાદડિયાનું જે દોઢ થી બે લાખ લોકોને હાલના જાજરમાન સમૂહલગ્નમાં જમાડ્યા હતા અને ઉત્તમ વ્યવસ્થા કરી હતી.

## જે કોઈ દીકરીને હેરાનગતિ થઈ હોય તે મારો સંપર્ક કરે, દાતાઓએ આપેલી વસ્તુઓ બદલાવી આપવાની જવાબદારી અમારી : વિક્રમ સોરાણી

**દીકરી નિર્દોષ છે, પણ કંકોત્રીમાં જેના નામ રહી ગયા છે તેણે આ રીતે સ્ટંટ કર્યો છે, મારા વિરુદ્ધ ષડયંત્ર છે**






**રાજકોટ :** શિવાની સેના ફાઉન્ડેશનના પ્રમુખ વિક્રમ સોરાણીએ આ વિવાદને લઈને જણાવ્યું હતું કે આયોજકોને ક્યારેય કોઈ ખોટું દેવાની ઈચ્છા ન હોય, દાતાઓએ આપેલી વસ્તુ છે. તેમ છતાં કોઈ પણ દીકરીને તકલીફ થઈ હોય તો તેની વસ્તુઓ બદલવાની જવાબદારી આયોજક તરીકે તેની રહેશે. વિક્રમભાઈ સોરાણીએ જણાવ્યું કે જે વેપારીએ આવું ખોટું કર્યું છે તે અમારી લીગલ સેલ તપાસ કરી રહી છે. આ ઉપરાંત જે કોઈ આગેવાનના નામ કંકોત્રીમાં રહી ગયા છે તેઓ આ પ્રકારનો સ્ટંટ કરે છે તેવી માહિતી છે. વિક્રમભાઈએ અમુક




સોના દાગીનાના રિપોર્ટ પણ રજૂ કર્યા છે, અને કહ્યું પોલીસ જયારે કહે ત્યારે રિપોર્ટ રજૂ કરવા તૈયાર છીએ, તેવો એક વિડિઓ તેમના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર રિલીઝ કરાયો હતો.

## અરજદારે એરપોર્ટ સ્ટેશનના બદલે ભૂલથી અરજી કુવાડવામાં કરી, તો પોલીસે પણ ઢીલી નીતિ અપનાવી

**અમે અરજી હવે પોલીસ કમિશનર કચેરીએ લાવી, ત્યારબાદ એરપોર્ટ પોલીસ સ્ટેશને મોકલશું : પોલીસની કાચબા ગતિએ તપાસ**

ઘણી વખત સામાન્ય લોકોને ખબર નથી હોતી કે અરજી ક્યાં પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં કરવી જોઈએ, પણ તેનો મતલબ એ નથી થતો પોલીસ ઢીલી નીતિ અપાવે.

ગત ૧૧ મેના રોજ સોનલબેન નામના મહિલાએ કુવાડવા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની અરજી કરી હતી, પરંતુ તે અરજી એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં કરવાની હતી. આ ઈવેન્ટ એરપોર્ટ પોલીસ સ્ટેશનના હદવિસ્તારમાં યોજાઈ હતી તેથી ત્યાં રિપોર્ટ કરવાનું રહે છે.

ઉપરાંત, કોઈ સામાન્ય વ્યક્તિની ભૂલ થાય પણ પોલીસે તપાસ કરવાની બદલે ધીમી ગતિએ ચાલે અને આયોજકોને છાવરે તેવી એક છાપ ઊભી થઈ છે.

નામ બડે, ઔર દર્શન છોટે ..

## વિવાદ થયો એટલે તરત આયોજકમાંથી દાતા બની ગયો પિન્ટુ પટેલ

**કંકોત્રીમાં મસમોટું નામ અને ફોટો અને સાથે હોદ્દો - પ્રમુખ ગુજરાત રાજ્ય વેપારી સેલ શિવાજી સેના લખાયું છે અને આ ઉપરાંત કાર્યક્રમ પહેલા સ્થળ તપાસ કરી અને સાથે સ્વયંસેવકોને સૂચનાઓ પણ આપી હતી**

**વિક્રમ સોરાણીએ બાહેંધરી આપી છે કે પિન્ટુ પટેલ આયોજક નહીં, દાતા છે - તેવા મેસેજ પિન્ટુ પટેલે પોતાના મોબાઈલ પર થી વાયરલ કર્યા, તે પણ કોઈપણ પ્રકારના લેટર પેડ વગર.**






**રાજકોટ,તા.૧૭**

અમદાવાદ હાઈવે પર બોમ્બે સુપર સીડઝ અને યુએસએ ગ્લોબલ સીડઝ નામની કંપનીના પિન્ટુ પટેલ હાલ સમૂહ લગ્નને લઈને વિવાદમાં આવ્યા છે. દીકરીઓને નકલી દાગીના દીધા છે તેવી ફરિયાદ આવતા પોતે આયોજક નથી, ફક્ત દાતા છે તેવો સુર અપનાવ્યો છે અને જવાબદારી ખંખેરવાની વાત કરી છે. જોકે, કંકોત્રીમાં પ્રથમ પાને આયોજક તરીકે પોતાનો મોટો ફોટો, વિક્રમભાઈ સોરાણી સાથે જોવા મળે છે. પિન્ટુ પટેલના ફોટો નીચે લખાયું છે કે પ્રમુખ ગુજરાત રાજ્ય વેપારી સેલ શિવાજી સેના અને તેની બાજુમાં ફોટો છે વિક્રમ સોરાણી અને તેમના નીચે




લખ્યું છે અધ્યક્ષ શિવાજી સેના. આ આયોજન શિવાજી સેના ગુજરાત દ્વારા કરવામાં આવ્યું છે આ લખાણ બાદ પણ પોતાની જવાબદારી માંથી છટકવાનો કોશિશ કરતા પિન્ટુ પટેલ માટે નામ બડે ઔર દર્શન છોટે અને ખોટે જેવો ઘાટ ઊભો થાય છે. પિન્ટુ પટેલે ગઈકાલે પોતાના ફોન માંથી મેસેજ વાયરલ કર્યા જેમાં લખાયું છે કે હું વિક્રમ સોરાણી એવી બાંહેધરી આપું છું કે પીન્ટુભાઇ પટેલ કોઈ આયોજક તરીકેની ભૂમિકામાં નથી એ દાતાશ્રી તરીકેની ભૂમિકામાં છે અને એને અમને ખૂબ દાતાશ્રી તરીકે મહેનત કરેલી છે અને હેલ્પ કરેલી છે ફાઇનાન્સિયલ હેલ્પ કરેલી છે એ કોઈ આયોજક ટીમમાં છે નહીં અને એનું આયોજન ટીમ તરીકે કોઈ સ્થાન નથી એની ખાતરી આપું છું જોકે વિક્રમ સોરાણીને આ વાતની ખબર છે કે કેમ તે જોવાનું રહ્યું કારણકે આ પ્રકારનો મેસેજ કોઈ પણ અધિકૃત લેટર પેડ કે વિક્રમ સોરાણીના સહી સિક્કા સાથે નથી જણાતું.

## કુવાડવા પોલીસ સ્ટેશન કે બોમ્બે સુપર ? સ્પોન્સર સામે પોલીસ તપાસ કરવામાં "દાતા ગુમાવવાની" બીક?

**અન્ય પોલીસ સ્ટેશનમાં આ પ્રકારનું બોર્ડ નથી હોતું તો કુવાડવા સ્પેશ્યલ છે, કે પછી બોમ્બે સુપર ?**






રાજકોટ : કુવાડવા ખાતે ગત ૨૭ એપ્રિલના રોજ યોજાયેલ ૫૫૫ દીકરીઓના સમૂહ લગ્નોત્સવમાં અમુક દીકરીઓ દ્વારા ખોટા દાગીના અપાયા હોવાની ફરિયાદ સાથેની અરજી કુવાડવા પોલીસ સ્ટેશનમાં અપાઈ હતી. આયોજકોમાં વિક્રમ સોરાણી અને પિન્ટુ પટેલના નામનો ઉલ્લેખ છે. પિન્ટુ પટેલ બોમ્બે સુપર સીડસ સાથે જોડાયેલા છે અને મુખ્ય ડાયરેક્ટર છે. ત્યારે તેની કંપનીનું બોર્ડ કુવાડવા પોલીસ સ્ટેશન પર એ રીતે લગાવવામાં આવ્યું કે જેમકે કુવાવડા પોલીસ સ્ટેશન નહીં પરંતુ બોમ્બે સુપર પોલીસ સ્ટેશન હોય. અમુક હજારના બોર્ડના ખર્ચ કંપનીએ આપ્યો હોય ત્યારે આ પ્રકારનું મોટું બોર્ડ અન્ય ક્યાંય જોવા નથી મળ્યું.

પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન, મહિલા પોલીસ સ્ટેશનના અહીંયા ફોટો મુકાયા છે જેમાં આ રીતે કોઈ બોર્ડ નથી લગાડવામાં આવ્યું. ત્યારે કુવાડવા પોલીસની વાત કઈક અલગ છે. આ ઉપરાંત પિન્ટુ પટેલે પોલીસને અન્ય પ્રોજેક્ટમાં પણ અનુદાન આપ્યાનું જાણવા મળે છે. બોમ્બે સુપરના પિન્ટુ પટેલ વિરુદ્ધ અરજી પર હાલ પોલીસે કોઈ તપાસ નથી કરી તેથી અનેક પ્રશ્નો ઉભા થાય છે.

## ૨૦૦૦ કરોડના જમીન કૌભાંડમાં સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ અનંત પટેલ ઝબ્બે

સુરત તા.૧૭

સુરતના ડુમશ ખાતેના ૨૦૦૦ કરોડના ચકચારી જમીન કૌભાંડમાં ભાગેડુ સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ અનંત પટેલની મહારાષ્ટ્રના પુના ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. હવે આ કેસમાં નવા મોટા ખુલાસા થવાની શંકા વ્યક્ત થઈ રહી છે.

આ ચકચારી કેસ અંતર્ગત સુરત નજીક આવેલા ડુમશમાં સરકારી માલીકીની અંદાજીત રૂા.૨૦૦૦ કરોડની કિંમતની ૨.૧૭ લાખ ચો.મી. જમીન ગણોતીયાના નામે ચડાવીને બિલ્ડરને વેચી દેવાનું કૌભાંડ આચરવામાં આવ્યુ હતું. સરકારી જમીન પર ખેતી કરનારને ગણોતધારા હેઠળ જમીનની માલીકી ન મળતી હોવા છતાં તે તબદીલ કરી દેવામાં આવી હતી. રાજ્ય સરકાર સમક્ષ ફરિયાદ થયા બાદ તપાસ થઈ હતી અને કૌભાંડ ખુલ્લુ પડયુ હતું. સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ અનંત પટેલ ફરાર થઈ ગયા હતા. જેની સીઆઈડી ક્રાઈમે પુના ખાતેથી ધરપકડ કરી હતી.

## આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માતુશ્રી કમળાબેનનું અવસાન

ગાંધીનગર, તા. ૧૭

રાજયના આરોગ્ય મંત્રી અને વિસનગરના ધારાસભ્ય ઋષિકેશ પટેલના માતુશ્રી કમળાબેન ગણેશભાઇ પટેલનું અવસાન થતા રાજકીય ક્ષેત્રે શોકનો માહોલ સર્જાયો હતો. ૮૬ વર્ષીય કમળાબેનનું આજે સવારે દુઃખદ અવસાન થયું હતું. તેમની અંતિમ યાત્રા વતન વિસનગર ખાતેના તેમના નિવાસસ્થાનેથી સાંજે ૫ વાગ્યે નીકળીને સિધ્ધપુર મુક્તિધામ ખાતે અંતિમ વિધિ કરવામાં આવનાર છે.

## સૈન્ય પણ મોદીને નમન કરે છે તેવા મધ્યપ્રદેશના નાયબ મુખ્યમંત્રીના વિધાનના બચાવમાં આવ્યું ભાજપ

ઓપરેશન સિંદુર પછી અનેક રાજકીય નેતાઓ જે રીતે બફાટ કરી રહ્યા છે તેમાં મધ્યપ્રદેશના નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવડાએ એવું વિધાન કર્યુ હતું કે યશસ્વી પ્રધાનમંત્રી કો હમે ધન્યાવાદ દેના ચાહીએ ઔર પૂરા દેશ, દેશ કી સેના ઔર સૈનિકો ઉનકે ચરણા મેં (મોદીના ચરણોમાં) નતમસ્તક હૈ. તેમના વિધાનો પર દેશની સેનાને જે રીતે વડાપ્રધાન મોદીના ચરણોમાં નતમસ્તક કહેવાયું તે મુદે વિવાદ સર્જાયો હતો પણ ભાજપે બચાવ કરતા કહ્યું કે કોંગ્રેસ એટલા માટે નાયબ મુખ્યમંત્રીને ટાર્ગેટ કરે છે કારણ કે તે દલિત છે અને આટલા ઉચ્ચ સ્થાને પહોંચી શકયા છે.

## સુપ્રિમ કોર્ટમાં જ પોતાની છેડતી થયાનો બોલિવૂડ એક્ટ્રેસ નિમિત કૌરનો ખુલાસો

**એક હાઈ પ્રોફાઈલ કેસ જોવા હું કોર્ટમાં ગઈ હતી ત્યારે એક શખ્સે મારા પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ કરેલોઃ એકટ્રેસ**

નવીદિલ્હી,તા.૧૭

બોલિવૂડ હોય કે ટીવી સેલિબ્રિટી... ઘણી અભિનેત્રીઓએ છેડતીનો સામનો કર્યો છે અને તેમણે ઈન્ટરવ્યૂમાં ખુલ્લેઆમ આ વાતનો ખુલાસો કર્યો છે. તાજેતરમાં જ નિમ્રિત કૌર આહલુવાલિયાએ પોતાની સાથે થયેલી છેડતી વિશે જણાવ્યું છે. ચોંકાવનારી વાત એ છે કે નિમ્રિતની છેડતી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી.

બિગ બોસ સીઝન ૧૬ માં જોવા મળેલી નિમ્રિત કૌર આહલુવાલિયાએ એક ઇન્ટરવ્યૂમાં આ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. અભિનેત્રીએ જણાવ્યું કે, 'મારે એક વખત સુપ્રીમ કોર્ટની અંદર છેડતીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે સુપ્રીમ કોર્ટમાં એક વરિષ્ઠ વકીલનો કેસ ચાલી રહ્યો હતો અને તે આ હાઇ પ્રોફાઇલ કેસ જોવા માટે હું કોર્ટમાં ગઈ હતી. ત્યારે મારી સાથે આ ઘટના બની હતી.'



નિમ્રિતે આ મામલે વધુમાં જણાવ્યું કે, 'તે સમયે કોર્ટ રૂમ લોકોથી ભરેલો હતો. ત્યારે કોઈનો હાથ મારા પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ કર્યો. જોકે એક ક્ષણ માટે મને લાગ્યું કે હું વધુ પડતું વિચારી રહી છું, કારણ કે તે જગ્યા ખૂબ ભીડવાળી હતી. પણ જ્યારે મે ફરીને જોયું ત્યારે એક માણસ મારી પાછળ ઊભો હતો અને મને જોઈ રહ્યો હતો. તેથી હું બીજી જગ્યાએ ગઈ, પરંતુ તે માણસ ત્યાં પણ આવ્યો અને પહેલા મારાના હાથને સ્પર્શ કર્યો અને પછી મારા પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ કર્યો. આ ઘટનાથી હું ખૂબ જ ડરી ગઈ.

અભિનેત્રીએ એ પણ ખુલાસો કર્યો કે, 'જોકે મને ડરતી જોઈને એક મહિલા વકીલ ત્યાં આવી અને તે પુરુષને જોરથી થપ્પડ મારી. પછી પોલીસ પણ આવી અને કોર્ટમાં ઘણો હોબાળો થયો.' હતો.

## કેદારનાથમાં લેન્ડીંગ સમયે હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત પાયલોટનો બચાવ

**હેલિ એમ્બ્યુલન્સ દર્દીને લેવા માટે કેદારનાથ જતી હતી, ત્યારે દુર્ઘટના સર્જાઈ**



દહેરાદુન તા.૧૭

કેદારનાથ ધામમાં લેન્ડીંગ સમયે એક હેલિ એમ્બ્યુલન્સ હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ હતું આ હેલીકોપ્ટરનો પાયલોટ સુસંગત છે. આ હેલિકોપ્ટર ઓક દર્દીને લેવા ઋષિકેશથી કેદારનાથ જઈ રહ્યું હતું એમ્સનાં પ્રવકતાએ જણાવ્યું હતું કે હાર્ડ લેન્ડીંગ દરમ્યાન આ હેલીકોપ્ટર તૂટી પડયુ હતું. હેલિકોપ્ટરની ટેલનો ભાગ તૂટી ગયો છે. કોઈ ઘાયલ નથી થયુ હેલીકોપ્ટરમાં માત્ર પાયલોટ જ સવાર હતો ઉલ્લેખનીય છે કે ૨૯ ઓકટોબર ૨૦૨૪ ના પીએમ મોદીએ એમ્સની હેલી એમ્બ્યુલન્સ સેવા સંજીવનીનો આરંભ કર્યો હતો.

## ભારતે ડમી વિમાન મોકલી પાકિસ્તાનની આંખમાં ધૂળ નાખી તબાહી બોલાવેલી

**પાક.ડમી વિમાનને રાફેલ સમજી બેઠું હતું**

નવીદિલ્હી,તા.૧૭

ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ દરમિયાન, ભારતીય વાયુસેનાએ ઓપરેશન સિંદૂરમાં એક અનોખી અને ચતુરાઈભરી રણનીતિ અપનાવી. ૯-૧૦ મેની રાત્રે, આઈએએફ એ માનવરહિત ડ્રોન (યુએવી) નો ઉપયોગ કર્યો જે સુખોઈ-૩૦ અને એમઆઈજી-૨૯ જેવા ફાઈટર જેટ જેવા દેખાતા હતા.

સામાન્ય રીતે ભારતીય દળો તેમના મિસાઇલ પરીક્ષણો દરમિયાન તેમના લક્ષ્યો પર તેનો ઉપયોગ કરે છે. આ નકલી વિમાનોએ પાકિસ્તાન વાયુસેના અને તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીને ભ્રમમાં મૂકી દીધા હતા. જેના કારણે ભારતને ૧૧ પાકિસ્તાની એરબેઝ પર સચોટ હુમલા કરવાનો મોકો મળ્યો હતો.

ઓપરેશન સિંદૂરમાં, ભારતે તા.૬ થી ૧૦ મે દરમિયાન પાકિસ્તાની આતંકવાદી ઠેકાણાઓ અને નૂર ખાન, સરગોધા અને ભોલારી એરબેઝ જેવા લશ્કરી સ્થાપનો પર હુમલો કર્યો હતો. આ હુમલાઓમાં ૧૫ બ્રહ્મોસ મિસાઇલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે પાકિસ્તાનના હવાઈ સંરક્ષણને ભારે નુકસાન થયું હતું. પરંતુ આ હુમલાઓની સફળતા પાછળનું રહસ્ય આઈએએફ ની નવી રણનીતિ હતી, જેમાં નકલી ડ્રોનનો ઉપયોગ વિમાનોની જેમ કરવામાં આવતો હતો.

આઈએએફ એ માનવરહિત ડ્રોનને એવી રીતે ડિઝાઇન કર્યા છે કે તેઓ રડાર અને ઇન્ફ્રારેડ સિગ્નલોમાં સુખોઈ-૩૦એમકેઆઈ અને એમઆઈજી-૨૯ જેવા ફાઈટર એરક્રાફ્ટ જેવા દેખાય છે. આ ડ્રોન પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ પ્રણાલી માટે ખરેખર ખતરો હોય તેવું લાગતું હતું. આ યુક્તિ નીચેની રીતે કામ કરતી હતી

આ નકલી ડ્રોનથી પાકિસ્તાનની ચીની એચક્યુ-૯ મિસાઇલ સિસ્ટમ સક્રિય થઈ. પીએએફ ફાઈટર વિમાનોને ખોટી જગ્યાએ મોકલવામાં આવ્યા હતા. આનાથી પાકિસ્તાનના રડાર અને કમાન્ડ સેન્ટરની સ્થિતિ ખુલ્લી પડી ગઈ હતી.

# વાતોના વડા બંધ કરો; ડામર રોડ સહિત પ્રિ-મોન્સુન કામ શરૂ કરવા કોંગ્રેસનું એક સપ્તાહનું અલ્ટીમેટમ

## મહાપાલિકા કામગીરી કરી શકે તેમ ન હોય તો વિપક્ષ કામ શરૂ કરશે : મેયર અને કમિશ્નરને શહેર પ્રમુખ-વિપક્ષી નેતાનો પત્ર : મીટીંગ જ મળી નથી ત્યારે કામ શરૂ કરવાની વાત ખોટી

## પાઈપલાઈનના ખાડા પર પુરાણ કરવા, ડ્રેનેજ સફાઈ, વૃક્ષોના ટ્રીમીંગ, આજી નદી અને રામનાથ મંદિરે સઘન સફાઈ, ભયગ્રસ્ત મિલ્કતો ઉતારવા અને કંટ્રોલ રૂમ તાબડતોબ શરૂ કરવા વિસ્તૃત પત્ર

રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં બે દિવસ પહેલા સાંજે ખાબકેલા ધોધમાર બે ઇંચ વરસાદથી અનેક વિસ્તારો પાણી સાથે જળબંબાકાર બની ગયા હતા. તેમાં પણ વોર્ડ નં.૭ના ગવલીવાડ વિસ્તારમાં ઘરોમાં પાણી ઘુસી જતા ઘરવખરીને નુકસાની પણ થઇ હતી. આ સાથે જ ચોમાસા પૂર્વે મનપાના પ્રિ-મોન્સુન પ્લાનની તૈયારીનું પણ ધોવાણ થઇ જતા ચોમાસામાં લોકો ખુબ હેરાન થાય તેવી ભીતિ છે. આ સંજોગોમાં આજે વિરોધ પક્ષ કોંગ્રેસે મેયર અને કમિશ્નરને પત્ર લખીને જો કોર્પો. આ કામગીરી કરી શકે તેમ ન હોય તો કોંગ્રેસ પોતાની ટીમ સાથે પ્રિ-મોન્સુન કામગીરી શરૂ કરશે તેવી ચીમકી આપી છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને વિરોધ પક્ષના નેતા વશરામભાઇ સાગઠીયાએ આજે મેયર અને કમિશ્નરને રજુઆત કરી હતી. તેમાં જણાવ્યું હતું કે, કોર્પોરેશનમાં મિટીંગોના નામે 'વાતોના વડા' બંધ કરી શહેરમાં તત્કાલ પ્રિમોન્સુન કામગીરી શરૂ કરાવવાની જરૂર છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રિ-મોન્સુન કામગીરી કરી શકે તેમ ન હોય તા શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને મ્યુનિ.વિપક્ષી નેતા વશરામ સાગઠિયાની આગેવાનીમાં કોંગ્રેસના હોદેદારો, આગેવાનો અને કાર્યકરો પ્રિ-મોન્સુન કામગીરી શરૂ કરશે. શહેરમાં હાલ જરૂરી અલગ અલગ ૨૧ પ્રકારની કામગીરી શરૂ કરવાની જરૂર છે. જે માંગણી સાથે મેયર અને મ્યુનિસિપલ કમિશનરને કોંગ્રેસે એક સપ્તાહનું અલ્ટિમેટમ આપ્યું છે.

કોંગી નેતાઓએ જણાવ્યું છે કે, હજુ સુધી ચાલુ વર્ષ ૨૦૨૫નો પ્રિ-મોન્સુન પ્લાન બન્યો પણ નથી જે બાબત ખૂબ જ શરમજનક છે, જો પ્રિ-મોન્સુન પ્લાન બની ગયો છે તેવો તંત્રવાહકોનો દાવો સાચો હોય તો પ્લાનની વિગતોની નાગરિકોની જાણ માટે સતાવાર રીતે પ્રેસ રિલીઝ મારફતે જાહેર કરે તેવી કોંગ્રેસની ચેલેન્જ છે. પ્રિમોન્સુન કામગીરી માટે હજુ સુધી મિટિંગ પણ બોલાવાઇ નથી તો કામગીરી શરૂ કરવાની તો વાત ક્યાં રહી?

કોંગ્રેસ જે મુદ્દાઓ પર ધ્યાન દોયુ છે તેમાં રાજમાર્ગો અને રહેણાંક સોસાયટીઓના રસ્તાના તમામ ખાડા તત્કાલ રિપેર કરવા, ડીઆઈ પાઇપલાઇન નેટવર્કનું કામ પૂર્ણ થયું હોય યોગ્ય રીતે પુરાણ કરી ડામર, ડ્રેનેજ ગટરના તમામ ઢાંકણાનું ચેકીંગ, રીપેર, લાઇફ સફાઇ, સ્ટ્રીટલાઇટોની વોર્ડ વાઇઝ ફેરણી, નવરીધૂપ બેઠેલી ગાર્ડન શાખા પાસે સ્ટ્રીટ લાઈટોના પ્રકાશને અવરોધતા વૃક્ષોના ડાળખાં પાંદડા દૂર કરાવવા, ચોમાસા પૂર્વે વોંકળા સફાઇ, વોંકળામાં પાણીનું વહેણ અવરોધતા ગેરકાયદે બાંધકામો દૂર કરવા, આજી નદીમાં તેમજ રામનાથ મહાદેવ મંદિર પાસે સઘન



સફાઇ, ભયગ્રસ્ત મિલકતોનો સર્વે કરી નોટિસો આપી અતિ ભયગ્રસ્ત મિલકતો તા.૧૫ જૂન સુધીમાં ખાલી કરાવવા સૂચન કર્યુ છે.

વધુમાં કોંગ્રેસે જણાવ્યું છે કે, ચોમાસામાં વરસાદી પાણીના નિકાલ માટે મોન્સુન કંટ્રોલ રૂમ, વૃક્ષોની ફરિયાદ માટેના નંબર, ટ્રાફિક સિગ્નલ મેન્ટેનન્સ જરૂરી છે, ડામર કામ રોડની બંને તરફ યોગ્ય ઢાળ હોય તે રીતે કરવામાં આવે, ભારે વરસાદ વખતે ફાયર સ્ટેશનોના ફોન ઠપ્પ ન થાય તે માટે દરેક સ્ટેશનમાં એકથી વધુ લેન્ડલાઇન ટેલિફોન નંબર ફાળવવો જોઇએ. ફક્ત ફાયર બ્રિગેડ જ નહીં તમામ બ્રાન્ચના શાખા અધિકારીઓ પાસેથી પ્રિ મોન્સુન કામગીરીનો વોર્ડ વાઇઝ અહેવાલ લઇ, યોગ્ય કામગીરી કરી ન હોય તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા, ચોમાસામાં વરસાદ હોય ત્યારે દર કલાકે વરસાદની વિગતો તેમજ આજી-૧ અને ન્યારી-૧ ડેમની સ્થિતિની લેટેસ્ટ વિગતો નાગરિકો જોગ જાહેર કરવાની વ્યવસ્થા કરવી જોઇએ.

ચોમાસામાં સૌથી વધુ ફરિયાદો ડ્રેનેજ છલકાવાની, ચોક અપ-જામ થવાની, ડ્રેનેજનું ગંદુ પાણી પીવાના પાણી સાથે ભળી જવાની આવે છે. ખાસ કરીને આ ફરિયાદો દિવસો સુધી ઉકેલાતી નથી, ફરિયાદ કેન્દ્રોના ફોન કોઈ ઉપાડતું નથી, કોન્ટ્રાકટરનો સ્ટાફ ફરિયાદ ઉકેલવાના પૈસા પેટે રૂ.૧૦૦થી ૫૦૦ જેવી રકમ પણ વસુલે છે. આવું ન થાય તે માટે જરૂરી કાર્યવાહી અત્યારથી કરવી જોઇએ.

શહેરના મુખ્ય કનક રોડ ફાયર સ્ટેશનના ૫૦ વર્ષ જૂના બિલ્ડિંગમાં તેમજ ત્યાં આગળના મુખ્ય કંટ્રોલ રૂમમાં વરસાદી પાણી ટપકવાની સમસ્યા દૂર કરવાની જરૂર છે. ચોમાસા પૂર્વે શહેરના તમામ વોર્ડમાં સઘન સ્વચ્છતા ઝુંબેશ, નવા ભળેલા ગામો સહિતના વિસ્તારોનો સમાવેશ થાય તે રીતે નવેસરથી પ્રિ-મોન્સુન પ્લાન તૈયાર કરાવો જોઇએ કારણ કે વર્ષોથી એકનો એક જ પ્લાન ફક્ત વર્ષ ફેરવીને જાહેર કરાય છે જે હવે જનતા પણ જાણે છે.

શહેરના રોડ ઉપર થર્મો પ્લાસ્ટ પેઇન્ટ કરવામાં આવે તો ચોમાસામાં અકસ્માતો અટકશે. ઉપરાંત ટ્રાફિક સર્કલ, ટ્રાફિક આઇલેન્ડ, રોડ ડીવાઈડરમાંના વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવે તો વળાંક વળતી વાહનચાલકો યોગ્ય રીતે રસ્તો જોઇ શકે, ટ્રાફિક વિઝિબિલિટી ડિસ્ટર્બ ન થાય તેમ કોંગ્રેસે રજુઆતના અંતે જણાવ્યું છે.

# પોલીસ કમિશ્નર કચેરી સામે તોતીંગ વૃક્ષ ધરાશાયીઃ બે ઘવાયા

## પોલીસની પીસીઆર વાન સહિત પાંચ બાઈકને સામાન્ય નુકશાન ટ્રાફિકજામ થતાં મનપા ગાર્ડન શાખાની મદદ લેવાઈઃ બેરીકેટ મુકી માર્ગ થોડી મીનીટો બંધ કરાયો : કટીંગ કરી વૃક્ષ હટાવાયું









આજે બપોરના સમયે ધોમધખતા તાપમાં પોલીસ કમિશ્નર કચેરી સામે અચાનક એક લીલુછમ તોતીંગ વૃક્ષ ધરાશાયી થઈ પોલીસની પીસીઆર વાન અને બાઈક માથે પડતા નીચે ઉભેલા લોકોમાં દોડધામ મચી હતી એક પોલીસમેન ટ્રાફિક વોર્ડનને ઈજા થતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.રાજકોટ શહેરમાં આજે ભરબપોરે વરસાદ કે ભારે પવન વિના પોલીસ કમિશ્નરની કચેરી સામે લખાઈ આંબલીનું લીલુછમ વૃક્ષ ધરાશાયી થતાં નીચે ઉભેલા પોલીસ કર્મી નરપતસિંહ જાડેજા અને ટ્રાફિક વોર્ડન પ્રવિણભાઈ એ ચાવડા (ઉ.વ.૨૦)ને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. નરપતસિંહને સામાન્ય ઈજા થતા રજા અપાઈ હતી જયારે પ્રવિણભાઈ ચાવડાને દાખલ કરાયા હતાં.

અચાનક જ વૃક્ષ ધરાશાયી થતાં નીચે પાર્ક થયેલી પોલીસની પીસીઆર વાન અને પાંચ જેટલા બાઈકોને સામાન્ય નુકશાન થયુ હતું. બનાવને પગલે ટ્રાફિકને અસર પડી હતી એક સાઈડનો માર્ગ બંધ થતા મનપા ગાર્ડન શાખાની મદદ માંગી ફુલછાબ ચોક અને જિ.પ.ચોક થોડી મીનીટો માટે બેરીકેટ મુકી ડાયવર્ટ કરાયા બાદ ધરાશાયી વૃક્ષ હટાવી લેવાયા બાદ માર્ગને ફરી ખુલ્લો મુકવામાં આવ્યો સદ્‌ભાગ્યે આ ઘટનામાં મોટી જાનહાની ટળી હતી. **(તસ્વીરઃ પંકજ શીશાંગીયા)**

# તો તમારી મોબાઈલ સેવા બંધ કરવી પડશેઃ વોડાફોન આઈડીયાએ હાથ ઉંચા કર્યા

## સરકારી દેવુ માફ કરવા માંગઃ સરકાર માટે અગાઉ બે વખત ઉગાર્યા પછી હવે ધર્મસંકટ

નવી દિલ્હીઃ દેશની સૌથી ગ્રાહક ધરાવતી અને લાંબા સમયથી નાણાકીય મુશ્કેલી ભોગવી રહેલી ટેલીકોમ કંપની વોડાફોન-આઈડીયાએ ફરી સરકાર પાસે મદદની માંગ કરી છે અને સાથે ચેતવણી આપી છે કે તો સરકાર તેને ઉગારશે નહી તો તે આગામી વર્ષ પછી તેની મોબાઈલ સેવા ચાલુ રાખવાની સ્થિતિમાં નહી હોય. વોડાફોન પાસે સરકારના રૂા.૩૦૦૦૦ કરોડના લેણા છે તે માફ કરવા માંગ કરી છે. અગાઉ વોડાફોન-આઈડીયાના લેણા પેટે સરકારે કંપનીના શેરમાં રૂપાંતર કરી લીધુ હતું. જેના કારણે આ ખાનગી ટેલીકોમ કંપનીના ૪૯% શેર સરકાર પાસે થઈ ગયો છે. કંપનીએ કુલ રૂા.૧.૯૫ લાખ કરોડની રકમ સરકારને ચૂકવવાની છે પણ તે કોઈ રૂપિયા આપી શકી નથી.



હાલ દેશના ૧૮% ગ્રાહકો વોડાફોન આઈડીયા સાથે જોડાયેલા છે અને સરકારે ટેલીકોમ કંપનીઓ સ્પર્ધા રહે તેથી વોડાફોન-આઈડીયાને ટકાવી રાખવા તેને સતત મદદ કરે છે. કંપનીએ દાવો કર્યો છે કે તેને હવે બેન્કો કે કોઈ અન્ય માર્ગ પણ નાણા મળતા નથી અને તેથી તેનો ટેલીકોમ બિઝનેસ ચાલી શકે તેમ નથી.

હાલ દેશમાં જીયો-રીલાયન્સ-ભારતી એરટેલ એ આજે ખાનગી ઉપરાંત બીએસએનએલ એ સરકારી કંપની ઉપરાંત વોડાફોન-આઈડીયા એમ ચાર કંપનીઓ મોજૂદ છે.

સરકારે બીએસએનએલને ટેકો આપીને તેનો ખર્ચ ઘટાડીને નફામાં લાવી છે તો હવે વોડાફોન આઈડીયાને તેના મોતે મરવા દેશે કે પછી ઉગારશે તેના પર સૌની નજર છે.

# રશિયા-યુક્રેન શાંતિવાર્તા નિષ્ફળઃ ટ્રમ્પે કહ્યું હવે મારે જ પુટિનને મળવું પડશે

## ઈસ્તંમબુલમાં યોજાયેલી બેઠકમાં ફરી ૧૦૦૦-૧૦૦૦ યુદ્ધ કેદીઓને છોડવા સંમત

ઈસ્તંમબુલઃ

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવા તુર્કીમાં બન્ને દેશોના પ્રતિનિધિમંડળની બેઠક નિષ્ફળ રહી છે અને યુક્રેને આરોપ મુકયો છે કે રશિયાને યુદ્ધ વિરામમાં રસ નથી. પ્રમુખ વ્હાદીમીર પુટીને તેની શરતોને યુદ્ધવિરામ કરાવવા માંગે છે. આમ બન્ને દેશોએ હવે એક બીજાના ૧૦૦૦-૧૦૦૦ સૈનિકોને છોડવાની સહમતી




બનાવી હતી અને વાટાઘાટ ચાલુ રાખવા નિર્ણય લીધો છે. બીજી તરફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈસ્તંમબુલ વાટાઘાટ પર નિરાશા દર્શાવતા કહ્યું કે હવે મારે જ ઝડપથી રશિયાના પ્રમુખ પુટીનને મળવું પડશે. તેઓએ કહ્યું કે શકય તેટલું ઝડપી આ યુદ્ધ બંધ થાય તે જરૂરી છે. બન્ને તરફ સેંકડો લોકો મરી રહ્યા છે. અગાઉ રશિયાના પ્રમુખ પુટીન તુર્કી જવાના હતા અને યુક્રેનના વડાપ્રધાન ઝેલેસ્કી પણ તેઓને મળવા તૈયાર હતા પણ પુટીનની મુલાકાત રદ કરતા ઝેલેસ્કી પણ ગયા ન હતા.

## ટેસ્ટ ક્રિકેટમાં સૌથી લાંબો સમય નંબર-વન ઓલરાઉન્ડર

# રવિન્દ્ર જાડેજાની સિધ્ધિ ખરેખર 'વર્લ્ડ રેકોર્ડ' છે?

## આઈસીસીની સાઈટ મુજબ વર્લ્ડ રેકોર્ડ જેક કાલીસના નામે છે






**BCCI congratulates Ravindra Jadeja for breaking world record, turns out he didn't**

The BCCI on Thursday congratulated Ravindra Jadeja for setting world record for becoming longest reigning number one Test all-rounder (1,152 days). However, the world record is held by Garfield Sobers, who was ranked number one Test all-rounder from February 20, 1962 and March 10, 1974 (4,402 days). Among the post-1987 cricketers, the record is held by Jacques Kallis (1,827 days).

મુંબઈ તા.૧૭

આઈસીસી ટેસ્ટ રેન્કીંગમાં સળંગ ૧૧૫૦ દિવસ સુધી નંબર-વન ઓલરાઉન્ડર તરીકે રહેવાનો રવિન્દ્ર જાડેજાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યાના સમાચાર ચમકયા હતા. વાસ્તવમાં જાડેજાએ આ સિદ્ધિ મેળવી હોવા છતાં વર્લ્ડ રેકોર્ડ સર્જાયો નથી. કારણ કે આ પ્રકારનો વિશ્વ વિક્રમ દક્ષિણ આફ્રિકાનાં ઓલ રાઉન્ડર જેક કાલીસના નામે છે જે ૧૮૨૭ દિવસ સુધી આઈસીસી રેન્કીંગમાં નંબર-વન ઓલરાઉન્ડર રહ્યો હતો.

રવિન્દ્ર જાડેજા સૌ પ્રથમ ૭ ઓગસ્ટ ૨૦૧૭ એ નંબર-વન ઓલરાઉન્ડર બન્યો હતો. જોકે, બે સપ્તાહમાં જ સ્થાન ગુમાવી દીધુ હતું. ૮ તી ૧૬ માર્ચ ૨૦૨૨ માં ફરી આ સ્થાન હાંસલ કર્યું હતું અને ત્યારપછી સતત નંબર-વન ઓલરાઉન્ડર બની રહ્યો હતો. જાડેજાએ ૧૧૫૦ દિવસ સુધી આ સ્થાન જાળવી રાખીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યાની નોંધ લેવામાં આવી હતી. ભારતીય ટીમનાં ઓફીશીયલ દ્સારા પણ તેને અભિનંદન આપતી પોસ્ટ કરવામાં આવી હતી. પરંતુ આઈસીસીનાં રેકોર્ડ પ્રમાણે વાસ્તવિકતા જુદી છે. તેની વેબસાઈટ મુજબ ૧૯ ડીસેમ્બર ૨૦૦૬ થી ૧૯ ડીસેમ્બર ૨૦૧૧ ના સતત પાંચ વર્ષ (૧૮૨૭ દિવસ) સુધી જેક કાલીસ નંબર વન ટેસ્ટ ઓલરાઉન્ડર રહ્યો હતો જેનાથી જાડેજા હજુ ઘણો પાછળ છે.

જેક કાલીસે ૧૨ માર્ચ ૨૦૦૨ થી ૩ મે ૨૦૦૫ સુધી ૧૧૪૯ દિવસ નંબર-વન ઓલરાઉન્ડર રહેવાની પણ સિધ્ધિ મેળવી હતી. કાલીસની આ સિદ્ધિથી જાડેજા આગળ વધી ગયો છે. છતાં ૧૮૨૭ દિવસના રેકોર્ડ કરતા ઘણો પાછળ છે.

### ગેરી સોબર્સ તો ૪૪૦૨ દિવસ સુધી નંબર-વન ઓલરાન્ડર હતા

ટેસ્ટ રેન્કીંગનો રેકોર્ડ ૧૯૮૭ થી શરૂ થયો છે. ૧૯૮૭ પૂર્વેનાં રેકોર્ડને ગણતરીમાં લેવામાં આવે તો વેસ્ટ ઈન્ડીઝના સોબર્સે ૨૦ ફેબ્રુઆરી ૧૯૬૨ થી ૧૦ માર્ચ ૧૯૭૪ સુધી સળંગ ૪૪૦૨ દિવસ નંબર-વન ઓલરાઉન્ડર રહ્યા હતા.

# ભારતે પાકિસ્તાનમાં વેરેલા નુકસાનનો પુરાવોઃ એરબેઝના રિપેરીંગના ટેન્ડર બહાર પાડયા!

નવીદિલ્હી તા.૧૭

ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને તેના ઘણા એરબેઝ, લશ્કરી ઠેકાણા અને આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો છે. જો કે, પાકિસ્તાન જાણી જોઈને તેના એરબેઝ અને લશ્કરી થાણાઓને થયેલા નુકસાનને દુનિયાથી છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ હવે તેમણે પોતે જ દુનિયા સમક્ષ એક મોટો પુરાવો રજૂ કર્યો છે જે સ્પષ્ટ કરે છે કે ભારતે તેમને ક્યાં અને કેટલું નુકસાન પહોંચાડ્યું છે.

પાકિસ્તાન વાયુસેનાએ તે તમામ સ્થળો માટે ટેન્ડર બહાર પાડયા છે જેમાં એરબેઝના સમારકામ અને જાળવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો આ ટેન્ડર સામાન્ય સમયમાં બહાર પાડવામાં આવ્યું હોત, તો જાળવણીને કારણ તરીકે દર્શાવવામાં આવ્યું હોત, પરંતુ ભારત સાથેના તણાવ વચ્ચે, મોટી






સંખ્યામાં બહાર પાડવામાં આવેલા ટેન્ડરો સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે કે તેમનું એરબેઝ નાશ પામ્યું છે અને તેઓ ઇચ્છે છે કે તેનું શકય તેટલું જલ્દી સમારકામ કરવામાં આવે જેથી જો ભારત હુમલો કરે તો તેઓ જવાબ આપી શકે. આ ટેન્ડર પાકિસ્તાની વાયુસેના દ્વારા ઓનલાઈન બહાર પાડવામાં આવ્યું છે, જેને કોઈપણ જોઈ શકે છે.

૫ મે પછી, પાકિસ્તાની સેનાએ ૧૨, ૧૩ અને ૧૪ મેના રોજ સીધા જ ટેન્ડર બહાર પાડ્યા છે. સામાન્ય સમયમાં, તણાવના સમયે, કોઈ પણ દેશ જાળવણી અને સમારકામના કામ માટે ટેન્ડર બહાર પાડતો નથી; તે કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# મુંબઈ એરપોર્ટ અને તાજમહેલ પેલેસ હોટેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## ઈ-મેઈલમાં આતંકી અફઝલ ગુરુ અને શૈવક્કુ શંકરને ફાંસીનો ઉલ્લેખ કરી ધમકી

મુંબઈ,તા.૧૭

મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ અને તાજમહેલ પેલેસ હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ધમકી એક ઇ-મેઇલ દ્વારા મોકલવામાં આવી હતી. જે મુંબઈ એરપોર્ટ પોલીસના ઇ-મેઇલ આઈડી પર પ્રાપ્ત થઈ હતી. આ ઇમેલમાં દાવો કરવામાં આવ્યો છે કે તાજમહેલ પેલેસ હોટેલ અને મુંબઈ એરપોર્ટ પર બોમ્બથી હુમલો કરવામાં આવશે.

આ ઇ-મેઇલમાં અફઝલ ગુરુ અને શૈવક્કુ શંકરને ફાંસી આપવાનો ઉલ્લેખ કરીને ધમકીઓ આપવામાં આવી છે. આ બંનેના નામ ભારતમાં થયેલા કેટલાક મોટા આતંકવાદી



હુમલાઓ સાથે જોડાયેલા છે. તેમને આપેલી ફાંસીના વિરોધમાં અનેક વખત આવી ધમકીઓ આપવામાં આવી છે.

મુંબઈ પોલીસે ધમકીના કેસને ગંભીરતાથી લીધો છે અને તપાસ શરૂ કરી છે. જોકે, અત્યાર સુધી તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ નથી મળી. પોલીસ ઇ-મેઇલ મોકલનારને ઓળખવા અને ટ્રેક કરવાના પ્રયાસો કરી રહી છે. જ્યારે ધમકી બાદ સુરક્ષા એજન્સીઓ અને પોલીસ દરેક સ્થળે તપાસ કરી રહી છે અને સંબંધિત વિસ્તારોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# રેશનકાર્ડ ધારકો માટે સ્થળ પર જ ઈ-કેવાયસીની સુવિધા

## ઈ-કેવાયસી થઈ જાય એટલે પુરવઠો મળશે

રાજકોટ,તા.૧૭

શહેરનાં લાભાર્થીઓ હોય કે છેવાડાનાં ગામનાં લાભાર્થીઓ હોય, જરૂરિયાતમંદ સૌ લાભાર્થીઓને અનાજ મળે તેની દરકાર સરકાર રાખે છે. જે રેશનકાર્ડ ધારકોનું E-KYC પુર્ણ થયેલ હોય, તેઓને અનાજ વિતરણ કરવામાં આવશે અને જે રેશનકાર્ડ ધારકોનું E-KYC બાકી હોય, તેઓને સ્થળ પર E-KYC કરી અનાજ મળશે. કુદરતી આફતો અથવા ગંભીર સમસ્યાઓના અપવાદો માટે DOFPD તરફથી પૂર્વ મંજૂરી સિવાય મેન્યુઅલ/ઓફલાઇન વિતરણ થઇ શકશે નહિ.

આમ કોઇ લાભાર્થી અનાજથી વંચિત નહિ રહે. પણ અનાજ મેળવવા ઈ-કેવાયસી જરૂરી છે. માટે તમામ ગ્રાહકોએ ઈ-કેવાયસી કરાવવું. રાજકોટ જિલ્લામાં મે-માસ દરમિયાન અનાજનો ૧૦૦% જથ્થો ફાળવવામાં આવેલ છે. અને તે મુજબ વિતરણ પણ ચાલુ છે. જુન માસના વિતરણ દરમિયાન જે લાભાર્થીઓએ E-KYC કરાવેલ હશે તેઓને અનાજ મળશે તે સુનિશ્ચિત કરવામાં આવેલ છે. E-KYC ની મોટાભાગની કામગરી પુર્ણ થયેલ છે. જે લાભાર્થીઓને ઈ-કેવાયસીની કામગીરી બાકી છે તેઓને સ્થળ પર જ ઈ-કેવાયસી કરી અનાજ વિતરણ કરવામાં આવશે તેમ જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવાયું છે.

# સોનામાં ફરી તેજીને બ્રેકઃ રૂા. ૨૦૦ ઘટયા

રાજકોટ,તા. ૧૭

અમેરિકાએ ચીનના નાના શીપમેન્ટની ટેરિફ ઘટાડી હોવાની જાહેરાત કરતાં ડોલરની મજબૂતીથી સોનું-ચાંદી શુક્રવારે સાંજ પછી ઘટયા હતા. વર્લ્ડ માર્કેટમાં સોનું ૩૨.૫૩ ડોલરથી ઘટીને ૩૨.૩૦ ડોલર અને ચાંદી ૩૨.૭૭ ડોલરથી ઘટીને ૩૨.૯૩ ડોલર સુધી ઘટી હતી. સ્થાનિક માર્કેટમાં સોનુ પ્રતિ ૧૦ ગ્રામ રાજકોટમાં રૂા.૨૦૦ ઘટયું હતું. આજે સોનામાં સોનામાં રૂા.૨૦૦ ના ઘટાડા સાથે ભાવ રૂા.૯૮૩૨૫ અને ચાંદીમાં રૂા.૧૫૦ મા વધારા સાથે રૂા.૯૭૮૫૦ એ ભાવ પહોંચ્યો છે. ચીને ચાલુ સપ્તાહે બ્રાઝિલ અને ઈથોપિયાને ટાર્ગેટ કરીને આ બે દેશો સાથે વેપાર વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અમેરિકન સોયાબીન અને રૂની ખરીદી બંધ કરીને ચીને બ્રાઝિલથી સોયાબીન અને રૂની ખરીદી વધારી હોઇ અમેરિકા પર દબાણ વધ્યું છે. આમ, ટ્રેડ ટેન્શ ચાલુ રહેતાં સોના-ચાંદીમાં સેઇફ હેવન ડિમાન્ડ હજુ લાંબા સમય સુધી વધતી રહેશે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૩૦-૨૩૮૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૮૦-૨૩૩૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૭૫-૨૨૨૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૨૫-૨૧૭૫ |
| પામોલીયન તેલ | ૧૯૮૫-૧૯૯૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૨૦-૨૦૪૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૯૦-૨૧૨૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૭૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૬૯૦૦(-૧૦૦) |

| ચાંદી |
|---|
| ૯૭૩૫૦(+૩૫૦) |

# ૫ જૂનથી શ્રી દ્વારકા ગૌશાળા નવનિર્માણ પ્રસંગે ગૌમાતાના લાભાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

## મહામંડલેશ્વર શ્રી પૂ. માઁ કનકેશ્વરી દેવીજી ભાગવત કથા મહાયજ્ઞનું રસપાન કરાવશેઃ ૧૧ જૂનને કથા પૂર્ણાહુતિ






રાજકોટ, તા.૧૭

ગૌમાતાના લાભાર્થે અને શ્રી દ્વારકા ગૌશાળાના નવનિર્માણના પ્રસંગે તા.૫ જૂનને ગુરૂવારથી 'શ્રીમદ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ'નું આયોજન દેવભૂમિ દ્વારકામાં કરવામાં આવ્યું છે. આ શુભ પ્રસંગે વ્યાસપીઠ પર શ્રી પંચ અગ્નિ અખાડાના પ્રથમ માતૃ સ્વરૂપા મહામંડલેશ્વર શ્રી પૂજ્ય માં કનકેશ્વરી દેવીજીના શ્રીમુખે ભાગવત કથા મહાયજ્ઞનું શુભ આયોજન કરેલ. કથા શ્રી દ્વારકા ગૌશાળા મેદાન, ભથાણ ચોક ખાતે યોજાશે.

'શ્રીમદ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ'ની શોભાયાત્રા તા.૫ જૂન ગુરૂવારે બપોરે શ્રી દ્વારકાધીશ મંદિરથી કથાના સ્થળ સુધી યોજાશે. શ્રીમદ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ કથાનો સમય સાંજના ૪ થી ૭ વાગ્યા સુધીનો રહેશે. શ્રીમદ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ એ એક એવો પવિત્ર પ્રસંગ છે જે ભક્તિ, સેવા અને સમાજ સુધારણાને એકસાથે જોડે છે. આ કાર્યક્રમમાં ભાગ લઈને ભક્તો ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિમાં ડૂબી શકશે અને ગૌમાતાની સેવા દ્વારા પુણ્ય કમાઈ શકશે. કથાનો પ્રારંભ તા.૫ જૂન ને ગુરૂવારથી થશે અને કથા વિરામ તા.૧૧ જૂન ને બુધવારે થશે. કથામાં અનેક ગૌશાળાના ગૌપાલકો અને અતિથિઓની ઉપસ્થિતિ રહેશે. શ્રીમદ ભાગવત સમાહ દરમ્યાન પિતૃતર્પણ પોથી માટે તા.૧ જૂન સુધીમાં રાજુભાઈ હિન્ડોચા (મો.નં.૯૮૯૮૧ ૪૮૧૫૦)નો સંપર્ક કરવાનો રહેશે.

### કથામાં અનેક ગૌશાળાના ગૌપાલકો અને અતિથિઓ ઉપસ્થિત રહેશે

છેલ્લા વરસોમાં દ્વારકાધીશ ગૌ હોસ્પિટલની સ્થાપના કરી છે જેને ISO 9000 સર્ટીફિકેટ લંડનની સંસ્થાએ આપ્યું છે જે દ્વારકા માટે એક કલગીરૂપ છે. ગૌસેવા થકી છેલ્લા બે વર્ષમાં ૭૦૦ થી વધુ ગાયોના ઓપરેશન, ૪૦૦ થી વધુ ગાયોની લમ્પીની સારવાર અને ગૌશાળાની એમ્બ્યુલન્સ દ્વારકાથી ૧૦૦ કિમીથી બીમાર ગાયોને લાવીને તેની સારવાર કરેલ છે. સંસ્થાનું એકજ લક્ષ્ય છે કે, સમગ્ર ગુજરાતમાં એકપણ ગાય સારવારના અભાવે દુખી ન થાય, એકપણ ગાય રખડતી કે પ્લાસ્ટિક, કચરો ખાતી જોવા ન મળે, સરકાર અમારી મદદ કરે તો ગૌ અભ્યારણ ઊભું કરવાની અમારી ઇચ્છા છે. સહયોગી સંસ્થા પરમાત્મા ચેરિટેબલ ટ્રસ્ટ જે દ્વારકાની અંદર સ્થિત છે અહીંયાં નાના નાના પ્રાણીઓ જેવા કે ખિસકોલી, સસલા, ચકલીઓ તથા અન્ય પક્ષીઓની સારવાર કરી નિભાવ કરવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વામી નિલેશાનંદજી, રામજીભાઈ મજીઠિયા, મહેશભાઈ ગોકાણી, વિજયભાઈ ભાયાણી, ડૉ. રવિભાઈ વરોતરિયા, નરેન્દ્રભાઈ કક્કડ, સંજય નકુમ તથા અન્ય આત્મીય સ્વયંસેવકો અને ગૌ શાળાના પરિવારજનો એ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

---

વિશ્વ વિખ્યાત બાંસુરીવાદક પં.હરિપ્રસાદ ચોરસીયાના શિષ્ય દિપલ મહેતાના સાંનિધ્યમાં

# અધરવેણુ એજયુ. એન્ડ ચેરી.ટ્રસ્ટ દ્વારા રવિવારે બાંસુરીવાહનનો નિઃશુલ્ક સેમિનારઃ રજીસ્ટ્રેશન જરૂરી




રાજકોટ તા.૧૭

અધરવેણુ એજયુકેન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૧૮મીના રવિવારે સવારે ૧૦થી ૧ સુધી બાંસુરીનો સેમિનાર માનવ મંદિર કલીનીક જયુબેલી, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.

આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર'ના આંગણે બાસુરીવાદક દિપલ મહેતા, જયેશભાઈ લાઠીગરા, મનોજ ચાંપાનેરીયા વગેરે આવેલ હતા.

બાંસુરીવાદન સેમિનારમાં પદ્મ વિભૂષણ પં. હરિપ્રસાદ ચોરસીયાના શિષ્ય દિપલ મહેતાને આમંત્રણ આપવામાં આવેલ છે અને શિબિરાર્થીઓને માર્ગદર્શન આપશે.

અત્રે ઉલ્લેખનીય ગણાશે કે દિપલ મહેતા છેલ્લા સાત વર્ષથી પં.હરિપ્રસાદ ચોરસીયા પાસેથી બાંસુરી વાદનની તાલીમ લઈ રહ્યા છે. તેમણે બોલીવુડના કલાકારો સાથે કામ કર્યુ છે. તેઓ અમદાવાદમાં ૫૦થી વધારે લોકોને બાંસુરીવાદનની શિક્ષા આપી રહ્યા છે.

આ સેમિનારમાં ભાગ લેવા ઈચ્છતા બાંસુરીવાદકો, વિદ્યાર્થીઓએ જીજ્ઞેશભાઈ લાઠીગરા (૦૨૮૧ ૨૨૩૧૦૦૧)નો સંપર્ક કરવો. આ સેમિનાર વિનામૂલ્યે છે.

વહેલાસર રજીસ્ટ્રેશન કરાવી લેવા જણાવાયું છે. આ વર્ષે અધરવેણુને રાષ્ટ્રીય શાળા, ભારત વિકાસ પરિષદ દ્વારા ખાસ પ્રોત્સાહન મળેલ છે. તેમ અધરવેણુ સંસ્થાના જીજ્ઞેશભાઈ લાઠીગરા, ડો. કલ્પેશભાઈ ચંદ્રાણી, ચેતનભાઈ જોષી વગરે જહેમત ઉઠાવી રહ્યા છે.

---



# 'ઢાઈ આખર' રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધાના વિજેતાને પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ દ્વારા કરાયા સન્માનિત

રાજકોટ,તા.૧૭

આજના ઝડપી યુગમાં, જ્યાં સંદેશાવ્યવહાર મોટાભાગે ડિજિટલ પ્લેટફોર્મ તરફ વળી ગયો છે, પત્ર લખવાની કળા હજુ પણ જીવંત છે. 'ઢાઈ આખર' ઝુંબેશ ફક્ત પત્ર લખવાની કળાનો ઉત્સવ નથી, પરંતુ દેશભરના વ્યકિતઓને અર્થપૂર્ણ અને હૃદયસ્પર્શી રીતે તેમના વિચારો, લાગણીઓ અને મંતવ્યો વ્યક્ત કરવાની તક પણ પૂરી પાડે છે. આ વિચાર ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરીક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે અમરેલી મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે વ્યક્ત કર્યા. ભારતીય ડાક વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં આયોજિત 'ઢાઈ આખર' રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધામાં લિફાફા શ્રેણીમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના વર્ગમાં અમરેલીના જયકુમાર વાઈ. ગોલને સમગ્ર ગુજરાત પરીમંડળમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયા પર પોસ્ટમાસ્ટર જનરલે ૧૦,૦૦૦નો ચેક અને પ્રમાણપત્ર સાથે સન્માનિત કરેલ.

---

## દવે પરિવારનું ગૌરવઃ બિરવા મહેશકુમારએ ૯૭.૫૨ PR મેળવ્યા



ધોરણ ૧૦ ની એસ.એસ.સી બોર્ડની પરિક્ષામાં દવે બિરવા મહેશકુમાર એ ૯૭.૫૨ પર્સેન્ટાઈલ અને ૯૨.૦૦% મેળવી ને દવે પરિવાર તેમજ સિહાર સ્કુલનું ગૌરવ વધારેલ છે. બિરવા એ ગણિતમાં ૯૪, વિજ્ઞાન અને સંસ્કૃતમાં ૯૫ અને અંગ્રેજીમાં ૯૨ માર્ક્સ મેળવી સિહાર સ્કુલ, પટેલ કલાસીસ અને દવે પરિવારનું ગૌરવ વધારેલ છે.

---

## જય જોષીએ ધો.૧૦માં ૯૭.૧૪ પીઆર મેળવ્યા



રાજકોટ,તા.૧૭

રક્ષાબેન રાજેશભાઈ જોષી (બાબરાવાળા)ના સુપુત્ર જયએ ધો.૧૦માં અંગ્રેજી માધ્યમમાં ૯૭.૧૪ પીઆર અને એ-૧ ગ્રેડ મેળવ્યો છે. જયએ તેના માતા-પિતા, બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ અને સમસ્ત બ્રહ્મસમાજનું ગૌરવ વધારેલ છે.

---

# રાજકોટ જીલ્લા પંચાયત ખાતે પ્રિમોન્સૂન કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

## આંગણવાડીઓ,આરોગ્ય કેન્દ્ર ,ગ્રામ પંચાયતો, પશુ દવાખાનાઓના બિલ્ડિંગોની સ્થિતિની સમિક્ષા કરી મરામત કરવા સુચનાઓ અપાઈ

રાજકોટ, તા.૧૭

રાજકોટ જીલ્લા પંચાયત ખાતે પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, જીલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદની ઉપસ્થિતિમાં પ્રિમોન્સૂન કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ સમીક્ષા બેઠકમાં પ્રિ મોન્સૂન કામગીરી તથા જીલ્લા પંચાયતના વહીવટી પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી.

આ તકે રાજકોટ જીલ્લા પંચાયત ખાતે પ્રમુખ પ્રવિણાબેન રંગાણી એ જણાવેલ કે આગામી વર્ષાઋતુ ને ધ્યાને લઈ શાળાઓના ઓરડા ,આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્ર ,ગ્રામ પંચાયતો, પશુ દવાખાનાઓના બિલ્ડિંગોની સ્થિતિની સમિક્ષા કરી તથા જરૂરી લાગે ત્યાં મરામત કરવા સુચનાઓ આપી વર્ષાઋતુ દરમિયાન અતિવૃષ્ટિના કિસ્સા માં ખેતીવાડી ક્ષેત્રે નુકશાન થાય તો કે અંગે સર્વે ટીમ સ્ટેન્ડ બાય રાખવા સુચનાઓ આપી.પશુ પાલન વિભાગ પાસે વર્ષાઋતુ દરમિયાન પશુઓ માટે જરૂરી તમામ દવાઓનો જથ્થો ઉપલબ્ધ સિંચાઈ વિભાગના ડેમો છે ત્યાં વધુમાં વધુ વૃક્ષા રોપણ થાય તે માટે પ્રયાસો કરવા આગામી વર્ષાઋતુ માટે આગોતરા આયોજન અર્થે તાલુકાના સ્ટાફની વિગતો, બચાવના સાધનો, વરસાદ માપક યંત્ર, સલામત આશ્રય સ્થાન,નીચાણવાળા પૂર ભયગ્રસ્ત ગામો, ગામ માં આવેલ તરવૈયા- સ્વયંસેવકો ની યાદી તાલુકા વાઇઝ કરવી.

---

# વી.વી.પી. સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ખાતે 'ડિપ્લોમાં ઈન આર્કિટેક્ચર'નો શુભારંભ

## ૫ એકરના સંપૂર્ણ વાઈ-ફાઈ અને સી.સી.ટી.વી.થી સુસજ્જ, સુરક્ષિત કેમ્પસઃગ્લોબલ નાસા કન્વેન્શન દ્વારા વર્ષ ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૧૯ માં વિવિધ કેટેગરીમાં એવોર્ડ મેળવ્યા

રાજકોટ, તા.૧૭

છેલ્લા વર્ષથી કાર્યરત સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ અને એકમાત્ર ડીગ્રી આર્કિટેક્ચર કોલેજ એવી વી.વી.પી. સંચાલિત ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર દેશની ટોપ ૨૫ આર્કિટેક્ચર કોલેજોમાં સ્થાન પ્રાપ્ત કરવાનું બહુમાન ધરાવે છે, હવે તેના કેમ્પસ પર આગામી શૈક્ષણિક વર્ષથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વપ્રથમ 'ડીપ્લોમાં ઇન આર્કિટેક્ચર' અભ્યાસક્રમનો શુભારંભ થવા જઈ રહેલ છે.

ઇન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ૫ એકરના સંપૂર્ણ વાઈ-ફાઈ અને સી.સી.ટી.વી.થી સુસજ્જ, સુરક્ષિત અને સ્વતંત્ર કેમ્પસ છે જેને રાજ્યસ્તરે ટોપ-૫ તથા રાષ્ટ્રીયસ્તરે ટોપ-૨૫ આર્કિટેક્ચર કોલેજોમાં સ્થાન મળ્યું છે.સ્ટડી ટુર અને ફિલ્ડ વિઝીટ દ્વારા પ્રાદેશિક-રાષ્ટ્રીય વૈવિધ્યપૂર્ણ ઈમારતો અને ધરોહારોનો અભ્યાસ કરવામાં આવે છે.ઉત્કૃષ્ઠ ઈમારત માટે બેસ્ટ આર્કિટેક્ટ ઓફ ધ ઈયરનો અવોર્ડ મળ્યો છે.'સ્ટેટ ઓફ ધ આર્ટ' કલાસરૂમ, લાઈબ્રેરી, વર્કશોપ, કોમ્પ્યુટર અને મટીરીયલ લેબ્સ છે.

ગ્લોબલ નાસા કન્વેન્શન દ્વારા વર્ષ ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૧૯ મા વિવિધ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયા છે. રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા આયોજિત 'માય ડ્રીમ સીટી રાજકોટ-વિઝન-૨૦૩૦ સ્પર્ધા (વર્ષ ૨૦૧૧)માં ત્રીજું સ્થાન મેળવ્યું હતું.કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા તથા પ્રવેશ માર્ગદર્શન માટે ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર, કાલાવડ રોડ, મોટેલ ધી વિલેજ સામે, વાજડી-વીરડા, રાજકોટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૯૫૧૦૪ ૩૭૫૨૦ પર સવારે ૦૯-૦૦ થી સાંજે ૦૫-૦૦ દરમ્યાન સંપર્ક કરવો.

---



# વોર્ડ નં.૧૮માં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહૂર્ત

રાજકોટ,તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૮માં એક્શન પ્લાન હેઠળ ૧)ચંદ્રપાર્ક-૨માં રૂ.૩૦.૪૮ લાખ(૨) પ્રદ્યુમન પાર્ક તથા સાકેત પાર્કમાં રૂ.૩૦.૨૪ લાખ ૩) મારુતિ પાર્કમાં રૂ.૨૧.૮૭ લાખ ૪) અમીન રોડ પર આવેલ સૂર્ય પાર્કમાં રૂ ।.૧૦.૮૮ લાખ, એમ મળી કુલ રૂ.૯૩ લાખના ખર્ચે ડામર રી-કાર્પેટ કરવાનાકામનું ખાતમુહૂર્ત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, ધારાસભ્ય ડો.દર્શિતા શાહતથા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહૂર્તકાર્યક્રમમાંધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે,મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા,શહેર ભાજપ ઉપપ્રમુખ પૂજાબેન પટેલ,વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, કોર્પોરેટર બિપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડયા,પ્રિતીબેન દોશી, વગેરે ઉપસ્થિત રહેલ.

---

# રવિવારે ક્ષત્રિય રાજપૂત સમાજ તથા જી.આર.સી.એ. દ્વારા શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

રાજકોટ, તા.૧૭

ક્ષત્રિય રાજપૂત સમાજ તથા GRCA રાજકોટ દ્વારા રાજકોટ ખાતે ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ, ક્ષત્રિય નાડોદા રાજપૂત સમાજ, ક્ષત્રિય ગુર્જર રાજપૂત સમાજના વિદ્યાર્થી ભાઇઓ-બહેનો, યુવાનો માટે આગામી તા.૧૮ ને રવિવારના રોજ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી ''શ્રી રાજપૂત વાડી'' ૫/૧૫ રણછોડ નગર કુવાડવા રોડ ખાતે શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ ધોરણ ૧૦,૧૨, કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે કોઇપણ ક્ષેત્રમાં ડિગ્રી કોર્ષ કે સ્નાતક/અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે આગળ જતા GPSC કલાસ વન ટુ, ડિફેન્સમાં એન.ડી.એ અને સી.ડી.એસ.પી.આઈ, પી.એસ.આઇ, ડી.વાય,એસ, ઓ, તલાટી,ફોરેસ્ટ, બિન સચિવાલય, કોન્સ્ટેબલ વગેરે ક્ષેત્રમાં જવા પરીક્ષાઓ આપવા માટે કઈ રીતે તૈયારી કરવી એ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સેમિનારમાં ભાગ લેનાર વિદ્યાર્થી ભાઇઓ બહેનોને કારકિર્દી માર્ગદર્શન મોટીવેશનલ પુસ્તક પણ ભેટ સ્વરૂપે આપવામાં આવશે.

---

## નિઃશુલ્ક માઁ બગલામુખી પીતાંબરા માતાજીનો યજ્ઞ

રાજકોટ,તા.૧૭

પીતાંબરા પીઠ શોધ સંસ્થાન તથા પીતાંબરા પરિવાર રાજકોટ દ્વારા વિશ્વ શાંતિ તેમજ વિશ્વ કલ્યાણ હેતુ અને સૌના પરિવારમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ તેમજ સમાજમાં ધર્મ ભક્તિ વધે તેવા શુભહેતુથી દર મહિને નિઃશુલ્ક માં બગલામુખી પીતાંબરા માતાજીનો યજ્ઞ કરવામાં આવે છે.આ મહિનાનો યજ્ઞ તા.૧૮-૦૫ ને રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યે તુષારભાઈ વ્યાસ ને ત્યાં ગવર્મેન્ટ સોસાયટી, મા, પ્લોટ નં. ૯૧, રૈયા ચોકડી પાસે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

---

## મહાવીર ભવનમાં જુઠાણી પરિવારનું અનુદાન

પૂ.શ્રી ધીરગુરૂદેવ પ્રેરિત શ્રી મહાવીર ભવન હોલ સંકુલમાં સાધના સીડી નામકરણનો લાભ એડવોકેટ એચ.જે. જુઠાણી અને ઈન્દુમતી જુઠાણીની સ્મૃતિમાં કુ. ઉન્નતિબેન જુઠાણી તરફથી લેવામાં આવેલ. તકતી અનાવરણ સમયે ઉન્નતિબેન, વિમલ પારેખ, હેમાંગ મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

---

## બટુક ભોજન – ચૈતન્ય મહાઆરતી – રામધુન

શ્રી કપીલા હનુમાનજી ચૈતન્ય ધામ આજુ નદીના કાંઠે, ભીચરી નાકા બહાર રાજકોટ ખાતે દર શનિવારે સાંજે ૫ કલાકે ૮૦૦ બાળકોને બટુક ભોજન, રાત્રે રાત્રે ૮:૩૦ વાગ્યે ચૈતન્ય મહાઆરતી ઢોલ - નગારા ના તાલ સાથે અને રાત્રે ૯:૩૦ વાગ્યે શ્રી રામધુન, શ્રી રામસ્તુતી તથા શ્રી હનુમાન ચાલીસાના પાઠ નિત્ય શનિવારે કરવામાં આવે છે.

---




# સ્વ. ડેનિયલ વર્ગીસ ઓપન રાજકોટ કેરમ ટુર્નામેન્ટનો ભવ્ય શુભારંભઃ ૯૬ ખેલાડીઓએ ભાગ લીધેલ

રાજકોટ,તા.૧૭

શહેરના રેસકોર્સ રીંગ રોડ સ્થિત એ.જી.ઓફિસ રીક્રિએશન કલબના પ્રાંગણમાં સ્વ.ડેનિયલ વર્ગીસ ઓપન રાજકોટ કેરમ ટુર્નામેન્ટનો ભવ્ય ઉદઘાટન સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવ્યું હતું.

મુખ્ય અતિથિ તરીકે એચ.કે ધર્મદર્શી (પ્રિન્સિપલ એકાઉન્ટેટ જનરલ), ડેનિશ ડેનિયલ (ડેપ્યુટી એકાઉન્ટેટ જનરલ), નેમારામ (ડેપ્યુટી એકાઉન્ટેટ જનરલ), બાગુલ (ડેપ્યુટી એકાઉન્ટેટ જનરલ), સહિતના IAAજઅધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૧૯૮૭ થી દર વર્ષે આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ટુર્નામેન્ટમાં ૯૬ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ટુર્નામેન્ટ છ દિવસ સુધી ચાલશે અને વિજેતાઓને આકર્ષક પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે. આ કાર્યક્રમનું સમગ્ર વ્યવસ્થાપન એ.જી.ઓફિસ રીક્રિએશન કલબના સેક્રેટરી દિપ રાજગોર અને સંસ્થાના સભ્યોએ સંભાળ્યું હતું.

---







# મિરામ્બિકા કોલેજનું બીસીએ સેમ-૬નું ૯૬.૬૭% પરિણામ

રાજકોટ,તા.૧૭

તા.૧૫ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા બીસીએ સેમ-૬ (માર્ચ-૨૦૨૫)નું પરિણામ જાહેર થયું તેમાં મિરામ્બિકા કોલેજનું પરિણામ ૯૬.૬૭ ટકા ઝળહળતું પરિણામ આવેલું હતું જેમાં ટોપ-૩માં (૧) પરમાર નિકીતા ૭૪.૬૭ ટકા,(૨) ડોબરીયા પ્રિયંકા ૭૩.૯૩ ટકા અને (૩) રેડવાલ મમતા ૭૧.૬૭ ટકા સાથે ઉતીર્ણ થનાર તમામ વિદ્યાર્થીનીઓને કોલેજના ટ્રસ્ટી હર્ષાબા જાડેજા, બી.ડી.જાડેજા, આચાર્ય મયુરધ્વજસિંહ જાડેજા, મિતેષ ભાઈ ચાવડા તથા શિક્ષકોએ શુભકામના પાઠવી હતી.

---

## શહેરમાં ફોગીંગની ગાડીમાં વધારો કરવા માંગ

રાજકોટ તા.૧૭

રાજકોટમાં મચ્છરોનો ત્રાસ, અનેક વિસ્તારોમાં ગંદકી ફેલાયેલી છે. આના કારણે રોગચાળો ફેલાઈ જવાનો ભય સતાવી રહ્યો છે. આના માટે રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ફોગીંગ કરવામાં આવે છે. આખા રાજકોટમાં ફોગીંગની એક જ ગાડી છે તેના કારણે વિવિધ વિસ્તારોમાંથી આવતી કમ્પ્લેઈન તત્કાલ પુરી ન થતા કોર્પોરેશને ફોગીંગની ગાડીનો વધારો કરવાની આવશ્યકતા છે તેમ સામાજીક કાર્યકર્તા યોગેશ માખેચાએ જણાવેલ છે.

---



# PGVCL માં મેનેજિંગ ડિરેક્ટર તરીકે કેતન જોશીની વરણી

PGVCL માં મેનેજીંગ ડિરેક્ટર તરીકે કેતન જોશીની નિમણૂંક થતા ગુજરાત ઉર્જા એસ સી/એસ ટી એમ્પ્લોઇઝ એસોસિએશનના હોદેદારોએ શુભેચ્છા મુલાકાત લઇ આવકારી શુભકામના પાઠવેલ. આ તકે પ્રમુખ ગૌરીશભાઈ પરમાર, ખજાનચી એમ.કે.ચાવડા, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ ચાવડા, બી.ડી. રાઠોડ, જનરલ સેક્રેટરી જે.એમ સીસા, ઝોનલ સેક્રેટરી ડો વિશાલ પરમાર, સર્કલ સેક્રેટરી વી.ડી. પરમાર, સુપ્રિટેન્ડ ઓફ એકાઉન્ટ ચૌધરીભાઈ, ડેપ્યુટી સુરિન્ટેન્ડટ રમેશભાઈ વાઘેલા, ચૌહાણભાઈ, જેટકો જામનગર બગડાભાઇ વગેરે હાજર રહ્યા હતા.

---

# સ્વદેશી જાગરણ મંચ દ્વારા તુર્કી પર આર્થિક અને પ્રવાસન પ્રતિબંધ કરી બહિષ્કારની હાંકલ

## પાકિસ્તાનને તુર્કીના લશ્કરી સમર્થનની નિંદા; ભારતના લોકોએ એવા દેશોનો બહિષ્કાર કરવો જોઈએઃ સ્વદેશી જાગરણ મંચનો પુનરોચ્ચાર

રાજકોટ, તા.૧૬

તુર્કી, એક નાટો સભ્ય અને કથિત રીતે ધર્મનિરપેક્ષ પ્રજાસત્તાક, ભારતની સાર્વભૌમત્વ સામે પ્રતિકૂળ કટ્ટરપંથી ઇસ્લામિક શાસન અને લશ્કરી સંસ્થાઓ સાથે જોડાણ ધરાવે છે. તાજેતરના વર્ષોમાં, પાકિસ્તાન સાથે તુર્કીની વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી ચિંતાજનક ગતિએ વધી છે, તુર્કી સરકાર પાકિસ્તાનના સશસ્ત્ર દળોને મહત્વપૂર્ણ લશ્કરી હાર્ડવેર, ટેકનોલોજીકલ પ્લેટફોર્મ અને તાલીમ પૂરી પાડી રહી છે. સ્વદેશી જાગરણ મંચ આ અપવિત્ર જોડાણની સખત નિંદા કરે છે, જે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા સાથે સીધો ચેડા કરે છે.

આ સંરક્ષણ સહયોગ ફક્ત વ્યાપારી નથી; તે વૈચારિક છે, દક્ષિણ એશિયાની સ્થિરતાને લક્ષ્ય બનાવે છે અને પાકિસ્તાનના લશ્કરી સાહસને પ્રોત્સાહન આપે છે. ભારત માત્ર એક વેપારી ભાગીદાર તરીકે જ નહીં પરંતુ વસુધૈવ કુટુંબકમના સિદ્ધાંતને અનુસરીને એક જવાબદાર વૈશ્વિક શક્તિ તરીકે પણ તુર્કીની સાથે ઊભું રહ્યું છે. G20 અને UN જેવા બહુપક્ષીય મંચો પર, ભારતે વ્યાપક પશ્ચિમ એશિયાઈ પડોશીના ભાગરૂપે તુર્કી સાથે સમાવિષ્ટ જોડાણને સતત સમર્થન આપ્યું છે. સ્વદેશી જાગરણ મંચે પુનરોચ્ચાર કર્યો કે ભારતના લોકોએ એવા દેશોનો બહિષ્કાર કરવો જોઈએ જે પાકિસ્તાનને તેની આક્રમક ક્ષમતાઓ વધારવામાં સક્રિય રીતે મદદ કરી રહ્યા છે. ''રાષ્ટ્રપ્રથમ'' ના સિદ્ધાંતે આપણા વેપાર, રોકાણ અને રાજદ્વારી સંબંધોનું માર્ગદર્શન કરવું જોઈએ.

---

## રાહતદરે સિવણ, બ્યુટીપાર્લર, મહેંદીના કોર્ષ શરૂ કરાશે

રોટરી કલબ ઓફ રાજકોટ સંચાલિત સ્વાશ્રય કેન્દ્રમાં રાહતદરે સિવણ, બ્યુટીપાર્લર, મહેંદી નેઈલ આર્ટના રેગ્યુલર કોર્ષ ચાલુ કરેલ છે. વધુ માહિતી માટે સવારે ૨થી ૫ મો.નં.૯૫૫૮૦ ૪૩૪૩૦ પર સંપર્ક કરવો.

---

## વિમલનાથ યુવક મંડળ દ્વારા ચોપડા વિતરણ

શ્રી વિમલનાથ સ્વામી જૈન દેરાસર જાનકી પાર્ક, વોકહાર્ટ હોસ્પીટલની સામે કાલાવડ રોડ, રાજકોટ ખાતે તા.૧લી જૂનના રવિવારે સવારે ૯-૩૦થી સ્ટોક હશે ત્યાં સુધી જરૂરીયાતમંદ સાધર્મિક પરિવારના ધો.૫થી ઉપર ભણતા વિદ્યાર્થીઓ માટે વિમલનાથ સ્વામી જૈન યુવક મંડળ દ્વારા ફૂલ સ્કેપ ચોપડા-૧૦ તથા પાંચ નંગ બોલપેન (રૂા.૧૫૦ લેખે)નું વિતરણ કરાશે. માર્કસીટની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે. વિશેષ વિગત માટે અભયભાઈ (૯૮૨૪૦ ૭૬૪૭૬), કપીલભાઈ (૯૩૭૭૭ ૨૮૩૦૨)નો સંપર્ક કરવો.

---

## તિબેટીયન ડોકટરનો નાડી પરિક્ષણ કેમ્પ

રાજકોટ,તા.૧૭

ભારત-તિબ્બત સંઘના તિબેટીયન દ્વારા તિબેટીયન નાડીવૈદ્યનો ૧૨ મો નિદાન કેમ્પ તા:૮ જુનના રવિવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦ અને બપોરના ૨:૦૦ થી ૪:૦૦ સુધી ભારત સેવક સમાજ, બાલભવન ગેઈટ નં.૫ ની બાજુમાં, શુલભ શૌચાલય સામે, નહેરૂ ઉદ્યાન, રેસકોર્ષ રાજકોટ ખાતે જુના દર્દીઓ માટે રાખવામાં આવેલ છે. કેમ્પમાં ડાયાબીટીસ, હૃદય, શ્વાસના રોગ, કિડની, કરોડરજજુ, મણકાની તકલીફ, ફેટીલીવર, પથરી, આર્થરાઈટીસ, માઈગ્રેન, સાયનસ, માસિક ધર્મ, નપુસંકતા, ન્યુરોલોજીકલ ડીસઓર્ડર, હોર્મોનલ ડીસઓર્ડર, સંતાન પ્રાપ્તિ સંબંધિત સમસ્યાઓ, માનસિક રોગ અને તમામ પ્રકારના કેન્સર ના નિદાન કરવામાં આવશે.

---

## સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલનું ધોરણ ૧૦માં ૧૦૦% પરિણામ

રાજકોટ,તા.૧૭

ધોરણ ૧૦ ના પરિણામમાં રાજકોટની જાણીતી ઢેબર રોડ પર સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઇન્ટરનેશનલ સ્કૂલ (SGIS) ના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. તેમજ ચોથા વર્ષે શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું છે.એસ.એસ.સી બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળામાં એ વન ગ્રેડ સાથે પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓમાં ડોબરીયા હિતાર્થ ૯૮.૪૨ પીઆર મકવાણા પ્રિયાંશુને ૯૭.૭૬ પીઆર મોલ પરા સાહિલ ને ૯૭.૨૭ રામાણી અવિને ૯૬.૫૦ પી.આર અને પાનસુરીયા નીવને ૯૬.૩૬ પી.આર પ્રાપ્ત કરીને અવ્વલ આવ્યા છે.

''બોયકોટના વિરોધ વંટોળ વચ્ચે રાજકોટનું મશીનરી બજાર મજબૂત''

# તુર્કી માટે મશિનરી સ્પેરપાર્ટસનું એકમાત્ર વિકલ્પ રાજકોટ: ૬૦% નિકાસ યથાવત

## રાજકોટના ૧૫૦ યુનિટો વચ્ચે મિશ્રા પ્રતિસાદ: જૂના ઓર્ડર પૂર્ણ, નવા ઓર્ડર પર રોક

રાજકોટ, તા.૧૭

ભારત પાકિસ્તાનના યુદ્ધમાં પાકિસ્તાનનો સાથ આપનાર તુર્કી હવે મુસીબતમા મુકાયું છે. તુર્કીએ પાકિસ્તાને મિસાઈલ આપી હતી. જેને કારણે ભારતમાં વિરોધનો વંટોળ શરૂ થયો છે. લોકોએ બોયકોટ તુર્કી અભિયાન શરૂ કર્યું છે. જેને પગલે ભારતના ટ્રાવેલ્સ એજન્ટો એ તુર્કી અઝરબૈજાનના ટુર લેવાનું કેન્સલ કર્યું. ત્યારબાદ અનેક સેક્ટરમાથી લોકોએ પોતાના સબંધ તુર્કી સાથે તોડયા છે અને પોતાના ઓર્ડર રદ કર્યા છે.

તાજેતરમાં તુર્કીએ પાકિસ્તાનને ખુલ્લો ટેકો આપ્યો છે, ખાસ કરીને ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને ડ્રોન અને લશ્કરી સહાય પૂરી પાડી હતી, જેના કારણે ભારત અને તુર્કી વચ્ચે તણાવ વધ્યો છે. આ ઘટનાના પરિણામે ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં તુર્કી સામે બોયકોટની લાગણી ઉદ્ભવી છે. ભારતમાં તુર્કી સામેના બોબોયકોટના પગલે આસામ, પુણે અને લખનઉ જેવા શહેરોમાં વેપારીઓએ તુર્કીમાંથી આયાત થતા સફરજન અને સુકા મેવાં વેચવાનું બંધ કર્યું છે. ઉદયપુરના વેપારીઓએ તુર્કીમાંથી માર્બલની આયાત બંધ કરી છે, જે અગાઉ ભારતની માર્બલ આયાતનો ૭૦% હિસ્સો હતો.

રાજકોટના ૧૫૦ યુનિટો વચ્ચે મિશ્રા પ્રતિસાદ જોવા મળ્યો હતો. રાજકોટમાથી તુર્કી ખાતે મશીનરી સ્પેરપાર્ટસ મોકલવામાં આવે છે. અંદાજે ૬૦ ટકામાં માલ રાજકોટ થી તુર્કી મોકલાય છે. ત્યારે હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તુર્કી થી રાજકોટ આવતા મશીનરીના ઓર્ડર રદ કર્યા છે. પરંતુ રાજકોટ થી તુર્કી નિકાસ થતા વ્યવહાર પર કોઈ અસર જોવા મળી નથી.

મળતી માહિતી મુજબ મોટાભાગનો માલ રાજકોટ થી તુર્કી મોકલાય છે. આ ઉપરાંત તુર્કીના ઉદ્યોગકારો પાસે બીજો કોઈ વિકલ્પ પણ નથી કે તેઓ બીજા પાસે થી મંગાવી શકે. તેઓ માત્ર રાજકોટ ના ઉદ્યોગકારો પાસે થી અને બીજું ચીન પાસેથી મશીનરી સ્પેરપાર્ટસ મંગાવે છે.

રાજકોટ થી ટ્રેક્ટર ઓટોમોબાઈલ ટેક્સટાઈલ ફૂડ મશીનરીના સ્પેરપાર્ટસ મોકલવામાં આવે છે.રાજકોટના ૧૫૦ જેટલા યુનિટો સ્પેરપાર્ટસ બનાવવાની કામગીરી કરે છે. કેટલાક ઉદ્યોગકારોનું કહેવું છે કે યુદ્ધ બાદ તુર્કી સાથેના બિઝનેસ સોદા પડ્યા જ નથી. જે ઓર્ડર લીધા હતા એ પૂરા કર્યા પરંતુ નવા સોદા પડયા નથી.કેટલાક વેપારીઓએ તુર્કીને બોયકોટ કર્યું છે.

# વિમા મેડિકલ કલેઈમમાં કપાત કરેલ રકમ કંપનીએ દિન-૩૦માં ચુકવવા ગ્રાહક સુરક્ષા ફોરમનો આદેશ

## રાજકોટનાં મહિલાના વિમા કલેઈમમાં ચુકવવા પાત્ર રકમમાંથી ઈન્સ્યુરન્સ કંપનીએ રૂા.૧.૩૬ લાખ કપાત કર્યા હતા: દંપતીની તરફેણમાં ગ્રાહક સુરક્ષા કોર્ટે ચુકાદો આપ્યો

રાજકોટ,તા.૧૭

રાજકોટ સોની બજારમાં રહેતા પંકજભાઈ શાહે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સયુરન્સ કંપની પાસે પોતાનો અને પોતાની પત્નીનો મેડીકલેઈમ કુલ રૂા. ૧૫,૦૦,૦૦૦/- નો ઉતરાવેલ હતો. વિમા કંપનીએ પોલીસીની સાથે કોઈ શરતો અને બોલીઓ અને અપવાદો ઈન્સયોર્ડને સમજાવેલ નહી. દરમ્યાનમા ફરીયાદી ભાવનાબેન શાહને ૨૦૨૪ ના વર્ષમા ડાબા પગમા ચાલવામા અને બેલેન્સમા તકલીફ રહેતા તેઓએ કાંદીવલી, મુંબઈમા આવેલ પ્રખ્યાત ''નમાહા સ્પેશ્યલાઈઝડ હેલ્થ કેર, નમન પ્લાઝા હોસ્પીટલ' મા દાખલ થઈને તા.૧૮.૯.૨૦૨૪ થી તા.૨૧.૯.૨૦૨૪ સુધી અંદરના દર્દી તરીકે દાખલ થઈ ડાબા પગનું ''ની-રીપ્લેસમેન્ટ'' કરાવેલ હતુ, અને ઓપરેશન ચાર્જીસ સહીત તથા રૂમ ચાર્જીસ અને મેડીકલ બિલ સહીત કુલ રૂા.૪,૫૧,૫૧૪/- નો ખર્ચ થયેલ, અને મેડીકલેઈમ ફોર્મ ભરી અસલ પેપર્સ વિમા કંપની સમક્ષ રજૂ કરેલ હતા.

પરંતુ વિમા કંપનીએ માત્ર રૂા.૨,૮૪,૩૩૧/- મંજુર કરી અને કુલ રૂા. ૧,૫૫, ૧૮૩/- ની ગેરકાયદેસર કપાત કરેલ હતી, અને ડીડકશન શા માટે કરેલ, તેનો ઉલ્લેખ પણ વિમા કંપનીએ કરેલ ન હતો, અને માત્ર ડોકટરના ચાર્જીસ રીઝનેબલ નથી, તથા ડાયટેશીયનના ચાર્જીસ પણ વધારે છે, તેવી રજૂઆત કરી વિમા કંપનીએ મોટી રકમની કપાત કરેલ હતી.

ફરીયાદી ભાવનાબેન શાહ વતી સીનીયર એડવોકેટશ્રી પી.આર.દેસાઈએ રજૂઆત કરેલ હતી કે ફરીયાદીનુ ઓપરેશન મુંબઈના નિષ્ણાંત સર્જને કરેલ છે, અને સર્જનની ફી તથા ઓપરેશન ચાર્જીસમા થયેલ ખર્ચ અને ડાયટેશીયનના ખર્ચ બાબત, વિમા કંપની કોઈ કપાત કરી શકે નહી, અને ડોકટરની ફી નકકી કરવાની સતા વિમા કંપનીને નથી. ઉપરાંત ઓપરેશન પછી કસરત અને ખોરાક, ડોકટરની સલાહ મુજબ જરૂરી છે. ફરિયાદી વતી નેશનલ કમીશનના ચુકાદાઓ પી.આર.દેસાઈએ ટાંકેલા.

ગ્રાહક સુરક્ષા ફોરમ, રાજકોટે ફરીયાદીની ફરીયાદ મંજુર કરી વિમા કંપનીએ ફરીયાદીને કુલ રૂા. ૧, ૩૬, ૭૧૧/- તે ૩૦ દિવસમા ચુકવવા, અન્યથા સદરહુ રકમ ઉપર ૯ % વ્યાજ ચુકવવાનો હુકમ કરેલ છે. ફરીયાદીને ખર્ચના રૂા. ૩,૦૦૦/- અલગ ચુકવવાનો ગ્રાહક સુરક્ષા કોર્ટે હુકમ કરેલ.

આ કામમા ફરીયાદી ભાવનાબેન શાહ ફરીયાદી વતી સીનીયર એડવોકેટ પી.આર.દેસાઈ,અને તેમની મદદમાં કિરીટભાઈ વોરા, સંજય નાયક, સુનીલ વાઢેર એડવોકેટ મદદમાં રોકાયેલ હતા.

વૈષ્ણવાચાર્ય ગો.શ્રી ચંદ્રગોપાલજી મ. (વેરાવળ-પોરબંદર)ના સાંનિધ્યમાં

# ૨૮ ઓગસ્ટથી ૧લી ઓકટોબર સુધી વ્રજયાત્રાનું દિવ્ય આયોજન: વિવિધ મનોરથો સહિતના કાર્યક્રમો

## આજથી ત્રણ દિવસ ગો.શ્રી ચંદ્રગોપાલજી મ.ના સાંનિધ્યમાં આમંત્રણ સભા: સોમવારે વ્રજયાત્રા સમિતિ રાજકોટ કાર્યાલયનું ઉદ્‌ઘાટન: 'સાંજ સમાચાર' કાર્યાલય પર આવેલા ગો.શ્રી ચંદ્રગોપાલજી મ. તથા સમિતિના સભ્યો






રાજકોટ તા.૧૮

વ્રજપતિ વિહાર ૮૪ કોસ વ્રજયાત્રા સમિતિ- પોરબંદર દ્વારા આગામી તા.૨૮ ઓગષ્ટથી તા.૧લી ઓકટોબર સુધી બ્રજ ચોર્યાસી કોષ પરિક્રમાનું આયોજન પૂ.ગો.શ્રી ચંદ્રગોપાલજી મહારાજના સાંનિધ્યમાં કરવામાં આવેલ છે.

વ્રજ યાત્રાની વિગતો આપવા 'સાંજ સમાચાર' કાર્યાલય પર યાત્રા નાયક ગો.શ્રી ચંદ્રગોપાલજી મહારાજ (વેરાવળ, પોરબંદર, મુંબઈ), અરવિંદભાઈ પાટડીયા, ભુપેન્દ્રભાઈ છાંટબાર, માધવભાઈ સોની, હિમાંશુભાઈ આડેસરા તથા અશ્વિનભાઈ પટેલ વગેરે આવેલા હતા.

વૈષ્ણાવાચાર્ય પૂ.ગો.શ્રી ચંદ્રગોપાલજી મહારાજના સર્વાધ્યક્ષ સ્તાને તથા યાત્રા ઉપાધ્યક્ષ પૂ.ગો.શ્રી ઉત્સવરાયજી મહારાજ (વેરાવળ-પોરબંદર) દ્વારા આગામી તા.૨૮મી ઓગષ્ટથી તા.૧લી ઓકટોબર સુધી વ્રજયાત્રાનું દિવ્ય વિવિધ મનોરથો સાથે ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. વ્રજ યાત્રા દરમ્યાન વિવિધ મનોરથો, કીર્તન, રાસ, આચાર્યોના વચનામૃતો, પ્રખ્યાસ રાસ લીલા માણવાનો અનેરો અવસર પ્રાપ્ત થશે. મહારાજના સાંનિધ્યમાં આમંત્રણ સભાનું આયોજન કરવામાં આવેલ છે.

### નિ.લી.ગો.શ્રી.મગ્નલાલજીમ.આદિની સ્મૃતિમાં વ્રજયાત્રાનું આયોજન

નિ.લી.પૂ.ગો.શ્રીમગ્નલાલજી મહારાજ (વેરાવળ-મુંબઈ) તેમજ નિ.લી.પૂ.ગો. શ્રીમુરલીધરજી મહારાજ તેમજ નિ.લી.પ.પૂ.ગો. શ્રી નટવરગોપાલજી મહારાજશ્રીની સ્મૃતિમાં પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજ (પોરબંદર)ના સર્વાધ્યક્ષ સ્થાને તેમજ પૂ.પા.ગો.૧૦૬ શ્રી ઉત્સવરાયજી મહારાજના ઉપાધ્યક્ષ સ્થાને તેમજ પૂ.ગો. શ્રી અનિરૂધ્ધલાલજી (કન્હૈયા બાવા) તથા પૂ.ચિ.ગો.શ્રીસ્વાનન્દ બાવાશ્રી તેમજ પૂ.ચિ.ગો.શ્રીવ્રજાનંદ બાવાશ્રીના સાનિધ્યમાં શ્રી વ્રજપતિ વિહાર ૮૪ કોસ વ્રજ પરિક્રમાનું ભવ્ય અને દિવ્ય આયોજન થયેલ છે. આ અલૌકિક વ્રજયાત્રામાં પૂ.પા.ગોસ્વામીની શ્રીકાલિન્દીવહુજી મહારાજ (વેરાવળ-દ્વારકા) પણ પધારશે.

### વ્રજભૂમિની ઠાકોરજીની વિવિધ લીલાઓની સ્થલીઓમાં વિહાર કરવાનો દુર્લભ લાભ

પગપાળા યાત્રા દરમિયાન મધુવન,શિવતાલ કુંડ, ધ્રુવજીના દર્શન તાલવન-કુમદવન, શાંતન કુંડ, બહુલાવન, જમનાવતા ગામ, નારદ કુંડ, કુંસુમ સરોવર, રાધાકૃષ્ણ કુંડ, માનસી ગંગા, એંઠા-પેઠા, ચન્દ્ર સરોવર, આન્યોર ગોવિંદ કુંડ, જતીપુરા, ગોવર્ધન પૂજા, ટોડનો ધનો, શ્યામ ઢાંક, ગુલાલ કુંડ, ગીરિરાજજીની પરિક્રમા, ડીગના ભવન દર્શન, રેવતીજીના દર્શન, આદી બદ્રી અલકગંગા, સેઉ પરમદરા, કામવન, વિમલ કુંડ, ચરણ પહાડી શ્રી કુંડ બેઠકજી, લપસણી શીલા, વ્યોમાસુરની ગુફા, ભોજન થાળી, બરસાના, સુનહરાની કદમ ખંડી, છપ્પન કટોરા, દેહ કુંડ, વિમલ કુંડ, સાંકરી ખોર, રાધારાની મંદિર, ગહેરવન, દાનગઢ-માનગઢ, મોર કુટીર, કરહલા બેઠકજી ટેરકદંબ, પાન સરોવર, નંદગામ, પ્રેમ સરોવર, સંકેતવન, રીઠોરા-ઉધ્ધવકચારી, નંદમહલ, કોસી, કોકિલાવન, શનિદેવ દર્શન,પાંડવ ગંગા, કોટવન પૈગામ, શેષશાહી, ચીરઘાટ, બિહારવન, અક્ષરવટ, કાત્યાયની દેવીના દર્શન, બરછવન, બેલવન, ખીચડી ખેલ મનોરથ, શ્યામવન, ભદ્રવન ભાંડીરવન, માટવન, બંસીવટ, માન સરોવર લોહવન, શ્રીમદ ગોકુલ, દાઉજીના દર્શન રમણ રેતી, બ્રહ્માંડ ઘાટ, ઠકુરાણી ઘાટ, વિગેરે વ્રજભૂમિની ઠાકોરજીની વિવિધ લીલાઓની સ્થલીમાં ૩૫ દિવસ વ્રજભૂમિમાં વિહાર કરવાનો દુર્લભ લાભ શ્રી વલ્લભકુલના સાનિધ્યથી મળશે.

**ભુવનેશ્વરી તીર્થ એપાર્ટમેન્ટ**

આજે તા.૧૭ના શનિવારે રાત્રે નવ વાગે રણછોડનગર વિસ્તાર, સંતકબીર રોડ, ૪, બ્રાહ્માણીયાપરા, ગોવિંદબાગ શાક માર્કેટ સામેની શેરીમાં શ્રી ભુવનેશ્વરી તીર્થ એપા.માં આમંત્રણ સભા યોજાશે.

**બાલકૃષ્ણલાલજીની હવેલી**

આવતીકાલ તા.૧૮ના રવિવારે સાંજે ૬ વાગે દરબારગઢ, સોની બજાર પાસે આવેલ શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીના પ્રાંગણમાં ગો.શ્રી ચંદ્રગોપાલજી મહારાજના સાંનિધ્યમાં આમંત્રણ સભા રાખવામાં આવેલ છે.

**તા.૧૯ના સોમવાર**

તા.૧૯ના સોમવારે રાત્રે નવ વાગે મનસુખભાઈ સાવલીયા, ૧૫૦ ફૂટ રીંગ રોડ, એપલ અલ્ટુરા એપાર્ટમેન્ટ, બાલાજી હોલ પાછળ આમંત્રણ સભા યોજાશે.

**સોમવારે કાર્યાલયનું ઉદ્‌ઘાટન**

તા.૧૯ના સોમવારે સાંજે ૭-૩૦ કલાકે વ્રજયાત્રા સમિતિ-રાજકોટ કાર્યાલયનું પૂ.ગો.શ્રી ચંદ્રગોપાલજી મહારાજના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. કાર્યાલયનું સ્થળ અરવિંદભાઈ પાટડીયા, મારૂતીનંદન કોમ્પ્લેક્ષ, આશાપુરા મેઈન રોડ, ૪૯ પ્રહલાદ પ્લોટ કોર્નર, રાજકોટ રાખવામાં આવેલ છે.

વ્રજયાત્રામાં યાત્રિકો માટે પાલની વ્યવસ્થા, ચા, પાણી, નાસ્તો, બન્ને સમય ભોજનની વ્યવસ્થા સમિતિ દ્વારા કરવામાં આવેલ છે. વિશેષ વિગત માટે અરવિંદભાઈ પાટડીયા (મો.૭૦૧૬૪ ૫૨૬૧૧) તથા માધવભાઈ સોની (૯૮૨૫૦ ૭૫૦૨૬)નો સંપર્ક કરવો.

### પોસ્ટ વિભાગમાં વિમા એજન્ટ બનવાની સોનેરી તક: વોક-ઈન-ઈન્ટરવ્યું

રાજકોટ,તા.૧૭

સીનીયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, રાજકોટ ડિવિઝન, રાજકોટ દ્વારા ટપાલ જીવન વિમા/ ગ્રામીણ ટપાલ જીવન વિમા એજન્ટની નિયુકતી માટે વોકઈનઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું છે.નીચેની શરતો પૂર્ણ કરતા તેમજ રસ ધરાવતા ઉમેદવારો નિયત અરજી સાથે વોકઈનઈન્ટરવ્યૂમાં હાજર રહી શકે છે.જે સીનીયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસની કચેરી રાજકોટ ડિવિઝન, બીજો માળ, હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ ખાતે તા.૨-૬-૨૫ (સોમવાર)ના રોજ સવારે ૧૧ કલાકે રાખવામાં આવે છે.

ઉમેદવારોએ પોતાના બાયો-ડાટાની સાથે પાસપોર્ટ સાઈઝના ૦૩ ફોટો ઉમરનું પ્રમાણપત્ર શૈક્ષણિક લાયકાતો આવશ્યક સર્ટીફીકિટ અને અનુભવ (જો કોઈ હોય તો) બાબતના દાખલા ઓરીજીનલ તેમજ દરેકની ખરી નકલ સાથે લાવવાના રહેશે.જેમાં યોગ્યતા ૧૦મુ પાસ સાથે ૧૮ થી ૫૦ વર્ષની ઉમર હોવી જોઈએ.ઈન્સ્યોરન્સ પ્રોડકટ્સ વેચવાનો અનુભવ, કોમ્પ્યુટરની જાણકારી તેમજ સ્થાનીક ક્ષેત્રની જાણકારી પ્રાથમિકતા અપાશે.

# બાળકો, કિશોરીઓ અને માતાઓના આરોગ્ય અને પોષણમાં સુધારો કરવાની ગુજરાતની કામગીરીને આવકારતાં મંત્રી ભાનુબેન બાબરીયા

## પોષણ આહારને પ્રદર્શિત કરતી પૌષ્ટિક વાનગીઓ રજૂ કરાઈ:રાજ્યભરમાં કુલ ૪૦.૮૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ થઈ






રાજકોટ, તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા 'પોષણ અભિયાન' હેઠળ સ્વસ્થ અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યના દરેક નાગરિક, ખાસ કરીને બાળકો, સગર્ભા માતાઓ અને કિશોરીઓના પોષણને સુનિશ્ચિત કરવા માટે નવીન અને પરિણામલક્ષી પગલાં લેવામાં આવી રહ્યાં છે. પોષણ અભિયાન માત્ર આરોગ્યલક્ષી નહીં, પરંતુ ગુજરાતની ભાવિ પેઢીને સશક્ત બનાવવાનું એક અભૂતપૂર્વ પગલું છે. સમાજના દરેક વર્ગ સુધી પોષણની પહોંચ સુનિશ્ચિત કરી, ગુજરાત સરકારે આ ક્ષેત્રે દેશભરમાં એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતે ''આહાર એ જ ઔષધ'' એ મંત્રને સાકાર કરતા પોષણ ઉત્સવ'' થકી બાળકો, કિશોરીઓ અને માતાઓના આરોગ્ય અને પોષણમાં સુધારો કરવા માટે નોંધનીય કામગીરી કરી સમગ્ર દેશ માટે ઉદાહરણ પુરૂ પાડયું છે. પોષણ ઉત્સવ થકી વિવિધ થીમ અંતર્ગત પોષણ પ્રત્યે જાગૃતિ લાવવા પોષણ આહારને પ્રદર્શિત કરતી પૌષ્ટીક વાનગીઓ રજૂ કરાઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને મહિલા બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા, બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવાના હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ પોષણ પખવાડીયા ૨૦૨૫ અંતર્ગત રાજ્યભરમાં કુલ ૪૦.૮૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ કરાઈ હતી.

આ કાર્યક્રમમાં મેયર મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ, મહિલા અને બાળ સમિતીના ચેરમેન હેમાબેન ભટ્ટ, મહિલા અને બાળ વિકાસ વિભાગ કમિશનર-સચિવ રાકેશ શંકર, મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈસીડીએસ કમિશનર ડો. રણજીતકુમાર સિંહ, સબંધિત વિભાગના અધિકારી ઓ-કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, મુખ્યસેવિકા, વાલીઓ, કિશોરીઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

### હેપી બર્થડે ધ્રુવી



હિનાબેન ધર્મેશ કુબાવતની લાડકી ધ્રુવીનો આજે જન્મદિવસ છે. ધ્રુવી યશસ્વી જીવનના ૧૧ વર્ષ પૂરા કરી ૧૨ મા વર્ષમા મંગળ પ્રવેશ કરશે. આજે તેના જન્મદિવસ પર દાદા નાથાભાઈ , દાદી જીતુબેન , મમ્મી હિનાબેન, પપ્પા ધર્મેશભાઈ શુભકામના પાઠવી રહ્યા છે.

# કાલાવડ રોડ પર આવેલ સંકલ્પ સિધ્ધ હનુમાનજીના વિશિષ્ટદર્શન



રાજકોટ, તા.૧૭

ભકિત અને ભવ્યતાનો અદ્વિતીય સમન્વય દર્શાવતાં કાલાવડ રોડ પર આવેલા શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજના શનિવારના વિશિષ્ટ દર્શન ભકતો માટે અદ્ભુત આસ્થા અને અનુભૂતિનો સ્ત્રોત બની રહ્યા છે. શણગારની આ ભવ્ય શૃંખલામાં હનુમાનજી મહારાજને આ અવસરે રોયલ રાજવી વેશમાં અલંકૃત કરવામાં આવ્યા હતા. શણગારમાં વિશિષ્ટ મોરપીંછ આધારિત વસ્ત્રો, સુંદર મુકુટ, તેજસ્વી શણગાર શસ્ત્ર તથા ચમકદાર આભૂષણો સાથે મહારાજનો ઐતિહાસિક શૌર્યની લાગણી વર્ણવતો શણગાર થયેલ છે. હાથમાં સુવર્ણ ગદા સાથે શણગારને વધુ દૈવી બનાવી રહ્યું છે.

મંદિરના સુવર્ણ કલાત્મક ઘાટ સાથે સમન્વય પામતા હનુમાનજીના આ દર્શન, ભકતોના હૃદયમાં ભક્તિ, શ્રદ્ધા તથા સુરક્ષાના સંકલ્પને દ્રઢ બનાવે છે. શોભિત વસ્ત્રાલંકાર સાથે દ્રષ્ટિ દયાળુ રૂપે દર્શન આપ્યા હતા. શનિવારના દિવસે વહેલી સવારથી મોડી રાત સુધી ભકતો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રી હનુમાનજીના દર્શન કરી આશીર્વાદ મેળવી રહ્યા છે.





### રાહુલ ગાંધી સામે FIR વિરૂદ્ધ NSUIના દેખાવો: ૭ની અટકાયત

બિહારનાં દરભંગામાં સરકારી મંજુરી વિના એસસી-એસટી કેમ્પસમાં ધુસીને રાજકીય પ્રચાર-સંબોધન કરવા અંગે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે કેસનાં વિરોધમાં રાજકોટના કોટેચા ચોકમાં એનએસયુઆઈ (નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયા)એ દેખાવો-સુત્રોચ્ચાર યોજયા હતા. આ તકે પોલીસે સંગઠનના સાત કાર્યકરોની અટકાયત કરી હતી.એનએસયુઆઈનાં કાર્યકરોએ 'રાહુલ ગાંધી પર એફઆઈઆર સંવિધાન પર વાર' જેવા સ્લોગન સાથેના બેનર-પ્લેકાર્ડ પણ ફરકાવ્યા હતા. (તસ્વીર: પંકજ શીશાંગીયા)

# આવતીકાલે રાહુનો કુંભ રાશિમાં તથા કેતુ ગ્રહનો સિંહ રાશિમાં પ્રવેશ: બારેય રાશિઓનું ફળકથન



**જયોતિષ માર્ગદર્શન**
**શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન) રાજકોટ**

રાજકોટ તા.૧૭

આવતીકાલે રાહુ ગ્રહ કુંભ રાશિમાં પ્રવેશ કરશે તથા કેતુનો સિંહ રાશિમાં પ્રવેશ થશે.

આવતીકાલ તા.૧૮ના રવિવારે સાંજે ૭-૨૦ કલાકે રાહુ ગ્રહ કુંભ રાશિમાં તથા કેતુ ગ્રહ સિંહ રાશિમાં પ્રવેશ કરશે. રાહુ ગ્રહ ૫મી ડિસે. ૨૦૨૬ સુધી કુંભમાં તથા કેતુ ગ્રહ ૫ ડિસે. ૨૦૨૬ સુધી સિંહ રાશિમાં રહેશે.

રાહુ ગ્રહના કુંભ રાશિના પ્રવેશની સાથે શનિ તથા રાહુની શ્રાપિત યુતિ પૂર્ણ થશે અને થોડી રાહત અનુભવાશે.

ખાસ કરીને રાહુ ગ્રહને માયાવી ગ્રહ માનવામાં આવે છે. રાહુ ગ્રહમાં ટ્રેડીંગ, ટ્રાન્સપોર્ટ, સટ્ટો તે ઉપરાંત કુંડળીમાં રાહુ સારા સ્થાનમાં હોય તો અધ્યાત્મનો કારક માનવામાં આવે છે. રાહુ સારો હોય તો અચાનક ધન લાભ અપાવે છે. રાહુ ગ્રહની શાંતિ મહાદેવજીની ઉપાસના કરવાથી થાય છે.

જયારે કેતુ ગ્રહને ધર્મનો કારક માનવામાં આવે છે. મંદિરની ધજામાં કેતુનું સ્થાન ગણવામાં આવે છે.

**રાશિ ફળ**

**મેષ રાશિ**

મેષ રાશિના જાતકોને રાહુ લાભ સ્થાનમાંથી પસાર થશે. જીવનમાં અચાનક લાભ મળી શકે છે. મોટા ભાઈ બહેનો સાથે વિરોધાભાષ થઈ શકે છે. જો જન્મ કુંડળીમાં ગ્રહો સારા હોય તો વાર્ષિક આવકમાં વધારો થાય.

જયારે પાંચમા સ્થાનેથી કેતુનું ભ્રમણ વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં ખાસ ધ્યાન આપવું જરૂરી છે. પેટમાં ગરમીજન્ય બીમારી થઈ શકે છે. પાંચન શકિત ઉપર ધ્યાન આપવું જરૂરી છે.

**વૃષભ રાશિ**

વૃષભ રાશિના જાતકોને કુંભનો રાહુ કર્મ ભુવનમાંથી પસાર થશે વ્યાપારમાં વધારો થાય. નોકરીમાં પ્રમોશનના યોગ, જયારે કેતુનું ભ્રમણ સુખ ભુવનમાંથી થતા ઘરમાં પરીવાર સાથે વાતાવરણ શાંત રાખવું જરૂરી છે. ઘરમાં શાંતિથી રહેવું.

**મિથુન રાશિ**

જાતકોને કુંભનો રાહુ ભાગ્ય ભુવનમાંથી પસાર થશે ધર્મનું આચરણ કરવું વિદેશ યાત્રા ધાર્મિક યાત્રાના યોગ, પિતાનું આરોગ્ય સાચવવું ધર્મ પુજા પાઠમાં ધ્યાન આપવાથી સમય સારો જાય. સિંહના કેતુનું ભ્રમણ પરાક્રમ ભુવનમાંથી થશે મહેનતનું પુરતુ ફળ મળે પરંતુ નાના ભાઈ બહેનો સાથે સુમેળ રાખવો જરૂરી છે.

**કર્ક રાશિ**

કર્ક રાશિના જાતકોને કુંભનો રાહુ આઠમા સ્થાનેથી પસાર થશે વારસાકીય પ્રશ્નો ઉદભવે વારસાગત વ્યાપાર કરતા હોય તો પુરતો ખ્યાલ રાખવો.

જયારે કર્ક રાશીના જાતકોને કેતુનું ભ્રમણ ધન ભુવનમાંથી પસાર થશે. વાણીમાં સંયમ રાખવો કૌટુંબીક ભાવના જાળવી રાખવી આર્થિક બચતોનો વ્યય ન થાય તેનો ખ્યાલ રાખવો ગળામાં ગરમીજન્મ બીમારી થઈ શકે છે.

**સિંહ રાશિ**

સિંહ રાશીના જાતકોને કુંભનો રાહુલ સાતમા સ્થાનેથી પસાર થશે ભાગીદારીના વ્યાપારમાં ખ્યાલ રાખવો. લાલચમાં આવવું નહી. દામ્પત્ય જીવનમાં ઝગડો કરવો નહીં જે લોકો વિવાહ ઈચ્છુક છે તેઓને સામેના પાત્ર ગોતવામાં ખ્યાલ રાખવો જરૂરી.

સિંહ રાશીના જાતકોને સિંહનો કેતુ જન્મના ચંદ્ર ઉપરથી પસાર થશે. ગુસ્સા પર કાબુ રાખવો. આરોગ્યનું ધ્યાન રાખવું ખોટા વિચારો આવે, વિચારવાયું થાય, ઉંઘમાં ઘટાડો થઈ શકે છે.

**કન્યા રાશિ**

કન્યા રાશિના જાતકોને કુંભ રાશિનો રાહુ છઠ્ઠા સ્થાનેથી પસાર થશે છુપા શત્રુમાં વધારો થાય સાથે શત્રુનો પુરતો સામનો પણ કરી શકાય, નોકરીમાં યોગ્ય રીતે કામ કરવાથી પ્રમોશનના યોગ છે.

જયારે કન્યા રાશિના જાતકોને સિંહ રાશિનો કેતુ વ્યય ભુવનમાંથી પસાર થાય. ખર્ચા ઉપર કાબુ રાખવો જરૂરી, કોર્ટ કજીયાથી દૂર રહેવું. બારમે કેતુને મોક્ષનો કારક માનવામાં આવે છે. આથી ધાર્મિક પૂજાપાઠમાં ધ્યાન આપવું કુળદેવીની ઉપાસના કરવી.

**તુલા રાશિ**

તુલા રાશિના જાતકોને કુંભ રાશિનો રાહુ પાંચમા સ્થાનમાંથી પસાર થાય જો કુંડળીમાં ગ્રહો શુભ હોય તો કુંભ રાશિનો રાહુ શેરબજારમાંથી લાભ મેળવી શકે છે. જોકે આયોજનપૂર્વક શેરબજારમાં રોકાણ કરવું જરૂરી, લીવરની બીમારીનો ખ્યાલ રાખવો. અપચાની ફરીયાદ રહે. વિદ્યાર્થી વર્ગે આળસ છોડીને અભ્યાસ કરવો.

જયારે તુલા રાશિના જાતકોને સિંહ રાશિનો કેતુ લાભ સ્થાનમાંથી પસાર થાય છે. મોટા ભાઈ બહેનો સાથે વાદ વિવાદમાં પડવું નહિ. વ્યાપારમાં યોગ્ય ધ્યાન આપવું નહિતર આવકમાં ઘટાડો થઈ શકે છે.

**વૃશ્ચિક રાશિ**

વૃશ્ચિક રાશિના જાતકોને કુંભ રાશિનો રાહુ ચોથા સ્થાનેથી પસાર થશે આ દોઢ વર્ષ દરમ્યાન ખાસ કરીને ઘર પરીવારજનો સાથે શાંતિભર્યું વાતાવરણ રાખવું. વાહન ખાસ સાવચેતીપૂર્વક ચલાવવું. અકસ્માતના યોગ ખરા નવું મકાન કે દુકાન જમીન ખરીદતા પહેલા સો વાર વિચારી અને યોગ્ય વ્યકિતની સલાહ લઈ અને ખરીદી કરવી દગાખોરીના યોગ બની શકે છે.

વૃશ્ચિક રાશિના જાતકોને સિંહ રાશિનો કેતુ કર્મભુવનમાંથી પસાર થાય છે. વ્યાપારમાં પુરતું ધ્યાન આપવું કંટાળો રાખવો નહિ જે લોકોને હાર્ટની બીમારી હોય તેઓએ તેનો યોગ્ય ઈલાજ કરાવવો જરૂરી બનશે.

**ધન રાશિ**

ધન રાશિના જાતકોને કુંભ રાશિનો રાહુ પરાક્રમ ભુવનમાંથી પસાર થશે જેટલી મહેનત કરશે તેનાથી વધારે લાભ મળી શકે છે. જે લોકોએ નવા વ્યાપારની શરૂઆત કરી હોય તેમને વધારે લાભ મળી શકે છે. આ સમય દરમ્યાન જેટલી મહેનત કરશો તેનાથી થોડો વધારે લાભ મળશે.

જયારે ધન રાશિના જાતકોને સિંહ રાશિનો કેતુ ભાગ્ય ભુવનમાંથી પસાર થશે. ધાર્મિક યાત્રા પ્રવાસ થઈ શકે છે અને આ સમય દરમ્યાન કુળદેવી, સુરાપુરા બાપાની ઉપાસના કરવાથી જીવનમાં લાભ મળે. ભાગ્યોદય થાય.

**મકર રાશિ**

મકર રાશિના જાતકોને કુંભ રાશિનો રાહુ ધન ભુવનમાંથી પસાર થશે. વાણી વ્યવહારમાં ધ્યાન રાખવું સત્યનું આચરણ કરવું જો આ સમય દરમ્યાન બચતોમાં ધ્યાન રાખશો તો ભવિષ્યમાં લાભ મળી શકે છે શરાબ જેવા વ્યસનોથી દુર રહેવું નહિતર બીમારી આવી શકે છે.

જયારે મકર રાશિના જાતકોને સિંહ રાશિનો કેતુ આઠમા સ્થાનેથી પસાર થશે તંત્ર વિદ્યામાં પડવું નહિ દુર રહેવું નહિતર નુકશાન થઈ શકે છે. આરોગ્યનું ધ્યાન રાખવું, વારસાકીય પ્રશ્નો વધારે ગુંચવાઈ શકે છે.

**કુંભ રાશિ**

કુંભ રાશિના જાતકોને કુંભ રાશિનો રાહુ દેહ ભુવનમાંથી પસાર થશે વિચારવાયુ રહે, આરોગ્યનું પુરતું ધ્યાન રાખવું, માનસીક બીમારીનો સામનો કરવો પડી શકે છે. ખોટા વિચાર કરવા નહિ યોગ્ય નિર્ણય લેવા. કુંભ રાશિના જાતકોને સિંહ રાશિનો કેતુ સાતમા સ્થાનેથી પસાર થશે. ભાગીદારીના વ્યાપારમાં કાર્યોમાં યોગ્ય જગ્યાએ સાચી જગ્યાએ સેવા આપવી નહિંતર બદનામી થઈ શકે છે. પતિ પત્નીના સબંધોમાં આ દોઢ વર્ષ જો કોઈ ઝઘડા થાય તો થોડું નમતુ જોખીને સમાધાન કરવું તેજ સારી ઉપાઈ ગણાય.

**મીન રાશિ**

મીન રાશિના જાતકોને કુંભ રાશિનો રાહુ ખોટુ દોડધામ કરાવે. કોર્ટ કજીયામાં પડવું નહીં, કોઈની સાક્ષીમાં પડવું નહીં. દેવું કરવું નહિ અને રૂપિયા ઉછીના આપવા નહિ. જયારે મીન રાશિના જાતકોને સિંહ રાશિનો કેતું છઠ્ઠા સ્થાનેથી પસાર થશે. આરોગ્યનું પુરતું ધ્યાન રાખવું ઓપરેશન આવી શકે છે. શત્રુથી સાવચેત રહેવું નોકરીમાં અધિકારી વર્ગ સાથે સુમેળભર્યું વાતાવરણ રાખવું ખુબ જરૂરી બનશે.

**પૂજા પાઠ**

ખાસ કરીને કર્ક રાશિના જાતકોને ગોચરનો રાહુ આઠમેથી વૃશ્ચિક રાશીના જાતકોને રાહુ ચોથા સ્થાનેથી પસાર થશે તથા મીન રાશિના જાતકોને રાહુ વ્યય ભુવનમાંથી પસાર થશે. કુંભ રાશીના જાતકોને રાહુ દેવ ભુવનમાંથી પસાર થશે. આમ આ રાશિના જાતકોએ મહાદેવજી ઉપર જળ ત્યાર બાદ કાળા તલ ચડાવવા લાભદાયક છે. દર મહિને આવતી શિવરાત્રીના દિવસે રૂદ્રાભિષેક કરી શકાય છે. ૨૧ બુધવારના એકટાણા રહેવા કાળા તલનું દાન કરવું.

દરરોજ પાંચ માળા ૐ નમ: શિવાયના જપ કરવાથી અશુભ રાહુમાં રાહત મળી શકે છે.

જયારે સિંહ રાશિના જાતકોને દેહ ભુવનમાંથી કેતુ પસાર થતો હોવાથી મંદિરમાં ધજા ચડાવી ૨૧ ગુરૂવારના એકટાણા રહેવા.

ભારતની રાશિ કુંડળી પ્રમાણે રાહુ પરાક્રમ ભુવનમાંથી પસાર થશે. લોકોની આવકમાં વધારો થઈ શકે છે. ભારતની ઈકોનોમીમાં વધારો થાય. પરાક્રમ ભુવનનો રાહુ પાડોશી દેશો સામેના યુધ્ધ અને વિગ્રહ જીતી શકે છે.

જયારે ભારતની રાશિ કુંડળીમાં સિંહ રાશિનો કેતુ ભાગ્ય ભુવનમાંથી પસાર થાય. ધાર્મિક વાદ વિવાદમાં વધારો થાય ધાર્મિક વિગ્રહ થઈ શકે છે. જે લોકોની જન્મ કુંડળીમાં શની તથા રાહુનો શ્રાપિત દોષ હોય કે શની તથા કેતુનો શ્રાપિત દોષ હોય તો આ સમય દરમ્યાન ખાસ સાવચેત રહેવું. મહાદેવજીની ઉપાસના કરવી.

# ૧૮૧ ખાલી આવાસ માટે ૩૫૪૮ ફોર્મ આવ્યા

## બે અને દોઢ બીએચકેની આવાસ યોજના માટે મુદ્દત પૂર્ણ : બંને કેટેગરીમાં લોકોએ ફોર્મનો ઢગલો કર્યો

રાજકોટ, તા. ૧૭

મહાપાલિકાની જુદી જુદી કેટેગરીની આવાસ યોજનાના ખાલી પડેલા ૧૮૧ આવાસ માટે છેલ્લે વધારાયેલી મુદ્દત સહિત કુલ ૩૫૩૮ જેટલા ફોર્મ નાગરિકોએ ભર્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ, શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ એલઆઇજી (૨ બીએચકે) કેટેગરીના ૧૩૭ આવાસો તથા ઇડબલ્યુએસ-૨ (૧.૫ બીએચકે) કેટેગરીના ૪૪ આવાસો માટે તા.૨ એપ્રિલથી તા. ૧૫ મે સુધી મહાનગરપાલિકાની વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. જે અંતર્ગત એલઆઇજી કેટેગરીમાં કુલ ૧૭૪૪ આવાસોના અરજી ફોર્મ તથા ઇડબલ્યુએસ-૨ કેટેગરીના કુલ ૧૮૦૪ આવાસોના અરજી ફોર્મ ઓનલાઇન ભરાયા છે તેમ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને હાઉસિંગ સમિતિના ચેરમેન નિતિનભાઈ રામાણીએ જણાવ્યું હતું.

એલઆઇજી કેટેગરીમાં - ૨ બીએચકે, ક્ષેત્રફળ ૫૦ ચો.મીટર, આવાસની કિંમત રૂ. ૧૨ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ થી ૬.૦૦ લાખ, ડિપોઝીટ રૂ. ૨૦,૦૦૦ રાખવામાં આવી હતી. જયારે - ઇડબલ્યુએસ-૨માં ૧.૫ બીએચકે, ક્ષેત્રફળ ૪૦ ચો. મીટર, આવાસની કિંમત રૂ. ૫.૫૦ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ લાખ, ડિપોઝીટ રૂ. ૧૦,૦૦૦ રાખવામાં આવ્યા હતા તે ઉલ્લેખનીય છે.





## મનપા દ્વારા ડેંગ્યુ દિનની ઉજવણી : રેલી, પ્રદર્શન, વર્કશોપ યોજાયા

આજે તા. ૧૬ મેના રોજ રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસ છે. મનપા દ્વારા આજે વોર્ડવાઇઝ ૧૯ સ્થળોએ મચ્છરો અને ડેંગ્યુ અટકાયતી પગલા વિશે જાહેર પ્રદર્શન અને ૪૧૯ લોકોને માછલી વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૧૯ સરકારી કચેરી, ખાનગી એકમોમાં પણ આ જ પ્રકારે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આરોગ્ય કેન્દ્ર ખાતેથી રંગોળી, પત્રિકા વિતરણ, રેલી યોજીને લોકોને રોગચાળા નિયંત્રણ માટે લેવાના થતા પગલા અંગે માહિતી આપવામાં આવી હતી. ૩૯૫ સ્થળે મેલેરીયા વિષયક પોસ્ટર લગાવીને, સોશ્યલ મીડિયાના માધ્યમથી પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# રાજકુમાર કોલેજના ૩૦૫ વિદ્યાર્થીઓનું સીબીએસસી ધો.૧૦ અને ૧૨ના પરિણામોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

## સર્વોત્કૃષ્ટ પરિણામોએ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની અવિરત મહેનત અને લક્ષ પ્રાપ્તિ માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ: માંધાતાસિંહજી જાડેજા

રાજકોટ, તા.૧૭

તા.૧૩, મેના રોજ જાહેર થયેલા સીબીએસસી ધો. ૧૦ અને ૧૨ના પરિણામોમાં રાજકુમાર કોલેજ, રાજકોટના ૩૦૫ વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામો પ્રાપ્ત કરીને શાળા તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું છે. ધો. ૧૨ સાયન્સ પ્રવાહમાં રૂદ્ર બાવિષીએ ૯૮.૨% મેળવીને મોખરાનું સ્થાન મેળવ્યું છે. કોમર્સમાં પ્રિયા પરમારે ૯૭.૨% જયારે હ્યુમેનિટીઝ પ્રવાહમાં મરલિન ફ્રાન્સિસે ૯૬.૬% મેળવી નોંધપાત્ર પરિણામ પ્રાપ્ત કર્યું છે. સંપૂર્ણ ગુણ પ્રાપ્તિની દિશામાં મનોવિજ્ઞાનમાં ૪ વિદ્યાર્થીઓ, હોમ સાયન્સમાં ૪ વિદ્યાર્થીઓ અને પેઇન્ટિંગ વિષયમાં ૨ વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ હાંસલ કર્યા છે. ધો. ૧૦માં શાળા કક્ષાએ સુભાન અલીએ ૯૬.૩% સાથે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જ્યારે સંપૂર્ણ ગુણ પ્રાપ્તિની દ્રષ્ટિએ ૨ વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ગુણ મેળવ્યા છે. વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓની સરાહના કરતાં રાજકોટના ઠાકોર સાહેબ અને રાજકુમાર કોલેજના પ્રેસિડેન્ટ માંધાતાસિંહજી જાડેજા જણાવ્યું હતું કે, ૨૦૨૫માં પ્રાપ્ત થયેલાં સર્વોત્કૃષ્ટ પરિણામો એ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની અવિરત મહેનત અને લક્ષ પ્રાપ્તિ માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

# કાલે શિવ ટાઉનશીપની રાત્રી શ્રીમદ ભાગવત સપ્તાહમાં શ્રી વામન જન્મ, રામજન્મ અને કૃષ્ણ જન્મ ઉજવાશે

રાજકોટ, તા.૧૭

દરેક પ્રકારની ટચૂકડી જા.ખ. માટે મળોઃ
મહેશભાઈ - મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭/૮૮૪૯૫ ૫૬૩૬૪

**માણસો જોઈએ છે**
આઈસ્ક્રીમની ડીલેવરી માટે કોઠારીયા રોડ, મો. ૯૯૭૪૫ ૯૪૭૪૫

**કોર્નરની દુકાન વે.**
રાજકોટ કોઠારીયા મેઈન રોડ, મહેશ્વરી સોસાયટી શેરી નં. ૩ના ખુણે સાઈઝ ૭×૬॥ મો. ૯૫૭૪૭ ૪૮૨૮૫

**એકટીવા વેચવાનું**
વનઓનર, બ્લેક, રાજકોટ પાસીંગ, કમ્પલીટ, જનરલ કરેલ ટોપ કંડીશન કિં. ૪૫, મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**રૂમ ભાડે દેવાની**
શેઠ હાઈસ્કુલ સામે, વાણીયાવાડી ૫/૨ ખુણે, ભગવતી ભુવનમાં, મો. ૯૫૮૬૭ ૪૬૬૫૧

**જાહેરાત માટે મળો**
દરેક છાપામાં ટચુકડી, ડીસ્પ્લે, શ્રધ્ધાંજલી, વગેરે જાહેરાત આપવા માટે મળો. નયન પબ્લીસીટી એન્ડ બુક સ્ટોર, સોરઠીયાવાડી ચોક, મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**સુચિત મકાન વે.**
૬૦ વાર, રામરણુજા સો. મંદિર પહેલા કોઠારીયા રોડ, ૯૯૨૪૦ ૧૪૪૪૫

**કોટડા પીઠા ૧૫ વીઘા**
જમીન વેચવાની- રોડ ટચ- ૯૯૭૪૧ ૦૯૧૧૭.

**જોઈએ છે**
સીએનસી ઓપરેટરની જરૂર છે. સુઝુકી એન્જી.૨ ભકિતનગર સ્ટે. પ્લોટ, મો. ૯૯૨૫૧ ૪૯૯૨૦

**સેલ્સમેન જોઈએ છે**
ફાર્મા OTC લાઈનના અનુભવી HQ રાજકોટ–જામનગર, મો. ૯૯૧૩૩ ૨૨૯૦૧

**બે શેડ ભાડે દેવાના**
૧૨૫ વાર (૧૫×૭૫)ના ટાઈટલ કલીયર, નવું બાંધકામ ધરતી કાંટા પાછળ અટીકા ઢેબર રોડ, ૯૮૨૫૦ ૭૯૨૦૧

**તા. જમીન વે. છે**
સણોસરામાં ૩ એકર, એકરના ૧.૨૦ મો. ૯૨૭૬૮ ૨૨૬૬૦

**ટેનામેન્ટ ૨ બીએચકે**
વેચવાનું- બંધશેરીમાં, ૪૦ વાર, કાયદેસર દસ્તાવેજ, લોનેબલ- ૩, જ્ઞાનજીવન, રૈયા રોડ- ૧૫.૫૦ લાખ-૯૮૭૯૫ ૨૦૯૦૭.

**૨ મકાન ભાડે દેવાના**
સરકારી નોકરીયાત માટે- સ્વતંત્ર, ૧ રૂમ, પીજી માટે- કિશાનપરા, સુભાષ નગર, રૈયા રોડ (બ્રો) ૭૦૪૬૪ ૭૫૪૦૪.

**૨ મકાન ૩ ફ્લેટ વેચવાના**
કિશાનપરા, રેસકોર્સ પાર્ક, જંકશન (બ્રો) ૭૦૪૬૪ ૭૫૪૦૪.

લક્ઝરીયસ બંગલો ૪ બીએચકે વેચવાનો છે ૧૨૦વાર પાર્કિંગ ૩૩૦૦ ફૂટ ફુલ્લી ફર્નિશ્ડ, આધુનિક અમીધારા, રામધામ સોસાયટી ૫, પરિમલ સ્કૂલ પાછળ કાલાવડ રોડ ૯૯૯૮૯ ૭૦૪૫૯ દલાલ માફ

**લેઝર હેર રીમુવલ અને**
સ્કીન કેર થેરાપીસ્ટ અનુભવી સ્ટાફ જોઈએ છે ડરમેટીક્સ સ્કીન એન્ડ હેર ક્લિનીક મવડી મેઈન રોડ મો. ૯૩૧૬૮ ૦૪૩૯૯

**ઓફિસ ભાડે આપવાની છે**
૪૩૫ સ્કે.ફૂટ, ફુલ્લી ફર્નિચર ૧૦ થી ૧૩ નું સીટીંગ યાજ્ઞિક રોડ, મો. ૯૮૯૮૨ ૨૪૭૫૫, ૯૯૭૪૧ ૭૦૨૨૨

**મકાન ભાડે આપવાનું**
૨ રૂમ, રસોડું- ધ્રુવનગર- ૩, રૈયા રોડ- વિપુલ- ૯૮૨૪૬ ૪૬૧૬૯

**ઓફિસ વેચવાની છે**
૧૫૦ ફૂટ, ફર્નિચર સાથે, કાલાવડ રોડ ૯૮૯૮૫ ૮૩૭૯૮

**હોમ, મોર્ગેજ, મશીનરી લોન**
કોટેશન પર પર્સનલ પ્લોટ, ખેતીની જમીન, ફલેટ આવકના ખૂટતા પુરાવા ૫ લાખથી ૫ કરોડ સુધીની બિઝનેસ લોન, CC લોન, ખરાબ સીબીલ, NPA કેસ જેવી કોઈપણ વાંધાવાળી લોન મિલકત જેવી કોઈપણ ડીફોલ્ડર, શિબિર બ્લેક લિસ્ટેડ અથવા કોઈપણ વાંધા વાળી લોન કરી આપીશુ- ૮૮૬૬૮ ૬૧૭૩૫

**કોટડાપીઠા જમીન વેચવાની**
કસમા, ૧૫ વીઘા, રોડ ટચ- ૯૮૨૪૫ ૧૧૭૯૭.

સાંજ સમાચાર

ô°`¥Ï°ù°¢ °P[a-t§a

શ્રી

MODI ESTATE

# મોદી એસ્ટેટ

®

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪

**તરઘડી-૨/૧ પૈકી ૪૦૦ વારનો પ્લોટ વેચવાનો છે ભાવ-૧૦,૦૦૦**

**જામનગર રોડ**

**રાધા પાર્ક**
માધાપર-૩૯, ૧૦૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦૦

**ગ્રીન એકર**
તરઘડી-૫૧ પૈકી, ૪૩૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪,૦૦૦

**શ્રી શાંતિનાથ પાર્ક**
ઘંટેશ્વર-૧૨૯, ૪૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ - ૨૮,૦૦૦

**માધાપર-૯**
૬૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૦૦૦

**ગ્લોરીયસ પર્લ**
ન્યારા, ૧૩૧ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૪,૫૦૦

**મોટા રામપર**
૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૭૦૦૦

**સૈનિક સોસાયટી**
ઘંટેશ્વર, ૪૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦

**કલ્યાણ પાર્ક**
ઘંટેશ્વર-૩૩, ૬૯૧ વાર વેચવાનો છે. ભાવ-૩૦,૦૦૦

**હંસવાહિની**
માધાપર-૮, ૨૫૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**સીટી વિસ્તાર**

**પર્ણકુટીર**
વિદ્યુતનગર, ૮૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**રાવલનગર**
૧૫૦ ફુટ રીંગ રોડ, ૩૬૫ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત-૧ કરોડ

**રાધાનગર**
નંદકિશોર સોસાયટી પાસે, ૧૩૧ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૫૦૦૦

**પ્રગતિ સોસાયટી**
રૈયા રોડ, ૨૫૦ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત- ૧.૫૦ કરોડ

**સ્વાશ્રય સોસાયટી**
મવડી પ્લોટ, ૨૨૯ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦

**રામનાથપરા**
રાજકોટ સર્વે ૩૧૯૨, ૧૬૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦,૦૦૦

**અમૃત પાર્ક**
રાજકોટ સર્વે નં. ૪૩૬, ૧૭૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧.૫૦ લાખ

**શિવદ્રષ્ટિ સોસાયટી**
શાસ્ત્રીનગર સામે, ૨૧૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૨૦ લાખ

**સન પાર્ક**
કોઠારીયા, ૧૧૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫,૦૦૦

**ગ્રીનલેન્ડ ચોકડી પાસે**
રાજકોટ સર્વે નં. ૧૩૧ પી૪, ૩૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૨૫ લાખ

**ઉર્જા ઈન્ડસ્ટ્રીયલ**
અમરેલી સર્વે નં., બાલાજી વેફરની નજીક, ૨૨૮૮ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦૦૦

**નારાયણનગર-૧**
સહકાર રોડ, ૧૩૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૨,૦૦૦

**રાધે પાર્ક**
પેડક રોડ ઉપર, ૧૬૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૧૧ લાખ

**બાલાજી હોલ પાછળ**
૧૩૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૨૫ લાખ

**શારદાનગર**
એસ્ટ્રોન ચોક નજીક, ૫૬૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ ૧.૫૧ લાખ

**કાલાવડ રોડ**

**ગ્લોબલ ગ્રીન સીટી**
છાપરા-૧૪૫, ૧૭૭ વારના પ્લોટ વેચવાના છે. ભાવ- ૪૫૦૦

**ધનંજય પાર્ક-૧**
કાંગશિયાળી સર્વે નં., ૩૩૯ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૩,૦૦૦

**અમરનાથ પાર્ક**
મોટા મવા-૧૭૫, ૧૦૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૭૦૦૦

**વસુધા**
હરિપર ૫૬/૧/૮, ૨૨૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૭૦૦૦

**સત્યમ પાર્ક**
મવડી , ૧૨૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૬,૦૦૦

**સનસીટી**
મોટામવા-૧૨૯/૮, ૧૦૯ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦૦

**સફર રેસીડેન્સી**
બાલસર-૩૨, ૧૦૮ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત-૯ લાખ

**શ્રીનાથજી પાર્ક**
પડધરી ઈશ્વરીયા-૩૮, ૯૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦૦૦

**તિરૂમાલા પાર્ક**
મવડી સર્વે નં. ૪૪૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**માધવ પાર્ક-૩**
મવડી-૫૮ પૈકી, ૧૯૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**અમીન પાર્ક**
ઈશ્વરીયા-૨૦૫, ૫૦૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૩૦૦

**આદેશ્વર પાર્ક**
છાપરા-૫૧, ૧૦૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૫૦૦

**સારંગ પાર્ક**
મોટા મવા-૭૦, ૭૫૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૭૦૦૦

**નિજાનંદ સોસાયટી**
મેટોડા, ૫૭૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૪,૫૦૦

**જલારામ પાર્ક**
હરિપર-૧૩, ૪૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૩૦૦૦

**જમીન**

**વાંકિયા**
તા. સાયલા, ૧૭૦૦૦ વાર જમીન વેચવાની છે. ભાવ- ૩૦૦૦ (વાર)

**અંજની સોસાયટી**
સૌરભ સોસાયટીની સામે, અલ્કાપુરી પાસે, રૈયા રોડથી તદ્દન નજીક, પાડવા લાયક મકાન, ૩૦×૬૦=૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫,૦૦૦

**ગુંદા**
ખેતીલાયક, ૪ એકર જમીન વેચવાની છે. ભાવ-૧.૭૫ કરોડ (એકર)

**છાપરા**
૩ એકર જમીન વેચવાની છે. ભાવ-૩.૨૦ કરોડ (એકર)

**પાટીદળ**
તા. ગોંડલ, ૬.૪૫ વિઘા જમીન વેચવાની છે. ભાવ-૩૦ લાખ (વિઘા)

**કોઠારીયા**
રાજકોટ બેડી ચોકડીથી નજીક, ૨ એકર ૭ ગુંઠા જમીન વેચવાની છે. ભાવ-૧.૦૫ કરોડ (એકર)

**ઈન્ડસ્ટ્રીયલ**

**શ્રી હરિ ઈન્ડસ્ટ્રીયલ**
અણિયારા ગામ, ૩૫૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૧,૫૦૦

**સુવિધા ૧/૩ ઈન્ડ.**
રિબડા, ૩૮૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૯,૫૦૦

**દેવ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક**
શાપર-૨૩૬ પૈકી, ૧૩૫૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૫,૦૦૦

**સાનિધ્ય ઈન્ડ. પાર્ક**
શાપર-૨૬૩, ૩૦૦ વારના પ્લોટ વેચવાના છે. ભાવ- ૨૫૦૦૦

**સિલ્વર ઈન્ડસ્ટ્રીઝ**
વિરવા(શાપર) ૮૧૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૦૦૦

**આર.કે.-૧૦**
કુવાડવા વાંકાનેર રોડ, ૮૯૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦

**જીઆઈડીસી ઈન્ડ.**
હડમતાણા-૧૨૧, ૭૮૨૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૫૦૦

**વાવડી**
ગોંડલ રોડ, ૫૮૮ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૮૦૦૦

**શુભ-૧૧**
રાવકી સર્વે, ૨૭૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૩,૫૦૦

**કુવાડવા-વાંકાનેર**

**જેન્ટીંગ સફારી**
પીપળીયા અગાભી સર્વે, ૨૫૦૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૦૦૦

**ગુરૂકૃપા પાર્ક**
ખિજડીયા-૬, ૧૭૨ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત ૯ લાખ

**માધવ વાટિકા**
રાણપુર, ૧૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૦૦૦

મોરબી રોડ

**જલિયાણ પાર્ક**
અર્પિત કોલેજ સામે, ૧૬૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦

**શ્યામ પાર્ક**
ટંકારા, ૮૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૧ ફુટના

**સદગુરૂનગર-૨**
રતનપર-૧૪૨, ૨૦૮ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ - ૧૧,૦૦૦

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

# મુંબઈના પ્રખ્યાત વાનખેડે સ્ટેડિયમમાં 'રોહિત શર્મા સ્ટેન્ડ'નું અનાવરણ

## અનાવરણ સમારોહમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, પૂર્વ કેન્દ્રીય મંત્રી શરદચંદ્ર પવાર, મુંબઈ ક્રિકેટ પ્રમુખ અજિંક્ય નાયક, ઉપપ્રમુખ સંજય નાયક સહિતના મહાનુભાવો હાજર હતા




મુંબઇ : મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) દ્વારા રોહિત શર્માને પ્રતિષ્ઠિત વાનખેડે સ્ટેડિયમમાં તેમના નામ પર એક સ્ટેન્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શુક્રવારે સત્તાવાર ઉદઘાટન સમારંભ યોજાયો હતો, જેમાં રોહિતના માતા-પિતા, પૂર્ણિમા અને ગુરુનાથ શર્માને 'રોહિત શર્મા સ્ટેન્ડ'નું અનાવરણ કરવા માટે ઔપચારિક બટન દબાવવા માટે સ્ટેજ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. રોહિતની પત્ની રિતિકા, જે તેમના શાનદાર કારકિર્દી દરમિયાન રોહિતની પડખે ઉભી રહી છે, તેમના પતિના નામવાળા ભવ્ય સ્ટેન્ડનું સત્તાવાર ઉદઘાટન થતાં તેઓ રડી પડ્યા હતા. MCA એ અગાઉ તેની વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ત્રણ દિગ્ગજ હસ્તીઓના નામ પર સ્ટેન્ડ રાખવાનો ઠરાવ પસાર કર્યો હતો: રોહિત શર્મા, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અજિત વાડેકર અને ભૂતપૂર્વ BCCI પ્રમુખ શરદ પવાર. આ સાથે, રોહિત સચિન તેંડુલકર, સુનીલ ગાવસ્કર, દિલીપ વેંગસરકર અને વિજય મર્ચન્ટ જેવા મુંબઈના મહાન ક્રિકેટરોની ચુનંદા લીગમાં જોડાયો છે, જેમના વાનખેડે ખાતે તેમને સમર્પિત સ્ટેન્ડ છે.

# મુંબઈમાં પણ અમદાવાદની જેમ ૧,૦૦,૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતાવાળુ સ્ટેડિયમ બનાવવા ઓફર

## મુંબઈ ક્રિકેટ સ્ટેડિયમ દરખાસ્ત કરે તો સરકાર જમીન આપશેઃ ફડણવીસની જાહેરાત



મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વાનખેડે સ્ટેડિયમમાં આયોજિત સમારોહમાં જણાવ્યું હતું કે 'જો મુંબઈ ક્રિકેટ એસોસિયેશન (એમસીએ) મુંબઈ શહેરમાં નવું સ્ટેડિયમ બનાવવા વિશેની દરખાસ્ત મોકલશે તો અમારી રાજ્ય સરકાર એ માટે વિશાળ પ્લોટ ફાળવશે.'

એમસીએ દ્વારા વાનખેડે સ્ટેડિયમમાં ભૂતપૂર્વ કેપ્ટન અજિત વાડેકર તેમ જ બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ શરદ પવાર તેમ જ કરોડો ક્રિકેટપ્રેમીઓના લાડલા રોહિત શર્માના નામ જે સ્ટેન્ડને આપવામાં આવ્યા છે એ ત્રણ સ્ટેન્ડના અનાવરણ પ્રસંગે ઉપસ્થિત ફડણવીસ બેહદ ખુશ હતા. તેમણે સ્પીચમાં કહ્યું, 'આપણા આઇકોનિક બેટ્સમેન, કેપ્ટન અને મારા ફેવરિ : ક્રિકેટર્સમાંના એક તેમ જ પોતાની બેટિંગથી અનેક લોકોને મંત્રમુગ્ધ કરનાર ખેલાડી (રોહિત શર્મા) અહીં હાજર છે અને તેની ઉપસ્થિતિમાં હું કહું છું કે જો એમસીએ પ્રપોઝલ મોકલશે તો અમે એક લાખ પ્રેક્ષકો બેસી શકે એટલી ક્ષમતાવાળું નવું સ્ટેડિયમ બનાવવા માટે વિશાળ જમીન આપીશું અને આશા રાખીશું એ નવું સ્ટેડિયમ પાંચ વર્ષમાં (૨૦૩૦ સુધીમાં) બની જાય.'

૨૦૩૦માં એમસીએ ૧૦૦ વર્ષ પૂરા કરશે અને એ અરસામાં નવું સ્ટેડિયમ બની શકે એવી ધારણા છે.

વાનખેડે સ્ટેડિયમનું આ ગોલ્ડન જ્યુબિલી યર છે. આ સ્ટેડિયમમાં ૩૪,૦૦૦ પ્રેકો બેસી શકે એટલી જગ્યા છે. નજીકમાં જ આવેલા ઐતિહાસિક બ્રેબર્ન સ્ટેડિયમમાં ૨૦,૦૦૦ જેટલા પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમની ક્ષમતા ૪૫,૦૦૦ સીટની છે. .

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧,૦૦,૦૦૦થી પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે અને એ રીતે એ ક્રિકેટ જગતનું સૌથી મોટું સ્ટેડિયમ છે. મુંબઈમાં પણ એની હરોળનું સ્ટેડિયમ બને એવી ફડણવીસા સરકારની ધારણા છે.

# દેશમાં હાઈવે પર માત્ર ૧૫ મિનિટમાં ઈલેકટ્રિક વાહનોની બેટરી ચાર્જ થઈ જશેઃ સરકારની તૈયારી

## એક્સપ્રેસ વે-પર ૨૪૦ કિલોવોટની ક્ષમતાનાં બેટરી ચાર્જર સ્થાપિતઃ હાઈવે ઉપરાંત રેલ્વે-બસ-વિમાન મથકે પણ ચાર્જીંગ સ્ટેશન બનાવાશે




નવી દિલ્હી તા.૧૭

ઈલેક્ટ્રીક વાહન પર લાંબી યાત્રાએ નિકળતા પહેલા એ વિચારવું પડે છે કે બેટરી પૂરી થવા પર તેને ચાર્જ કેવી રીતે કરશું. ચાર્જીંગ સ્ટેશન મળી પણ ગયુ તો બેટરી ચાર્જ કરવા માટે કલાકો સુધી રાહ કોણ જોશે, આ બધા સવાલોનાં હલ કાઢવા સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

કેન્દ્ર સરકાર હાઈવે એકસપ્રેસ હાઈવે અને બસ સ્ટેશનો પર ઉચ્ચ ક્ષમતાવાળા ચાર્જર લગાવવા જઈ રહી છે.

હાઈવે અને એકસપ્રેસ વે પર ૨૪૦ કિલોવોટની ક્ષમતાનાં ચાર્જર સ્થાપિત કરવામાં આવશે. બધી જરૂરી મંજુરી મળ્યા બાદ બાકી સ્ટેશનો પર ૩૬૦ કિલોવોટના ચાર્જર લગાવવામાં આવશે જેથી વાહનમાં ઓછા સમયમાં ચાર્જીંગ થઈ શકે. હાલમાં શહેરી વિસ્તારોમાં ૬૦ કિલોવોટના ચાર્જર લગાવવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે ૬૦ કિલોવોટનું ડીસી ચાર્જર એક ઈલેક્ટ્રીક વાહનને ચાર્જ કરવામાં એક કલાક લગાડે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે લોકોને ચાર્જીંગ સ્ટેશન પર રાહ જોવી પડે તો કોણ ઈલેક્ટ્રીક વાહન ખરીદશે?

**કર્ણાટકમાં સૌથી વધુ ચાર્જીંગ સ્ટેશન**

દેશમાં સૌથી વધુ ચાર્જીંગ સ્ટેશન ૫૮૭૯ કર્ણાટકમાં છે. ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૩૮૪૨ અને ઉત્તર પ્રદેશમાં ૨૧૧૩ અને દિલ્હીમાં ૧૯૫૧ તેમજ ગુજરાતમાં ૧૦૦૮ ચાર્જીંગ સ્ટેશન છે.

**એક લાખ સ્ટેશનનું લક્ષ્યઃ**

કેન્દ્ર સરકારે ૨૦૩૦ સુધીમાં ઓછામાં ઓછા ૧ લાખ ચાર્જીંગ સ્ટેશનનું લક્ષ્ય રાખ્યુ છે.માર્ગો ઉપરાંત રેલવે સ્ટેશનો, એરપોર્ટ બંદર પર ઈલેક્ટ્રીક વાહન ચાર્જીંગ સ્ટેશન બનાવવાની યોજના બનાવી છે.



## કુદરતે કોતરી અદ્દભુત દુનિયા : ઇટલીના ટાપુની સમુદ્રી ગુફા

ઇટલીના સાર્ડિનિયા ટાપુમાં આવેલ નેપ્ચ્યુનની ગુફા ભૂમધ્ય સાગરની સૌથી મનોહારી અને રહસ્યમયી સમુદ્રી ગુઠાઓમાંની એક છે. લગભગ બે મિલિયન વર્ષ પહેલા બનેલી આ અદભુત ગુફા પ્રાકૃતિક ચુનાના પથ્થરની છે. તેની ઉંડાઇમાં એક શાંત ભૂમિગત તળાવ, ચમકતી સફેદ રેતીનો તટ જોવા મળે છે. આ ગુફા લગભગ ચાર કિલોમીટર લાંબી છે અને સમુદ્ર તળને સમાંતર ફેલાયેલી છે. ૧૮મી સદીમાં એક સ્થાનિક માછીમારે તેની શોધ કરી છે.

# આગ ઓકવાવાળો સૂર્ય શું અંદરથી ઠંડો છે !!



**સૌથી મોટા સોલાર ટેલિસ્કોપમાંથી લેવાયેલી તસ્વીરોએ દુનિયાને ચોંકાવી દીધા : રહસ્ય !**





નવી દિલ્હી : ડેનિયલ કે. ઇનોયે સોલર ટેલિસ્કોપ દ્વારા પ્રકાશિત સૂર્યની નવીનતમ તસ્વીરો ખરેખર આશ્ચર્યજનક છે. આ ફોટોગ્રાફ્સમાં સૂર્યના ડાઘ અને તીવ્ર ચુંબકીય પ્રવૃત્તિ સ્પષ્ટ પણે દેખાય છે. આ તસવીરો એવા સમયે આવી છે જ્યારે સૂર્ય પોતાના ૧૧ વર્ષના સૌર ચક્રના સૌથી સક્રિય તબક્કા તરફ આગળ વધી રહ્યો છે. યુએસ નેશનલ સાયન્સ ફાઉન્ડેશનના નવા વિઝિબલ ટ્યૂનેબલ ફિલ્ટર (વીટીએફ) દ્વારા લેવામાં આવેલી પ્રથમ તસવીરમાં સૂર્યની સપાટી પર વિશાળ સનસ્પોટ્સનો સંગ્રહ જોવા મળે છે. આ સનસ્પોટ્સનું કદ વિશાળ હોય છે, જે દરેકનું કદ લગભગ એક ખંડ જેટલું હોય છે અને તે હજારો માઇલ સુધી વિસ્તરે છે. આ હાઈ-રિઝોલ્યુશન ફોટો સૂર્યની સપાટીનું વિસ્તૃત વર્ણન દર્શાવે છે, જે વૈજ્ઞાનિકોને સૂર્યની હિલચાલને સમજવામાં મદદ કરશે. સૂર્યની સપાટી પરના આ સનસ્પોટ્સ વાસ્તવમાં તીવ્ર ચુંબકીય પ્રવૃત્તિના ક્ષેત્રો છે, જે સૂર્યના ચક્ર દરમિયાન બદલાય છે. સૂર્યનું ૧૧ વર્ષનું સૂર્યચક્ર તેની ટોચ પર પહોંચી રહ્યું છે, જે આવી પ્રવૃત્તિમાં વધારો કરે છે સૂર્યની સપાટી પરના સનસ્પોટ્સ તીવ્ર ચુંબકીય પ્રવૃત્તિના ક્ષેત્રો છે જે સૂર્યના ૧૧ વર્ષના સૌર ચક્ર દરમિયાન બદલાય છે.

તાજેતરમાં, ઇન્ટરનેશનલ સોલાર સાઇકલ ફોરકાસ્ટિંગ પેનલ, નાસા અને નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના વૈજ્ઞાનિકોએ જાહેરાત કરી હતી કે સૂર્ય તેની સૌર મહત્તમ અથવા પ્રવૃત્તિની ટોચ પર પહોંચી ગયો છે. આ શિખર દરમિયાન, સૂર્યના ચુંબકીય ધ્રુવો ઊલટાય છે. જેના કારણે તેની સપાટી પર વધુ સનસ્પોટ્સ દેખાય છે. સૂર્યની સપાટી પર દેખાતા સનસ્પોટ્સ ઠંડા અને સક્રિય વિસ્તારો છે જે સૌર જ્વાળાઓ અને કોરોનલ માસ ઇજેક્યુલેશન્સ (સીએમઇ) જેવા મોટા સૌર વિસ્ફોટોનું કારણ બની શકે છે. આ સૌર વિસ્ફોટો ભારિત કણોને અવકાશમાં બહાર કાઢે છે જે પૃથ્વી સુધી પહોંચી શકે છે અને ઉપગ્રહો, વીજ પુરવઠો અને સંચાર પ્રણાલીને અસર કરી શકે છે.

એનએસએફ ઇનોયે સોલાર ટેલિસ્કોપના ઇન્સ્ટ્રુમેન્ટ પ્રોગ્રામ સાયન્ટિસ્ટ ફ્રેડરિક વૉગર કહે છે કે ૧૮૦૦ના દાયકામાં આવેલું એક સૌર વાવાઝોડું (કેરિંગ્ટન ઘટના) એટલું ઊર્જાવાન હતું કે તેના કારણે ટેલિગ્રાફ સ્ટેશનોમાં આગ લાગી હતી. તેથી, આ ઘટનાઓના ભૌતિક ચાલકોને સમજવું અને તેના પ્રભાવોને જાણવું આવશ્યક છે. રિસર્ચ સાયન્ટિસ્ટ માર્ક મીશ સનસ્પોટ્સને મેગ્નેટિક પ્લગની જેમ વર્ણવે છે જે સપાટી પર આવતી કેટલીક ગરમીને અવરોધે છે. આનાથી તેઓ સૂર્યની બાકીની સપાટી કરતા ઘાટા અને ઠંડા દેખાય છે. મીશનું કહેવું છે કે સનસ્પોટ્સ ભલે ઠંડા હોય, પણ તે પૃથ્વી પરની કોઈ પણ ભઠ્ઠી કરતાં વધુ ગરમ હોય છે.



**આજે વર્લ્ડ હાયપર ટેન્શન ડે**

# સાયલન્ટ કિલર છે હાયપર ટેન્શન, અંકુશમાં રાખવું જરૂરી

## હાયપર ટેન્શન એક એવી સ્થિતિ છે જેમાં વ્યક્તિનું બ્લડપ્રેશર સામાન્ય કરતા વધુ હોય છે જે હાર્ટની બિમારી, હાર્ટએટેક, બ્રેઈન સ્ટ્રોકને નોતરે છેઃ લાઈફસ્ટાઈલ બદલવાથી, નિયમિત યોગ-ધ્યાન, ખાન-પાનથી કંટ્રોલ થઈ શકે છે



નવી દિલ્હી તા.૧૭

આજે હાયપર ટેન્શન યુવાનો અને મહિલાઓમાં વધી રહ્યું છે. આ હાયપર ટેન્શનથી ખરાબ ડાયેટ (ખાન-પાન)- લાઈફ સ્ટાઈલના કારણે યુવાનોમાં તેમજ હોર્મોનમાં ફેરફાર, ભાવનાત્મક તનાવ મહિલાઓમાં હાઈપર ટેન્શનનું કારણ છે. નિષ્ણાંતો આધ્યાત્મિક દ્દષ્ટિકોણ, યોગ, દમ અને ભોજન શૈલીમાં સુધારાનો આગ્રહ હાયપર ટેન્શનથી મુક્તિ માટે કરે છે.

હાયપર ટેન્શન સાયલન્ટ કિલર તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તે ગંભીર બીમારીનું કારણ બને છે. હંમેશા હાઈ બીપીની સ્થિતિમાં પણ શરૂઆતમાં લક્ષણ નથી જોવા મળતા. લોકોને ખબર નથી પડતી અને ધીરે ધીરે બીમારીઓ વધવા લાગે છે અને અનેક અંગોને પોતાની ઝપટમાં લઈ લે છે.

એટલે હાઈપર ટેન્શનની અસર માત્ર હાર્ટ પર જ નહી, બલકે બ્રેઈન, કિડની અને આંખો પર પણ થાય છે.

**શું છે હાઈપર ટેન્શનઃ** હાઈપર ટેન્શન એક એવી સ્થિતિ છે જેમાં વ્યક્તિનું બ્લડ પ્રેસર સામાન્યથી વધુ હોય છે. સામાન્ય બ્લડ પ્રેસર ૧૨૦/૮૦ એમએમએચજી હોય છે, જયારે તે સતત ૧૪૦/૯૦ એમએમએચજી કે તેથી વધુ રહે છે તો તેને હાયપર ટેન્શન કહે છે. હાયપર ટેન્શનથી હાર્ટની બીમારી હાર્ટ એટેક, હાર્ટ ફેલનો ખતરો રહે છે.

**હૃદયના ધબકાર નિરંકુશ હોવાઃ** કાર્ડિયોલોજીસ્ટ ડો. યુસુફ જમાલે જણાવ્યું હતુ કે જયારે બ્લડ પ્રેસર હાઈ થાય છે ત્યારે તેની અસર શરીરની બધી મુખ્ય નળીઓ પર પડે છે પણ સૌથી વધુ અસર હાર્ટની આર્ટરી પર થાય છે, આ જ રીતે જયારે બ્રેઈનમાં લોહીની નળી પર અસર થાય છે તો બ્રેઈન સ્ટ્રોકનો ખતરો રહે છે.

તેમણે જણાવ્યું હતું કે જે લોકો તેમની પાસે હાર્ટની સારવાર માટે આવે છે, તેમાં શહેરી વિસ્તારના દર્દીઓમાં દર ૧૦૦ દર્દીઓમાંથી ૩૫થી૪૦નું બ્લડ પ્રેસર હાઈ રહે છે, જો સાથે સાથે રિસ્ક ફેકટર ડાયાબીટીસ હોય વધુ વજન હોય અને સ્મોકીંગ કરતા હોય તો ખતરો અનેકગણો વધી જાય છે.

**લાઈફ સ્ટાઈલની કંટ્રોલઃ** ડોકટર જમાલે જણાવ્યું હતું કે રોજના ૩૦થી૪૦ મિનીટ વોકીંગ, યોગ, ધ્યાન કરવાની સાથે સાથે વજન ઓછું રાખવું, ૬થી૭ કલાકની ઉંઘ લેવાય તો બ્લડ પ્રેશનરને સરેરાશ ૨૦થી૨૦ એમએમએએચજી ઘટાડી શકાય.

# અમિતાભ બચ્ચનની આ 'નિલમ વિંટી'નું રહસ્ય શું?



મુંબઇ: હિન્દી સિનેમાના મહાનાયક અમિતાભબચ્ચને પોતાની મહેનત અને નસીબના બળે ઈન્ડસ્ટ્રીમાં અનોખું સ્થાન હાંસલ કર્યું છે. શરૂઆતની નિષ્ફળતાઓ બાદ તેમણે સફળતાનાં શિખર સર કર્યાં છે. એવું કહેવાય છે કે બિગ બીને જ્યોતિષ પર ગાઢ વિશ્વાસ છે અને એ વિશ્વાસ તેમના પરિવારમાં પણ જોવા મળે છે. આ વિશ્વાસને કારણે જ અમિતાભ બચ્ચન વર્ષોથી હાથમાં ખાસ વીંટી પહેરે છે.

અમિતાભ લાંબા સમયથી નીલમની વીંટી પહેરે છે. તેમણે આ વીંટી ત્યારે પહેરી હતી જ્યારે તેઓ જીવનના મુશ્કેલ તબક માંથી પસાર થઈ રહ્યા હતા. સફળતા મળ્યા બાદ પણ તેમણે આ વીંટી ક્યારેય નથી ઉતારી, કારણ કે તેઓ માને છે કે આ તેમને માટે લકી ચાર્મ છે. નીલમ વિશે એવું માનવામાં આવે છે કે જેને એ સૂટ કરે છે તેનું ભાગ્ય બદલી નાખે છે. બિગ બી એક અન્ય ટોટકામાં વિશ્વાસ રાખે છે. તેઓ ભારતની ક્રિકેટ મેચ લાઇવ નથી જોતા. તેમને લાગે છે કે જ્યારે તેઓ મેચ જુએ છે ત્યારે ભારતની વિકેટો પડવા માંડે છે. બોલીવુડમાં અમિતાભ એકલા નથી જેઓ જ્યોતિષમાં વિશ્વાસ રાખે છે, અન્ય ઘણા સ્ટાર્સ પણ આમાં વિશ્વાસ કરે છે. બિગ બીનો આ વિશ્વાસ તેમના જીવન અને કરીઅરમાં તેમના લકી ચાર્મ્સનું મહત્ત્વ દર્શાવે છે.

# ટીઆરપી ઘટતા અનેક ટીવી સીરિયલો બંધ થવાને આરેઃ લિપ લેવા છતાં કોઈ અસર નથી

## 'ગુમ હૈ કિસી કે પ્યાર મેં', 'ઝનક', 'યે રિશ્તા ક્યા કહલાતા હૈ', પરિણીતી જેવી વર્ષોથી ચાલતી સિરિયલ બંધ થશે




મુંબઈ, તા.૧૭

ટીવી સીરિયલો ટીઆરપી પર આધાર રાખે છે. દર શુક્રવારે ટીવી સીરિયલો ટીઆરપીનું તારણ નીકળે છે જેમાં કઈ હિટ ગઈ ને કઈ ફલોપ તેની માહિતી મળે છે. છેલ્લા કેટલાક સમયથી ટીવી સીરિયલો ટીઆરપીમા મોટો ઘટાડો જોવા મળ્યો છે. નવી શરૂ થયેલી સિરિયલ ટૂંક સમયમાં જ બંધ કરી દેવામાં આવે છે ત્યારે ફરી એક વાર કેટલીક જાણીતી સિરિયલ બંધ થવાના અહેવાલ મળી રહ્યાં છે. જયારે કોઈ સિરિયલ નથી ચાલતી ત્યારે લિપ લેવાનો સમય આવે છે. જેથી સિરિયલ ૫ કે ૧૦ વર્ષ આગળ વધે છે.કેટલીક સિરીયલોનો દાટ વળી ગયો છે તેનો યશ ટીઆરપીના ફાળે જાય છે. જેમ કે...'ગુમ હૈ કિસી કે પ્યાર મેં'

તાજેતરમાં જ 'ગુમ હૈ કિસી કે પ્યાર મેં' માં ત્રીજી વખત જનરેશન લીપ આવ્યું. પરંતુ દર્શકો અગાઉની જેમ આ શો સાથે જોડાઈ ન શક્યાં તેથી એમ કહેવાય છે કે તેમાં ચોથો લીપ લેવાની તૈયારી થઈ રહી છે. વાસ્તવમાં આ શોના પ્રથમ બે ભાગ ખાસ્સાં લોકપ્રિય થયા હતા. પરંતુ ત્રીજો ભાગ ખાસ કંઈ જામ્યો નહીં. શક્ય છે કે ચોથા લીપ સાથે આવનારા કલાકારો આ ધારાવાહિકનો ભાર પોતાના ખભે ઊંચકી લે.

'ઝનક' માં વધુ એક લીપ આવશે એમ કહેવાઈ રહ્યું છે. આ ત્રીજા લીપમાં 'અનિરૂધ્ધ' અને 'ઝનક' વધુ એક વખત વિખૂટાં થઈ ગયા હશે. તેમાં 'ઝનક' કાશ્મીરની કલી નહીં, બલ્કે બિહારની ગોરીના રૂપમાં દેખા દેશે.

થોડા સમય પહેલા જ કેટલાંય વર્ષોથી ચાલતા 'યે રિશ્તા ક્યા કહલાતા હૈ' શોમાં વધુ એક લીપ આવ્યો. જોકે આ લીપ માત્ર ત્રણ મહિનાનો હતો. આમ છતાં તેને કારણે ટીઆરપી નીચે ઉતરી ગઈ. લીપ પછી 'રૂહી' આ શોની મુખ્ય જોડી 'અરમાન' અને 'અભીરા' ની સરોગેટ મધર બની છે.

'સુમન ઇન્દોરી' માં પણ ટીઆરપીના કારણે જ લીપ લેવામાં આવ્યો. આમ છતાં સર્જકો તેનો કોઈ ફાયદો ન થયો. રેટિંગને ઉપર લાવવામાં નિષ્ફળતા મળતા છેવટે આ શો પર પડદો પાડી દેવામાં આવ્યો. ધારાવાહિક 'પરિણીતી' નું નામ પણ આ યાદીમાં છે. અત્યાર સુધી ઘણા લીપ લઈ ચૂકેલી આ સીરિયલના રેટિંગમાં હજી પણ કોઈ સુધારો નથી દેખાઈ રહ્યો. હવે ટીઆરપી આ શોના ભાગ્યનો કેવો ફેંસલો કરે છે એ તો સમય જ કહેશે.

તાજેતરમાં 'કુમકુમ ભાગ્ય'માં ચોથો લીપ આવ્યો. ચોથા લીપમાં પ્રણાલી રાઠોડ જેવી લોકપ્રિય અભિનેત્રીની એન્ટ્રી પણ ખાસ કંઈ ઉકાળી શકી નહીં.

ભારતીય કંપનીઓ હવે એઆઇનો ઉપયોગ તેનો વર્કફોર્સ ઘટાડી નફો વધારવા માટે કરી રહી છે

# શું Ai થી ભારતની વ્હાઇટ કોલર જોબ પર ખતરો શરૂ થયો છે !







**હાલમાં જ દુનિયાની શ્રેષ્ઠ ટેકનોલોજી કંપનીઓએ છેલ્લા બે માસમાં તેના હજારો કર્મચારીઓને પીંક સ્લીપ પકડાવી તે પછી ભારતમાં પણ તે પ્રશ્ન સર્જાવા લાગ્યો છે અને તે વચ્ચે આ ક્ષેત્રના નિષ્ણાંત અરીન્દમ પોલે એ આગાહી કરી છે કે આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સ ભારતમાં વ્હાઇટ કોલર જોબ પર સૌથી મોટો ખતરો સર્જશે અને તેમની આગાહીનો અર્થ કરાઇ રહ્યો છે કે મીડ લેવલની જોબ સામે પણ ખતરો છે અને તેથી જ મીડલ કલાસ પણ ખતરામાં છે**

જો તમે આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સનો લાભ ઉઠાવી ન શકતા હો તો એ નિશ્ચિત થઇ જાય છે કે તમારા હરીફ તમારા પર સરસાઇ સ્થાપીત કરી ચૂકયા છે. વિખ્યાત એઆઇના નિષ્ણાંતના શબ્દો કદાચ સાચા પડી રહ્યા છે તેથી જ દુનિયાભરમાં હવે એઆઇથી નોકરી પર જોખમ શરૂ થઇ ગયું છે. અને તેમાં મશીન લર્નિંગ પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે જેમાં ભારતે પોતાની ક્ષમતા સાબિત કરવી પડશે. મશીન લર્નિંગ એવી ટેકનોલોજી છે કે પૂરી સિસ્ટમ એક જ મોડેલ પર ઇનપુટથી લઇને આઉટપુટમાં તે શીખે છે. પ્રારંભમાં સ્પીચ ટુ ટેકસ્ટ સિસ્ટમથી તેમાં એક મોડેલ બને છે અને બાદમાં તેને ટેકસ્ટ જનરેટ પ્રોસેસમાં નાખવામાં આવે છે અને આ રીતે મશીન લર્નિંગ એ એ આજે આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સનું અંગ બની ગયું છે. વિશાળ ડેટા અને પ્રોસેસ કરવાની ક્ષમતા આ તમામ તેમને આશ્ચર્ય કરી શકે છે. બીજી એક ટેકનોલોજી ચેટબોટ છે. વિશ્વના જાણીતા દર્શન શાસ્ત્રી તરીકે ઓળખાતા પીટર સિંગર એ જયારે એક ચેટબોટને પ્રશ્ન પૂછયો કે તમારૂ અસ્તિત્વ શા માટે છે તો તેનો પણ જવાબ આપવાની ચેટબોટે તૈયાર બતાવી હતી. શું આ આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સ માનવી શા માટે છે. તે પણ ચર્ચા કરવા તૈયાર છે અને આજે જે રીતે એઆઇ પોતાની ક્ષમતા બતાવી રહ્યું છે તેમાં સૌથી મોટી સમસ્યા હવે જોબ પર એટલે કે નોકરી પર મંડરાવવાનું શરૂ થઇ ગયું છે. છેલ્લા કેટલાક સમયથી તમે જો આર્થિક અખબારો પર નજર ફેરવી રહ્યા હોત તો ખ્યાલ આવી જશે દુનિયાની શ્રેષ્ઠ ટેકનોલોજી કંપનીઓ હવે નોકરીઓમાં મોટા પાયે છટણી કરી રહી છે તેનું મુખ્ય કારણ એ જ છે કે આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સે તેનું સ્થાન જમાવવાનું શરૂ કરી દીધુ છે. અને આગામી દિવસોમાં આ રેલો ભારત સુધી પણ પહોંચશે તો કદાચ આપણા માટે એક નવો પડકાર ઉભો થઇ શકે છે.

ભારત સહિત દુનિયામાં સ્ટાર્ટઅપ એક મહત્વનું ફેકટર બની ગયું છે અને લીસ્ટીંગની દ્રષ્ટિએ સ્ટાર્ટઅપ કંપનીઓ માટે હવે નફો બતાવવાનું પણ અનિવાર્ય બની ગયું છે અને તેથી સ્ટાર્ટઅપે પોતાની રોજગારી પોલીસી બદલી છે એક સમયે સ્ટાર્ટઅપએ આપણા માટે નવી રોજગારીનું સર્જન ગણાતુ હતું આજે આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સ તેનું કામ બદલી નાખ્યું છે. અનેક કંપનીઓ કે જે મોટી બ્રાન્ડ સાથે ચાલે છે તેની ઉપરાંત જે સૌથી વધુ રોજગાર પર આધાર રાખે છે તે ઝોમેટો કાર્સ-૨૪ અને ગપસપ જેવી કંપનીઓએ પણ છેલ્લા કવાર્ટરમાં છટણી કરી છે. સ્વીગી અને ફિલપકાર્ટ જેવી અન્ય બ્રાન્ડ વધુને વધુ ઓટોમેશન પર જઇ રહી છે જો હાલની જ સ્થિતિ જોઇએ તો માઇક્રોસોફ્ટ દ્વારા પણ છ હજારથી વધુ લોકોની છટણી કરવામાં આવી છે. ખાસ કરીને તેમાં આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સ એ માનવીનું કામ શરૂ કરી દીધુ છે. ગુગલ એ તેની આલ્ફાબેટે તેની ગુગલ બ્રાન્ડ અને એન્ડ્રોઇડ તેમજ પીકસલમાંથી ૨૦૦૦ લોકોની છટણી કરી છે. ઓટોમેટશન ભણી જઇ રહેલી ઓડીટ અને રીસર્ચ કંપની પીડબલ્યુસી પણ ૧૫૦૦ કર્મચારીઓને બાય બાય કરી દીધુ છે. એમટેક કે જે એઆઇ ક્ષેત્રે મશહુર ગણાય છે. તેણે પણ ૨૨ ટકા કર્મચારીઓને નોકરી ગુમાવવા માટે તૈયાર રહેવા જણાવી દીધુ છે. લેપટોપ સહિતના ગેઝેટમાં કામ કરતી એચપી ઉપરાંત સેલ્સપોર્સ, મેટા, આઇબીએમ, ડેલ તમે દુનિયાની શ્રેષ્ઠ કંપનીઓના નામ લો.



**નિષ્ણાંતો કહે છે કે એઆઇનો મુકાબલો સ્કીલથી કરી શકાય જે ભારત માટે સૌથી મોટો પડકાર છે, આપણી લોઅર સ્કીલ વર્કફોર્સ અને લો પ્રોડકટીવીટી એ સૌથી મોટી સમસ્યા છે અને તેનો ઉકેલ એ છે કે એઆઇ આધારીત પણ સ્કીલ વધારીને પ્રોડકશનને વેગ આપી કટીંગ એ જ ટેકનોલોજીથી વૈશ્વિક ઉત્પાદનને માર્કેટમાં મુકવા જોઇએ જે માંગ સર્જશે અને જોબ પણ સર્જશે ભુતકાળમાં ઔદ્યોગિકથી લઇ આઇટી ક્રાંતિ સમયે આવા જ રોજગારીના પ્રશ્ન ઉભા થયા છે પણ હવે ટેકનોલોજી માણસને પડકારી રહી છે**

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

હાલમાં મુંબઇ સ્થિત એન્ટરપ્રોનીયોન્સ અરીન્દમ પોલે એક ભયાનક આગાહી કરતા જણાવ્યું કે આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સના કારણે ભારતમાં વ્હાઇટ કોલર જોબ પર સૌથી મોટો ખતરો સર્જાઇ ગયો છે. હાલમાં જ જાણીતા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ કે જે બિઝનેસ કોમ્યુનીટીમાં સૌથી વધુ લોકપ્રિય છે તે લીકન્ડઇન પોસ્ટમાં તેણે આગાહી કરી કે એઆઇ જે મુજબ આગળ વધતુ જાય છે તેમ તેમ મીડલ રેન્જની જોબ પર ખતરો સર્જાવા લાગ્યો છે ખાસ કરીને બીપીઓ સેકટર કે જે રોજગારી માટે અત્યારે સૌથી મોટુ માધ્યમ બન્યું છે. તેને સૌથી મોટુ ફટકો પડશે તેમનો એક અનુમાન એવું છે કે ભારતીય ઉત્પાદન ક્ષેત્ર એઆઇના કારણે મોટી વેલપેઇંગ એટલે સારૂ વળતર આપતી હવે જોબ હવે જનરેટ કરતી નથી. અને તેમને એ પણ કહ્યું આપણી ઇકોનોમીને કેટલો ખતરો છે તેની અત્યાર સુધીમાં ભાગ્યે જ કોઇએ ચિંતા કરી છે. આપણુ ઉત્પાદન ક્ષેત્રે એટલી જોબ સર્જી નથી રહ્યું જેટલી તેને સર્જવાની જરૂર છે અને આઇટી કંપનીઓ પોતાના મેનપાવરમાં સતત ઘટાડો કરી રહી છે. ઇન્ફોસીસ સહિતની કંપનીઓનો દાખલો આપ્યો હતો અને કહ્યું હતું કે જો આ ક્રમ ચાલુ રહેશે તો આપણી ૪૦ થી ૫૦ ટકા વ્હાઇટ કોલર જોબ પર ખતરો છે.

**માઇક્રોસોફ્ટથી લઇ ગુગલ અને પ્રાઇઝ વોટરહાઉસ કૂપર જેવી કંપનીઓએ પણ મોટા પાયે છટણી શરૂ કરી છે તો સ્ટાર્ટઅપ પણ હવે ઝડપથી નફો અને નવા ફન્ડીંગ માટે વર્કફોર્સ પર કાપ મૂકી રહી છે અને વધુને વધુ એઆઇ પર જઇ રહી છે, મશીન લર્નિંગ પણ હવે પોતાની અસર દેખાડવાનું શરૂ કરી દીધુ છે અને સામાન્ય કામ તો ચેટબોટ કરવા લાગ્યા છે જે એક સમયે કંપનીના પીઆરનું વર્કફોર્સ મોટુ હતુ તે પણ ઘટવા લાગ્યું છે જે દર્શાવે છે કે ભવિષ્યમાં ભારત માટે સૌથી મોટી રોજગારી ચિંતા વધશે**

વાસ્તવમાં આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ ભારતે અલગ રીતે કરવાની જરૂર છે તેણે કટીંગ એજ ટેકનોલોજીને અપનાવીને એઆઇની સાથે જોડવાની જરૂર છે જેથી તે વિશ્વમાં શ્રેષ્ઠ ઉત્પાદક રાષ્ટ્ર બની શકે પરંતુ મોટા ભાગના કોર્પોરેટ ગૃહો આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ તેના કર્મચારીઓની ફોજની ઘટાડવામાં કરી રહી છે તેઓ નફાને વધુ મહત્વ આપે છે. પણ તેઓ ભુલે છે કે જોબ અને પૈસા એ બંને ગ્રાહકો આવશે તેના હાથમાં છે. પોલની આ પોસ્ટને લગભગ ૭૦૦ એવા લાઇક મળ્યા કે જે આ ક્ષેત્રની સમસ્યાઓને સર્જી શકતા હતા અને એ પણ કહેવાયે છે કે વ્હાઇટ કોલર જોબના સ્થાન એઆઇ લેવા મંડશે તો ભારતનો મીડલ કલાસ અસ્તિત્વની કટોકટીમાં આવી જશે. જોકે હજુ સુધી ભારતમાં કમ સે કમ એઆઇનો તમામ ક્ષેત્રનો અસર અંગે કોઇ નિશ્ચિત અભ્યાસ થયો નથી. પ્રશ્ન એ છે કે ભારત એ લો સ્કીલ દેશ છે અને લો પ્રોડકટીવીટી એટલે કે કામદાર ઉત્પાદનમાં પણ તે નીચુ છે અને વૈશ્વિક સ્પર્ધામાં આવી શકતું નથી અને સૌથી મહત્વનું એ છે કે આ લો સ્કીલ જોબને સૌથી પ્રથમ એઆઇ રીપ્લેસ કરશે. કારણ કે તેની પાસે ક્ષમતા છે. ભુતકાળમાં જોકે જયારે જયારે ઔદ્યોગિક ક્રાંતિ થઇ છે તે સમયે રોજગારીના પ્રશ્ન ઉભા થયા છે. આઇટીના આગમન સાથે પણ એ જ પ્રશ્ન સર્જાયો હતો પરંતુ તબકકાવાર તેને સાનુકુળતા મળી ગઇ છે. પણ મહત્વપૂર્ણ એ છે કે તેની સાથે તમારે સ્કીલને મહત્વ આપવું પડશે અને ભારતને સ્કીલની સૌથી મોટી સમસ્યા આજે પણ નડી રહી છે. ભુતકાળમાં સ્કીલ માટે જે કંઇ પ્રયત્ન થયા છે તે અપુરતા છે.

# આઇપીએલનો બીજો રાઉન્ડ અત્યંત રોમાંચક અને દિલધડક બની જશે

**આઇપીએલ ઇતિહાસની સૌથી કમનસીબ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ છે, જે આજ સુધી ટાઇટલ જીતી શકી નથી પરંતુ મોટાભાગના વિક્રમો તે ટીમ ધરાવે છે**

**આઇપીએલ-૨૦૨૫**
જયપ્રકાશ જશવાણી




આઇપીએલ-૨૦૨૫ હવે ખરા અર્થમાં કલાઇમેકસ મોડમાં આવી ચૂકી છે. પ્લે ઓફ મેચો શરૂ થવા આડે જુજ દિવસો બાકી છે. અત્યારની પરિસ્થિતિ જોતા આ સ્પર્ધામાં મુંબઇ ઇન્ડીયન્સે સારૂ કમ બેક કર્યુ છે આ ટીમે અને ચેન્નાઇની ટીમે કુલ ૫-૫ વખત આઇપીએલ સ્પર્ધા જીતવાની સિધ્ધિ નોંધાવી છે. ગુજરાત ટાઇટન્સનો દેખાવ શાનદાર રહ્યો છે, અગાઉ ગુજરાત લાયન્સે હાર્દિક પંડયાના નેતૃત્વમાં આઇપીએલ સ્પર્ધા જીતી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આ સ્પર્ધાના ઇતિહાસમાં સૌથી કમનસીબ ટીમ રહી છે. તે ટીમ આજ સુધી એક પણ વખત સ્પર્ધાનું ટાઇટલ જીત્યુ નથી.

જોકે આઇપીએલનાં મોટા ભાગનાં વિક્રમો આ ટીમના ખેલાડીઓ ધરાવે છે. આ વખતે વિરાટ કોહલી શાનદાર દેખાવ કરી રહ્યો છે ત્યારે તે ટીમને ટાઇટલ અપાવવા ઇચ્છુક છે. એક આઇપીએલ સિઝનમાં કુલ ૮ વખત ૫૦૦ પ્લસ રન નોંધાવનાર વિરાટ પ્રથમ ખેલાડી બન્યો છે. તેણે ૨૦૧૬માં ૯૭૩ રન નોંધાવ્યા બાદ ૨૦૨૩માં ૬૩૯ તથા ૨૦૨૪માં ૭૪૧ રન નોંધાવ્યા હતા ૨૦૧૩માં ૬૩૪, ૨૦૧૧માં ૫૫૭, ૨૦૧૮માં ૫૩૦ ૨૦૧૫માં ૫૦૫ અને ૨૦૨૫માં અત્યાર સુધી તે કુલ ૫૦૫ રન બનાવી ચુકયો છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, પંજાબ કિંગ્સ, મુંબઇ ઇન્ડિયન્સ અને ગુજરાત ટાઇટન્સની ટીમો હાલ તો ટોપ-૪ પર રમી રહી છે. દિલ્હી કેપીટલ ગમે ત્યારે અપસેટ સર્જી શકે તેમ છે. અત્યાર સુધી રમાયેલી મેચોમકાં મુંબઇનો સુર્યકુમાર ૫૧૦ રન સાથે ટોપ પર છે. ત્યારબાદ ગુજરાતનો સુદર્શન તથા શુભમન ગીલ અનુક્રમે ૫૦૯ અને ૫૦૮ રન બનાવી ચુકયા છે. વિરાટ કોહલી એ ૧૧ મેચોમાં ૫૦૫ રન તથા બટલરે પણ ૫૦૦નો આંક ટચ કર્યો છે. અલબત હવે પછીની મેચો માટે બટલર સંવભત: ઉપલબ્ધ હોય તેવી શકયતા ઓછી છે.

બોલિંગ ડિપાર્ટમેન્ટમાં ગુજરાતનો પ્રસિધ્ધ ક્રિષ્ના તથા ચેન્નાઇનો નુર ક્રમશ: ૨૦-૨૦ વિકેટો સાથે હરીફાઇમાં છે. હેઝલવુડ, બોલ્ટ પણ ૧૮-૧૮ વિકેટો ઝડપી ચુકયા છે વ્યકિતગત જુમલામાં હૈદ્રાબાદનો અભિષેક ટોપ પર છે તેણે પંજાબ સામે વિક્રમ ૧૪૧ રન નોંધાવ્યા છે. જે અત્યાર સુધી ચાલુ સિઝનનો ટોપ સ્કોર છે. કુલ ૪ સદીઓ નોંધાઇ છે જેમાં કિશને ૧૦૬, પ્રિયાંશે ૧૦૩ અને સુર્યવંશી એ ૧૦૧ રન બનાવ્યા છે. જોગાનુજોગ આ વખતે વ્યકિતગત ૯૭નો જુમલો ત્રણ ખેલાડીએના નામે છે જેમાં શ્રેયસ, ડીકોક અને બટલરનો સમાવેશ થાય છે. હવે જયારે બીજો રાઉન્ડ શરૂ થશે ત્યારે એક એક મેચ કલરફુલ બની જશે. એમાંથી શુભમન ગીલ આ વખતે ટાઇટલ જીતવા વધુ દાવેદારો પૈકીનો એક છે. જયારે મુંબઇ ટાઇટન્સ કુલ છઠ્ઠી વખત ટાઇટલ જીતીને નવો વિક્રમ સ્થાપવા આવે છે. અલબત રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂની ટીમે કદીએ આઇપીએલનું ટાઇટલ જીત્યુ નથી, ત્યારે આ ટીમ વિરાટના શાનદાર દેખાવના ફલ સ્વરૂપ ફાઇનલ ટચ કરવા ચાહે છે.

જોઇએ બીજો રાઉન્ડ કેવોક ટર્ન લે છે.

**૧૭ આઇપીએલ વિજેતા ટીમો**

- **ચેન્નાઇ સુપર કિંગ્ઝ (૫)**
૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧, ૨૦૨૩
- **મુંબઇ ઇન્ડિયન્સ (૫)**
૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯, ૨૦૨૦

**કલકતા નાઇટ રાઇડર્સ (૩)**
૨૦૧૨, ૨૦૧૪, ૨૦૨૪
**સનરાઇઝ હૈદ્રાબાદ** : ૨૦૧૬
**રાજસ્થાન રોયલ્સ** : ૨૦૧૮
**ગુજરાત લાયન્સ** : ૨૦૨૨
**ડેકકન ચાર્જીસ** : ૨૦૦૯
**રાજસ્થાન રોયલ્સ** ૨૦૦૮ની પ્રથમ સ્પર્ધા જીત્યા બાદ કદી ટાઇટલ જીતી જ નથી.

**સૌથી વધુ વિકેટો**

| | મેચ | વિકેટો |
|---|---|---|
| પ્રસિધ્ધ ક્રિષ્ના | ૧૧ | ૨૦ |
| નુર | ૧૨ | ૨૦ |
| હેઝલવુડ | ૧૦ | ૧૮ |
| શેન બોલ્ટ | ૧૨ | ૧૮ |

**આ સિઝનમાં વ્યકિતગત શ્રેષ્ઠ સદી નોંધાવનારા ખેલાડીઓ (૪ સદી)**

| | રન |
|---|---|
| અભિષેક | ૧૪૧ |
| ઇશાન કિશન | ૧૦૬ |
| પ્રિયાંશ | ૧૦૩ |
| સુર્યવંશી | ૧૦૧ |



**એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વરસાદી પાણીમાં નાના બાળકની જેમ ડાઈવ લગાવી ટિમ ડેવિડે**

બેંગ્લોર : ૧૫ મેએ સાંજે બેન્ગલોરમાં ભારે વરસાદને કારણે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં બેન્ગલોર અને કલકત્તાની ટીમનું પ્રેક્ટિસ-સેશન ખોરવાયું હતું. તમામ પ્લેયર્સ અને કોચિંગ સ્ટાફને મેદાન છોડીને ડ્રેસિંગ રૂમમાં જવું પડયું હતું, પણ સિંગાપોરમાં જન્મેલો ટિમ ડેવિડ પોતાને રોકી શક્યો નહોતો અને ડ્રેસ ઉતારીને બાળકની જેમ મેદાન પર વરસાદી પાણીમાં નહાવા લાગ્યો હતો. મેદાન પર જમા થયેલા પાણીમાં ૨૯ વર્ષના આ ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડરે ડાઇવ પણ લગાવી હતી. આજે પણ બેન્ગલોરમાં સવારથી જ વાદળછાયા વાતાવરણની શક્યતા હોવાથી બેન્ગલોર અને કલકત્તાની મેચમાં વરસાદ વિલન બની શકે છે. વરસાદને કારણે જો મેચ રદ થશે તો બેન્ગલોર પ્લેઑફમાં પોતાનું સ્થાન મજબૂત કરશે, પણ કલકત્તાની પ્લેઑફની આશાને મોટી અસર થશે.

# કેપ્ટન ધોની ગુસ્સે થાય છે ?

## જયારે બિરીયાની એ તેમનો મગજ છટકાવી દીધો !




**ક્રિકેટ કલાસિકસ**

**પ્રકાશ ભટ્ટ**

કેપ્ટન કુલ એમ.એસ.ધોનીના મેદાન પરના શાંત-સહજ વર્તન અને ક'દિ ગુસ્સો ન થવાના અનેક કિસ્સા મશહુર છે. મેચની નિર્ણાયક ઘડીમાં સ્વસ્થ રહી ઠંડા મગજે લીધેલા તેમના નિર્ણયો ભારતીય ટીમને કેટલીય મેચ અને ટુર્નામેન્ટમાં વિજેતા બનાવી છે. ખુબ જ રોમાંચક અને હાઇપ્રેશર મોમેન્ટસમાં કેપ્ટન ધોનીએ ગજબની ધીરજ જાળવીને 'માસ્ટર સ્ટ્રોક' કહી શકાય તેવી 'એનાલીટીકલ સ્કીલ'નું પ્રદર્શન કર્યુ છે. 'પ્રેશર' સામેના ટીમના ખેલાડી પર 'શીફ્ટ' કરવામાં પણ તેઓ માહેર રહ્યા છે. સાવ અકલ્પ્ય કહી શકાય તેવી પરિસ્થિતિમાંથી મેચ જીતી લાવવાનું શ્રેય તેમણે એક બેટસમેન અને કેપ્ટન બંને તરીકે મેળવેલું છે. જે સ્થિતિમાં કોઇપણ ખેલાડી પોતાના મનના હાવ-ભાવ છુપાવી ન શકે તેવી અત્યંત કટોકટીની ક્ષણોમાં પણ એમ.એસ.ધોનીએ આબાદ રીતે 'સ્થિતપ્રજ્ઞ' ભાવ જાળવી રાખ્યો છે તે સર્વવિદીત છે.

પણ શું ખરેખર એમ.એસ.ધોનીને કોઇ દિવસ ગુસ્સો નથી આવતો ? મેદાન પર શું તેમણે ક'દિ મીજાજ ગુમાવ્યો નથી ? મેદાન પર પોતાની ટીમના કે વિરોધી ટીમના ખેલાડી કે પછી અમ્પાયર્સ પર તેમણે કોઇ દિવસ ગુસ્સો ઠાલવ્યો નથી ? એક મેચ રેફરી તરીકે મને છેલ્લી આઠ IPL સીઝનમાં આ બાબતે અને ધોનીના આ પાસા બાબતે થોડી ઘણી જાણકારી મળેલી છે અને મને ખાતરી છે કે તમને પણ આ વિષે જાણવું ગમશે.

તો વાત એમ છે કે બીજા કોઇપણ કેપ્ટનની જેમ ધોની પણ નારાજ થાય છે, ગુસ્સે થાય છે પણ તેઓ તેમના આ અણગમા કે નારાજીના ભાવને યોગ્ય રીતે છુપાવી શકે છે. વળી, તેમને સો એ સો ટકા ખબર છે કે કયારે કેમેરા એમના ઉપર છે, કયારે તેમનો અવાજ સ્ટમ્પ માઇક દ્વારા કોમેન્ટ્રેટર્સ અને રેફરી સાંભળી રહ્યા છે અને કયારે ટીવી સ્ક્રીનનું પુરેપુરૂ ફોકસ તેમના ચહેરા પર છે. કેમેરા અને સ્ટમ્પ માઇક્રોફોનના વિસ્તારથી દુર ધોની તેમના બોલર્સ કે ફિલ્ડર્સને જે ભાષામાં જે વાત કરવી જરૂરી છે એ તેઓ બેફામ કરી દે છે. કોઇ અમ્પાયરીંગ નિર્ણય માટે પણ નાનકડા શબ્દ, વાકય કે ચહેરાના એક જ ભાવ દ્વારા તેમની નારાજગી મજબુતીથી પ્રદર્શિત કરી જ દે છે. પણ આજે એક એવી ઘટનાની વાત કરવી છે જયારે ધોનીના ગુસ્સાએ આખી ટીમ અને મેનેજમેન્ટને ચોંકાવી દીધા હતા.

વાત છે IPL-2024ની જયારે ચેન્નાઇ સુપર કિંગ્સની ટીમ હૈદ્રાબાદમાં KKR સામે એક મેચ રમવા પહોંચી હતી. CSKની ટીમ હૈદ્રાબાદની પ્રખ્યાત ફાઇવ સ્ટાર હોટેલ 'તાજ કાકટીયા'માં રોકાયેલી હતી. મેચના આગલા દિવસે CSK ટીમના લોકલ હૈદ્રાબાદી ખેલાડી અંબાતી રાયડુએ આખી ટીમ માટે પોતાના ઘરે રાંધેલી બિરીયાનીનો કાર્યક્રમ રાખ્યો હતો. આ માટે ટીમે હોટલમાં જ બુક કરેલ 'ટીમ હોલ'માં આ બિરીયાનીની મીજબાની ગોઠવવામાં આવી હતી. સમય પ્રમાણે અંબાતી રાયડુના ઘરે બનેલી બિરીયાની હોટલ તાજ કાકટીયા પહોંચી ગઇ. ખેલાડીઓ પણ નકકી કરેલા સમય મુજબ 'ટીમ મીટીંગ હોલ' તરફ જવા તૈયાર થઇ રહ્યા હતા. પણ જેવી બિરીયાની હોટલમાં પહોંચી તાજ કાકટીયાના મેનેજમેન્ટે 'આઉટ સાઇડ ફુટ નોટ અલાઉડ' કરી આખુ મોટુ ફુડ પાર્સલ દરવાજે જ રોકી દીધુ. મેનેજર અને અન્ય CSK હોદેદારોએ હોટલ મેનેજમેન્ટને સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ હોટલના જનરલ મેનેજર હોટલ/કંપની પોલીસીનું કારણ આગળ ધરી બિરીયાની અંદર લાવવા માટે ના કહી દીધી.

અંતે વાત કેપ્ટન ધોની અને ખેલાડીઓ સુધી પણ પહોંચી અને તેમણે પણ હોટલ મેનેજમેન્ટ સાથે વાત કરવા પ્રયત્ન કર્યો પણ હોટલ મેનેજમેન્ટ ટસનું મસ ન થયું. વાત ચડસાચડસી અને જીદ પર ચડી ગઇ. કેપ્ટન ધોનીએ પણ અલ્ટીમેટમ આપ્યું કે અમે બિરીયાની તો ટીમ હોલમાં ખાઇશુ. અંતે એક તબકકે હોટલના મેનેજમેન્ટે નમતુ ન જોખતા કેપ્ટન કુલ પોતાનો મીજાજ ગુમાવી બેઠા અને ફકત અડધા કલાકની અંદર CSKની આખી ટીમ હોટલ તાજ કાકટીયામાંથી ચેકઆઉટ કરી ગઇ અને તેમની જ પ્રતિસ્પર્ધી હોટલ તાજ ક્રિષ્નામાં શિફ્ટ થઇ ગઇ.

આ મેચ માટે CSK ની ટીમે કુલ ૧૪૦ રૂમ બુક કર્યા હતા. ટીમના ખેલાડીઓ તેમના કુટુંબ, સપોર્ટ સ્ટાફ, CSK મેનેજમેન્ટ અને તેમના સપોર્ટસ જેવા વિશાળ કાફલા માટે કરાયેલુ આવડુ મોટુ બુકીંગ કેપ્ટન કુલની નારાજી અને ગુસ્સાએ તાત્કાલીક કેન્સલ કરી નાખ્યુ. કોઇપણ હોસ્પિટાલીટી બિઝનેસ માટે આ એક અનન્ય 'કેસ સ્ટડી' છે. કોઇ આઇકોનીક પર્સનાલીટીના ગર્વ/અભિમાનને ઠેસ પહોંચાડવાથી ધંધાનું કેવડુ નુકસાન થઇ શકે તેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. ખેર, આપણો વિષય હોટલ મેનેજમેન્ટનો નથી પણ સામાન્ય રીતે મગજ પર બરફ રાખીને ટહેલતા કેપ્ટન ધોનીની 'કુલનેસ' અને જવલ્લે જ જોવા મળતા ગુસ્સાનો છે. CSK ની ટીમના જ એ સમયના ખેલાડી ડેવઇન સ્મીથે હમણા જ એક સોશ્યલ મીડિયા હેન્ડલ પર આ સંદર્ભે આ જ પ્રસંગ યાદ કરીને ધોનીના ગુસ્સા અને તેના પ્રત્યાઘાત બાબતે વાત કરી છે, છેલ્લે તો ફકત એટલું જ કહી શકાય કે 'સમર્થ કો નહીં દોષ ગોસાઇ'.

**શાપર-વેરાવળ**
ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ, શેડ, દુકાન
લેવા-વેચવા અને ભાડે માટે
-શિવશકિત એસ્ટેટ-
M.98795 98881
M.70167 13945

જોઈએ છે
**ઓફીસ બોય**
પોતાનું બાઈક હોવું જરૂરી | પગાર રૂા.૧૨,૦૦૦ સુધી (પેટ્રોલ સાથે)
અરજી સાથે રૂબરૂ મળો : સવારે ૧૧ થી સાંજે ૬ સુધી
Mo. 90990 54420
૩૦૫-લેન્ડમાર્ક કોમ્પ્લેક્ષ, એસ્ટ્રોન ચોક, રાજકોટ.

**કબુતર જાળી**
BIRD NO ENTRY
Bird net Service & Spike Fitting
RAJ NANDANI BIRD NET
Raiya Road, Rajkot • Vickybhai
91573 28725 • 88669 49825

**મેટોડા GIDC**
ગેટ નં.૨, ગેલેકસી પાન સામેની ગલી, રોડ નં. ડી/૧૦૯/એ
**શેડ વેચવાનો છે**
375 મીટર શેડ
30 H.P. કનેકશન
--- વ્યાજબી કિંમત ---
કોન્ટેક
9099911381

રાજકોટ શહેરની મધ્યમાં
**3 BHK ફલેટ વેચવાનો છે**
બેસ્ટ લોકેશન માં
તક્ષશીલા સોસાયટી-૨, સ્ટાર પ્લાઝા ની સામે,
કુલછાબ પ્રેસ પાછળ, રાજકોટ
98255 83099

**શેડ ભાડે આપવાના છે**
@શાપર મે. રોડ
80 થી 100 વારના
ફુલ બાંધકામ, ડબલ હાઈટ, ઓફીસ સાથે
98795 20700

**કોમ્પ્યુટર રીપેરીંગ**
કોમ્પ્યુટર ડેસ્કટોપ/લેપટોપ અને પ્રિન્ટરને ઘર બેઠાં સંતોષકારક રીતે રિપેર કરાવવા સંપર્ક કરો.
દિશાંત કોમ્પ્યુટર & ટેકનોલોજી
M.97261 07075

**2BHK**
**મકાન વેચવાનું છે**
જૈન ઉપાશ્રય નજીક
સાધુ વાસવાણી રોડ પર
Mo. 94095 76479

**બ્રાન્ડ ન્યુ 3 BHK**
ફલેટ વેચવાનો છે 1150 સ્કે. ફીટ
૩૬ એમેનીટીઝ-સ્વિમીંગ પુલ સાથે
ઓસ્કાર સ્કાય પાર્ક,
અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ
M. 93741 07362

**રીટેઈલ મેડીકલ માટે**
**લેડીઝ / જેન્ટસ જોઈએ છે**
પાર્ટ/ફુલ ટાઈમ માટે
**શ્રી રાંદલ મેડીકલ**
કોઠારીયા રોડ, રાજકોટ.
૯૭૭૩૦ ૧૭૫૫૩ / ૯૬૩૮૯ ૪૧૦૯૪

જોઈએ છે
**ઇલેક્ટ્રિશિયન**
ઇલેક્ટ્રિકનું કામ જાણતા
હોય એવા કારીગર
અરજી સાથે રૂબરૂ મળો
સવારે 11 થી સાંજે 6 સુધી
306 - લેન્ડમાર્ક કોમ્પલેક્ષ, એસ્ટ્રોન ચોક, રાજકોટ.

મેઈન બજાર, ધોરાજીમાં ૩૫ વર્ષ જુનો
તૈયાર મેડીકલ સ્ટોર્સ ધરાવતો
**તૈયાર ધીકતો ધંધો આપવાનો છે**
કવોલીફાઈડ પર્સનને તૈયાર માલસ્ટોક સાથે
વેચાણ અથવા ભાડેથી આપવાનો છે
લાંબા સમયનો ભાડા કોન્ટ્રાકટ કરી આપીશું
જરૂરીયાતવાળા સંપર્ક કરે....
M. 922 7777 926

જાપાનીઝ ટેકનોલોજીથી
**પાર્કીંગના પીળા પટ્ટા કરાવો**
બીલ્ડીંગમાં વાહન પાર્કીંગ માટે પ્લાન સાથે
માર્કીંગના પીળા પટ્ટા મારી આપીશું
PUNCHO ROAD MARKING PVT.LTD.-91067 16757

**પ્રવેશ જાહેરાત**
લાલબહાદુર શાસ્ત્રી કેળવણી મંડળ, રાજકોટ- સંચાલિત
**એમ.જે. કુંડલિયા**
**આર્ટ્સ & કોમર્સ મહિલા કોલેજ**
(NAAC દ્વારા માન્યતા પ્રાપ્ત અને સૌરાષ્ટ્ર યુનિ.સંલગ્ન)
રાષ્ટ્રીય શાળા સંકૂલ, રાજકોટ. ફોન: 2480272, વોટ્સઅપ નંબર: 94290 99978
સ્કોલરશીપની સુવિધા
ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમ
**B.C.A. B.Com. B.A.**
AICSM નાં સરકાર માન્ય ટુંકા ગાળાના કોર્ષ
**CCC Tally** તેમજ અન્ય ઘણા બધા કોમ્પ્યુટર કોર્ષ
દર વર્ષે 90% થી વધારે રીઝલ્ટ
●અનુભવી અને તજજ્ઞો દ્વારા ઉત્તમ શિક્ષણ
●ઈન્ટરનેટની સગવડ સાથેનું વિશાળ ગ્રંથાલય
●વિદ્યાર્થીની દીઠ એક કોમ્પ્યુટર સાથેનું વિશાળ કેમ્પસ
જોબ પ્લેસમેન્ટ
▸ એડમીશન રવિવારે ચાલુ રહેશે ▸ Website : www.mjkacc.com
મનસુખભાઈ જોશી, મંત્રી
નિલુબેન લાલચંદાણી, પ્રિન્સીપાલ
MANISH ADS

જયોતિનગર ચોક
**2-BHK 73 વાર**
**ડુપ્લેક્ષ વેંચવાનું છે**
Mo. 99789 89331

જુના જાગનાથમાં
**2 BHK ફલેટ વેચવાનો છે**
1000 કાર્પેટ એરીયા
ફુલ ફર્નીચર, લીફ્ટ
રાધાકુંજ એપાર્ટમેન્ટ, બીજો માળ,
જીમખાના મેઈન રોડ પર,
હર્ષદભાઈ
98252 15398
MANISH ADS

જોઈએ છે
**સિક્યુરીટી ગાર્ડ**
BRTS રાજકોટ, મિલ્કતની સલામતી માટે, 8 કલાક નોકરી
સરકાર માન્ય પગાર
: સંપર્ક કરો :
**શ્રી રાજ સિક્યુરીટી સર્વિસ**
M. 92275 85232, 97252 40075
MANISH ADS

**ડૉ. વિશાલ ભટ્ટ**
એમ.ડી. (સાઈકીઆટ્રી) (ગોલ્ડ મેડાલીસ્ટ)
ન્યુરોસાઈકીઆટ્રીસ્ટ એન્ડ સેકસોલોજીસ્ટ
માનસીક અને જાતીય રોગ વિશેષજ્ઞ
**રાહત દરે નિદાન કેમ્પ**
કન્સલટેશન ચાર્જ ~~૮૦૦~~
ફકત રૂા. ૨૦૦
તા. ૧૯.૫.૨૦૨૫ સોમવાર - સવારના ૧૦ થી ૨ સાંજે ૫ થી ૯
૩૦૪-યુનિકોમ પ્લાઝા, પંચનાથ હોસ્પિટલ સામે
પંચનાથ મંદિર પાછળ, લીમડા ચોક, રાજકોટ.
Mob.: 90164 10838



ક્રિષ્ના વોટર પાર્ક
ઉનાળાની ઠંડકનું... રિફ્રેશ બટન
ઓનલાઈન બુકિંગ કરો અને 10% ડિસ્કાઉન્ટ મેળવો
એરપોર્ટ રોડ કુવાડવા રાજકોટ
૯૨૭૪૪,૧૬૦૦૬ | WWW.KRISHNAWATERPARK.IN

ઉત્સવ બ્રાન્ડ અગરબતી કંપનીને રાજકોટ માટે
**સ્ટાફ જોઈએ છે**
**ડ્રાઈવર** પ્રિમીયમ ઓટોમેટીક કાર તથા ડબો રીક્ષા ચલાવી શકે તેવા અનુભવી – 2 in 1 ડ્રાઈવર
**કલાર્ક** લેડીઝ-જેન્ટસ સ્વતંત્ર રીતે ઓફીસ સંભાળી શકે તેવા, ડીસ્ટ્રીબ્યુટર્સનાં ઓર્ડર તથા ઉઘરાણી સંભાળી શકે તેવા
**સેલ્સમેન** ફકત રાજકોટ લોકલ માર્કેટમાં FMCG પ્રોડકટ જેમ કે અગરબતી, સાબુ, બિસ્કીટનાં વેંચાણમાં મીનીમમ ૩ વર્ષનાં અનુભવી
**બાટવીયા સેલ્સ એજન્સી**
કેનાલ રોડ-લક્ષ્મીવાડી મેઈન રોડ, શેરી નં.૨, અમુલ પાર્લર પાસે, રાજકોટ
ફોન કરીને રૂબરૂ આવવું સંપર્ક : 96877 00995

**કોમર્શીયલ પ્લોટ વેચવાના છે**
730 વાર તથા 1124 વાર
ગોકુલ પાર્ક, ત્રિમંદિર પાસે, કુવાડવા રોડ
(ગ્રીનલેન્ડ ચોકડીથી ૮ કિ.મી.),
નેશનલ હાઈવેથી ૩૦૦ મીટરનાં અંતરે
૯૦ મીટર ડીપી પ્રપોઝ રોડ પર.
98252 15398
MANISH ADS

**જોઈએ છે સ્કુલ બસ માટે**
**ડ્રાઈવર-૩**
**આયાબેન-૫**
**તપસ્વી સ્કુલ**
સંપર્ક : ૯૯૦૪૮ ૦૫૮૨૧

અદાણી મસાલા®
સ્વાદના સર્જકો
SINCE 1955
**અથાણાં નહિ, ઇતિહાસ છે સ્વાદનો...!**


shop.adanispices.com • www.adanispices.com
amazon / Flipkart

# લાખ લાખ અભિનંદન

ZALAWAD FEDERATION OF TRADE AND INDUSTRIES





ગુજરાત પ્રદેશ ભાજપ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સેલના કન્વીનર
ઝાલાવડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ અને
રાજકોટ નાગરિક સહકારી બેંકની સુરેન્દ્રનગર શાખાના કન્વીનર તરીકે
કાર્યરત નરેશભાઈ ધનરાજભાઈ કેલાની
કેન્દ્ર સરકાર દ્વારા મહારત્ન કંપની એવી
પાવર ફાયનાન્સ કોર્પોરેશનના ડિરેકટર
તરીકે નિમણુંક થવા બદલ ઝાલાવાડ ફેડરેશન ઓફ
ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની ટીમ ખુબ ખુબ
અભિનંદન સાથે શુભેચ્છા પાઠવે છે.

**શ્રી નરેશભાઈ ધનરાજભાઈ કેલા**
ડિરેકટરશ્રી પાવર ફાયનાન્સ કોર્પોરેશન



**શ્રી જગદીશભાઈ મકવાણા**
નાયબ મુખ્ય દંડક શ્રી ગુજરાત વિધાનસભા ધારાસભ્યશ્રી વઢવાણ

**શ્રી ચંદુભાઈ શિહોરા**
સંસદ સભ્ય શ્રી સુરેન્દ્રનગર લોકસભા

**શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ**
પ્રમુખ શ્રી સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ

**ઘનશ્યામભાઈ સાવધરીયા** (ચેરમેન)
**કિશોરસિંહજી ઝાલા** (ફાઉન્ડર ચેરમેન)
**કમલેશ રાવલ** (ફાઉન્ડર પ્રેસિડેન્ટ)
**રાજુભાઈ દોશી** (જનરલ સેક્રેટરી)
**સાગરભાઈ શાહ** (સી.વાઈસ પ્રેસિડેન્ટ)
**જયેશભાઈ પટેલ (ઓમેક્ષ)** (સી.વાઈસ ચેરમેન)
**વૈભવભાઈ ચોકસી** (વાઈસ ચેરમેન)
**જયદીપભાઈ પ્રજાપતિ** (વાઈસ પ્રેસિડેન્ટ)
**ધર્મેન્દ્રભાઈ સંઘવી** (વાઈસ પ્રેસિડેન્ટ)
**શ્રીપાલસિંહ ઝાલા** (વાઈસ પ્રેસિડેન્ટ)
**કેકીન ગણાત્રા** (સેક્રેટરી)
**રશ્મિનભાઈ મહેતા** (ઝોનલ પ્રેસિડેન્ટ)
**બાબુલાલ પ્રજાપતિ** (ઝોનલ વાઈસ પ્રેસિડેન્ટ)
**દર્શનભાઈ શાહ** (જોઈન્ટ સેક્રેટરી)

**સુશીલભાઈ શાહ** (ટ્રેઝરર)
**પ્રિયાંક શેઠ** (જોઈન્ટ ટ્રેઝરર)
**સંજયભાઈ કાગડા** (ચેરમેન, MSME સેલ)
Er. **મેહુલભાઈ ચૌહાણ** (ચેરમેન, પ્રોજેકટ એન્ડ પોલીસી સેલ)
Dr. **દિલીપભાઈ વજાણી** (ચેરમેન, સ્કીલ ડેવલોપમેન્ટ સેલ)
**કે.એન.પટેલ** (ચેરમેન, એજયુકેશન સેલ)
**પ્રવિણસિંહ ઝાલા** (ચેરમેન, લીગલ સેલ)
**સંજયભાઈ પાટડીયા** (ચેરમેન, ટ્રેડ સેલ)
**નિશીતભાઈ ભાલારા** (ચેરમેન, પ્રોફેશનલ સેલ)
**જતીનભાઈ નકુલ** (ચેરમેન, ઈવેન્ટ સેલ)
**કિરીટદાન ગઢવી** (ચેરમેન, સાંસ્કૃતિક સેલ)
**ઋષભભાઈ શાહ** (ચેરમેન, એમ્પલોયમેન્ટ સેલ)
**યશપાલસિંહ ઝાલા** (ચેરમેન, સ્પોર્ટસ સેલ)

**સમીરભાઈ જોબનપુત્રા** (ચેરમેન, GIDC સેલ)
**રામજીભાઈ લકુમ** (ચેરમેન, એગ્રીકલ્ચર સેલ)
CA **અમિતભાઈ લીંબડીયા** (ચેરમેન, ટેક્ષેશન સેલ)
**અનિલભાઈ મકવાણા** (ચેરમેન, યુથ વિંગ)
**ભુપેન્દ્રભાઈ સંઘવી** (ચેરમેન, ઈન્ફ્રા. ડેવલોપમેન્ટ સેલ)
**શ્રીમતી જીજ્ઞાબેન પંડયા** (ચેરમેન, વુમન આંત્રપ્રુન્યોર વિંગ)
**ડો. નિહારભાઈ ગેડીયા** (ચેરમેન, મેડીકલ સેલ)
**શ્રી હમીરસિંહ પરમાર** (ચેરમેન, પ્રાકૃતિક કૃષિ સેલ)
**જયભાઈ ત્રિવેદી** (વાઈસ ચેરમેન, ખજાનચી સેલ)
Er. **પ્રકાશભાઈ રામાણી** (વાઈસ ચેરમેન, પ્રોજેકટસ એન્ડ પોલિસી સેલ)
**સુનિલભાઈ મોઢકા** (વાઈસ ચેરમેન, સ્કીલ ડેવલોપમેન્ટ સેલ)
**ભાવિનભાઈ મહેતા**-અમદાવાદ(વાઈસ ચેરમેન, EXIM સેલ)
**રેવાભાઈ ગમારા** (વાઈસ ચેરમેન, એજયુકેશન સેલ)
**પ્રશાંતભાઈ ભટ્ટ** (વાઈસ ચેરમેન, લીગલ સેલ)

**શ્રેણીકભાઈ શાહ** (વાઈસ ચેરમેન, ટ્રેડ સેલ)
**હિરેનભાઈ શાહ** (વાઈસ ચેરમેન, પ્રોફેશનલ સેલ)
**અશ્વિનભાઈ પારેખ** (વાઈસ ચેરમેન, ઈવેન્ટ સેલ)
**વિષ્ણુભાઈ ચૌહાણ** (વાઈસ ચેરમેન, સાંસ્કૃતિક સેલ)
**મયુરભાઈ વઢવાણીયા** (વાઈસ ચેરમેન, સ્પોર્ટસ સેલ)
**નિલેષભાઈ સિધ્ધપુરા** (વાઈસ ચેરમેન, GIDC સેલ)
**બળદેવભાઈ પટેલ** (વાઈસ ચેરમેન, એગ્રીકલ્ચર સેલ)
**અમદ. અભિષેકભાઈ બાવળીયા** (વાઈસ ચેમેન, ટેક્ષેશન સેલ)
**હાર્દિકભાઈ દવે** (વાઈસ ચેરમેન, યુથ વિંગ)
**જાગાભાઈ ઝાલા** (વાઈસ ચેરમેન, ઈન્ફ્રા. ડેવલોપમેન્ટ સેલ)
**શ્રીમતી ઉષાબેન સેજપાલ** (વાઈસ ચેરમેન, વુમન આંત્રપ્રુન્યોર વિંગ)
**ડો. અક્ષયભાઈ રાવલ** (વાઈસ ચેરમેન, મેડીકલ સેલ)
**શ્રી અમરજીતસિંહ પઢિયાર** (વાઈસ ચેરમેન, પ્રાકૃતિક કૃષિ સેલ)